# श्री धर्म प्रवर्त्तन सारग्रंथ.

तथा

क्षायक भावतत्व विलास, श्रद्धाप्रकरण, नवपद्जीनी पूजा
अध्यात्म चोवीशी, चैत्यवंदनो, स्तुतियो, स्तवनो
सज्जायो, अने गुरुभक्तिना रास सहित.

कर्त्ता विजापुरनिवासी,

## शा. सुरचंद्भाइ स्वरूपचंद.

छपावी प्रसिद्ध कर्त्ता.

## शा. रतनचंद लाधाजी

तथा

## शा. झवेरभाइ भगवानदास.

## प्रगणे पेटलाद—मु० काविठा.

## अमदावाद.

श्री "लक्ष्मि" प्रिन्टिंग प्रेसमां
शा. मणीलाल उगरचंदे छाप्युं.

संवत १९६६ वीर संवत २४३६ सने १९१०.

किंमत रु. ०—६—०.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના.

સર્વ ધર્મનો વિચાર કરતાં સર્વોત્તમ જૈન ધર્મ સત્ય છે એમ નિશ્ચય થયો છે જૈન ધર્મમાં શ્વેતાંબર દિગંબર એ બે શાખાઉં છે અસલથી શ્વેતાંબર આમ્નાયનાં સૂત્રો ચાલ્યાં આવે છે માટે શ્વેતાંબર શાસ્ત્રોની પ્રામાણિકતા સિદ્ધ છે. દિગંબરો પણ પહેલાં સૂત્રો માનતા હતા પાછળથી તેઉં માનતા નથી એમ જણાય છે. શ્વેતાંબર માર્ગમાં વ્યવહાર અને નિશ્ચય એ બે નયો કહ્યા છે. દરેક નયનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ છે. માટે શાસ્ત્રકારોની આજ્ઞા પ્રમાણે બે નયને જાણવા ખપ કરવો શ્વેતાંબર માર્ગમાં હરિભદ્રસૂરિ- યશોવિજય ઉપાધ્યાય વિગેરે મહાન્ પુરુષો થઇ ગયા છે.

જૈન ધર્મની પ્રવૃત્તિ કેવી રીતે કરવી તે સંબંધી તેઉંએ પુસ્તકોમાં સારું અજવાળું કર્યું છે. પૂર્વાચાર્યોએ ધર્મની પ્રવૃત્તિની શુદ્ધતા થવા માટે નયો પૂર્વક ધર્મ તત્વનું વર્ણન કર્યું છે. માટે અત્રે પણ તેઉંની વાણી અનુસાર અશુદ્ધ માર્ગને બતાવી શુદ્ધ ધર્મ બતાવવા પ્રયત્ન કર્યો છે. પ્રથમ ધર્મ પ્રવર્તનસાર ગ્રંથ બાબત કર્યો છે. તેમાં વ્યવહાર નયના ભેદ બતાવીને ધર્મની વાખ્યા કરી છે. તેમાં મોટા ભાગે શ્રી દેવચંદ્રજી અને શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાયજીના ભાષા ગ્રંથોની સાક્ષી આપી વિવેચન કર્યુંછે, વળી અમારી માન્યતા પૂર્વાચાર્યોની પરંપરા સહિત છે એમ સિદ્ધ કર્યુંછે. પૂર્વાચાર્યોનાં વચન અનુસરીને ચાલવું અને તેમનાં વચનને ભગવાન્નાં વચન સરખાં માનવાં જોઇએ. એવી માન્યતાની સિદ્ધિમાં અમારો મત સર્વને અભિમત થાઉ ! સાધુના વ્યવહારમાં સામર્થ્ય રહ્યું છે આવશ્યક ધર્મ વ્યવહાર તે હોવાથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तेने अमोए कल्पव्यवहार नाम आप्युं छे तेमां अन्य अमारो उद्देश नथी. शास्त्रोमां “ जितकल्प–बृहत्कल्प विगेरे नामथी प्रसिद्ध छे. अने तेमां साधुना आचारनुं विवेचन छे. साधुनो आचार पापनो क्षय करे छे. आश्रवनो नाश करे छे. संवरनी पुष्टि करे छे. माटे तेमां अद्भूत सामर्थ्य रह्युं छे. तेथी कल्प-व्यवहार एवुं अमोए “ गुणधेय ” नाम आप्युं छे. आ ग्रंथमां ज्ञानार्णव––समयसार वगेरे ग्रंथोनी साक्षीउ आपवामां आवेली छे. तेथी एम न समजवुं के अमो तेउना अनुयायी छीए ज्ञानार्णव वगेरेमां श्वेतांबर सिद्धांतोना आधारे जे वाक्यो मळतां आवे छे तेटलांज अमो मानीए छीए. बाकी श्वेतांबर सिद्धांतोथी जे विरुद्ध प्ररुपणा छे एवी दिगंबर ग्रंथोनी वातने अमो मानता नथी कारण के उत्सूत्र वात मानवी नहीं. आ ग्रंथमां साधुना आचारोनी उत्कृष्टता बतावी छे तेनुं कारण के जे वस्तु बताववी ते उत्कृष्ट बताववी. जो एम न बतावबामां आवे तो. आचारोनुं ढीलाशपणुं थइ जाय. आ आशय विना साधुउनां आचार विगेरेनी टीका करवानो अंश मात्र पण बीजो आशय नथी.साधुवर्गने अमो अमारा पुज्य गुरु तरीके जोइए छीए तेमनामां शुद्ध द्रव्य व्यवहारनो विशेषतः प्रकाश थाउ एटलुंज इच्छिए छीए आ ग्रंथना समाप्ति पत्रमां सिद्धनुं स्वरुप देखाड्युं छे ते वांचवाथी वाचकोने अतिशय लाभ थशे.

पश्चात् पत्र १२६ थी क्षायिकभाव तत्वविलास पद्य ग्रंथ लखवामां आव्यो छे. तेमज पत्र १६३ थी श्रद्धाप्रकरणनी ढाळो लखवामां आवी छे, ते श्रद्धा प्राप्त थवानो हेतु छे.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पत्र १०७ थी नवपदजीनी पूजा शरु थाय छे ते पण वाचकोने आनंद आपशे. पत्र २०४ थी अध्यात्म चोवीशी छपाववामां आवी छे ते पण अत्यंत उपयोगी ग्रंथ छे. पत्र २२० थी चैत्यवंदन अधिकार छे. पत्र २३६ थी स्तवन अधिकार छे. पत्र २६० थी सज्जाय अधिकार छे पत्र २९१ थी गुरुभक्तिनो रास शरु थाय छे.

आ प्रमाणे गद्यमां अने पद्यमां ग्रंथो सिद्धान्तानुं सार बतावावामां आव्या छे तेमां वीतराग आज्ञा विरुद्ध जे कंइ लखायुं होय तेनो मिच्छामिदुक्कडं दउं छुं जे मुनिवरो वा श्रावक विद्वानो ग्रंथ संबंधे भूलनो सुधारो शास्त्र साक्षी पूर्वक बतावशे तो तेमनो उपकार मानवामां आवशे.

अध्यात्म शैली अने द्रव्यानुंयोगनी शैली पूर्वक आ ग्रंथ लखायो होवाथी तत्तत् संबंधी शैलीना अभ्यासिउने आ ग्रंथ उपयोगी थइ पडशे एवी आशा राखवामां आवे छे.

आ ग्रंथ छपाववा माटे धन व्यय सहायमां तेमज आ ग्रंथ तपासवामां जेउए मदद करी छे तेमनो उपकार मानुं छुं.

जैन श्वेतांबर मूर्तिपूजक सिद्धांत शैलीनी मान्यता (श्रद्धा) आ लेखकने छे तेथी प्रसंगे कोइ अन्य धर्मना सिद्धांतो उपर आक्षेप थयेलो क्वचित् देखाय तो अन्य धर्मीउए न्याय दृष्टिथी सत्य तत्वनो तोल करी सत्यतत्व ग्रहण करवुं एज.

लेखक श्रावक—सूरचंदभाइ सरुपचंद.

मु. विजापुर ( विद्यापुर )

गुजरात.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आ ज्ञान शीतळविलास भाग २ जो नामनुं आ पुस्तक छपाववा पेहेलां खरच माटे अगाउथी पैसा आपनार भाईओ गुणना जाण गुणना रागी धर्मस्नेही गृहस्थोनां नाम नीचे प्रमाणे छे.

२००) भाइ मूळचंदभाइ सरूपचंदना वीलना ट्रस्टमांथी ट्रस्टीओए आप्या.

२००) कावीठाना झवेरभाइ भगवानदास तथा शा. रतनचंद लाधाजी जण बेना.

उपरनी मददथी आ पुस्तकनी १००० नकल छपावी छे. आ बीजा भागनी चोपडी तथा प्रथमनी छपाएल भाग १ नी चोपडी नीचेना ठेकाणेथी मळी शकशे.

१ विजापुर–शा. सुरचंदभाइ स्वरुपचंद.
२ अमदावाद–शा. हीराचंदभाइ ककलभाइ ठे. फतासानी पोळ जैन कन्याशाळा.
३ काविठा प्रगणे पेटलाद–शा. रतनचंदभाइ लाधाजी तथा झवेरभाइ भगवानदास.
४ पालेज–शा. झाह्याभाइ पीतांबरदास तथा शा. अमरचंद कचराभाइ प्रगणे भरुच बंदर
५ सुरत–शा. ताराचंद हीमचंद. ठे. गोपीपुरा मध्ये.
६ पादरा–वकील मोहनलाल हीमचंद वडोदरा ताबे पादरा.

आ ग्रंथमां दृष्टिदोषथी अथवा लखित दोषथी अथवा छापनारनी भुलथी न समजी शकायतो शुद्धिपत्रक प्रमाणे सुधारी तपासीने वांचशो.

ज्ञाननी आशातना न थाय अने घणा माणसो लाभ लइ शके ए हेतुथी आ पुस्तकनी कींमत मात्र ०–६–० छ आना राखी छे. अने ए रीते जे रकम उत्पन्न थशे ते ज्ञान खातामां वपराशे. साधु साध्वीने तेमज जैन पुस्तकालयोने विनामूल्ये आपवामां आवशे.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# अनुक्रमणिका.

## प्रथम धर्मप्रवर्त्तन सार ग्रंथनी अनुक्रमणिका.


| क्रमांक | विषय. | पानुं. |
|---|---|---|
| १ | धर्मप्रवर्त्तन सारना बे भेद कर्या छे. एक मिथ्यात्व सहित धर्मप्रवर्त्तन तथा बीजो सम्यकत्व सहित धर्मप्रवर्त्तन | १ |
| २ | धर्मप्रवर्त्तन सारना बीजा बे भेद कर्या छे एक व्यवहार धर्मप्रवर्त्तन अने बीजो निश्चय धर्मप्रवर्त्तन | ६ |
| ३ | नयचक्रसार ग्रंथनी अपेक्षाये व्यवहार नयना भेदनी व्याख्या करी छे. | ६ |
| ४ | जीवना पांचसेंने त्रेसठ भेद चार गतिना मळीने वर्णव्या छे | ८ |
| ५ | अजीवना पांचसेंने साठ भेद गवेख्या छे | ११ |
| ६ | गुणठाणानी अपेक्षाये जीवना भेदनी विस्तारीने व्याख्या करी छे | १४ |
| ७ | प्रथम अशुद्ध व्यवहारना भेदनी व्याख्या करी छे | १६ |
| ८ | पछी शुद्ध व्यवहारना भेद आदे गवेखोने ए सूत्र पूर्ण कर्युं छे. | २६ |
| ९ | द्रव्यगुण पर्यायना रासना अनुसारे व्यवहारनयनी व्याख्या करी छे | ३१ |
| १० | आगमसार ग्रंथनी अपेक्षाये व्यवहार नयना छ भेद गवेख्या छे | ४० |
| ११ | कल्पव्यवहार तथा ज्ञानव्यवहार ए बे भेद गवेखीने व्यवहारनो अधिकार संपूर्ण कर्यो छे | ४७ |
| १२ | भवाभिनंदी जीवनां लक्षण विस्तारीने गवेख्यां छे | ५५ |
| १३ | आत्मानंदी जीवनां लक्षण विस्तारीने गवेख्यां छे | ७० |
| १४ | निश्चय नयनी मुख्यताए धर्मप्रवर्त्तन विस्तारीने कह्यो छे | ८७ |
| १५ | सिद्ध भगवाननी स्तुति विस्तारे करीने ग्रंथनी पूर्णता करी छे | ११३ |


## बीजा क्षायक भाव तत्वविलास ग्रंथनी अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| १६ | क्षायक भाव तत्वविलासग्रंथनी अढार ढाळोना दुहा दरेक ढाळना मथाळे ढालना उपर छापवा छापनारनी भुलथी रहीगयेला तेथी बधा पहेलां नांख्या छे. ते वांचनार भाइयोये ढाळ ढाळ प्रत्ये समजी लेवा. | |
| १७ | पेहेली ढाळमां क्षायक समकित बे भेदे गवेख्युं छे | १२६ |
| १८ | बीजी ढाळमां क्षायक चारित्रनी साधनता पूर्ण करी छे | १२७ |
| १९ | त्रीजी ढाळमां केवळज्ञान केवळदर्शननी व्याख्या करी छे | १२८ |
| २० | चोथी ढाळमां द्रव्यानुयोगनुं स्याद्वाद स्वरुप आदि गवेख्युं छे | १३० |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

२१ पांचमी ढाळमां धर्मास्तिकाय द्रव्यनी व्याख्या करी छे १३२
२२ छट्ठी ढाळमां अधर्मास्तिकाय आदि त्रण द्रव्यनी व्याख्या करी छे. १३४
२३ सातमी ढाळमां पुद्गलास्तिकाय द्रव्य गवेख्यो छे १३६
२४ आठमी ढाळमां पुद्गलनी आठ वर्गणानी एक एकथी अधिक सूक्ष्मता गवेखी छे १३८
२५ नवमी ढाळमां पुद्गलना गुणपर्याय गवेख्या छे १३९
२६ दशमी ढाळमां आश्रवना चार हेतु मिथ्यात्वादि गवेख्या छे १४०
२७ अगीआरमी ढाळमां मिथ्यात्वनी दुष्टता विस्तारीने कही छे १४२
२८ बारमी ढाळमां अव्रतना भेद तेने टाळवानुं साधन दर्शाव्युं छे १४४
२९ तेरमी ढाळमां कषायनी तथा नोकषायनी द्रष्टांत साथे गवेषणा करी छे १४५
३० चौदमी ढाळमां जोगना मूळ त्रण भेद अने उत्तर पंदर भेद दर्शाव्या छे १४६
३१ पंदरमी ढाळमां चार प्रकारना बंधनो विचार गवेख्यो छे १४८
३२ सोळमी ढाळमां पुन्यना बेतालीस भेद सारी रीते वर्णव्या छे १५०
३३ सत्तरमी ढाळमां चउघाती पापकर्मनी प्रकृतिओना ४५ भेद वर्णव्या छे १५५
३४ अढारमीढाळमांचउअघातिकर्मनी अशुभ प्रकृतिओना३७भेद वर्णव्याछे १५८

आ ग्रंथ अहींथी अधुरो छे.

३५ त्रीजो ग्रंथ श्रद्धाप्रकरण तेमां देवतत्त्व तथा गुरुतत्त्व अने धर्मतत्त्व ते श्रुतधर्म तथा चारित्रधर्म देसविरती अने सरवविरती आदे वर्णव्या छे. १६३

३६ नव पदजीनी पूजा १८७
३७ आरति मंगळदीवो २०३
३८ अध्यात्म चोवीसी २०४
३९ चैत्यवंदन अधिकार २२८
४० स्तुति अधिकार २३३
४१ स्तवन अधिकार २३६
४२ सज्जाय अधिकार २६८
४३ गुरुभक्तिनो रास २९१

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ

॥ श्री गुरुभ्यो नमः ॥

# अथ श्री धर्मप्रवर्त्तन सार ग्रंथ.

॥ दुहा ॥

वंदु गुरु चरणे सदा, गुरुमुख अमिय झरंत ॥
धर्मलाभ दीए देशना, ज्युं जलधर वरसंत ॥ १ ॥
ते झीले चित पात्रमें, श्रोता मन थिर अंग ॥
ज्ञानामृत रस आतमा, पीवे निर्मल गंग ॥ २ ॥
धर्म वर्त्तना सार ए, जिहां निश्चय व्यवहार ॥
गुरुकृपाथी पामीए, स्याद्वाद निरधार ॥ ३ ॥

॥ अत्र भाषा लिख्यते ॥

हवे आ ग्रंथनुं नाम धर्म प्रवर्त्तन सारछे, तेना बे भेदछे. मिथ्यात्व सहित धर्मप्रवर्त्तन तथा सम्यक्त्वसहित धर्मप्रवर्त्तन, अहीं कोइ कहेशे के धर्मप्रवर्त्तनमां मिथ्यात्वनो भेद शा माटे करवो पड्यो ? तेनो उत्तर मिथ्यात्व छतां पण देशविरतिपणुं तथा सर्वविरतिपणुं जीव व्यवहारथी ग्रहेछे, वळी क्रियानो पात्र, ज्ञाननो खपी, ध्याना-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वलंबी होयछे, ते योगदृष्टि सज्झायोथी जोइ लेजो. प्रथमनी चार सज्झायो मिथ्यात्वसहित प्रवर्त्तनमां छे, अने पांचमी थीरादृष्टिथी ते आठमी परा दृष्टि सुधी चार सज्झायो समकित धर्मप्रवर्त्तनमांछे, वळी मुक्तिना मार्गमां छे ते माटे अमारे भेद वेंहेंचवो पड्यो. पेहेली दृष्टिनी सज्झाये कह्युंछे के,

दृष्टि थिरादिक चारमां, मुगति प्रयाण न भाजेरे॥
रयणि सयन जेम श्रम हरे, सुरनर सुख तेम
छाजेरे॥ वी० ॥५॥

अर्थः—दृष्टि के० समकितनी आठ दृष्टि कही छे, तेमां प्रथमनी चार दृष्टि, तेनां नाम. मित्रा, तारा, बळा, अने दिप्ता ए चार दृष्टि समकितरूप नथी, परंतु व्यवहारे कारण छे ते कारणने विषे कार्यपणानो उपचार करीने समकितमां गणीछे. हवे पाछळनी चार दृष्टिनां नाम, स्थिरा, कान्ता, प्रभा, अने परा ए चार दृष्टि समकित रूप छे वळी, इहां बोध एटले जाणपणुं ते पण वस्तुगते वस्तुपणुं सद्दहेछे श्रद्धा ज्ञान पूर्वक स्थिरछे, ए चार चार मळीने आठ दृष्टि कही, तेमां स्थिरादिक चारमां केहेतां स्थिरा पांचमी अने आदि शब्दे छट्ठी, सातमी, अने आठमी, ए पाछळनी चार दृष्टिए वर्त्ततो एवो जे प्राणी, ते एक वखते बे क्रियानो कर्त्ताछे. एक उदयिक भावनी अने बीजी क्षयोपशम भावनी, तेमां प्रथम उदयिक भावनी एटले



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

उदयिक न्नाव ते पूर्वकृत कर्मबंधनो उदय, ते कहेछे. गति चार, कषाय चार, वेद त्रण, लेश्या छ, मिथ्यात्व, अज्ञान असिद्धत्व अने अविरति ए उदयिक न्नावना एकवीस न्नेद कह्या. ते समुदाये परिपूर्ण पेहेले गुणठाणे लाधे. अने उपरनां गुणठाणाए ओछा ओछा लाधे. उदयिक न्नाव अ-योगी चौदमा गुणठाणा पर्यंत सर्वे गुणठाणे लाधे अने जे जे प्रकृतिनो उदय थाय तेमां चेतन व्यापकपणुं करे, सं-कल्प विकल्प करे तो समये समये सात आठ कर्म छठ्ठा सातमा गुणठाणा सुधी वांधे, उपरांत सात बांधे. दशमा गुणठाणे छ कर्म वांधे. वळी जीवनी शक्ति मरोडी नांखे. कह्युंछे के "शक्ति मरोडे जीवनी, उदय महा बळवान" हवे ए उदयिक न्नावनी क्रियामां न्नांगा कहे छे. न्नविने अनादि सांत न्नांगो लागे, अने अन्नविने अनादि अनंत न्नांगो लागे. ए उदयिक न्नावनी क्रिया कही. हवे क्षयो-पशमन्नावनी क्रिया कहेछे, ते पांचमी थिरा दृष्टि पाम्या त्यांथी अंतर्दृष्टिए प्राप्त छे अने थिरादृष्टिनी प्राप्ति ग्रं-थिन्नेद कर्यो त्यांथी थइ. हवे ते क्रिया क्षयोपशम न्नावनी क्षय उपशम पूर्वक चोथा गुणठाणाथी प्राप्त थइ तेना न्नेद कहे छे. सामान्य उपयोग ते दर्शन गुणनो, अने विशेषोपयोग ते ज्ञान गुणनो, वळी क्षयोपशम न्नावनुं समकित, तथा देशविरति अने सर्व विरति चारित्र, वळी क्षयोपशम न्नावनी दानादि पांच लब्धि ए क्षयोपशम न्नावना न्नेद छे, तेमांथी लब्धि गुणने किंचित् गवेखे छे.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

दान एटले जे समये समकितादि आत्मिक गुणनी प्रगटता आत्माथी थइ तेज समये ते दानरूप गुण आत्माए ग्रहण कर्यो ए दान लब्धि पेहेली कही. हवे बीजी लाभ लब्धि कहे छे. लाभ एटले जे समकितादि आत्मिक गुणनी प्रगटता आत्माथी थइ कह्युं, ते लाभ पूर्वे न हतो ते इहां आत्मा पाम्यो ए बीजी लाभ लब्धि कही. हवे वळी तेना प्रथम समयेंज ते लब्धि गुणनो भोग पण आत्माज करे छे, वळी उपभोग पण बीजा समयथी आरंभीने यावत् केवळज्ञाननी प्राप्ति जे समये थाय तेना आगला समय सुधी आत्मा करे छे. ए चार लब्धि कही. हवे पांचमी वीर्य गुण लब्धि कहे छे. ते उपर चार लब्धि गवेखी तेमां स्फुर्णा आपवानुं सामर्थ्य सादि सांत भांगे अनुभव रीते अंतर्गत स्वरूप रमण करवुं, वळी स्वस्वरूप ग्रहण करवुं तेमां व्यापकपणुं करवुं, ते शक्तिने वीर्य गुण लब्धि कहीए, ए पांच लब्धि क्षयोपशम भावनी. ते क्रिया आत्मिक जाणवी. ए क्रियानो कर्त्ता उपरना गुणठाणे चढे अने नीचेना गुणठाणाने छोडे. यावत् मोहनीय कर्मना क्षयोपशमने दशमा गुणठाणाने अंते छेदी यथाख्यात चारित्र क्षीणमोह बारमा गुणठाणे प्रगट करे, अने ज्ञानावरणीय, दर्शनावरणीय, अने अंतराय ए त्रण कर्मना क्षयोपशमने बारमा गुणठाणाना अंते छेदी केवळज्ञान, केवलदर्शन अने क्षायकभावनी दानादिक पांच लब्धि एम सात गुण प्रगट करी क्षायकभावनी नव लब्धि गुणनी पूर्णता पामे. ते माटे मूळ गाथा-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मांज कह्युं छे के "मुगतिप्रयाण न नाजेरे" एटले पांचमी थिरादृष्टि पाम्या त्यांथी क्षयोपशम नावनी अंतर्वृत्तिये क्रिया करतां मुक्तिना प्रयाणनो नंग न थाय, एटले आत्म सत्ताये रहेलां घाति कर्मदळ तेथी मुक्त थवुं, एटले निर्जरवुं. फरीने कर्म बांधे नहीं. त्यां मुक्तिनुं प्रयाण थयुं एम कहीए. "रयणि सयन जेम श्रमहरे," के० यथा दृष्टांते जेम कोइ पुरुषने इच्छित नगरे जवुं छे, परंतु बळवीर्य शक्तिनी स्फुरता न थइ, अने थाकी गयो, तो इच्छित नगरे पहोंची न शके, त्यारे रस्तामां रात रहेवुं पके, विसामा करवा पके अने त्यां शयन करे, एटले थाक उतरी जाय, अने प्रनात समये पाछी प्रयाण करवानी शक्ति आवे एटले सुखे सुखे प्रयाण थइ शके, तेम इहां इच्छित नगर ते मुक्तिपुरीए जवुं छे, परंतु वीर्य शक्ति स्फुरताना अनावे श्रेणी न मांकी शके, तो पहोंची न शके. त्यारे वचमां विसामा रूप देवताना अने मनुष्यना अप्रतिपाति क्षयोपशम समकितनी अपेक्षाए उत्कृष्टा सात आठ नव करवा पके. वळी क्षायक समकितनी अपेक्षाए त्रण चार नव करवा पके अने समकितीने बे गतिनोज सुखमय संसार छे. माटे "सुरनर सुख तेम छाजेरे" कह्युं. अने दुःखमय नरक तिर्यंचनी बे गतिथी मुक्त थया. एटले छुटया. तेमां छेल्ला नवे तो मुक्ति नगरे पहोंचवानी स्फुर्णा शक्ति मनुष्यना नवे जरुर पामे अने सिद्धि वरे. ए पांचमी गाथानो अर्थ कह्यो.

वळी धर्म प्रवर्त्तनना वीजा बे न्नेद बे; व्यवहार धर्म प्रवर्त्तन अने निश्चय धर्म प्रवर्त्तन तेमां प्रथम व्यवहार धर्म प्रवर्त्तननी उंळखाण करावे बे. एटले व्यवहारनयना न्नेदनी व्हेंचण करीशुं तेमां केटलाएक न्नेद मिथ्यात्व पक्षी बे अने केटलाएक न्नेद समकित पक्षी बे. ते सर्वेनी उंळखाण थशे. कह्युं बे. नय चक्रसार ग्रंथेः

संग्रह गृहीत वस्तु न्नेदांतरेण विन्नजनं व्यवहरणं प्रवर्त्तनं वा व्यवहारः सद्विविधः शुद्धो शुद्धश्च शुद्धोद्विविधः वस्तुगत व्यवहारः धर्मास्तिकायादि द्रव्याणां स्वस्वचलन सहकारादि जीवस्य लोकालोकादि ज्ञानादिरूपः स्वसंपूर्ण परमात्मन्नावसाधनरूपो गुणसाधकावस्थारूपः गुण श्रेण्या रोहादि साधन शुद्ध व्यवहारः अशुद्धोपि द्विविधः सद्न्नूता सद्न्नूत न्नेदात् सद्न्नूत व्यवहारो ज्ञानादिगुणः परस्परं न्निन्नः असद्न्नूत व्यवहारः कषायात्मादि मनुष्योहं देवोहं सोपिद्विविधः संश्लेषिता शुद्धव्यवहारः शरीर मम अहंशरीरी असंश्लेषिता सद्न्नूत व्यवहारः पुत्र कलत्रादि तौच उपचरिता नुपचरित व्यवहार न्नेदात् द्विविधो तथाच विशेषावश्यके व्यवहरणं व्यवहारः ए सतेण व्यवहार एव सामान्नं व्यवहार परोव्वजउ विसेसउ तेणव्यवहारः व्यवहरणं व्यवहारः व्यवहरतिसइतिवाव्यवहारः विशेषतो व्यवहीयते निराक्रियते सामान्यं तेनेतिव्यवहारः लोकव्यवहार परोवा विशेषतो यस्मात्तेन व्यवहारः न व्यवहारा स्वस्वधर्म प्रवर्त्ति तेनेक्षते सामान्यमिति स्वगुण प्रवृत्ति रूप व्यवहार



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्यैव वस्तुत्वं तमंतरेण तद्भावात् सद्द्विविधः विभजन १ प्रवृत्ति २ भेदात् प्रवृत्ति व्यवहार स्त्रिविधः वस्तु प्रवृत्तिः १ साधन प्रवृत्तिः २ लौकिक प्रवृत्तिश्च ३ साधन प्रवृत्ति स्त्रेधा लोकोत्तर १ लोकिका २ कुप्रा वचनिक ३ भेदात् इति व्यवहारनयश्री विशेषावश्यके ॥

अर्थः—संग्रह ग्रहित वस्तु के० संग्रहनये ग्रहित जे वस्तु भेदांतरेण के० तेने भेद भेदांतरे, विभजनं के० व्हेंचवुं तेने व्यवहार कहीए. एटले संग्रहनये छे ते सामान्य विशेष सर्वेने सामान्यपणे ग्रहेछे एटले पिंडरूपणे ग्रहे पण व्यक्तव्यपणे न ग्रहे. जेम द्रव्य एवुं सामान्य नाम कह्युं, तेमां सर्वे द्रव्यनुं ग्रहण थयुं, ते संग्रह नय. तेने भेदांतरे व्हेंचे ते व्यवहार नय. एटले द्रव्यना बे भेद. जीवद्रव्य अने अजीवद्रव्य. अजीवना बे भेद, रूपी अने अरूपी. रूपी ते पुद्गल तेना बे भेद. परमाणु अने खंध. खंधना बे भेद. जीव सहित अने जीव रहित. तेमां जीव सहितना बे भेद, सूक्ष्म अने बादर. इहां वर्गणानो विचार छे. त्यां बादरवर्गणाना चार भेद उदारीक (१), वैक्रिय (२), आहारक (३), अने तेजस (४), हवे सूक्ष्म वर्गणाना चार भेद कहे छे. भाषा (१), श्वासोश्वास (२), मन (३), अने कार्मण (४), ते कार्मणना आठ भेद, ज्ञानावरणीय (१), दर्शनावरणीय (२), वेदनीय (३), मोहनीय (४) आयुष (५), नाम (६), गोत्र (७), अने अंतराय (८), ए आठने कर्मवर्गणा कहीए तेना उत्तरभेद एकसोने अठ्ठावन छे, ते



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कर्मग्रंथथी जोइ लेजो. हवे पर्यायना बे नेद एक कर्म-नावी अने बीजो स्वन्नावी.

हवे जीवना पांचसे त्रेसठ नेद कहे बे. तेना मूळ चार नेद. मनुष्यगति (१), तिर्यंचगति (२), नरकगति (३), अने देवगति (४), ए चारना प्रत्येक नेदनो विचार. तेमां प्रथम मनुष्यना नेद वर्णवे बे. तेना त्रण नेद. कर्मनूमि (१), अकर्मनूमि (२), अने अंतरद्वीप (३), तेमां कर्मनूमिना पंदर नेद बे, पांच नरत (५), पांच ऐरव्रत (५), अने पांच महाविदेह (५) ए रीते पंदर नेद थाय. वळी अकर्मनूमिना त्रीस नेद बे. पांच हेमवंत (५), पांच ऐरएयव्रत, (५), पांच रम्यक (५), पांच देवकुरु (५), पांच हरिवर्ष (५), पांच उत्तरकुरु (५), ए रीते त्रीस नेद अकर्म नूमिना कह्या. हवे अंतरद्वीपना बप्पन नेद कहे बे आ जंबुद्वीपने विषे लघु हिमवंत अने शिखरि ए बे पर्वत आवेला बे. तेमांथी बे पूर्वे अने बे पश्चिमे एम लवण समुद्रमां अंतराले एक एक पर्वतनी चार चार दाढाओ नीकळेली बे, ते बे पर्वतनी मलीने आठ दाढाओ थइ ते दरेक दाढा उपर सात सात क्षेत्र बे ए रीते आठ दाढाओना मलीने बप्पन्न अंतरद्वीप बे. ए सघळां नेगां करतां एकसोने एक मनुष्य क्षेत्र थयां तेना बे नेद एक समूर्छिम अने बीजा गर्नज तेमां गर्नजना बे नेद एक पर्याप्ता अने बीजा अपर्याप्ता. अने समुर्छिमतो पर्याप्ति पूरी करे नहीं, अपर्याप्ता.अवस्थायेज मरे माटे तेनो एकज नेद एटले एक



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सो ने एक गर्न्नज पर्यात्ता, एकसोने एक गर्न्नज अपर्यात्ता अने एकसोने एक समूर्छीम अपर्यात्ता. ए रीते मनुष्य गतिना त्रणसेंने त्रण न्नेद थया. हवे तिर्यंच गतिना न्नेद कहे ठे. तेना पांच न्नेद (१) एकेंद्रि, (२) बेइंद्रि, (३) तेइंद्रि, (४) चौरिंद्रि, (५) पंचेंद्रि. तेमां एकेंद्रिना पांच न्नेद. (१) पृथ्वीकाय, (२) अपकाय, (३) तेउकाय, (४) वाउकाय, अने (५) वनस्पति काय. तेमां प्रथमना चार न्नेदठे, तेना प्रत्येके बे बे न्नेद, एक सूक्ष्म अने बीजो बादर ए बेना गणतां आठ न्नेद थया. हवे वनस्पतिकायना बे न्नेद, प्रत्येक अने साधारण, तेमां साधारणना बे न्नेद. सूक्ष्म साधारण अने बादर साधारण, सूक्ष्म साधारण ते सूक्ष्म निगोद अने बादर साधारण ते कंदमूळादि बादर निगोद. ए बे साधारण वनस्पतिकायना न्नेद अने एक प्रत्येक वनस्पतिकायनो न्नेद मळी त्रण न्नेद वनस्पतिकायना थया. ते न्नेगा करतां अगिआर न्नेद थया. तेना प्रत्येके बे बे न्नेद, पर्याप्ता अने अपर्याप्ता एटले एकेंद्रिना बावीस न्नेद थया. हवे बेइंद्रि, तेइंद्रि अने चौरिंद्र ए त्रणने विकलेंद्रि कहीए तेना प्रत्येके बे बे न्नेद. एक पर्याप्ता अने बीजो अपर्याप्ता, एम ठ न्नेद विकलेंद्रिना थया ते मेळवतां अठ्ठावीस न्नेद थया.

हवे तिर्यंच पंचेंद्रिना न्नेद कहे ठे. तेना बे न्नेद सन्नि तथा असन्नि. सन्नि ते गर्न्नज तेने मन संज्ञा ठे. 'असन्नि ते मन संज्ञा रहित ठे. वळी ते माटी पाणीना संयोगे

उपजे छे, ते बेना प्रत्येके पांच पांच भेद कहे छे. थळचर, जळचर, खेचर, उरपरि अने भुजपरि ए पांच दु दश भेद थया, तेना प्रत्येके बे बे भेद, पर्याप्ता अने अपर्याप्ता गणतां तिर्यंच पंचेंद्रिना वीश भेद थया. तेमां चौरिंद्रि सुधीना अठ्ठावीश भेद मेळवीए त्यारे तिर्यंचनी जातिना अडता-लीस भेद थाय ते कह्या.

हवे नारकीना सात भेद कहे छे. [१] घमा, [२] वंशा, [३] सेला, [४] अंजण, [५] रिठ्ठा, [६] मघा, [७] माघवती ए सात भेदना प्रत्येके बबे भेद एक पर्याप्ता अने बीजा अपर्याप्ता. एम चौद भेद नारकीना थया.

हवे देवगतिना भेद कहे छे. भुवनपति, व्यंतर, ज्योतिषि अने वैमानिक, तेमां भुवनपतिना पचीस भेद छे, दश निकायना दश अने परमाधामी पंदर मळी पचीश भेद थया. हवे व्यंतर निकायना भेद कहे छे. तेमां व्यंतर तथा वाण व्यंतरना सोळ भेद अने तिर्यग् जृंभकना दश भेद मळीने छवीस भेद थया. हवे ज्योतिषीना भेद कहे छे. तेना मूळ बे भेद एक स्थिर अने बीजा अथिर ए बेना प्रत्येके पांच पांच भेदछे, चंद्र, सूर्य, ग्रह, नक्षत्र, अने तारा, ए पांच दु दश ज्योतिषीना थया. हवे वैमानिकना भेद कहे छे. तेमां किल्विषियाना त्रण भेद. लोकांतिकना नव भेद, अने बार देवलोकना बार भेद, ए चोवीस भेद कल्पवासी देवना कह्या. हवे अकल्पवासी देवना भेद कहे छे. नवग्रैवेयकना नव भेद अने अनुत्तर विमानना पांच



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભેદ મળી ચૌદ ભેદ થયા તેમાં કલ્પવાસી દેવના ચોવીસ ભેદ મેળવતાં અરૃત્રીસ ભેદ વૈમાનિકના થયા. એ ચાર નિકાયના ભેગા કરીએ ત્યારે દેવગતિના નવાણું ભેદ થાય તેના પ્રત્યેકે બે બે ભેદ એક પર્યાપ્તા અને બીજા અપર્યાપ્તા ગણતાં દેવગતિના એકસોને અઠ્ઠાણું ભેદ થાય, તે કહ્યા. એ ચારે ગતિના મળીને સંસારી જીવના પાંચસેંને ત્રેસઠ ૫૬૩ ભેદ વર્ણવી દેખાડ્યા.

હવે અજીવના પાંચસેંને સાઠ ભેદ કહે છે. તેના મૂળ પાંચ ભેદ છે. (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) કાળ (૫) અને પૂદ્ગલાસ્તિકાય. તેમાં ધર્માસ્તિકાયના આઠ ભેદ. (૧) ખંધ, (૨) દેશ, (૩) પ્રદેશ, (૪) દ્રવ્યથી, (૫) ક્ષેત્રથી, (૬) કાળથી, (૭) ભાવથી, અને (૮) ગુણથી એ આઠ ભેદ ધર્માસ્તિકાયના કહ્યા. તેજ રીતે અધર્માસ્તિકાયના આઠ ભેદ અને આકાશાસ્તિકાયના આઠ ભેદ એ ત્રણ દ્રવ્યના મળીને ચોવીસ ભેદ થાય. હવે કાળના છ ભેદ કહે છે વર્ત્તમાન સમય (૧), દ્રવ્યથી (૨), ક્ષેત્રથી (૩), કાળથી (૪), ભાવથી (૫), અને ગુણથી (૬), એ કાળ દ્રવ્યના છ ભેદ કહ્યા. તે સર્વે ભેગા કરીએ ત્યારે અરૂપી અજીવના ત્રીસ ભેદ, ચાર દ્રવ્યના મળીને થાય તે કહ્યા.

હવે પુદ્ગલાસ્તિકાયના ભેદ કહે છે. વર્ણના (૫) ભેદ. (૧) રાતો, (૨) ધોળો, (૩) લીલો, (૪) પીળો, અને (૫) શ્યામ. હવે રસના પાંચ ભેદ. (૧) કરૂવો, (૨) કષાયલો

(३) खाटो (४) तीखो, अने (५) मधुरो. हवे गंधना बे भेद (१) सुरभि, (२) अने दुरभि. हवे फरसना आठ भेद कहे छे. (१) शीत, (२) उष्ण, (३) रुक्ष, (४) स्निग्ध, (५) भारे, (६) हळवो, (७) सुकोमळ, अने (८) बरसट. हवे संस्थानना पांच भेद कहे छे. (१) लांबु, (२) गोळ, (३) त्रिकोण (४) चोखुण, (५) वळीयाकारे ए संस्थानना भेद कह्या. ए रीते वर्ण, रस, गंध, स्पर्श अने संस्थानना सर्व मळी पचीस भेद थया. हवे भेद गणवानी समज देखाडे छे. एटले राता वर्णनी जे वस्तु छे. तेमां रस पांच, गंध बे, फरस आठ, अने संस्थान पांच एम वीस भेद एक वर्णमां लाधे, तेमज पांच वर्णमां गणीए एटले वर्णना सो भेद थाय. हवे रसना भेद कहे छे. तेमां कटुक रसनी जे वस्तु छे तेमां वर्ण पांच, गंध बे, फरस आठ, अने संस्थान पांच. ए वीस भेद एक रसमां लाधे, तेम पांचे रसमां गणीए त्यारे रसना सो भेद थाय. हवे संस्थानना भेद कहे छे. एटले जे लांबा संस्थाननी वस्तु छे. तेमां वर्ण पांच, गंध बे, रस पांच अने फरस आठ ए वीस भेद एक संस्थानमां लाधे. तेम सर्व संस्थानमां गणीए एटले पांच संस्थानना मळीने सो भेद थाय हवे गंधना भेद कहे छे. एटले जे सुरभि गंधनी वस्तु छे तेमां वर्ण पांच, रस पांच, फरस आठ, अने संस्थान पांच एम त्रेवीस भेद एक गंधमां लाधे, तेमज बे गंधना गणीए त्यारे त्रेवीस दु छेताळीस भेद थाय. हवे फरसना भेद कहे छे. एटले शीत फरसनी जे वस्तु छे तेमां वर्ण पांच, रस



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पांच, गंध बे, अने संस्थान पांच, वळी उपर शीत स्पर्शनी विवक्षा करी छे, तेनो प्रतिपक्षी उष्ण स्पर्श न होय बाकीना छ स्पर्श लाधे ते सर्वे नेगा करतां त्रेवीस नेद एक स्पर्शमां थाय तेमज आठे स्पर्शना गणीए त्यारे एकसोने चोराशी नेद आठ फरसना मळीने थाय.

उपर बताव्या प्रमाणे पांच वर्णना सो, पांच रसना सो, पांच संस्थानना सो, बे गंधना छेतालीस अने आठ फरसना एकसो चोरासी मळी कुल पांचसें त्रीस नेद पुद्गलास्तिकायना थाय ते कह्या. तेमां अजीव अरूपी चार द्रव्यना त्रीस नेद नेगा करीए त्यारे अजीवना पांचसेंने साठ नेद थाय ते कह्या.

हवे जीवना नेदनी वहेंचण कहे छे. जीवना बे नेद सिद्ध (१), अने संसारी (२). सिद्ध ते कर्म आवरण दोष रहित. केवलज्ञान, केवलदर्शनादि गुण प्रगटरूप अखंम, अमर, अव्याबाधानंद मय, लोकने अंते बिराजमान स्वरूप नोगी ते सिद्ध जीव कहीए. ते सिद्धता सर्व जीवनो मूळ धर्म छे पण जेणे पोतानुं वीर्य फोरव्युं ते सिद्ध नगवान थया, नहीं फोरव्युं ते संसारमां प्रवर्त्ते छे. हवे सिद्धना नेद कहे छे. प्रथम समयना, अपर समयना वळी अनंतर सिद्ध, परंपरसिद्ध, आदिसिद्ध, अनादिसिद्ध, अनेकसिद्ध, लघु अवगाहना सिद्ध, गुरु अवगाहना सिद्ध अने मध्यस्थ अवगाहना सिद्ध, इत्यादि सिद्ध नगवानना नेद जाणवा.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हवे संसारी जीवना नेद गुणठाणानी अपेक्षाये कहे छे. तेना बे नेद. अयोगी अने सयोगी अयोगी ते सैलेशि नावे थया वळी, मनादि त्रणे योगनो रोध थयो ते चौदमा गुणठाणाना, बाकीना सयोगी, तेना बे नेद. सयोगी केवळी अने सयोगी छद्मस्थ. सयोगी केवळी ते तेरमा गुणठाणाना, तेमणे चार घाति कर्मनो क्षय कर्यो छे, वळी अनंत चतुष्टय प्रगट करी छे, तेमने अरिहंत नगवंत कहीए. बाकीना सयोगी छद्मस्थ. तेना बे नेद. अमोही अने समोही. अमोही ते मोहनीय कर्मनो क्षय कर्यो छे जेमणे वळी, क्षायक नावनुं यथाख्यात चारित्र पाम्या छे. वीतराग नावे थया ते अमोही वारमा गुणठाणाना, बाकीना समोही. तेना बे नेद उपशांत मोही अने उदीत मोही. उपशांत मोही ते मोहनीय कर्मनी सर्व प्रकृतियो उपशमावी छे जेणे वळी उपशम नावनुं यथाख्यात चारित्र पाम्या छे. ते उपशांत मोही अगिआरमा गुणठाणाना बाकीना उदीत मोही तेना बे नेद. सूक्ष्म मोही अने वादर मोही. सूक्ष्म मोही ते लोनाअणुं उदयमां छे जेने, वळी सूक्ष्म संपराय चोथा चारित्र वंत ते दशमा गुणठाणाना, बाकीना बादर मोही तेना बे नेद. अवेदी अने सवेदी. अवेदी ते वेद विकार क्षय पाम्यो छे जेनो ते नवमा गुणठाणाना बाकीना सवेदी. तेना बे नेद श्रेणीवंत अने श्रेणी रहित. श्रेणीवंत ते आठमा गुणठाणाना शुक्ल ध्यान ध्याता, बाकीना श्रेणीरहित, तेना बे नेद. अप्रमत अने प्रमत्त. अप्रमत्त ते आत्मोपयो-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गी सातमा गुणठाणाना. बाकीना प्रमत्त, तेना बे भेद विरति अने अविरति, तेमां विरतिना बे भेद. सर्व विरति अने देश विरति ते सर्व थकी संसार त्याग कर्यो छे जेणे ते छठ्ठा गुणठाणे साधु, अने देशविरति ते पांचमा गुणठाणे श्रावक, बाकीना अविरति तेना वे भेद. समकिति अने मिथ्यात्वी, समकिति ते चोथा गुणठाणाना बाकीना मिथ्यात्वी, तेना बे भेद. ग्रंथिभेदी अने ग्रंथि अभेदि. ग्रंथि भेदी ते समकित पामी पाछा पड्या, मिथ्यात्वें गया तेमणे ग्रंथि भेद करेलो छे. हवे फरीथी करवो न पडे, चडते भावे समकित गुणठाणे आवे ते ग्रंथि भेदी, बाकीना अभेदी तेना बे भेद. भव्य अने अभव्य भव्य ते काळ लब्धि पामी यथाप्रवृत्ति आदि त्रण करण करी कर्म स्थिति घटाडी अपूर्व करणे अपूर्व वीर्य फोरवी ग्रंथि भेद करी समकित पामे वळी वीर्यनी, ज्ञाननी, उपयोगनी ध्याननी अधिकता पामे. तो कर्मनो नाश करी कर्म रहित थइ सिद्धि वरे योग्यतावाळो छे माटे. वळी केटलाएक भव्य तो कारण सामग्रीना अभावे समकित पामे नहीं पण भव्य जीवमां योग्यता धर्मनी छती छे ते माटे भव्य कहीए. ते जीवो अभव्यथी अनंत गणा अधिक छे अने जे अभव्य जीव छे तेनी सत्ता तो भव्य जीव सरखी छे. गुण, पर्याय लक्षण सर्वे बराबर छे पण मिथ्यात्व गुणठाणाथी त्रण काळमां समकित गुणठाणे ए आववानो नथी अने मिथ्यात्व तजवानो नथी तेनुं कारण के भव्य स्वभाव एनामां नथी ते

कारण सामग्री पामे तो पण पलटाय नहीं वळी श्रुत अ-भ्यास करे अने पंच महाव्रत आदरे छे, पण आत्म धर्मनी यथार्थ श्रद्धाना अभावे समकित पामे नहीं. अने मिथ्यात्व छोडे नहीं माटे अभव्य जीवो छे ते सिद्धि पद पामवाने अयोग्य छे ते अभव्य जीवोनी संख्यां चोथे अनंते छे ए भेद व्हेंच्या तेने व्हेंचण रूप व्यवहार नय कहीए.

हवे बीजो भेद "प्रवर्त्तनं वा व्यवहार" के० प्रवर्त्तन व्य-वहार सद्विविध के० तेना बे भेद शुद्धोऽशुद्धश्च के० शुद्ध व्यवहार अने अशुद्ध व्यवहार ए बे भेद कह्या. तेमां ग्रंथकारे प्रथम शुद्ध व्यवहारना भेद कह्या छे, पछी अशु-द्ध व्यवहारना भेद कह्या छे पण इहांतो अमे पहेलां अ-शुद्ध व्यवहारना भेदनी विवक्षा करी पछी शुद्ध व्यवहा-रना भेद कहीशुं. अशुद्ध व्यवहार ते अशुद्ध प्रवर्त्तन ते कहे छे. अशुद्धोपि द्विविध के० तेना बे भेद. सद्भूता सद्भूतभेदात् के० सद्भूत व्यवहार अने असद्भूत व्य-वहार. तेमां सद्भूत व्यवहार ते, " ज्ञानादि गुण परस्परं भिन्न " के० ज्ञान, दर्शन, चारित्र, वीर्य अने उपयोग आदि अनंता गुण आत्मामां अभेद भावे रह्या छे ते गुणने आत्माथी निर्पेक्ष पणे भिन्न गवेखे तेने अशुद्ध सद्भूत व्यवहार कह्यो, हवे बीजो भेद असद्भूत व्यवहार ते, " कषायात्मादि मनुष्योहंदेवोहं " के० हुं क्रोधी हुं मानी हुं कपटी, हु लोभी, अने हुं विषयी इत्यादि. वळी हुं मनुष्य हुं देवता इत्यादि कहेवुं, मानवुं एटले जे गतिमां

गयो ते गतिरूप पोते थयो वळी ते गति हेतुपणे परिणमतां ग्रह्यां ते गति विपाकी जे कर्म ते उदयरूप परभाव छे, वळी पचीसे कषायनारूपे पोते थाय छे. ते पण उदयिक भाव छे. तेने परभाव कहीए. ते परभावने अने जीवने यथार्थ ज्ञान विना भेद ज्ञान शुन्य एक करी माने छे. तेने अशुद्ध असद्भूत व्यवहार कहीए. "सो पिद्विविधः" के० तेना पण वे भेद. तेमां पेहेलो भेद ते "संश्लेषित" एटले शरीरं मम अहं शरीरी के० शरीर ते जीव अने जीव ते शरीर एम शरीरनो अने जीवनो एकपणो माने ते संश्लेषित व्यवहार कहीए. दृष्टांतः—जेम नाकना मेलमां माखी लपटाय छे बंधाय छे, ते माखी नाकना मेलथी प्राये जूदी न थाय ते दृष्टांते ए व्यवहारी जीव कायाथी जूदो छुं एम न समजे ए पेहेलो भेद कह्यो. हवे वीजो भेद असंश्लेषित ते पूत्र कलत्रादि के० पुत्र पुत्री, वळी कलत्र ते स्त्री अने आदि शब्दथी धनदोलत घरबार, मेहेलात, राजऋद्धि, स्वजन, कुटुंब ए सर्वेने मारुं कहेवुं पोतानुं मानवुं तेने असंश्लेषित व्यवहार कहीए. एटले शरीरने पोतानुं कह्युं ते आयुष्यना अंत सुधी छोड्युं छुटे नहीं माटे संश्लेषित कह्युं अने पुत्र कलत्र आदि धनदोलत सर्वेने पोतानुं कह्युं, पण पोताथी जूदुं छे. अळगुं छे माटे असंश्लेषित कह्युं. हवे एनुं रहस्य बतावे छे. जे ए अशुद्ध व्यवहारना भेद भेदांतर कर्या तेमां सद्भूत व्यवहारे "ज्ञानादि गुण परस्परं भिन्न" कृत्रिम रीते जरुताए गवेखीने कह्युं ते जीवथी भिन्न ज्ञा-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नादिक गुण निरपेक्षपणे कह्या, अने स्वभाविक गुणनी अपेक्षा न राखी, माटे ए भेद अभेद पक्षनो विरोधी छे अपेक्षिक नथी, ते कारणे मिथ्यात्वमां भळे छे वळी असद्भूत व्यवहारे "कषायात्मादि मनुष्योहं देवोहं" कह्युं ते कषायोने आत्मा कह्यो. वळी चार गति विपाकी कर्म, गतिहेतुपणे परिणमतां ग्रह्यां तेने आत्मा कह्यो, तेणे जन्मने जीव मान्यो; ते मिथ्यात्व छे वळी संश्लेषित व्यवहारे, "शरीरं मम अहं शरीर" कह्युं जे शरीर तेज हुं पोते जीव छुं वळी अहं के० हुं जीवछुं तेज शरीर एटले, आत्मबुद्धि कायामां ग्रहण करी, ते मिथ्यात्व थयुं; वळी असंश्लेषित व्यवहारे पुत्रकलत्रादिने मारूं कह्युं तेणे पुत्र स्त्री धन आदि वस्तु पोतानी मानी, ते वचन सापेक्ष न होय तो मिथ्यात्वमां भळे ते समजवाने कारणे श्रद्धा शुद्ध करवाना हेतुए नीचे शास्त्रोनी साक्षी लखीए छीए. जसविजयजीकृत समाधि शतकेः—

## दुहा.

वाहिर अंतर परम ए, आतम परिणति तीन ॥
देहादिक आतम भरम, वाहिरात्म वहु दीन ॥ ७ ॥
नरदेहादिक देखिके, आतम ज्ञाने हीन ॥
इंद्रियबल वहिरातमा, अहंकार मन लीन ॥ ए ॥
अरि पुत्रादिक कल्पना, देहातम अभिमान ॥
निजपर तनु संवंध मति, ताको होत निदान ॥ ११ ॥
देहादिक आतम भ्रमी, कल्पै निज परभाव ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आतमज्ञानी जग लहे, केवळ शुद्ध स्वभाव ॥ १२ ॥
स्वपर विकल्पे वासना, होत अविद्या रूप ॥
तातें बहुरि विकल्पमय, भरम जाल अंध कूप ॥ १३ ॥
पुत्रादिककी कल्पना, देहातम भ्रम भूल ॥
ताकूं जड संपति कहै, हहा मोह प्रतिकूल ॥ १४ ॥
या भ्रम मति अब छांडि दो, देखो अंतर दृष्टि ॥
मोह दृष्टि जो छोडीये, प्रगटे निजगुण सृष्टि ॥ १५ ॥
रूपादिक को देखिवो, कहन कहावन कूट ॥
इंद्रिय जोगादिक बले, ए सब लूटा लूट ॥ १६ ॥
रूपेके भ्रम सीपमें, ज्यूं जड करे प्रयास ॥
देहातम भ्रमतें भयो, त्यूं तुज कूट अभ्यास ॥ १७ ॥

हवे नेमीदास कृत अध्यात्म सार ग्रंथेः—

दुहो ॥

पुद्गलसें रातो रहे, जाणे एह निधान ॥
तस लाभे लोभ्यो रहे, बहिरातम अभिधान ॥ ५ ॥

हवे आनंदघनजीकृत चोवीशीमां सुमतीनाथजीना स्तवन मध्येः—

आतम बुद्धें कायादिक ग्रह्यो ॥ बहिरातम अघरूप सुज्ञानी॥
कायादिकनो साखी धर रह्यो, अंतर आतम रुप ॥
सुज्ञानी ॥ सुमंति० ॥ ३ ॥

इत्यादि अनेक शास्त्रनी साक्षीए, उपर कहेला अशुद्ध व्यवहारना चारे भेद मिथ्यात्व प्रवर्त्तनमां भळे छे. तेना ग्राहकने बहिरात्मा कहीए. ते पुरुष धर्म करवा



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

चाहे, चारित्र लेइ क्रिया करे, व्यवहार नये निर्दोष देखाय पण समकित पामे नहीं, अने तेनी मुक्ति पण थाय नहीं. कह्युं छे केः—

विरया सावज्जाओ ॥ कषाय हीणा महव्वय धरावि ॥
सम्मदिट्ठि विहुणा ॥ कयावि मुख्खं न पावंति ॥ १ ॥

ए गाथानो भाव विचारतां उत्कृष्टा थइने फरे पण अशुद्ध व्यवहारी छे. ज्यां सुधी कायाने जीव मानी रह्यो छे, जीव कायानी जूदाइ जाणी नथी, त्यां सुधी अशुद्ध व्यवहार टळे नहीं. एम सांभळी कोइ पूछे के ते शी रीते टळे? तेनो उत्तर—प्रथम सद्गुरुनी शोध करे तेने शुभोदय कारण सद्गुरु मळे, पण ते गुरु केवा छे? तो कह्युं छे—समयसार नाटक ग्रंथेः—

सवैया एकतीसा.

ज्ञानके उजागर सहज सुखसागर,
सुगुण रतनागर वैरागरस भर्यो हे ॥
सरणकी रीत हरे मरणको भैन करे,
करनसो पीठ दे चरण अनुसर्यो है ॥
धरमको मंडन भरमको विहंडन,
ज्युं परम नरम व्हैके ॥
करमसों लर्यो है एसो मुनिराज भुय लोकमें,
विराजमान नीरखी बनारसी नमस्कार कर्यो है ५॥

अर्थः—ज्ञान के उजागर के० आत्मज्ञान ज्योति निर्मळ थइ छे जेने वळी अनुभव भुवनमां सूर्योदय सरखो

प्रकाश थयो छे जेने, तेनुं नाम ज्ञान उजागर कहीए. " सहज सुखसागर " के० स्वस्वरूपमां चेतन रमे त्यां कोइ जातनी बाधा पीका वेदवा रूपे थती नथी. बाधापीका परस्वन्नाव वृत्तिमां व्यापक पणे होय, अने अव्यापक पणे वर्त्ते त्यां अव्याबाध सुख सागर स्वस्वन्नाव वृत्तिये प्रगटे. " सुगुण रत्नाकर " के० आत्माना अनंता गुण छे, ते गुणोनी खाण ते ए मुनिराज छे. वैरागरस न्नर्यो है के० त्यागरूप रस तो एक ज्ञानमांज रह्यो छे, ते रसें न्नरपुर छे अंतःकरण जेनुं एवा " सरणकी रीत हरै के० पार्श्वनाथजीने कमठे जळ वृष्टि आदि मोटा उपसर्ग कर्या, ते सरखा कदाच वैरन्नावे उपसर्ग कोइ तिर्यंच अथवा देवता करे तो पण न्नगवतीजीनुं वचन–असज्झाइया देवा ॥ इत्यादि संन्नारी चार निकायना देवताने स्मरे पण नहीं. अने उपद्रव टाळ एम कहे पण नहीं. जे मुनिराज छे, ते तो बाह्यमां देवगुरूनुं शरण करे छे. अने अंतरमां पोतीका आत्मानुं शरण करे छे, ते सिवाय अन्य शरण करवानी जे रीत तेनो तो परिहार कर्यो छे. " मरणको न्नै न करे " के० जे अज्ञानी मिथ्यात्वी छे ते कायाने जीव मानी तेनी साथे पोतापणुं राखे छे. वळी पुत्र कलत्र धन्यादि वस्तु साथे स्नेह बंधन दृढ छे जेने ते पुरुषो मरणथी करे पण साधु मुनिराजे तो ए सर्वे वस्तुने रोग जाणी पर मानी छोकी छे. वळी कायाथी विरक्त चित्त छे. अने जाणे छे के आत्मा ज्ञानादिक

गुणे करी भावप्राणधारी छे तेनो नाश त्रण कालमां थाय नहीं. शाश्वतपणा माटे. एम मरणादि भय छेदीने निर्भय थया छे. " करनसो पीठ दे " के० पांच इंद्रि अने छट्ठी नोइंद्रि जे मन ए छनुं नाम करण छे. तेना विषय विकारने पूंठ देइ विमुख थया छे एटले जे आत्मदर्शि थया, तेमने विमुख कहेवा. " चरण अनुसर्योहै " के० चारित्र ते चपळता रहित, स्थिरताना परिणाम अने आत्मस्वरूपमां एकत्वपणे रमण, तन्मयता स्वरूप विश्रांति तत्वानुभव तद्रूप चारित्र ग्रह्यो छे जेणे " धरमको मंडण " के० ए मुनिराज छे ते धर्म स्थंभ छे, एमना आलंबन आधारे चतुर्विध संघ धर्म प्रवृत्ति करे छे वळी उपदेश सांभळी पूछीने निःसंकित थाय छे वळी गुरू महाराजा केवा छे ? के षटदर्शन शास्त्रना जाण छे. न्यायतर्कमां कुशळ छे अध्यात्ममां प्रवीणछे, सत्य भाषाछे जेनी, पोते तरेछे, अने बीजाने तारेछे देहधारीछे पण अंतर्वृत्ति जोगे देहातित भावने पाम्याछे ज्ञानध्यान जोगे आत्मा पुष्ट कर्यो छे जेणे, बाह्य अंतर सर्व वस्तुना जाण छे, पंडितोनी पंक्तिमां अग्रेसर सर्वने पूजवा वांदवा योग्य, भव्य जीवने ए मोक्षनो सार्थवाह छे वळी अंतर्वृत्ति योगे अनुभव भुवनमां आत्मधर्मनी रचना मंडाणी छे जेने, तेमने धर्मको मंडन जाणवो. " भरमको विहंडण ज्युं " के० भ्रमिकता जे विकलता अथवा शंका कांक्षा तेनो नाश कर्यो छे, जेम अंधकारनो नाश कर्त्ता सूर्योदय छे, तेम ए ज्ञानी जाणवा. " परम नरम व्हे के करमसो



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

लर्यों है " के० बाह्यमां कायादि योगे पुद्गल प्रवृत्ति करवामां थाक्या माटे नरम कह्या, पण अनंत वीर्यना धणी छे. कर्म परिणाम राजा साथे युद्ध करीने पोताना आत्माना असंख्याता प्रदेशरूप खेत्रथी मिथ्यात्वादि केटलीक कर्म प्रकृतिओने जेणे हणी छे, तेमनुं नाम साधु मुनिराज छे. " एसो मुनिराज " के० उपर कह्या इत्यादि गुणे गुणी, संसार समुद्र तरवाने नाव समान " जूय लोकमें " के० अढी द्वीपमां बिराजमान के० सदा विद्यमान होय छे. " नीरखी बनारसी " के० तेमने जोइ नीरखी एटले अंतर्दृष्टि करी साधु गुण गवेख्या ते साधु नीरख्या ते गुणमय चेतनमूर्त्तिने बनारसीदास समयसार नाटक ग्रंथना कर्त्ता एवा जे श्रावक तेमणे " नमस्कार कर्यो है " के० हृदय कमळ उल्लासथी घणो प्रमोद छतां गुण रागे पंचांग प्रणाम ग्रंथ रचना मंम्गाणमां मंगळाचरणरूपे कर्यो छे इत्यादि गुणे साधु मुनिराजनी ओळखाण करवी, भ्रममां जूला पमवुं नहीं. रत्न साटे काच वोहोरवो नहीं आत्महेतु तो एजछे, तेमनां पासां सेवीए तो दुःखनी परंपराए चउगति संसारभ्रमण ते थकी छुटीए. ए ज्ञानी गुरुराय आपणने उपदेश करे ते समयसार नाटक ग्रंथना मोक्ष द्वारे कह्यो छेः–

## सवैया एकतीसा.

भेद ज्ञान आरासों दुफारा करे ज्ञानी जीव,<br>
आतम करम धारा भिन्न भिन्न चरचे ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अनुभौ अभ्यास लहै परम धरम गहै
करम भरमको खजानो खोलि खरचै ॥
योंही मोख मुख ध्याव केवल निकट आवै
पूरन प्रकाश पावै पूरन के परचै ॥
भयो निरदोर याहि करनो न कछु और
एसो विश्वनाथ ताहि बनारसी अरचै ॥ १०८ ॥

अर्थः—भेदज्ञान आरासो के० भेदज्ञानरूप कसोटीए करीने एटले लीक करीने ज्ञानी जीव " दुफारा करे " के० यथा दृष्टांते—जेम चोकसी लोको सोनानी परीक्षा कसोटीना पथ्थर उपर लीक करीने करेछे के एक तोलामां एक वाल वा बे वाल त्रांबुछे अथवा रुपुंछे. बाकीनुं शुद्ध कंचन छे. एम बे भाग जूदा चिंतवे. ए दृष्टांते सम्यकज्ञानी आत्मा परीक्षा करेछे के पोतानी कायामां अंतर्व्यापकपणे रहेलो पोतीको आत्मा ते द्रव्यथी त्रिकाळ वृत्तिये अखंड अविनाशी छे वळी क्षेत्रथी असंख्यात प्रदेशी छे काळथी अनादि अनंत छे अने भावथी ज्ञान दर्शनादि अनंत गुणमय उपयोगी छे. साक्षात् सिद्ध परमात्मा ते पोतेज छे. कर्म संयोगे कायामां वश्योछे. कायामां परिणम्योछे. पण कायाथी जूदो छे. शब्द, रूप, रस, गंध अने स्पर्श ए पुद्गलना पर्यायछे. तेने इंद्रियद्वारे सर्वांगीपणाना भूषणे करीने पोते अनुभवेछे, ए सर्वे पुद्गलनो अचेतन स्वभावछे. अने अंतर्व्यापकपणे अनुभववावाळो ते चेतनछे. एम जीवनी अने पुद्गलनी भिन्नता एटले जू-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

दारु ज्ञानरूप कसोटीये थाय, तेने भेदज्ञान कहीए "आतम करमधारा भिन्न भिन्न चरचै" के० हवे आत्म-धाराने आत्मा थकी प्रगट थयेली अनुभव ज्ञानधारा तेने उपादेय जाणी ग्रही स्व स्वरूपे परिणमावे अने कर्मधारा के० कर्म थकी प्रगट थयेली ने काया वचन अने मन तेने हेय जाणीने तजे "अनुभौ अभ्यास लहै" के० हवे त्यां शुद्धात्म स्वरूपनो अनुभव अभ्यास परसंग रहित पणा माटे उपयोगनी विशुद्धिये वृद्धिपणुं पामे, "परम धरम गहै" कहेतां इहां क्षपक श्रेणी मांडे अने शुक्लध्यानना पेहेला पायाना ध्याता थाय त्यां परम नाम उत्कृष्ट धर्म ग्रहे "करम भरमको खजानो खोली खरचै" के० इहां भ्रमिकतारूप मोहनीय कर्मनी प्रकृतिना परमाणुं दळनो अनंतो खजानो आत्म प्रदेशे रहेलो तेने खोली एटले उदयमां लावीने खरचे एटले शुद्ध परिणतिना लग्न कार्यमां दशमा गुणठाणा अंते खरचे एटले विखेरी नांखे निर्जरे त्यां मोहनी कर्मनी सत्ता आत्म प्रदेशथी छुटे. वळी रागद्वेष अशुद्ध परिणतिनो पण छेद थाय, त्यां यथाख्यात चारित्र क्षीण मोह गुणठाणे पामे इहां शुद्ध परिणतिनुं पाणीग्रहण पण थाय, ओंही के० इहां मोक्ष के० मोक्षने एटले कर्मथी मूकाववाने "मुख ध्यावै" के० मुख्य वृत्तिये शुक्ल ध्याननो बीजो पायो ध्यावे, त्यां ज्ञानावरणीय तथा दर्शनावरणीय अने अंतराय ए त्रण कर्मनो सत्ताथी उछेद थाय, त्यां "केवल निकट आवै" के० केवळज्ञान

केवळदर्शन तेरमा गुणठाणे पामे. " पूरण प्रकाश पावे " के० इहां परिपूर्ण प्रकाश पामे एटले लोकने अने अलोकने जीवने अने अजीवने रूपीने अने अरूपीने वळी उत्पाद, व्यय, अने ध्रुव युक्त त्रणे काळनी वर्त्तनाने एक समये जाणे. " पूरणके परचै " के० परिपूर्ण आत्मज्ञानना परिचय थकी " न्नयो निरदोर आहि " के० इहां चौगति न्नवन्रमणनी दोरनो अंत आव्यो एटले तेथी मुक्त थया. " करनो न कछु और " के० एक शुद्धात्म स्वरूपनो अनुन्नव पोतीका स्वन्नावे थाय छे ते सिवाय तेमने बीजुं कांइ पण कृत्य करवानुं बाकी रहे नहीं. " एसो " के० उपर गवेख्या तेवा विश्वनाथ के० जगतना नाथ ए सर्वज्ञ देव आपणे वांदवा, पूजवा, ध्यान करवा योग्य " तांही " के० तेमने " बनारसी अरचे " के० बनारसी दास श्रावक पूजेछे.

ए उपर कह्यो ते उपदेश पाम्यां शुद्ध व्यवहार आवे शुद्धोद्धिविधः के० तेना बे न्नेद, तेमां पेहेलो न्नेद वस्तुगत व्यवहार. धर्मास्ति कायादि द्रव्याणां स्वस्वचलण सहकारादि जीवस्य लोको लोकादि ज्ञानादिरूप " के० सर्व द्रव्यनी स्वरूप रूप शुद्ध प्रवृत्ति जेम धर्मास्तिकायनो चलण सहायता, अधर्मास्तिकायनी स्थिर सहायता, आकाशनी अवगाहकता, काळनी वर्त्तना, पुद्गळनी मिलन, विखरण, सरूण परूणता, जीवनी लोका लोक आदि जाणवुं, देखवुं ते केवळज्ञान, केवळदर्शनता इत्यादिकने



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वस्तुगत व्यवहार कहीए, वळी शुद्ध जीवादि द्रव्यमां अनंता गुण अनंता पर्याय छे ते सर्वे स्वस्वभावने भजेछे एटले गुण गुण प्रत्ये भिन्न व्यक्ति छे पर्याय पर्याय प्रत्ये भिन्न व्यक्ति छे एटले एक द्रव्यमां अनंत भेदे व्यक्ति पामीए ते सर्वने वस्तुगत व्यवहार कहीए. ए पेहेलो भेद कह्यो.

हवे "स्व संपूर्ण परमात्म भाव साधनरूप, गुण साधकावस्थारूप गुण श्रेण्यारोहादि साधन शुद्ध व्यवहार" के० पोतिकुं मूळ रूप जोइए तो शुद्ध द्रव्यास्तिक नये पूर्ण परमात्म भाव तादृश देखाय छे. अनादि सिद्ध छे. ते संग्रह नय थयो तेनो एवंभूत नय करवो तेनुं नाम साधन शुद्ध व्यवहार कहीए, ते धर्म क्यारे प्रगटे के प्रथम मन योगने स्थिर करे त्यां ऋजुसूत्र नय पामे ते नयमां यथाप्रवृत्तिकरणे आवे. ते करणना प्रभावे सात कर्मनी घणी स्थिति घटाडे अने एक कोडाकोडी सागरोपममां एक पल्योपमनो असंख्यातमो भाग न्यून एटली राखे त्यारे अपूर्व वीर्य शक्ति चेतन पामे तेनुं नाम बीजुं अपूर्व करण कहीए, ते वीर्य योगे ए करण अंते ग्रंथिभेद करे अने अनिवृत्ति करणे समकित पामे त्यां शब्द नय कहिये.

जा गंठी ता पढमं गंठि समइच्छओ भवेबीअं ॥
अनिअट्टि करणं पुण, सम्मत्त पुरखडे जीवे ॥ १ ॥

हवे आत्मानो उत्सर्ग धर्म नीपजाववा माटे उपयोगनी विशुद्धिए स्वरूप रमण करतां स्वरूप अनुभवतां गुण-

ठाणे चढे. अने आठमा गुणठाणेथी क्षपकश्रेणी मांडी शुक्लध्यान योगे घातिकर्म श्रेणिगत हणी तेरमा गुणठाणे अनंत चतुष्टय पामे, त्यां सुधी साधन शुद्ध व्यवहार कहीए. वळी समभिरुढ नय पण त्यां कहीए. हवे आयुषना छेडे योगरोध करी अयोगी चौदमा गुणठाणा अंते अघाति कर्म हणी कार्मण वर्गणा रहित थइ पोतानी कायामां त्रीजो भाग पोलाणनो छे ते घटाडी बे भाग प्रमाण आत्मप्रदेशनो निविडघन करी एक समये समश्रेणिए बीजा आकाश प्रदेशने नहीं फरसतां लोकाग्र भागे सिद्ध क्षेत्रमां सादि अनंत भांगे स्थिर रहे तेमने सिद्ध भगवान कहीए. वळी त्यां एवंभूत नय पण कहीए. इहां साधन शुद्ध व्यवहारनी पूर्णता थइ ए बीजो भेद कह्यो.

हवे उपचरितानुपचरित व्यवहार भेदात् द्विविधो के० उपचरित व्यवहार अने अनुपचरित व्यवहार ए बे भेद कहेछे एटले शरीर जे पोतानी काया तथा पुत्रादिक, धनादिक वस्तु आत्मानी नथी. तेने उपचारे पोतानी कहीए. वळी साधुने शिष्यादिक तथा श्रावक, श्राविका तथा उपकरण वळी पुस्तक पोथी, पोतानी काया, पोतीको गच्छ इत्यादि परवस्तुछे तेने पोतानी कहेवी ते सर्वेने उपचरित व्यवहार कहीए.

हवे बीजो भेद ते जीवनुं अने कायानुं परिणामिक भावे एकपणुं थयुंछे पण वस्तु भिन्नछे. कायाथी जीव जूदोछे. अने जीवथी काया जूदीछे, जीवतो अरूपीछे. का-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

यादिक वस्तु रूपीछे. जीवनो गुण ज्ञायकताछे अने पुद्गलनो गुण सडण, पडण, विध्वंसण छे. जीव तो अविनाशीछे, अने पुद्गल विनाशीछे. एम जीवनी अने पुद्गलनी भिन्नता छे, एम समजी जूदाइ करवी तेमां कशोए उपचार नथी तेने अनुपचरित व्यवहार कहीए. तथा च विशेषावश्यके महाभाष्यमां कह्युंछे, जे व्यवहार नयना मूळ बे भेदछे. एक व्हेंचणरूप व्यवहार ते द्रव्यादिक वस्तुने भेद भेदांतर करी व्हेंचवुं तेने व्हेंचणरूप व्यवहारनो पेहेलो भेद कहीए. बीजो प्रवृत्ति व्यवहार, तेना त्रण भेद. वस्तु प्रवृत्ति, साधन प्रवृत्ति, अने लोकिक प्रवृत्ति. तेमां पेहेलो भेद वस्तु प्रवृत्ति एटले जीवनो स्वभाव तो ज्ञान दर्शन चारित्र आदि अनंता गुण पर्यायरूपछे. ते सर्व स्वभाव आवरण योग दूषित थयाछे. ते आवरणनो क्षय साधन योगे बीजा भेदमां थशे, त्यारे चेतन निरावरण थयो कहीए ते पोताना स्वभावे प्रवृत्ति करे. एक समय काळे अनंती प्रवृत्ति थाय, तथा पांच द्रव्यतो अजीव छे. धर्मास्तिकायादि ते सर्वे पोताना स्वभावे प्रवर्त्ते छे, तेने वस्तु प्रवृत्ति कहीए.

हवे बीजो भेद साधन प्रवृत्ति, तेना त्रण भेद लोकोत्तर साधन, लौकिक साधन कुपरावचनीक साधन.तेमां लोकोत्तरसाधन प्रवृत्ति ते अरिहंत भगवाननी आज्ञाए. शुद्ध साधन मार्गे इहलोक संसार पुद्गल भोग आशंसादि दूषण रहित जे रत्नत्रयीनी परिणति परभाव त्याग सहित तेने लोकोत्तर



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

साधन प्रवृत्ति कहीए. इहां परन्नावनो त्याग कह्यो. तेने समजवो एटले पोताथी अन्य जे बीजा द्रव्यनो स्वन्नाव तेज परन्नाव त्याग कह्यो एटले जीवने परन्नावनो अनादि संबंध परंपराए चाल्यो आवे छे, ते बुटयो एटले ज्ञानावरणादि आठ मूळ कर्म प्रकृति अने उत्तर एकसो अठावन प्रकृति मिश्रित अनादि संबंधे चेतन हतो ते कर्म खजानो खाली कर्यो. एवी शुद्धता कला प्रगटी तेनुं नाम साधन शुद्ध प्रवृत्ति कहीए

हवे उपर कह्यो जे वस्तुप्रवृत्तिनो पेहेलो न्नेद ते आवरणना अन्नावे वस्तु स्वन्नावनुं प्रवर्त्तन अनंता काळ सुधी प्रवर्त्ते ते वस्तु स्वन्नाव साध्यमां लाववा रूप साधन तेनेज लोकोत्तर साधन कहीए.

हवे बीजो न्नेद लोकिक साधन ते स्याद्वाद दृष्टि रहित अने मिथ्यान्निनिवेष सहित तेने लौकिक साधन कहीए. हवे त्रीजो न्नेद कुपरावचनीक एटले सूत्र सिद्धांत अनुसार विना जे साधन करवुं कराववुं उपदेश करवो ते सर्वने कुपरावचनीक साधन प्रवृत्ति कहीए, ए साधन प्रवृत्तिना त्रण न्नेद कह्या. हवे लौकिक प्रवृत्ति ते लोकना स्वस्वदेश अनुकुळ चाले प्रवर्त्ते वळी आ जीविकानो अर्थी, आवता न्नवे पुन्यनो अर्थी, जशकीर्त्तिनो अर्थी पूजावा मनावानो अर्थी पोतीको मत स्थापन करवो, चलाववो तेनो अर्थी इत्यादि सर्वने लौकिक प्रवृत्ति व्यवहार कहीए, एम व्यवहार नयना न्नेद जाणवा. उळखाण करवी. तथा द्वादशसार नयचक्रमां

व्यवहार नयना चार भेद कह्या छे. तथा शांत नयचक्र सारमां व्यवहार नयना सो भेद कह्या छे.ते शास्त्र रहस्यना जाण जीवने ए ग्रंथोथी सद्गुरु गीतार्थ बहुश्रुत भावने पामेला तेमनी पासे विनय पूर्वक जाणवा. ए भेद विशेषावश्यकने अनुसारे कह्या.

हवे द्रव्यगुण पर्यायना रासना अनुसारे कहे छे. सातमी ढाळे—चक्र उपन्युं साररे ॥ ए देशी ॥

सद्भूत व्यवहार ॥ भेद प्रथमतीहां ॥
धर्मधर्मिना भेदथी ए ॥ १ ॥
शुद्ध अशुद्ध द्विभेद शुद्धअशुद्धना
तेह अरथना भेदथी ए ॥ २ ॥

अर्थः-हवे नय समीपे उपनय कहेछे. तेमां सद्भूत व्यवहार ते उपनयनो प्रथम भेद छे, ते धर्म अने धर्मीना भेद देखाडवाथी होय ॥१॥ तेना बे भेद एक शुद्ध सद्भूत व्यवहार ते शुद्ध द्रव्य परद्रव्य संयोगादि अपेक्षा रहित पणा माटे कहीए ते निज स्वभावे निर्मळानंदी उपयोगी ज्ञानी इत्यादि प्रवृत्ति भेदे भेदविवक्षा करे तेथी थाय अने बीजो भेद अशुद्ध सद्भूत व्यवहार ते अशुद्ध द्रव्य पर संगी पणा माटे अथवा आवरण योगे कहीए ते उपाधि संयोगे निज धर्म प्रवृत्ति भेदे भेद विवक्षा करे तेथी थाय.

॥ ढाळ ॥

जेम जग केवल ज्ञान ॥ आतमद्रव्यनुं ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मइनाणादिक तेहनुं ए ॥ ३ ॥
गुण पर्याय स्वन्नाव ॥ कारकतन्मनो ॥
अरथ न्नेद छे एहनोए ॥ ४ ॥

अर्थः–जेम जगतमां आत्मद्रव्यनुं केवळज्ञान सृष्टिए प्रयोग करीए ते शुद्ध सद्भूत व्यवहार थयो, वळी मति ज्ञानादि आत्माना गुण एम बोलीए ते अशुद्ध सद्भूत व्यवहार थयो ॥३॥ गुण गुणीनो पर्याय पर्यायवंतनो स्वन्नाव स्वन्नाववंतनो कारक, अने तन्मय के० कारकी तेनो जे एक द्रव्यानुं गत न्नेद बोलावीए ते सर्प उपनयनो अर्थ जाणवो. घटस्यरूपं घटस्यरक्तता, घटस्यस्वन्नाव, मृदाघटो निष्पादित इत्यादि न्नेदे अर्थ प्रयोग जाणवो. ॥ ४ ॥

असद्भूत व्यवहार ॥ परपरिणति न्नलें ॥
द्रव्यादिक उपचारथीए ॥ ५ ॥
द्रव्यें द्रव्य उपचार ॥ पुद्गल जीवने ॥
जिम कहियें जिन आगम ए ॥ ६ ॥
काली लेस्या न्नाव ॥ श्याम गुणे न्नली ॥
गुण उपचार गुणे कह्योए ॥ ७ ॥
पर्यायें पर्याय ॥ उपचारें वली ॥
हय गय खंध यथा कह्याए ॥ ८ ॥
द्रव्यें गुण उपचार ॥ वली पर्यायनो ॥
गोर देह हुं बोलताए ॥ ९ ॥

गुणे द्रव्य उपचार ॥ पर्याय द्रव्यनुं ॥
गौर देह जिम आतमाए ॥ १० ॥
गुण पज्जव उपचार ॥ गुणनो पज्जवे ॥
जिम मति तनु तनु मति गुणोए ॥ ११ ॥

अर्थः—परद्रव्यनी परिणति नळे थके द्रव्यादिकने नवविध उपचारथी कहीए ते असद्भूत व्यवहार जाणवो ॥ ५ ॥ हवे द्रव्यें द्रव्यनो उपचार ते जीन आगममां खीरनीरने दृष्टांते जीवने अनादि संबंधे पुद्गल मिश्रित कह्यो छे. माटे जीवने पुद्गल कहीए. ए जीव द्रव्यें पुद्गल द्रव्यनो उपचार थयो. ए पेहेलो नेद ॥ ६ ॥ हवे गुणे गुणोपचार ते अरूपी उपयोगी अलेशी आत्माने कृष्णादि छ लेश्यावंत कहीए छीए ते आतम गुणमां पुद्गल गुण जे लेश्या परिणाम तेनो आरोप थयो ए बीजो नेद ॥७॥

हवे पर्यायें पर्यायनो उपचार ते अमूर्त्त, अरूपी आत्माने घोमा हाथी आदि जे पुद्गल स्कंध तेने जीव पर्याय कहीए छीए ते पर्याय पुद्गल रूपछे तेने जीव पर्याय कहेवा ए उपचार समजवो ए त्रीजो नेद ॥ ८ ॥ हवे द्रव्यें गुणोपचार ते अरूपी आत्मा छे ते छतां हुं गौरवर्णो छुं एम बोलीए ते हुं शब्दे आत्मा अने गौर ते पुद्गलनो गुण जे धोळो वर्ण तेनो उपचार जीव द्रव्यमां कर्यो, ए चोथो नेद थयो. हवे द्रव्यें पर्यायोपचार ते देहातित जीवने शरीरी कहेवो एटले शरीर छे ते पुद्गल द्रव्य पर्याय छे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तेनो उपचार जीव द्रव्यमां थयो. ए पांचमो भेद ॥ ए ॥ हवे गुणे द्रव्योपचार ते देह गौर देखायछे ते आत्मा एम गौरपणो उद्देशीने आत्मविधान करीए एटले ए गौरतारूप पुद्गलनो गुण तेमां आत्मद्रव्यनो उपचार थयो ए छट्ठो भेद. हवे पर्याये द्रव्योपचार ते जेम देहने आत्मा कहीए एटले देह छे ते पुद्गल पर्याय छे तेमां आत्मद्रव्यनो उपचार थयो ए सातमो भेद ॥ १० ॥ हवे गुणे पर्यायोपचार ते जेम मतिज्ञान गुण छे ते इंद्रिनो इंद्रि संयोग छे माटे शरीरज कहीए इहां मतिज्ञानरूप आत्मगुणने विषे शरीर रूप पुद्गलपर्यायनो उपचार कर्यो ए आठमो भेद. हवे पर्यायें गुणोपचार ते जे शरीर छे तेज मतिज्ञान गुण छे तो इहां शरीररूप पुद्गलपर्यायने विषे मतिज्ञान आत्मगुणनो उपचार थयो ए नवमो भेद एम उपचारे असद्भूत व्यवहार नव भेदे कह्यो ॥ ११ ॥

असद्भूत व्यवहार ॥ एम उपचारथी ॥
एह त्रिविध हवे सांभलोए ॥ १२ ॥
असद्भूत निजजाति ॥ जिम परमाणुउ ॥
बहु प्रदेशी भाषियेंए ॥ १३ ॥
तेह विजाति जाणो ॥ जिम मूरत मति ॥
मूरत द्रव्यें उपनीए ॥ १४ ॥
असद्भूत दोउ भांत ॥ जीव अजीवने ॥
विषय ज्ञान जिम भाषियेंए ॥ १५ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

उपचरितासद्भूत करियें उपचारो ॥
भेद एक उपचारथीए ॥ १६ ॥

अर्थः—असद्भूत व्यवहार उपर नव भेदे कह्यो ते प्रमाणे उपचारे समजवो हवे एना त्रण भेद कहे छे. ते हे भव्य प्राणि तमे सांभळो. ॥ १२ ॥ स्वजाति असद्भूत व्यवहारे जेम पुद्गल परमाणुं छे, ते बहु प्रदेशी थवानी जाति छे. माटे ते एक परमाणुने पण बहु प्रदेशी उपचारे कहीए. ए पेहेलो भेद ॥ १३ ॥ हवे विजाति असद्भूत व्यवहारे जेम मतिज्ञानने मूर्त्तिवंत कहीए. एटले ज्ञान छे ते आत्मगुण छे तेने विषे मूर्त्तिवंत जे पुद्गलनो गुण तेनो आरोप थयो ए बीजो भेद ॥ १४ ॥ स्वजाति विजाति असद्भूत व्यवहार, जेम जीवाजीव विषय ज्ञान कहीए. इहां जीव छे ते ज्ञाननी स्वजाति छे अने अजीव छे ते ज्ञाननी विजाति छे ए बेहुनो विषय विषयी भाव नामे उपचरित संबंध छे. ए त्रीजो भेद ॥ १५ ॥ एम उपचरित असद्भूत व्यवहारे जीवद्रव्य, जीवगुण, जीवपर्याय, पुद्गलद्रव्य, पुद्गलगुण, पूद्गलपर्याय एम ए बे वस्तुना छ भेद कह्या, ते जीवमां पुद्गलनो अथवा पुद्गलमां जीवनो जेम घटे तेम एकनो उपचार करीए ए रहस्य समजवो.१६

तेह स्वजाति जाणोरे ॥ हुं पुत्रादिक ॥
पुत्रादिक छे मादराए ॥ १७ ॥
विजातिथी ते जाणोरे ॥ वस्त्रादिक मुझ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गढदेशादिक नजयथीए ॥ १७ ॥
उपनय नाष्या एम ॥ अध्यात्मनय ॥
कही परीक्षा जश लहोए ॥ १९ ॥

अर्थः–स्वजाति उपचरित असद्भूत व्यवहार जाणो ओळखो, संबंधी कल्पन जे हुं पुत्रादिक इहां हुं मारा एवुं जे पुत्रादिकने विषे कहेवुं एटले पुत्रादिकने शरीर आत्म पर्याय रूपे स्वजाति छे. पण कल्पित छे अन्य छे तेने उपचारे पोताना कहीए. ते पेहेलो नेद ॥ १७ ॥ हवे विजाति उपचरित असद्भूत व्यवहार ते वस्त्र आन्नरणादि मारां कहेवां एटले वस्त्र आन्नरणादि वस्तु जीवने परछे. वळी विजाति छे स्वजात नथी, तेने उपचारे पोताना कहीए ए बीजो नेद वळी स्वजाति विजाति उपचरित असद्भूत व्यवहार ते गढ, नग्र, देश, राज्य मारुं छे के० गढ, देश, गाम, नग्र, प्रमुखने विषे जीव छे ते स्वजाति छे अने देशादिक राज्यऋद्धि प्रमुख छे, ते विजाति छे ए बेहु वस्तु पोताथी अन्य छे तेनो पोतापणे उपचार ए त्रीजो नेद ॥ १७ ॥ ए रीते उपनये त्रण त्रण कह्या. तेमां पुत्रादिक, वस्त्र, गढ, देशादिक वस्तु उपचारे पोतानी कही पण वस्तुगते पर छे पोतानो तो एक शुद्ध चेतन साक्षात् परमात्मा सरखो चिदानंद ज्योतिरूप अरूपी, अमूर्त्ति, अचळ, अखंड, अव्याबाधानंदमयी चिन्ह मूर्त्ति रूप छे तेनी उळखाण जाणपणुं अध्यात्म नयरूपे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

परीक्षा करीए तो शुद्ध निश्चयनय मूळ स्वरूपे प्रगटे तद्रूप जश पामीए ॥ १ए ॥ ढाल सातमी संपूर्ण.

हवे आठमी ढाल कहे ठे.

॥ जाय तुज विण घडीरे छ मास ॥ ए देशी ॥

दोय मूल नय जाषीयारे ॥ निश्चयने व्यवहार ॥
निश्चय द्विविध कह्युंरे ॥ शुद्ध अशुद्ध प्रकाररे ॥ १ ॥
प्राणी परखो आगम जाव ॥ ए आंकणी.

अर्थः—इहां अध्यात्म नय जाषाए तो आगम केहेतां सूत्र सिद्धांतनी मांहेली कोरे मूळ बे नय प्ररूप्यां ठे निश्चय नय अने व्यवहार नय, तेमां निश्चय नयना बे जेद कह्याठे. शुद्ध निश्चयनय अने अशुद्ध निश्चयनय. हवे तेनो अर्थ सांजळो. हे जव्य प्राणी! आत्महित अर्थे सूत्र साक्षीए, गुरू वचने, श्रवणयोगे, स्थिर मने हेयज्ञेय उपादेय बुद्धिए शुद्ध द्रव्यास्तिक नय उपयोग लगावी पर्यायास्तिक नय शुद्ध साधन रूप व्यवहार जेळी अशुद्ध निश्चय नय पलटावीने शुद्ध निश्चय नय रूपे थइए त्यां स्वस्वजावे सहज अकृत्रिम अनुजव प्रगटे. ते अनुजव ज्ञानने अनंता चक्षु ठे. ते चक्षु ज्योतिए अरूपी आत्मानो मूळ स्वजाव जोइ परखो. ए आगम जाव कह्यो. ॥ १ ॥

जीव केवलादिक यथारे ॥ शुद्ध विषय निरुपाधि
मइनाणादिक आतमारे ॥ अशुद्ध तेह सो-
पाधिरे ॥ प्राणी० ॥ २ ॥

अर्थः—केवळनाण केवळदर्शन आदि अनंता गुण पर्याय रूप यथायोग्य शुद्ध विषयवंत उपाधि संयोगादि दूषण रहितपणे तेने शुद्ध निश्चयनय कहिए अने मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान ए चार ज्ञान अने मतिअज्ञान, श्रुतअज्ञान अने विभंगज्ञान ए त्रण अज्ञान मली सात भेदे ज्ञानवंत आत्मा ते सर्वे सोपाधिक छे. परसंयोग संगीछे. सावरण भावछे तेने अशुद्ध निश्चय नय कहीए ए निश्चयनयना बे भेद कह्या. ॥२॥

दोइ भेद व्यवहारनाजी ॥ सद्भूता सद्भूत ॥
एक विषय सद्भूतछेजी ॥ पर विषया सद्-
भूतरे ॥ प्रा० ॥ ३॥

अर्थः—हवे व्यवहारनयना बे भेद कहे छे सद्भूत अने असद्भूत तेमां एक निज द्रव्याश्रितवर्त्ति भेदज्ञानी परवस्तु विभाग व्हेंचण रूप ते सद्भूत व्यवहार नामे पेहेलो भेद कह्यो. हवे बीजो भेद ते परवस्तुनो विषयी एटले मन वचन अने काया ए त्रणे जोगे प्रवर्त्ते. पांच इंद्रि त्रण बळ श्वासोश्वास अने आयुष ए दश द्रव्य प्राणने जीव समजे. पांच इंद्रिना त्रेविस विषय सेवे तेमां रागद्वेष भले तेने असद्भूत व्यवहार कहीए ए बे भेद व्यवहार नयना कह्या. ॥ ३ ॥

उपचरितानुपचरितथीजी ॥ पेहेलो दोय प्रकार ॥
सोपाधिक गुण गुणी भेदेरे ॥ जे अनिमित्त
उपचाररे ॥ प्रा० ॥ ४ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अर्थः—हवे सद्भूत व्यवहारना बे भेद कहे छे एक उपचरित सद्भूत अने बीजो अनुपचरित सद्भूत. तेमां प्रथम भेद ते सोपाधिक गुण गुणीनो भेद देखाडे. जेम जीवस्य मतिज्ञानं ए उपाधि तेहीज इहां उपचरित सद्भूतनो प्रथम भेद ते कह्यो.

निरुपाधिक गुण गुणी भेदेरे॥ अनुपचरित सद्भूत॥
केवळज्ञानादिक गुणारे ॥ आतमना अद्भूतरे ॥
प्रा० ॥ ५ ॥

अर्थः—हवे बीजो भेद निरूपाधिक गुण गुणी भेदे जाणवो. यथा जीवस्य केवल ज्ञानं, केवळ दर्शनं एटले आत्मानो वस्तु गते अनंतो धर्मछे, ते धर्मने अद्भूत कह्यो. ते अलख, अगोचर, अगम, अनुपम, अव्याबाह, अविनाशी , अमल, विमल, ज्योतिवंत इत्यादि जे अनंतु अद्भूत स्वरूपछे तेमां कशोए उपचार उपाधि नथी तेने अनुपचरित सद्भूतनो बीजो भेद कह्यो ॥ ५ ॥

असद्भूत व्यवहारनाजी ॥ एमज भेदछे दोय ॥
प्रथम असंश्लेषित योगेंजी ॥ देवदत्त धन जोयरे ॥
प्रा० ॥ ६ ॥

अर्थः—हवे असद्भूत व्यवहारना उपर कह्या तेज रीते बे भेद कहेछे. एक उपचरित असद्भूत अने बीजो अनुपचरित असद्भूत. तेमां प्रथम भेद ते असंश्लेषित योगे कल्पित संबंधे होय. जेम देवदत्तनुं धन, इहां धन

ते देवदत्तने संबंध स्वस्वामित्व नावरूप कल्पित छे, ते माटे उपचार थयो वळी देवदत्त अने धन ते बेहु एक द्रव्य जाति नथी ते माटे असद्भूत एम नावना करवी. ते उपचरित असद्भूतनो पेहेलो नेद ते कह्यो ॥ ६ ॥

**संश्लेषित योगें बीजारे ॥ जेम आतमनुं देह ॥**
**नय उपनय नयचक्रमां रे ॥ कह्या मूल नय एहरे ॥**
**प्रा० ॥ ७ ॥**

अर्थः–हवे बीजो नेद अनुपचरित असद्भूत व्यवहार ते संश्लेषित योगे कर्म संबंधे जाणवो. जेम आत्मानुं शरीर एटले आत्मानो अने शरीरनो संबंध कोइ धन संबंधनी पेरे कल्पित नथी. वीपरित नावनाए निवर्त्ते नहीं. जाव जीव संबंधीछे. ते माटे ए अनुपचरित्त अने निन्न विषय माटे असद्भूत जाणवो. ए रीते नय तथा उपनय ए बेहु नयचक्रमां मूल नय सहित कह्याछे.॥ ७ ॥

ए व्यवहारनय द्रव्य गुण पर्यायना रासना अनुसारे कह्यो. हवे आगमसारमां व्यवहार नयना छ नेद कह्या छे. ते कहे छे तेमां पेहेलो नेद शुद्ध व्यवहार, ते उपयोगी पणे जाणीए. वळी ज्ञान, दर्शन, चारित्र गुण ते निश्चय नय एकत्व रूपछे पण उपदेश योगे नव्य जीवने समजाववा जूदा जूदा नेद कह्या. वळी आत्माने शुद्ध करवो. आगला गुणठाणानो छोडवो अने उपरना गुणठाणानो ग्रहवो तेने शुद्ध व्यवहार कहीए.

हवे बीजो अशुद्ध व्यवहार ते जीवमां मिथ्यात्व अ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ज्ञान रागद्वेष मोहादि लाग्या छे तेथी अशुद्धपणुं छे, तेनेज अशुद्ध व्यवहार कहीए.

हवे त्रीजो भेद शुभ व्यवहार ते पुन्यनुं कारण नवां शुभ कर्म लेवानो हेतु पुन्यना अर्थीने मोक्ष मार्गथी विमुख तप व्रत, नियम कष्ट आदें द्रव्य क्रियानो कर्त्ता विष, गरल, अन्यो अन्य ए त्रण अनुष्टाननी मुख्यता इहां प्रायें होय. इत्या दिकने शुभ व्यवहार कहीए. कह्युं छे केः—

**नत्थि मग्गो मुख्खो, वव्वहारो पुन्न कारणो वुत्तो ॥**
**पढमो संवर रुवो, आसवहे उतओ बीउ ॥ ७ ॥**

अर्थः–निश्चय नयनो मार्ग ज्ञानसत्तारूप ते मोक्षनुं कारण छे एटले मोक्ष छे. अने व्यवहार क्रिया नय ते पुन्यनुं कारण कह्यो. पेहेलो निश्चय नय संवर छे अने निश्चय संवर निश्चय नय ते एक ज छे जूदा नथी बीजो व्यवहार नय ते आश्रव नवां कर्म लेवानो हेतु छे. एटले शुभ पुन्य कर्मनो आश्रव थाय छे अने अशुभ व्यवहारे अशुभ कर्मनो आश्रव थाय छे ॥ ७ ॥

हवे चोथो अशुभ व्यवहार ते यतना रहित थकां पर प्राण हणवा ते प्राणातिपात ॥ १ ॥ असत्य वचनीक ते मृषावाद ॥ २ ॥ माग्या विना पर वस्तु लेवी ते अदत्ता दान ॥ ३ ॥ स्त्री पुरुष संयोग वेद विषयनुं सेववुं ते मैथुन ॥ ४ ॥ परिग्रह रक्षण करवुं तेमां मूर्च्छित थवुं ते परिग्रह ॥ ५ ॥ क्रोध करवो ॥६॥ मान मद मोटाइ करवी ॥ ७॥ कपट केळववुं ते माया ॥ ८ ॥ लोभमां लाग्या रहेवुं ॥९॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अनुकुळनो स्नेह ते राग ॥१०॥ प्रतिकुळनो खेद ईर्ष्या ते द्वेष ॥ ११ ॥ लढवुं वढवुं युद्ध करवुं ते कलह ॥ १२ ॥ कोईने बतुं अबतुं कलंकनुं देवुं ते अभ्याख्यान ॥१३॥ एकने बीजानी चाडी करवी ते पैशुन्य ॥ १४ ॥ शाता वेदनीयमां रीझ राजीपो, अशाता वेदनीयमां कुराजीपो ते रति अरति ॥ १५ ॥ पारकी निंदा करवी ते परपरिवाद ॥ १६ ॥ कपट साथे जूठुं बोलवुं ते माया मृषावाद ॥ १७ ॥ अजाणपणे वीपरित श्रद्धा ते मिथ्यात्वशल्य ॥ १८ ॥ एम अढारे पापस्थानकने सेववां. वळी इंगालादिक पांच कर्म, दंतादिक पांच वाणिज्य, यंत्रादिक पांच सामान्य. ए पंदर कर्मादान ते पण पापना दातार छे, कह्युं छे. वंदिता सूत्रेः—

इंगालि वणसाडी, भाडी फोडी सुवज्जए कम्मं
वाणिज्जं चेवय दंत, लख्खरस केस विस विसयं ॥
एवं खु जंत पिल्लण, कम्मं निल्लंछणं च दवदाणं ॥
सरदह तलाय सोसं, असइ पोसंच वजिज्जा ॥२३॥

ए पंदर कर्मादान बे गाथाथी जाणवां, वळी रात्रि भोजन करवुं, अभक्ष्य अनंत कायनुं भक्षण करवुं, तथा अन्यदर्शनीनो संस्तव—परिचय, प्रशंसा करवी वळी वासी, बोळो, द्विदळ, अणगळ पाणी, इत्यादिकनुं भक्षण आदि करवुं ते सर्वने अशुभ व्यवहार कह्यो.

हवे पांचमो उपचरित व्यवहार ते जेटलो संयोगिक भावने वस्तु आत्माथी जूदी छे पण जीवें मिथ्यात्व अज्ञा-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नपणे आपणी करी जाणी छे ते परवस्तुनो पोतापणे उपचार तेज उपचरित व्यवहार कह्यो. हवे छट्ठो अनुपचरित व्यवहार ते शरीरादि पांच इंद्रि मन वचन ते परवस्तु यद्यपि जीवथी जूदी छे तोपण परिणामिक ज्ञावे लोळीपणुं एकठा मळी रह्युं छे एम अपेक्षा सहित तेने आपणी करी जाणे, तेने अनुपचरित व्यवहार कह्यो. ए व्यवहार नयना छ ज्ञेद आगमसारना अनुसारे कह्या इत्यादि व्यवहारनयनी उंळखाण जाणपणुं करवुं. प्रवर्त्तवुं, तेथी धर्म पामीए. तेनो परमार्थ ज्ञेद ज्ञान जोग छे, तेनी हवे विवक्षा करे छे.

व्हेंचणरूप व्यवहारे जीवद्रव्य, पुद्गलद्रव्य, जीव गुण, पुद्गलगुण, जीवपर्याय, पुद्गलपर्याय, एम ज्ञेद व्हेंची जूदा जूदा करे तेथी वस्तु उंळखाय, स्वपर समजाय त्यारे धर्म पोताना स्वरूपमां समजे. पछी तेमां प्रवर्त्ते ते प्रवर्त्तन व्यवहार. तेथी मिथ्यात्व टळे तेनी साथे अशुद्ध व्यवहारने छोडे तीहां शुद्ध व्यवहार आवे वळी विशुद्ध ज्ञान आवे ते वस्तुनी शुद्ध परिणति देखाडे. ते वस्तुगत शुद्ध व्यवहार पछी वस्तु धर्म शुद्ध करवापणे साधन पामे. ते साधन शुद्ध व्यवहार तेमां पूर्वकृत कर्मनी उदयिकता आवे ते उपचरित व्यवहार तेमां व्यापकपणुं न करे अने रूपातित ध्याननो ध्याता थाय ते अनुपचरित व्यवहार एम व्यवहारनी शैलिये रूपातित, योगातित जे सिद्ध ते रूपें पोते थाय, ते व्यवहार समकित धर्म प्रवर्तनमां अने लौकिक साधन तथा कुपरावचनीक साधन तथा लौकिक प्र-

वृत्तिए मिथ्यात्व प्रवर्त्तनमां छे. वळी अशुद्ध व्यवहारना भेद सद्भूत, असद्भूत, संश्लेषित असंश्लेषित पूर्वे कह्या ते पण मिथ्यात्व प्रवर्त्तनमां छे ए भेद नय चक्रसारना अनुसारे कह्या तेनो ए परमार्थ समजवो. हवे द्रव्यगुण पर्यायना रासना अनुसारे भेद कह्या. तेने उसाववाने माटे पुनरपि भावार्थ कहे छे.

एक निज चेतन धर्म प्रवर्तन परद्रव्य संयोगादि अपेक्षा रहितपणे ते सद्भूत व्यवहार केवळज्ञानी आत्मा ते शुद्ध सद्भूत मतिज्ञानादि आत्मा ते अशुद्ध सद्भूत, गुणपर्याय स्वभाव तन्मयी एक द्रव्यानुगत भेद बोलीए ते सद्भूतनो भेद अर्थ छे, परद्रव्यनी परिणति निज द्रव्यमां भळे तिहां असद्भूत व्यवहार जाणीए ते असद्भूत व्यवहारनो नव प्रकारे उपचार जीव पुद्गल योगें थाय. द्रव्ये द्रव्योपचार, ॥१॥ गुणेगुणोपचार, ॥ २ ॥ पर्यायेपर्यायोपचार ॥ ३ ॥ द्रव्येगुणोपचार ॥ ४ ॥ द्रव्ये पर्यायोपचार ॥ ५ ॥ गुणेद्रव्योपचार ॥ ६ ॥ पर्यायेंद्रव्योपचार ॥ ७ ॥ गुणेपर्यायोपचार ॥ ८ ॥ पर्यायेगुणोपचार ॥ ९ ॥ एम जीवनो पुद्गलमां अने पुद्गलनो जीवमां जेम घटे तेम एकनो उपचार करीए तेथी समजवामां आवे के उपचारे पोतानी वस्तु मानीए छीए पण पोतानी नथी. परवस्तु परपणे छे. अने निजवस्तु निजपणे छे एम उपचरित व्यवहारनुं ज्ञान थतां स्वपर भिन्नता थाय. चेतन अचेतन मिश्रित छे ते जूदो देखाय. जडसत्ता, चेतनसत्ता जूदी जूदी समजाय



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

त्यां मिथ्यात्वनो नाश थाय. अने समकितनी प्राप्ति थाय. अनुक्रमे मुक्ति पण थाय वळी विज्ञाग पर्याय जे विज्ञाव पर्याय समळता योगे जीवादि ड्रव्यमां ले. ते उपचारे मानीए पण वस्तुए नहीं. वळी मति आदि ज्ञान आत्मानां कहेवां ते उपचारे कहीए वस्तुगते केवळज्ञानी ले वळी ज्ञाननो स्वपर विषय ते पण उपचार ले. वस्तुगते निजविषयी स्वअनुज्ञवी ले. दृष्टांतः—जेम अरीसामां प्रतिबिंब अन्यनो पमे ले पण कांइ अरीसो अन्यमां पेसतो नथी अरीसामां अन्य प्रतिबिंबित थयुं ते उपचार सरखुं ले वस्तुयें नथी तेने उपचार कहीए वळी पुत्रादि वस्तु ले ते उपचारे पोतानी मानीए वस्त्रादि वस्तु ते उपचारे पोतानी मानीए गढ, देश, राज्यऋद्धि ते उपचारे पोतानां कहीए. सर्वे संयोगिक ज्ञावे मळ्युं ले. ते वियोगे नाश थशे इत्यादि वस्तु घणी ले. तेनो जेटलो संबंध ते उपचार एम आत्माने उंळखीये त्यारे समजवामां आवे माटे हे ज्ञव्यजीवो! तमे आत्माने उंळखो तो तमारुं चेतनपणुं तमारे खप लागे. अचेतनमां चेतनपणानी बुद्धि ले, ते टळी जाय तद्रूप जश पामो.

वळी आगमनी मांहे मूळ निश्चय अने व्यवहार बे नय प्ररूप्या ले. तेमां निश्चय नयना बे प्रकार कह्या ले, जीवमां केवळज्ञानादि अनंता गुण पर्यायनी अज्ञेदता ते शुद्ध निश्चयनय. वळी मतिज्ञानादिकने आत्मा कहेवो ते अशुद्ध निश्चय नय ए बे ज्ञेद निश्चयना कह्या. हवे व्यवहार नयना



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

बे न्नेद कहे बे. एक सदून्नूत अने बीजो असदून्नूत तेमां पर संग रहित उपयोगे तो निजद्रव्यगत विषयी न्नाव ते सदून्नूत, परद्रव्य संयोगे पर विषयता ते असदून्नूत व्यवहार, तेमां सदून्नूतना बे न्नेद एक उपचरित अने बीजो अनुपचरित. तेमां पहेलो न्नेद ते " जीवस्यमतिज्ञानं " एटले उपाधि योग जीवगुण कहीए ते उपचरित सदून्नूतनो पेहेलो न्नेद. हवे बीजो न्नेद ते "जीवस्य केवलज्ञानं " केवळ दर्शनं एटले जेमां उपाधि नथी ते गुण आत्मानो बे एम कहेवुं ते अनुपचरित सदून्नूत. ए बे न्नेद सदून्नूतना कह्या. तेज रीते असदून्नूतना बे न्नेद कहे बे.

एक उपचरित असदून्नूत, बीजो अनुपचरित असदून्नूत. तेमां पेहेलो न्नेद ते असंश्लेषित योगे कल्पित संबंधे होय एटले धनादि वस्तु पोतानी कहेवी. ते उपचरित अने न्निन्न विषय माटे असदून्नूत. हवे बीजो न्नेद ते संश्लेषित योगे कहीए. जेम आत्मानुं शरीर ते कांइ आयुष्य बतां बोम्युं तुटे नहीं माटे अनुपचरित, अने न्निन्न विषय माटे असदून्नूत ए बीजो न्नेद कह्यो. एम दृष्टि पसारीने जुए तो जीवस्वरुप हाथमां आवे पण रूपी नथी ते देखाम्मीए. ज्यां ज्ञाननी मुख्यता बे त्यां व्यवहारनी गुणता बेज. एटले उपाधिना टाळनार विशुद्धिनो कर्त्ता ज्ञान योग बे. माटे जे ज्ञानी पुरुषो बे, तेतो एक ज्ञानमांज निश्चय अने व्यवहार बेउ नय समजे बे. एटले न्नेद ज्ञान बे ते शुद्ध व्यवहार बे अने अन्नेद ज्ञान बे ते शुद्ध निश्च-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

यछे.अने ज्ञान रहित व्यवहार कहीए ते मिथ्यात्वधर्म प्रवर्त्तनमां छे ए व्यवहार नय कह्यो तेमां भेदज्ञान योग छतां समकित धर्म प्रवर्त्तन कहीए अने अभेद ज्ञान योगे निश्चय धर्म प्रवर्त्तन कहीए. तेनी मुक्ति कहीए. अभेद ज्ञानछे ते कार्य रूप छे अने भेद ज्ञान छे ते कारणरूप छे. भेदज्ञानना अभावे जे साधन करवुं तेने अकारण कहीए.

हवे कल्प व्यवहार अने ज्ञान व्यवहार ए बे भेद कहेछे ए बे व्यवहार ग्राही तेज साधु एटले कल्प छे ते व्यवहारनयनो अपेक्षी छे अने ज्ञान छे ते निश्चयनयनो अपेक्षी छे ए बे भेद ते साधुना आचार कहीए. तेमां कल्प छे ते बाह्य आचारी छे अने ज्ञान छे ते अंतर आचारी छे तेमां कारण योगे कल्पने डुखवे तो साधुपणुं जाय नहीं. अने ज्ञानने डुखवे ते वखते साधुपणुं रहे नहीं. नाश पामे. वळी कल्प छे ते याग प्रवृत्तिनो ग्राहक छे. अने ज्ञान छे ते उपयोग प्रवृत्तिनो ग्राहक छे. वळी कल्प छे ते निमित्तकारणमां छे अने ज्ञान छे ते उपादानकारणमां छे. कल्पनी आदि नैगम नये छे. अने ज्ञाननी आदि शब्द नये छे ए बेहु भेदनो आराधक तेनेज साधु कहीए. तेमां प्रथम कल्प व्यवहारनी गवेषणा कल्पसूत्रथी दश भेदे कहे छे.

तेमां पेहेलो अचेलक कल्प ते पेहेला अने छेल्ला तीर्थंकरना साधुने धवळ वस्त्र छे, नहीं रंगेलुं, नहीं धोएलुं जेवुं सेवके आपेलुं होय तेवुं तेमां साढा त्रण हाथ लांबो चोळपट्टो ढींचण प्रमाणे नीचो तेना उपर कंदोरो वळी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

साडा चार हाथ लांबो कपडो, तेना उपर डाबे खन्ने कांबळी अने डाबा हाथे दांडो तथा डाबा हाथे झोळी, वळी बत्रीश आंगळनो ऊंघो, तेमां चोवीस आंगळनी दांडी, दश आंगळनी दशीउं अने अष्टमंगळ आळेखेलो बनातनो पाटो, ते थकी गुंथेली दशीउं ते प्रमाणे लुगडांनो ककडो तेना उपर कांबळीउं तेना उपर दोरो त्रण आंटे बांधवो एवो बत्रीस आंगळनो ऊंघो वळी पोतानी एक वेंत अने चार आंगळनी चोखूणे सरखी मुहपत्ति इत्यादि मानोपेत लिंग साधुनुं कह्युं तेने अचेलक कहीए. वळी बावीस तीर्थंकरना साधु साध्वी छे, ते तो मोटा मूलनां पंचरंगनां मानोपेत नहीं एवां वस्त्र राखे माटे तेमने सचेलक कहीए. ए अचेलक कल्प कह्यो.

हवे बीजो उद्देशिक कल्प ते बावीस तीर्थंकरना वखतमां कोइ साधु साधवी निमित्ते कोइ गृहस्थे भात पाणी, औषध, भैषज्य, वस्त्रपात्रादि नीपजाव्यां होय ते जेना निमित्ते नीपजाव्यां छे, ते साधु साध्वीने लेवां कल्पे नहीं पण बीजा साधु साध्वीने कल्पे, तेमने आधाकर्मी दोष न लागे, अने पेहेला छेल्ला तीर्थे एक साधु साध्वी निमित्ते जे आधाकर्मी आहारादि नीपजाव्युं छे ते साधु साध्वी समुदायने लेवो कल्पे नहीं ए उद्देशिक कल्प कह्यो.

हवे त्रीजो सज्झातर पिंडनो कल्प ते—जे उपाश्रयादि मकानमां साधु साध्वी उतरे, तेमां रहे तेनो जे मालिक होय तेने सज्झातरी कहीए तेना घरनो वस्त्र पात्र



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आहारादि चोवीसे तीर्थंकरना साधु साध्वीने लेवा कल्पे नहीं ए सज्जयातरीक कल्प कह्यो.

हवे चोथो राज्यपिंड कल्प ते राजाना घरनो आहारादि लेवो बावीश तीर्थंकरना साधु साध्वीने कल्पे.प्रथमना अने छेल्ला तीर्थे लेवो न कल्पे ए राजापिंड कल्प कह्यो. हवे पांचमो कृतिकर्म कल्प ते वांदवुं त्यां श्री जैन शासनने विषे पुरुष प्रधान धर्म प्रवर्त्ते छे ते कारणे साध्वी सो वर्षनी दीक्षित होय तोपण एक दिवसना दिक्षित साधुने वांदे ए पांचमो कल्प कह्यो. हवे छट्ठो व्रत कल्प ते बावीस तीर्थंकरना साधु साध्वी दीक्षा अवसरे चार महाव्रत उचरे एटले स्त्रीने परिग्रहमां गणीए त्यारे चोथुं पांचमुं ए बेनुं एकज थाय ते अपेक्षाए चार महाव्रतधारी कह्या अने पेहेला छेल्ला तीर्थे स्त्री जूदी अने परिग्रह जूदो एम चोथा व्रतमां स्त्रीनो त्याग अने पांचमा व्रतमां परिग्रहनो त्याग ए अपेक्षाए पांच महाव्रत उचरे. वळी पेहेला छेल्ला तीर्थे छवुं रात्रीभोजनव्रत मूळगुणमां गणाय छे अने बावीश तीर्थंकरना साधु साध्वीने उत्तरगुणमां गणाय छे ए छट्ठो कल्प कह्यो.

हवे सातमो ज्येष्ट कल्प ते पेहेला छेल्ला तीर्थे वडी दिक्षाना दिवसथी नाना मोटापणुं गणायछे. अने बावीस तीर्थंकरना साधु साध्वीने दिक्षाना दिवसथी नाना मोटा पणुं गणाय छे तेमां पितापुत्र राजा प्रधान मा दीकरी मोटाभाइ नानाभाइ इत्यादि साथे दिक्षा लेवे तो लोक रीते पिता मोटा अने पुत्र नाना, राजा मोटा अने प्रधान



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नाना, माता मोटां अने दीकरी नानां एम गणाय छे ए सातमो कल्प कह्यो.

हवे आठमो प्रतिक्रमण कल्प ते बावीस तीर्थंकरना साधु साध्वी जे अवसरे पोताने पाप लाग्युं अतिचार लाग्या जाणे तेज वखते देवसि अने राइ ए बे प्रतिक्रमण करे, नहीं तो न करे, अने पेहेला छेल्ला तीर्थें साधु साध्वी निरंतर प्रभाते राइ अने संध्याए देवसी अर्द्धमासे पाक्षिक. चारमासे चउमासि अने बार मासे संवत्सरि एम पांच प्रतिक्रमण करे ए आठमो कल्प कह्यो.

हवे नवमो मास कल्प ते बावीस तीर्थंकरना साधु साध्वीने मास मास प्रत्ये विहार करवानो नियम नथी. ज्यां लाभ देखे त्यां घणा काळ पर्यंत एक क्षेत्रे रहे अने पेहेला छेल्ला तीर्थना साधु साध्वी तो वर्षाकाले चार मास रहे बाकी एक मास रहे एटले आठ मासना आठ अने चोमासानो एक एम एक संवत्सरमां नव कल्पी विहार करे ए नवमो कल्प कह्यो.

हवे दशमो पर्यूषण कल्प ते संवत्सरी संबंधीना पांच वानां अवश्य करवां ते कहे छे. संवत्सरी प्रतिक्रमण करवुं ॥ १ ॥ केशनो लोच करवो ॥२॥ अठ्ठमनो तप करवो ॥३॥ तथा ज्यां रह्या होय ते नगरमां चैत्य प्रवाडी करवी ॥४॥ सर्व संघमां मांहो मांहे खमत खामणां करवां ॥५॥ इत्यादि भाव जाणवो ए दशमो कल्प कह्यो.

हवे ज्ञान व्यवहार कहे छे ज्ञान कहेतां आत्मज्ञान



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

योगे साधुपद छे. कह्युं छेः— उत्तराध्ययन सूत्रे.

**नाणेणय मुणि होदि न मुणि वन्न वासेण ॥**

अर्थः—जे ज्ञानी तेज मुनि तेमने साधु कहीए पण ज्ञानना अन्नावे वनवासमां रहेतां अने क्रिया करतां पण मुनिपद नथी. एम कह्युं. वळी कह्युं छे, आनंदघनजी कृत चोवीसीमां बारमा वासुपुज्य स्वामीना स्तवनमां.

**आत्मज्ञानी श्रमण कहावे, बीजा तो द्रव्य लिंगीरे॥**

जेणे आत्माने जाण्यो ओळख्यो तेज ज्ञानी अने तेज साधु ते विना जे बीजा तेमने द्रव्यलिंगी कहेतां वेष धारी कहीए. पण साधु न कहीए साधु तो ए छे के जेणे आत्माने कायाथी जूदो जाण्यो छे अनुन्नव्योछे जम सत्ता चेतन सत्ता जूदी जूदी जाणी छे ते छे. अहीं कोइ कहेशे के तमे आत्माने जाणे तेने ज्ञानी कहो छो तो शुं? व्याकरण प्रमुख नणेला सूत्र सिद्धांत वांचे अर्थ करे श्रोताने समजावे ते ज्ञानी नहीं? तेनो उत्तर श्री ठाणांग सूत्रे पेहेले ठाणे कह्युं छे,—

**एगजाणे सव्वं जाणइ,एग न जाणे सव्वं न जाणइ॥**

वळी आचारांग सूत्रे—

**एगंजाणइसे सव्वं जाणइ.जे सव्वंजाणइसेएगंजाणइ**

अर्थः—एक पोताना आत्माने जेणे जाण्यो छे. ओळख्यो छे अनुन्नवे करी दृष्टि प्रत्यक्ष कर्यो छे. ते पुरुषने समस्त जाण कह्यो. हवे कंइ पण जाणवानुं अधुरुं नथी. ए

पहेला पदनो अर्थ–हवे बीजा पदनो अर्थ कहे छे जीवना पांचसें ने त्रेसठ भेद, अजीवना पांचसेने साठ भेद इत्यादि जाणे ते गणितानुयोग, ज्ञाता सूत्र आदि धर्मकथानुयोग, व्यवहार चारित्र क्रिया ते चरणकरणानुयोग, धर्मास्तिकायादि पांच अजीव ते द्रव्यानुयोग द्वीप समुद्र नरक देवलोक क्षेत्र समास इत्यादि अनेक वातो जाणे छे पंडित नाम धरावे छे पण सिद्धनो साधर्मी पोतीको आत्मा निरंजन निराकार छे तेने कायाथी जूदो अनुभव्यो नथी त्यां सुधी " सव्वंजाणइ " के० कांइ जाणतो नथी एम कह्युं एटले अज्ञानी कही बोलाव्यो

ए ठाणांगजीना पाठनो अर्थ कह्यो. हवे आचारांगजीना पाठनो अर्थ कहे छे जे पुरुषे एक पोताना आत्माने जाण्यो छे तेणे समस्त जाण्युं ए पेहेला पदनो अर्थ कह्यो हवे जे पुरुषे आत्मानुं मूळ स्वरुप जाण्युं छे, ज्ञान दर्शन चारित्र तप वीर्य उपयोग इत्यादि अनंतागुण, अरूपी, अमूर्त्ति, अटळ अवगाहना, अव्याबाध इत्यादि अनंता पर्याय. अस्ति नास्ति नित्यानित्य, एक अनेक, सत्यअसत्य, व्यक्त अव्यक्त भेद अभेद भव्य अभव्य इत्यादि अनंता स्वभाव तेस्याद्वादपक्षमयी अनुभव्यो छे आत्मा जेणे वळी निज द्रव्यार्थीक पर्यायार्थीकनुं ज्ञान छे जेने वळी न्याये करी, निक्षेपे करी, प्रमाणे करी सप्तभंगी, षट्कारक, सामान्य विशेष इत्यादि पोताना आत्मानुं विस्तार ज्ञान छे जेने तेने सव्वं जाणइ के० सर्व जाण कहीए वळी तेनेज एक

पोताना आत्मानो जाण पण कहीए एम सूत्रमां परमात्मानुं तथा गणधर महाराजानुं वचन छे. तेने विचारी जुओ. एटले ज्ञानीनी ओळखाण थशे. ते ज्ञानीने साधु केहेवा. वळी कह्युं छे अध्यात्मसार ग्रंथे पंदरमा योगाधिकारे,—

पाप करण मात्राद्धि न मौनं विचिकित्स्या ॥
अनन्य परमात्मास्यात्ज्ञान योगी भवेन्मुनिः॥३६॥

अर्थः—हिंसा, मृषा, चोरी, मैथुन, परिग्रह, रात्रिभोजन ए छए पापरूप छे. वळी आश्रव बंधनुं कारण छे एम जाणी विरति करीए एटले तजीए. पण पोताना आत्माने जाण्यो नथी त्यां सुधी "न मौनं विचिकित्स्या" कहेतां ए मुनि नथी. मुनिपद तो एथी जुदुंछे, "अनन्य परमात्मास्यात्" कहेतां कथंचित् एटले कर्मोपाधिनी अपेक्षा न करीए तो पोतीको आत्मा तेज परमात्मा छे. ज्ञानयोगी के० तेने जे जाणे अनुभवे ते ज्ञानी ज्ञानयोगी स्वस्वरूप खेल खेले स्वस्वरूपमां उपयोगे रमे तेने भावेन्मुनि केहेतां मुनि कहीए. वळी कह्युं छे समाधि शतके,-

दुहो-केवल आतम बोधहै। परमारथ शिव पंथ॥
तामें जिनकुं मगनता। सोइ भाव निगरंथ२

अर्थः—केवळ कहेतां एक आत्म बोध जे आत्मज्ञान छे तेज परमार्थ कहेतां उत्कृष्ट अर्थ जे निज स्वरूप प्रत्यक्ष अनुभवज्ञान ते शिव कहेतां ज्यां उपद्रव नथी, विघ्नकर्त्ता

नथी एवो मुक्तिनो मार्ग कहीए. तामें कहेतां ते मुक्तिना मार्गमां जिनकुं के॰ जे पुरुषने मग्नता कहेतां आनंदता छे, सोइ के॰ तेमने जाव निर्ग्रंथ कहेतां जाव साधु कहीए. एम घणा शास्त्रोनो जाव जोतां आत्मज्ञानी तेज साधु छे. इहां मति बोल्यो ज्यां कल्प व्यवहार छे ते साधु नहीं तेनो उत्तर–कह्युं छे. जगवति सूत्रे प्रथम शतके बीजे उ॰

**असंज्य जविय दव्व देवाण जहन्नेणं जवणवासीसुं उक्कोसेणं उवरिम गेविज्जेसुं ॥**

अर्थः–जे पुरुषो समकित पाम्या नथी अने व्यवहार चारित्र ग्रहण कर्युं छे. तेमने असंयति कह्या छे, तेमनी गति जघन्यथी जुवनपति अने उत्कृष्टी नवमा ग्रैवेयके कही छे. पण संयति कह्या नथी. माटे आत्मज्ञानी छे. तेमनेज संयति कहीए. अहीं कोइ कहेशे के एम जोतां तो कल्प व्यवहार वगर खपनो ठर्यो. तेनो उत्तर–हे जाइ! विण खपनो होत तो शुं करवा प्ररुपत? पण जे पुरुषोये आत्मा ने जाण्यो ओळख्यो नथी ते मिथ्यादृष्टि छे, समकित पाम्या नथी अने व्यवहार क्रिया करे छे. तेमां धर्म माने छे. वळी परंपराए मुक्ति माने छे. पण धर्मतो आत्मामां रह्यो छे, ते आत्माने ओळख्यां पामीए. एम जाणता नथी.ते पुरुषोने कल्प व्यवहारथी प्रायें आत्महित नथी पण जे ज्ञानी पुरुषो छे. तेमने तो निमित्त कारणरुप कल्प व्यवहार खपनो छे. ए ज्ञान व्यवहार कह्यो. इहां कोइ कहेशे जे आत्मज्ञानतो निश्चयमां छे तेने व्यवहार



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

केम कहो ठो? तेनो उत्तर हे ज्ञाइ आत्मज्ञान आव्यां समकित पामीए चारित्र पामीए उपयोगे अनुभव पामीए. संवर निर्जरा पामीए, अप्रमत्तादि गुणठाणे चढीए; श्रेणी मांडीए रागद्वेष मोह रहित थइए. केवळज्ञान केवळदर्शन, आदें क्षायकलब्धि पामीओ योगातित जे सिद्ध तद्रूप थइए इत्यादि साधनदशा आत्मज्ञानमां ठे त्यां सुधी व्यवहार कहीए. साधननी पूर्णताए निश्चय कहीए. ए ज्ञान व्यवहार कह्यो. अहींआं व्यवहारनो अधिकार संपूर्ण थयो.

## हवे भवाभिनंदी जीवनां लक्षण कहे ठे.

कह्यो ठे श्री हरिभद्रसूरी पूज्ये

॥ श्लोकः ॥

क्षुद्रो लोभरतिर्दीनो, ॥ मत्सरी भयवान शठः ॥
अज्ञो भवाभिनंदी च, ॥ निष्फलारंभ साधकः ॥१॥

अर्थः—प्रथम क्षुद्रो शब्द ठे ते सामान्य वाची ठे, तेना अर्थना घणा भेद थाय ठे, ते कारणे इहां अमे क्षुद्रो शब्दना चार भेद करीए ठीए; क्षुद्रो अंगभिर (१) क्षुद्रो कृपण, (२) क्षुद्रो तुच्छ, (३) क्षुद्रोक्रूर, (४) लोभ, कहेतां लोभ, (५) रति कहेतां विषय ते रति, (६) दीनो कहेतां दीन, (७) मत्सरी कहेतां मत्सर, (८) भयवान कहेतां भय भ्रांत, (९) शठ कहेतां कपट, (१०) अज्ञो कहेतां अज्ञानी मिथ्यात्वी, (११) ए अगीयार लक्षणे सहित होय तेने भवाभिनंदी कहीए; हवे ए बोलो कह्या तेनुं विवेचन करे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

छे, प्रथम लक्षण, अगंभिर, एटले अंतर्गत गुणना अभावे पारकां छिद्र खोळतो फरे. कदाच सामामां किंचित् दूषण होय तो तेने मोटुं करीने देखाडे, वळी दूषण न होय तो द्वेष बुद्धिए अछता दूषणनो आरोप मुके, वळी पोताना अवगुणने ढांके, अने पोतामां नही गुण छतां गुणीपणानो मरोड राखे, गर्व करे, वडेरानो विनय न साचवे, अविनय करे, तेने भवाभिनंदी कहीए. (१)

हवे बीजुं लक्षण, कृपण, एटले छती वस्तुए पोते वापरे नही, भोगवे नही, दीन दुःखीयांने अनूकंपा बुद्धिए अने सुपात्र जे अतिथी मुनि तेमने भक्तिए करीने दान आपे नही, एक धननोज संचय मूछीत थको करे. भूमीमां दाटे, ए जीवो अंते मरीने भवांतरे, एज धननी मूर्च्छाए, सर्पनो, वा नोळीयानो, उंदरनो, कुतरानो, गीरोळीनो इत्यादिनो भव पामी पूर्व भवनी संज्ञाए ए धन जीहां दाटेलुं गुप्त होय, तेना उपर फर्या करे. तीहांने तीहांज रहे, एटले जे कृपण होय ते बहुधा मूर्च्छीत होय; तेने भवांतरे एम तिर्यंचनी गति प्राप्त थाय, तेनुं कारण कृपणता तेने भवाभिनंदी कहीए. (२) हवे त्रीजुं लक्षण तुच्छ एटले अल्पमती बुद्धि छे जेनी एवो, सारांशनो अग्राहक, देशविरति अथवा, सर्व विरति थइने धर्मकरणी करे, तेनो विवरो एम छे के, आ भव आश्रीने मिष्ट भोजनना अर्थे वस्त्र पात्रादि अर्थे पुजावा मनावा बहुमान पामवा अर्थे यश कीर्ति अर्थे, वली रोग व्याधि प्रगट थयो



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तेनी शांन्ति थशे, एवी बुद्धिए जे तप, जप, क्रिया करे. वली लोचादि कष्ट सहे तेनुं नाम विषयानुष्टान छे,अने परभव आश्रीने देवेंद्र, नरेंद्रादि पद अने ते पदनी ऐश्वर्यादिक, पुद्गलिक, ऋद्धिनी ठकुराइ तेनुं इंद्रिनोइंद्रिजनित जे विषय सुख पुन्यना उदयथी पामीए, तेनी आसंसाए जे तप, व्रत कष्ट क्रिया करे छे, दुःख सहे छे ते गरलानुष्टान छे अने प्रणिध्यानादिकने अभावे साध्य शून्य दृष्टिए सापेक्षता विना देखादेखीए शून्य मने समूर्च्छिमनीपरे क्रिया करे, ते अन्योन्यानुष्टान छे. ए करणी आश्रीने कह्युं. हवे उपदेश आश्रीने कहे छे. एटले प्ररुपणा करे के मुनीए अणसण आदे तप कर्यो, तेथी देवलोकादि ऋद्धि पाम्या, वळी अमुक श्रावके पडिमा प्रमुख वही तेथी पाम्या, माटे तमे पण करशो तो पामशो, एम लालच आपी आशा वळगाडी, अंध परंपराने धंधे उपर कह्या त्रण अनुष्टान ते रीते प्रवृत्ति करावे पण पहेली ते विरति के पहेलुं ते बोधिबीज ? एटले तत्वना बोधनी प्राप्तिनो हेतु जे उपदेश ते वस्तुगते वस्तुपणानी प्ररुपणा ते न करे, वळी देवगुरुने धर्म ए त्रण तत्वनी यथास्थित उलखाण करावी, व्यवहार समकितनी श्रद्धा पूर्वक प्राप्ति पण न करावे अने मिथ्यात्वी थका विरतिपणानी परंपरामां घाले. वली एम पण उपदेश न करे के जे पर आशंसा दूषण टालीने निराशी भावे धर्म करशे, तेज समकितादि गुण प्रगट करवानो, वळी पून्यानुंबंधी पुन्य उपार्जवानो लाभ पामशे. पूर्वे पण जेणे आ-

शंसा दूषणे वर्जीत थइने निराशी भावे धर्म कर्यो छे ते पाम्या छे. आशंसाए करतां तो पुन्य मागतां पाप आवे अने देवलोक मागतां नर्क तिर्यंचनी गति मले, वली धर्मध्यान करतां आर्त्तध्यान थाय. वळी महोपाध्याय यशोविजयजी जसविलासमां कहे छे के जे क्रिया करे छे अने तेना फळनी ममता धरे छे, तेना गळामां फांसी आइ कहेतां आवी पडी, ते वचननो विचार, " जैन कहो क्युं होवे, " ए पदथी करी लेजो अने पुद्गलीक विनाशिक सुखनी आशाने छेदी, ज्ञानघटमां लावी निजपर भिन्नता करवी, निजगुण रागी थवुं; वळी उपर त्रण अनुष्टान गवेख्यां तेने तजवां, अने तद्हेतु अने अमृत ए बे अनुष्टाननो आदर करवो, एज उचित छे. एम दीर्घदृष्टिए सारांशने न चिंतवे, अने तुच्छ दृष्टिए संसारीक सुखने इच्छतो वर्त्ते तेने भवाभिनंदी कहीए. (३) हवे चोथुं लक्षण क्रूर एटले महा दुष्ट भयंकर, माठा अध्यवसायवाळो, अती संक्लिष्ट, निध्वंस परिणामी आर्त्त, रौद्र, ध्याननो ध्याता, रुडा भूंडा संजोगीक भावे संबंध मिल्या तेमां रुडा मनोज्ञ ( मनने गमता ) एवा पदार्थनो सदा संजोग चिंतवे, वळी भुंडा अमनोज्ञ (अणगमता) पदार्थनो विजोग चिंतवे, मनोज्ञ संयोग संबंधमां तल्लालीन थइ आसक्त थको वर्ते अने ते मनोज्ञ संबंधनी हाणी थवाथी, आक्रंद करे, उंचे स्वरे रुदन करे, घणो उद्वेग पामे, नाम देइने रुवे, छाती कुटे, माथाना केस तोडे, वळी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आवता कालनी चिंता एटले हवे हुं शुं करीश, मारो निर्वाह केम चालशे, हुं शुं खाइश, निर्धन थइ गयो, दारिद्र अवस्था आवी, अथवा हुं निराश थइ गयो, मारे कोइनो आधार नथी, मारुं रखोपूं कोण करशे, मने शाता अशातानी खबर कोण पुछशे, अशातानी वखते रोगादि कारणे, मारी पासे, बेशीने पाणी कोण पाशे, खावा कोण आपशे, मारी आसनावासना कोण करशे, अथवा आ कुमाणसनो समागम मारे छे ते क्यारे टळशे, मारो ने एनो बुटकबारो क्यारे थशे, वळी आ मारी रोग व्याधि अथवा दारिद्र अवस्था क्यारे टळशे, इत्यादि विचार एकत्व परिणामरूप करवो ते आर्त्तध्यान छे, वळी संयतिपदे नियाणुं करवुं ते पण आर्त्तध्यानमां छे. हवे रौद्रध्यान ते जीवनी हिंसा एटले जीवना द्रव्यभाव, प्राणनो घात करे, विटंबना करे अने खुशीपणुं माने, राजी थाय, वली हिंसक जीवोनां वखाण करे, तेना बळनी प्रशंसा, अनुमोदना करे, वळी जूठुं बोले, कपट केळवे अने मनमां खुशी थाय, के मारा जूठपणानी कोइने खबर पडती नथी, हुं केवो हुंशीयार छुं, वळी एकनी चाडी बीजाने करे, खोटा वादविवाद, झगडा करतो करावतो फरे, पारकी निंदा करे, चोरी करे, ठगाइ करे गांठ वाळेली वस्तु छोडी ले अने मनमां खुशी थाय, वळी चिंतवे के हुं केवो जोरावर छुं ते पारको माल खाउं छुं, मुज सरखो कोण छे, वली नव प्रकारनो परिग्रह धन, क्षेत्र खलुं, घर, दुकान, पुत्र, कलत्र, जानवर, गाय, भेंस,



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

बळद, हाथी, घोमा आदे चौपगां इत्यादि परिग्रह वधारवानी घणी इच्छा राखे, वळी धन्यादि वस्तु नूमीने विषे दाटे अने विचारे के कोइए दीठुं तो नही होय. वली लेणांदेणां करे अने विचारे के आपशे के नही आपे, एम परिग्रहनुं रक्षण करवामां जेणे मन परोव्युं ठे, ते रौद्रध्याननो ध्याता ठे. वळी संयति नाम धरावी जे मूळ गुणथी हीण होय एटले परिग्रह गुप्तपणे राखे, वली दोरा, धागा करे, वैदकपणुं करे, अनेक नेदे वनस्पतिनां मूळ कढावे, वळी नठी घाली मात्राओ मारी अती हिंसक थाय, वली संसारीपणानां पोतानां सगां संबंधीनी चिंता करे. अविरतिपणे काम नोग करेला, विषय सेवेला तेने रुचिए संन्नारे, इत्यादि आर्त्तध्यान, रौद्रध्याननो ध्याता जे क्रूर तेने अशुन्न कहीए. ते क्रूरपणो पोतानो टाळी उपशम, क्षयउपशमन्नावे शांत थइ धर्मध्याननो ध्याता शुन्न प्रवृत्तिए न थाय अने उपर कही तेम अशुन्न प्रवृत्तिए, वर्त्ते तेने न्नवान्निनंदी कहीए. (४) हवे पांचमुं लक्षण लोन्न ते जेम जेम वस्तुनी प्राप्ति थाय, तेम तेम लोन्न वधतो जाय; तृष्णा न ठीपे, दृष्टांत. जेम अग्नि बलती होय तेमां काष्टनो पुरती करीए, तेथी अग्नि वृद्धि पामे, पण शान्ति न थाय, ए दृष्टांत पूर्वक जेम जेम वस्तु मीले तेम तेम तृष्णा दिप्त थाय, अने अपूर्णता नजरे आवे, तेना उपर आठमा सुनूम चक्रवर्त्तिनी कथा कहे ठे. आ अवसर्प्पिणी काले अढारमा, ठंगणीसमा तीर्थंकरने आंतरे सुनूम चक्रवर्ति



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

थया, ते पोतानी मातानी कुखने विषे गर्भपणे हता ते अवसरे परसुरामे पोताना बळे सुभूमना कृतवीर्य राजाने संग्राममां, जाज्वल्यमान, परसु लेइने हण्या अने तेमना राज्यपर पोते बेठो; कारण के राज्य तो पराक्रमने स्वाधीन छे एवी रीते परसुरामे, हस्तिनापुरनगरने दबाववाथी कृत-वीर्य राजानी गर्भिणी स्त्री वाघवाला वनमांथी जेम हरणी नाशी जाय तेम नाशीने एकाकीपणे अरण्यमां भमतां भमतां तापसोना आश्रममां गइ त्यां तपस्वीउए निधाननी पेठे तेणीने क्रूर परसुरामथी बचाववा माटे भोंयरामां राखी. तेणीने चौद महास्वप्नोथी सूचिलपुत्र गर्भस्थितिनी पूर्ण-ताये थयो अने भोंयरामां रहेतां मोटा पण थया. माताये भोंयरामां जन्मवाथी पुत्रनुं सुभूम नाम पाड्युं; पछी ज्यां ज्यां क्षत्रिय पुत्र हता त्यां त्यां देहधारी कोपाग्नि सरखो, परसुरामनो कुठार पहोंची वळ्यो अर्थात् सघला क्षत्रियोने तेणे मारी नाख्यापछी एक दहाडो ते परसुराम,आ तापसोना आश्रममां गयो त्यारे त्यां तेनो परसु(कुहाडो) जाज्वल्यमान थयो थको, धुवाडो जेम अग्निने सूचवे तेम क्षत्रियने सूच-ववा लाग्यो, त्यारे तेणे तपस्वियोने पूछयुं के शुं अहीं कोइ क्षत्रिय छे त्यारे तेउ कहेवा लाग्या के तापस थएला अमो क्षत्रिय छीये पछी दावानल जेम पर्वतना तटने तृण रहित करे तेम ते परसुरामे सातवार पृथ्वीने क्षत्रिय रहित करी एवी रीते मारी नाखेला क्षत्रियोनी दाढोथी परसुरामे एक आखो थाल भर्यो. पछी ते परसुरामे एक दहाडो निर्मी-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

त्तिआउने बोलावी पूछयुं के मारुं मृत्यु कोनाथी थशे कारणके घणा साथे वैर करनाराउने परथी पोतानुं मृत्यु थवानी शंका होय छे त्यारे तेउए कह्युं के जे माणस सिंहासनपर बेसीने दुधपाकरुप थएली आ दाढोने पी जशे ते माणसथी तारुं मृत्यु थशे, ते सांभली परसुरामे एक दानशाळा मंमावी तथा त्यां अगाडीमां सिंहासन राखी तेपर ते दाढोनो थाल रखाव्यो, हवे ते सुभूम पण आंगणामां रहेला वृक्षनी पेठे हमेशां ऋषियोथी लालनपालन करातो थको वृद्धि पामवा लाग्यो हवे एक दहाडो कुवाना देडकानी पेठे बीजी जगोए नही जनार एवा, ते सुभूमे पोतानी माताने पूछयुं के शुं आ आवडीज पृथ्वी छे? के कंइ अधिक छे त्यारे तेनी माताये कह्युं के हे वत्स! पृथ्वी तो अनंती छे आ आश्रम तो तेमां एक मांखीना पग जेटलो छे. वली आ पृथ्वीमां हस्तिनापुर नामे एक प्रख्यात नगर छे त्यां कृतवीर्य नामे महा बलवान् तारो पिता राजा हतो ते तारा पिताने परसुरामे मारीने पोते राज्यपर बेठो छे वली तेणें तमाम पृथ्वी क्षत्रिय विनानी करी छे, अने तेना भयथी आपणे अहीं रहीयें छीये ते सांभली तत्काल क्रोधातुर थइने सुभूम हस्तिनापुर गयो कारण के क्षत्रिय तेज दुर्द्धर होय छे त्यां एकदम ते दानशाळामां गयो अने त्यां रहेला सिंहासनपर चडीने दूधपाकरुप थएली ते दाढोने ते खाइ गयो, त्यारे ब्राह्मणीआ रक्षको युद्ध करवा माटे ऊठ्या त्यां सुभूमे मेघ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सरखा नादवालो वाघ जेम हरिणने मारे तेम तेउने मार्या ते सांजली परसुराम पण गुस्से थइने जाणे कालना पासथी खेंचायो होय नहीं तेम त्यां आवी लाग्यो अने तेणे सुजूम उपर पोतानी परसु मुकी, पण अग्निनो तणखो जेम पाणीमां नष्ट थाय तेम ते परसु नष्ट थयो ते वखते सुजूमे पण पोता पासे हथियार न होवाथी ते दाढोवालो थाल ऊपाड्यो अने ते थाल तुर्तज चक्ररुपे थयो कारण के पुण्य संपदाथी शुं नथी थतुं? एवी रीते ते आठमा चक्रीये ते चक्रथी परसुरामनुं मस्तक, कमलनी पेठे ठेदी नाख्युं जेम परसुरामे सातवार पृथ्वी क्षत्रिय रहित करी हती, तेम आ सुजूमे एकवीसवार पृथ्वी ब्राह्मण विनानी करी तथा पाठलथी तेणे ठ खंड पृथ्वी साधी. वली वैताढ्यनी गुफाओ खोली अने जरतना ऊत्तर खंडमां दाखल थइ म्लेछोने तेणे जीत्या एवी रीते चारे दिशामां जमीने घंटी जेम चणाने पीसे तेम तेणे सुजटो मारीने पृथ्विने जीती ठ खंडनुं राज्य मेलव्युं चौद रत्न नव निधान पचवीस हजार देवो सेवामां इत्यादि चक्रवर्तीपणानी ऋद्धिये पूर्ण थतां, पण लोजनी दसा तेनी अटकी नहीं, अपूर्णताज नजरे आवी. ते चिंतवे ठे के मारा जेवा तो जरत आदे चक्रवर्तिउ पूर्वे घणा थया तेमां हुं पण एक वधारे. एमनाथी मारी कंइ अधिकता कहेवाय नहीं पठी लोको मोटाइ न बोले, मारी मोटाइ तो क्यारे थाय के बीजा धातकिना ठ खंड साधु त्यारे जगतमां मारो यश विस्तरे, एटले मारा जेवो कोइ पूर्वे थयो नथी अने वळी

थशे पण नहि; अने दुनिया महा चक्री कहीने बोले, त्यारे मारी मोटप कहेवाय, वळी मारी आज्ञा कोण न माने, जीहां जाउ तीहां हुं एकलोज पृथ्वीने ऊंधी करी नाखुं; वळी मोटा पहाड पर्वतने एक हाथे उपाडीने फेंकी देउं. भुजा बळे समुद्र तरी पेली पार (सामा कांठे) नीकळुं. एटलुं तो मारी भुजामां बळ छे, एम अट्ठावीस धनुष्यनी कायावाळो पोताना बळ पराक्रमनी अधिकता जोइने मदोन्मत थयो थको लोभरूपीआ सागरमा तणातो थको ऋद्धिनी अपूर्णता भावतो थको जगतने तरणा प्राय गणतो थको बीजा छ खंडमां, जइ चक्र प्रवर्त्तावी आज्ञा मनावुं एम निश्चे पोताना मन साथे ठराव कर्यो, चौरासी लाख हाथी, चौरासी लाख घोडा, चौरासी लाख रथ, छन्नुं क्रोड पायदळ, एक लाखने बाणुं हजार अंतेऊरी, सेनापति, प्रधान, आदे चउद रत्न, नव निधान, इत्यादि ऋद्धिए युक्त थको पोते प्रयाण करे छे. ऋद्धि गवेखी ते सर्वे चरमरत्न वहाणमां भरीने पोते बेठो वहाण लवण समुद्रना मार्गे अनुकुळ पवनयोगे वेगे चाल्युं जाय छे, ए वहाणना रखोपामां पचीस हजार तो देवो वहाणना उपाडनार छे, पुन्य खवाइ गयुं, ए चक्रीनुं साठ हजार वरसनुं आयुष्य हतुं, तेनो अंत (छेडो) आव्यो, देवो चिंतवे छे के हुं एक नहीं उपाडु तो बीजा घणाए छे, एम सौनो साथे मनोरथ थयो, सर्व देवोए मेली दीधुं वहाण समुद्रमां डुब्युं अने सर्व ऋद्धिनो नाश थइ गयो, शु-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

भूम मरीने सातमी नरके गयो, एम लोभी नरनो लोभरूप खाडो सदा अपूर्ण छे, एम जाणी लोभदशाने धिक्कारी निर्लोभी थइ जेम कपील ब्राह्मण केवळी थया, एम निर्लोभताने न ग्रहे; अने लोभ सागरमां डुबी सागर जळ पीतां पण तृषा न भाजे, तेने भवाभिनंदी कहीए. (५)

हवे छठुं लक्षण रति एटले शातावेदनीना हेतु ते पांच इंद्रीना अनुकुळ विषय, शब्द, रूप, गंध, रस अने स्पर्श; शब्द ते श्रोत इंद्रि, जे कान तेनो विषय एटले रागरागणी, सुस्वरनो भोगी, वळी नरघा, शरणाइ, ताल, तंबुरा इत्यादि वाजींत्रना शब्दनो भोगी, रूप (वर्ण) ते रातो, धोळो, लीलो, पीळो अने श्याम, ए पांच वर्ण वळी संस्थानादि लिंग आकार चेष्टा ए चक्षुनो विषय जाणवो. वळी गंध ते, सुरभी आदि नाकनो विषय, तेल फुलेल चंपो, केवडो, मोगरो, गुलाब, इत्यादि तेनो भोगी. रस ते कडवो कषायलो, तीखो, खाटो, अने मधुरो ए पांच रस तेनो भोगी. रसना एटले जीव्हा जाणवी. वळी स्पर्श ते, शीत, उष्ण, सूंवाळो, बरसट, स्निग्ध, रुक्ष, हळवो अने भारे ए आठ स्पर्श भोगी ते स्पर्श इंद्रि एटले काया. वळी वेदचीन्ह, स्त्री, पुरुष अने नपुंषक, ए वेदना भोग विषयनो सकामी तेमांज आशक्त एम पांच इंद्रिना विषय भोगमां जे, रति विश्रामनो कर्त्ता वळी हुं ने मारुं एटले हुं ते कायाएज जीव छुं एम जाणे पण जीव कायाथी जूदाइ न जाणे; वळी धन दोलत, राजऋद्धि सज्जन कुंटुंब ए मारुं

एम मानतो थको, तेना संगे कलह करतो थको ऋद्धिनी मोटपमां गर्वीत थको, जे क्लेशानंदी, विषयानंदी तेने भवाभिनंदी कहीए. (६)

हवे सातमुं लक्षण दीन एटले कंगाल, ते कंगाल शा माटे थाय तो मोहनी प्रबळताए, विकल्प घणा उठे, परंतु पापोदय जोगे पुरा न थाय, वळी किंचित् प्राप्ति होय तेनी हानि थाय. ते कारणे दीनपणुं भावे, वळी रोगादि कारणे, पोताने अशाता प्रगटे तेथी दीनताने भावे; पण एम न चिंतवे के ए वस्तुनी प्राप्ति तो पुन्य जोगे होय. वळी निरोगतापणुं ते शातावेदनीना उदयथी होय, ते पुन्य खवाइ गयुं अने पापनो उदय वर्ते छे, तेमां तुं दिलगीरी शा माटे करे छे, पूर्वे उपार्जेलुं ते उदयिक भावे प्राप्त थयुं छे तेने समता भावे सहन करवुं एज ज्ञानीनुं लक्षण छे; एम साहसीक थइने न चिंतवे अने दीनता करे तेने भवाभिनंदी कहीए. (७)

हवे आठमुं लक्षण मत्सर एटले अपलक्षणनुं स्थानक, मस्ताइये करीने मस्तान थयेलो उन्मादे भरेलो, गुणवंत उपर द्वेषनो, इर्ष्यानो कर्त्ता, निर्गुणीनो पक्षी, वली अदेखाइए निर्गुणी थको अहं (हुं) गुणी छुं एम माने, वली परने दुःखी देखीने राजी थाय अने सुखी देखीने दाझे, अंतरमां बळे, एम मत्सर भावे वर्ते तेने भवाभिनंदी कहीए; (८)

हवे नवमुं लक्षण भयभ्रांत एटले परवस्तुने पोतानी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मानी छे जेणे तेनो सदाय काळ नयमा जाय; कारण के पर-
वस्तुनो स्वनाव विनाशी छे अने ते पुन्यजोगे मळी प्राप्त
थइ ते छतां पुन्ये स्थिर थइने रहे पण पापोदय जोगे तेनी
हानी थाय, रखोपु करतां पण न रहे त्यारे पोतानी मान-
वावाळा प्राणी उद्वेग पामे. संताप करे, दिलगीरी करे, पण
एम न समजे के संजोगनी पाछळ विजोगनो नय रह्यो
छे, सुखनी पाछळ डुःखनो नय रह्यो छे; आ संसार एज
नयनुं कारण डुःखनुं कारण छे. माटे संसारी वस्तुथी विर-
क्तता नावीए, ए उपाधि संजोगने पर मानीए एम न
समजे अने रखोपुं करतां थकां आखो नव नयमांने न-
यमां कहाडे, तेहने नवान्निनंदी कहीए. (९)

हवे दशमुं लक्षण कपट एटले मुखशुं मीठा अने
हृदये दुष्ट, मुखथी बोले ते जुदुं अने मनथी चिंतवे ते
जुदुं, कायानी चेष्टा जुदी, एम कपट, फंद, माया एटले
मच्छी लोको जळमां जाळ नाखे, तेथी पण आ कपटजाळ
अती बुरी छे. कारण के एतो तिर्यंच, जळचर जीवो ज-
ळमां विनोद, क्रिमा करता एवा तेम पशुने जाळमां फ-
सावी दे छे, अने आ कपटी तो वगर जाळे, माह्या चतुर
मनुष्यने वातनी वातमां फसावे छे, माटे अति बुरो, अवि-
श्वासनुं स्थानक एवो कपटी तेने नवान्निनंदी कहीए. (१०)

हवे अगीयारमुं लक्षण अज्ञानी मिथ्यात्वी एटले
निजपर बुद्धि जीहां सुधी थइ नथी अने निजपरनो नेद
नास्यो नथी, जमसत्ता, चेतनसत्ता, जुदी जुदी जाणी नथी

तीहां सुधी अज्ञानी कहेवो, हवे मिथ्यात्वपणुं मवेखे छे. हठ कदाग्रह अजाणपणे पकड्यो तेने मेले नही. खरा-खोटानी परीक्षा नही, खोटु जाणीने खरु करवानो हठ ममत्व, जीन वचनमां शंका अने अजाणपणे विपरीत श्रद्धा, तेनुं नाम मिथ्यात्व छे.

सवैया तेवीसा.

मिथ्यात असत्य भेद पंच दाखुं,
खर पुछ पकडयुं नवी छोडे;
सत्य असत्यनो भेद न समजे,
सोनुं रुपुं एक भावमां जोडे,
खोटुं जाणीने खरुं करवा चाहे,
हठ ममत्वना पंथमां दोडे;
जीन वचने शंकाने अजाण ते,
आस्ता ज्ञान ए बेउ गुण तोडे. ॥१॥

सवैया एकतीसा.

विपरित एही श्रद्धा, दश समुदाय वधा,
एज छे मिथ्यात वेरी, रोळे भव चक्र मैं;
अनंत परावर्तनो, मालीक ए मोह पुत्र,
घात करे सर्वथी ने, घाले काया हेरु मैं;
मोह मदीराने पावे, चेतन जडता ध्यावे,
नाचे संसार गतीये, पडे पाप पंक मैं;



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આશા તો અધુરી સદા તૃષ્ણા ઠીરે ન કદા,
આ ભવ પરભવની ન છૂટે નંત કાલમૈ. ॥૨॥
કુદેવ તેહી દેવ માને કુગુરુને ગુરુ માને,
કુધર્મે ધર્મ માને લોકિક મિથ્યા ભાવ હૈ.
દેવને આશાએ માને આશાએ સેવે ગુરુને,
ધર્મનું ફળ માગે લોકોત્તર મિથ્યાત્વ હૈ;
શુભાશુભ કરણીનો અહંકૃતા નિર્પેક્ષ,
ઈશ્વરને કર્ત્તા કહે અન્ય મિથ્યાત ભાવ હૈ.
રાગને દ્વેષ બેહુ, પરિણતિ અશુદ્ધ કહું,
અનાદિ વિકાર એહી, ભાવથી મિથ્યાત્વ હૈ. ॥૩॥
મિથ્યાત્વ ઠાણામાં બાંધે, મિથ્યાત્વ દૂજે ન બાંધે,
કોડા કોડી સીત્તેર, સાગર સ્થિતી કહી હૈ,
મિથ્યાત્વ ઉદેમાં આવે, ઠાણ સાતમુ કહાવે,
ઉપર ઉદે ન હોવે, સમકિત સહી હૈ;
મિથ્યાત્વ સત્તાએ રેવે, એકાદશ ઠાણે કેવે,
સત્તા ખુટે બારમેં અમરં પદ સહી હૈ;
જનમ મરણ ટળે અરિહંત ઠાણે ચલે,
અનંત ચતુષ્ટયી મલે સિદ્ધ દૂર નાહિ હૈ. ॥૪॥

ઇહાં કહેવાનું એટલું છે કે આત્મ પ્રદેશે મિથ્યાત્વ મોહનીની ત્રણ કર્મ પ્રકૃતિનો અભાવ થતાં ક્ષાયક સમ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कितनी प्राप्तिए सिद्ध गति दूर नथी, संसार गति भ्रमण चक्रनो मुख्य हेतु एक मिथ्यात्व छे. एम उपर कह्या प्रमाणे अगीयार बोले करीने सहित होय तेने भवाभिनंदी कहीए, वळी पुद्गलानंदी पण कहीए, ते पुरुष विधिपूर्वक शुभ क्रियानो प्रारंभ करे; ते पण निष्फल जाणवो, कार्यनो साधक थाय नहि. ११ इहां भवाभिनंदीनो अधिकार समाप्त थयो.

हवे निश्चय नयनी मुख्यताए, धर्मप्रवर्तन कहे छे. एटले निश्चयनयमां द्रष्टि करवा योग्य (प्रवेश करवाने योग्य) कोण छे तो जे आत्मानंदी पुरुषोत्तम छे, तेज निश्चयनयमां दृष्टि करवा योग्य छे. हवे तेमनां लक्षण कहे छे, तेमां प्रथम लक्षण गंभिर होय, एटले हुं अल्प गुणवाळो छुं. एम घणा गुणे युक्त छे, तोपण पोतानी, ओछासने जोवावाला होय एटले जीहां सुधी क्षायक लब्धिनी पूर्णता निष्पन्न न थाय, तीहां सुधी पोतानी ओछास देखे एटले उपशम भाव, क्षय उपशम भावनी प्रगटताने न जुवे. प्रगटताने जोतां, महा पुरुषने पण मोह अंग आपे एटले खलना पामे छे. अने ओछासने जोतां, वृद्धि पामे तेनुं कारण ए छे के ओछासने जोवुं ए चारित्ररायने पोतानुं अंग छे, ते कारणे ओछासने जोतां निर्मोह वृत्ति थाय अने निर्मोह वृत्तिये गुण संपदा वृद्धि पामे. एम गुण रागी, गुणना लोभी घणा गुणवंता पण मोटपनी झलके उभकाय नहीं तेमने आत्मानंदी कहीए. १



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हवे बीजुं लक्षण अकृपण एटले छती वस्तुए कृपणता न करे. पोते भोगवे. वापरे दीन दुःखीआने, अनुकंपा बुद्धिए अने सुपात्र एवा अतिथि मुनिने भक्तिए करी दान आपे, वली अधिक शक्ति होय तो स्वामी वत्सल, प्रभावना आदे करे, पूजा भणावे, आंगी रचावे, जीन मंदिर करावे, जीन बिंब भरावे, उजमणुं करे, ज्ञान, पुस्तको लखावे, भणताने सहाय आपे, संघ कहाडे, जीर्णोद्धार ते जीर्ण जीनमंदिर समरावे, साधु, साध्वी, श्रावक, श्रावीका, ए चतुर्विध संघने धर्मकरणी करवा हेते उपासरा करावे, इत्यादि शुभ मार्गे मोकळा मने चित्त उत्साहे पैसानो व्यय करे, पण छते पैसे मूर्छित थको कृपणता न करे, तेम उंछी शक्तिए अभिमानी थको व्यय पण न करे, पापे पेदा करवुं अभिमाने व्यय करवो तेने प्रश्न व्याकरण दशमा अंगमां मंद मतिआ कह्या छे. माटे विवेक पोतानी शक्ति जोइने वापरे. ए गृहस्थीपणामां अकृपणता लक्षण कह्युं, हवे संयतिपदे जे क्षय उपशम भावनी लब्धिए धनाढय थयेला बहुश्रुत भावने पामेला तेमने पण भव्य जीव प्रत्ये उपदेश करवाना अवसरे अथवा समागम थये वस्तुगते वस्तुपणानो उपदेश, द्रव्यगुण पर्यायनी वली स्वभावनी उळखाण पूर्वक जड चेतननी विभाग व्हेंचण पूर्वक, हेय, ज्ञेय, उपादेय बुद्धिने पमाडवा हेते नय निक्षेप, पक्षप्रमाण इत्यादि विस्तार बुद्धिए हेतु द्रष्टांत युक्तिए करीने, वचन भालो अने युक्ति कटार मारी अनादि मिथ्यात्वने छेदी

बोधिबीजनी प्राप्ति तद्रुप समकित ते अमुल्य रत्ननुं दान देवुं ते संयतिपदे उचित छे एम छती शक्तिए कृपणता न करे तेमने आत्मानंदी कहीए. (२)

हवे त्रीजुं लक्षण दीर्घ दृष्टिवंत एटले घणीज मोटी विस्तार बुद्धि छे जेमनी एवा परम सारांश जैन आज्ञा ग्राहक तद् हेतु एटले जे एक पोतीको आत्मा तेहीज साचो ज्ञानादि अनंता गुण अने अव्याबाधादि अनंता पर्याय मय साक्षात् परमात्मा सरखो शक्ति न्नावे अनादि सिद्ध छे. तेने व्यक्ति न्नावे प्रगट करवा अर्थे मोक्ष नीपजाववा माटे जे सहज समाधिए ध्यान करवुं रमण करवुं तेने तद्हेतु अनुष्टान कहीए. हवे अमृत ते मन वचन अने काया ए त्रिकरण योगनी ऐक्यता,हर्ष,उत्साह,प्रमोद सहित, निरामय साधन ए रीते स्थिर शंकादि चपळता रहित सिद्ध न्नगवानना स्वजाति स्वन्नाविक गुणे करी उपयोग प्रन्नु गुणे जोमीने एटले गुण गुणगत स्वन्नावे गुण गुण प्रत्ये न्निन्न न्निन्न उपयोग जोमी तन्मयपणे अनुन्नविने अन्नेद स्वरूपे परिणमावे त्यां कार्यनी पूर्णता पामे एटले कोइ देशथी पामे अने कोइ सर्वथी पामे, देशथी पामे ते चोथे गुणठाणे समकित पामे अने सर्वथी पामे ते तेरमे गुणठाणे अरिहंत पदे अनंत चतुष्टयी पामे एम कार्यनी साधकता नीपजे तेने अमृत अनुष्टान कहीए एम तद्हेतु अने अमृत ए बे अनुष्टाने वर्त्तता एवा दीर्घदृष्टिवंतने आत्मानंदी कहीए. (३)



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हवे चोथुं लक्षण उपशम, क्षय उपशम भावे, शान्त एटले उपशम ते मोहनी कर्मनी प्रकृतिओनो सत्ताए आत्मप्रदेशे उपशम होवाथी उदयिकताना अभावे प्रदेशे अथवा विपाके विघ्न, पराभव नहीं होवाथी आत्माने उपशम भावे शान्त कहीए. वली वीतराग कहीए, ए तेना बे भेद. एक देशथी अने बीजो सर्वथी, देशथी तो एक मिथ्यात्व एटले सिद्धांतना मते, त्रण पूज्य न करे. माटे एक अने चार अनंतानुबंधी कषायनी चोकडी, मळी पांच प्रकृतिनो उपशम चोथा गुणठाणे थाय, तीहां उपशमभावनुं समकित पामे, अने सर्वथी तो चार चोकडीना सोळ कषाय अने हास्यादी षट, त्रण वेद, ए नव नोकषाय, एटले कषाय तो नहीं, पण कषायने प्रगट करवानुं कारण माटे नोकषाय कहीए; एम बेहु मळी पचीस कषाय अने एक मिथ्यात्वमोहनी, बीजी मिश्रमोहनी, त्रीजी समकितिमोहनी, ए त्रण मळी अठ्ठावीस प्रकृतिनो उपशम, अगीयारमा उपशान्तमोह गुणठाणे थाय, तीहां उपशमभावनुं, यथाख्यात चारित्र पामे, ए बे भेदनी स्थिति अंतर अंतर मुहूर्त्तनी छे; ए उपशमभावे शान्तना बे भेद कह्या, हवे क्षयउपशमभावे शान्त गवेखे छे. ते चारे घातिकर्मनी प्रकृतियोनो क्षय उपशम होवाथी संपजे; तेना विचीत्र भेद छे, परंतु समुदाये बे भेद, एक अज्ञानयोग अने अज्ञानयोगनिश्रा, बीजो ज्ञानयोग अने ज्ञानयोगनिश्रा, अज्ञानयोग ते, समकितना अभावे प्रथम गुणठाणे क्षयउ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पशमभावनी वृद्धिए जाणपणुं वृद्धि पामे, वळी निश्रा ते दीपक समकितनी द्रव्य चारित्रनी तपनी निश्रा पामे, यावत् स्वर्गसुखनो विभागी थाय, पण यथार्थ श्रद्धाना अभावे, ग्रंथिभेद करे नही अने समकित पण पामे नही एटले स्वअपेक्षाए हित न थयो, परंतु योग्य जीवने बोधि बीज पमाडवाना वळी मोक्षे पोचाडवाना हेतु छे, माटे शान्त ए पहेलो भेद कह्यो, हवे बीजो भेद ज्ञानयोग ते, ग्रंथिभेद कीधां, चोथा गुणठाणाथी ज्ञानयोग कहीए अने निश्रा ते समकितनी, चारित्रनी, तपनी, वीर्यनी, एटले क्षयउपशमभावनी पांच लब्धिनी निश्रा कहीए, तेनो विवरो एम छे के समकित आश्रीने चोथु, पांचमुं अने छठुं सातमुं ए चार गुणठाणे क्षयउपशमभाव लाधे छे, वळी चारित्र आश्रीने पांचमुं, छठुं, सातमुं, आठमुं अने नवमुं दशमुं, ए छ गुणठाणे क्षयउपशमभाव लाधे अने ज्ञान आश्री वळी दानादि पांच लब्धि आश्रीने, चोथुं, पांचमुं, छठुं, सातमुं, आठमुं, नवमुं, दशमुं, अगीयारमुं अने बारमुं ए नव गुणठाणे क्षयउपशमभाव लाधे, ए क्षयउपशमभावे शान्तना भेद गुणठाणे गवेखीने कह्या, हवे तेनी स्थिति चोथा गुणठाणानी अपेक्षाए, काळ आश्रीने, छासठ सागरोपम झाझेरी अने भव आश्रीने सात आठ भवनी जाणवी, अने पांचमा वळी छट्ठा सातमा गुणठाणानी भेगी, देशे उंणी, पूर्व क्रोडनी जाणवी; ए उत्कृष्टि स्थिति कही अने जघन्यथी वळी सातमा ठाण उपरांत अंतर अंतर मूहुर्त्तनीछे

ए ज्ञानयोग चोथा गुणठाणाथी बारमा गुणठाणाना अंत सुधी क्षय उपशम भावे कह्यो. तेना ग्राहको चोथा गुणठाणाथी सातमा गुणठाणा सुधी धर्म ध्यान ध्यावावाळा छे. उपरांत शुक्लध्याननो पहेलो पायो आठमाथी दशमा सुधी ध्यानगत छे; उपरांत बीजो पायो ध्यानगत छे. पहेला पायामां भेद ज्ञान अने भेदाभेद ज्ञान छे, बीजा पायामां अभेद ज्ञान छे; क्षपक श्रेणीना ग्राहको पहेला पायाना ज्ञान ध्याने मोहनो वळी अशुद्ध परिणतिनो दशमा गुणठाणा अंते क्षय करी वीतराग परिणतिए बारमा गुणठाणे यथाख्यात चारित्र पामे अने बीजा पायाना ज्ञान ध्याने ज्ञानावर्णी, दर्शनावर्णी अने अंतराय, ए त्रण कर्मनो नाश करी, तेरमे गुणठाणे अरिहंत पदे केवळज्ञान, केवळदर्शन, अने क्षायक भावनी पांच लब्धि पामी क्षायक लब्धिए पूर्ण थाय माटे क्षायक लब्धिनी, प्राप्तिनुं कारण यथास्थित क्षयउपशम भाव चोथा गुणठाणाथी छे, अने चोथुं गुणठाणुं पामवानुं कारण मतिअज्ञान, श्रुत अज्ञान, ए बेहु अज्ञानना क्षय उपशमनी वृद्धिनुं सवळापणे परिणमवुं ते छे, परंतु विभंग नथी. वळी श्रेणी आरोहण करवुं तेनुं कारण मतिश्रुत ज्ञान छे; परंतु अवधि मनःपर्यव नथी एम उपशम, क्षय उपशम, भावे, शांत थया, एवा ज्ञानी तेमने आत्मानंदी कहीए. ( ४ )

हवे पांचमुं लक्षण संतोष, एटले संतोष क्यारे जाणीए के जीहां इच्छा वांछानो संभव नथी निर इच्छाए तृप्त

थया छे तेमने संतोषी कहीए अने इच्छा वांच्छा छे जेने तेने असंतोषी कहीए. कह्युं छे,–

गाथा.

॥ जहा लाहो तहा लोहो ॥ लाहा लोहो विवड्ढइ ॥
दो मास कणय कज्जं ॥ कोडीएविननठई ॥ १ ॥

अर्थः—जहा कहेतां जीहां, लाहो कहेतां लाभ एटले धन्य, धान्यादि वस्तुनी प्राप्ति थती जाय वृधि पामती जाय, तहा कहेतां तीहां, लोहो कहेतां लोभ प्रगट थाय अने उंछाश नजरे आवे वली घणी तृष्णा थाय. लाहा कहेतां जेम जेम लाभ थतो जाय तेम तेम लोहो कहेतां लोभ, विवड्ढइ कहेतां विशेषे करीने वृद्धि पामे एटले दिप्त थाय, यथा द्रष्टांते, जेम अग्नि बळे छे तेमां काष्टनी पुरती करीए तेथी अग्नि शान्त न थाय, परंतु वृद्धि पामे ए द्रष्टांते, वस्तुना मळवाथी लोभ न उपशमे. दोमास कणयं, कहेतां कपिल ब्राह्मण बेमासा सुवर्णनुं, कज्जं, कहेतां दान लेवा अर्थे राजा पासे गयो तेने राजए साचा बोलो जाणी प्रसन्न थइने कह्युं के, माग, मागे ते आपुं अने तारुं दारिद्रपणुं आजथी दूर करुं, तारे जन्म पर्यंत फरीथी याचना करवी न रहे; त्यारे कपिल ब्राह्मण विचारवा लाग्यो के, केटलुं मागुं तो, यावत् कोडी एवी, कहेतां एक क्रोड सोनैया मागुं, एम विचार करतां पण, ननिट्ठइ कहेतां निष्टार्थ एटलुंज, एम तृप्त न थयो, एटले इच्छा वांच्छानी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पूर्णता न थइ अने उणाश नजरे आवी, ते अवसरे लोभ-दशाने बुरी जाणी, स्नेह लत्तावेली मूळने उपाडवाथी ए, कपिलनामा ब्राह्मण महा पुरुषोत्तमने, पोतीको सहज स्वभाव प्रगट थयो अने ज्ञानभानुं घटंतर वृत्तिए उदय पाम्यो, लाभ होवाना कारणे पोते पोताथी बोध पामी स्वयंबुद्ध थइ कर्मने हणी सिद्धि वर्या; ए कथा उत्तराध्ययनजीना आठमा अध्ययने सविस्तारे छे. एम धन कंचनादि वस्तुने अलच्छी माने छे, तृष्णा त्रुटी छे पोतापणानो ममत्व गयो छे, कदाच संसारमां रह्या छे अने ए लक्ष्मीनुं रखोपुं करे छे, तेने निर्वाह प्रयोजन जाणे छे, बाधकता समजे छे, विरक्त चित्त छे, छोडवानी भावना भावे छे, छोडवानो अवसर इच्छे छे, वळी नीजात्म सत्ताए ज्ञानादि गुण अव्याबाधादि पर्याय, पोतीका असंख्यात प्रदेशे, प्रदेश प्रदेश प्रत्ये, अनंता अनंता, तद्रुप क्षायक लब्धि, निर्मळ, निरंजन, अचळ, अविनाशी भावनी वस्तुगते रही छे, तेने लक्ष्मी माने छे, वळी तेना अर्थी छे, खपी छे, व्यक्तिभावे प्रगट करवाना उद्यमी छे, बाह्यऋद्धिनी वृद्धि अथवा हानि होवाथी, राग द्वेष न करे, अने समभावे वर्ते. कदाच उद्वेग करे तो उत्कृष्ट पंदर दिवसना अनुमाने करे, नहितो तरतज ए वस्तु अस्थिर छे, कोइने त्यां स्थिर थइने रही नथी. संजोगे आवीने प्राप्त थइ अने विजोगे नाश थयो, एम हानि वृद्धि थाय तेनी साथे पोतापणो मानवो ते ज्ञानीने उपचार मात्र छे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

एम जाणी उद्वेगने उपशमावी, समभावे वर्ते, तेवा संतो-षीने आत्मानंदी कहीएं. (५)

हवे छठुं लक्षण आत्मरति एटले आत्मगुणमांज प्रीतिरंग लाग्यो छे जेने,एटले रंग केवो लाग्यो छे के कंचननो पित वर्ण छे, चांदीनो धोळो वर्ण छे, परवाळानो रक्तवर्णछे, ए रंगने उतारीए, पलटावीए, तो पलटाय नहि. कारण के स्वभाविक रंग छे, तेम आत्मानो जेवो स्वभाव तेवो रंग, चोथुं गुणठाणुं प्राप्त थतां अंशे अंशे चढतो गयो अने जेटलो स्वभाविक गुण प्रगट थयो एटलो उपाधि रंग उतरतो गयो. एम करतां करतां अनुक्रमे परिपूर्ण रंगतो राग द्वेष अने मोहना अभावे, क्षिण मोह बारमुं वीतराग गुणठाणुं पाम्यां कहीए, एटला सुधी न पहोंचे तेने तद्भवे मुक्ति न मले, पण क्षायक समकितनी अपेक्षाए त्रीजे भवे अने छेवटे चोथे भवे ए जीवो मोक्षगामी छे, वळी क्षय, उपशम समकित, अप्रतिपातिनी अपेक्षाए सातमा आठमा भवे ए जीवो मोक्षगामी छे. वळी प्रतिपाति क्षयउपशम, अने उपशम समकितनी अपेक्षाए अर्ध पुद्गल परावर्त्तनी मांहेली कोरे ए जीवो मोक्षगामी छे. एथी अधिक काळ तो ग्रंथिभेदी जीवो संसारमां न रहे; वळी रंग न उतरवानुं कह्युं ते, जेणे ग्रंथि भेद करेलो छे, ते ग्रंथि त्रण काळमां सजड थाय नहि अने मिथ्यात्वगुणठाणे जतां पण ए जीवो, द्रव्य समकिती छे, उपर मिथ्यात्वनुं दळ फरी वळ्युं छे, ते विशुद्ध भावे उतरी जवाथी चोथे गुण-

ठाणे नाव समकितीपणे, जलदीथी आवशे, ए जीवने फरीथी करण करवां नथी, माटे चोथा गुणठाणानी प्राप्ति थइ तेने ए अपेक्षाए अपलटण रंग कह्यो छे, वळी आत्म-रति पुरुषोत्तम संसारमां रह्या छे. कायामां वस्या छे, परंतु अळगा छे. यथा दृष्टांते, जेम सरोवरना जलमां कमळ रह्युं छे, श्रीफळना काचलामां गोळो रह्यो छे, ए दृष्टांते अलिप्त थका न्यारा छे, मोहीत थका पांच इंद्रीना भोग सुखमां रमे नहीं, ज्ञान दृष्टिए स्वरूप रमणिपणे वर्ते, ते आत्मरतिने आत्मानंदी कहीए. (६)

हवे सातमुं लक्षण साहसिक एटले धैर्यवान, वीर्य-वान, सत्ववान, ए लक्षणे ज्ञानी आत्मा कायामां रह्यो थको, सुखसंपदा अने दुःख आपदा, संयोगिकभावे पूर्व कर्मनी उदयीकताए, प्राप्त थये अदिनवृत्तिए वर्ते; दीनता न भावे, कारण के सुखसंपदा ते तनधन राजऋद्धि तेने तेमणे अनित्य, अशाश्वति जाणी छे. वळी सज्जन कुटुंब बाहिर मेलावडो छे, तेनुं सगपण स्वार्थ सरे त्यां लगे छे. जुवो के, ब्रह्मदत्तनी माता चुलणीए पोतानो स्वार्थ नहि सरवाथी पुत्रने लाखना मेहेलमां सुवा मोकलीने सळगावी दीधो, एतो एनुं आयुष्य हतुं तो जीवतो रह्यो, पण माएतो मार-वानोज उपाय कर्यो. वळी श्रेणिकराजाने पोतानो पुत्र कोणिक तेनो स्वार्थ नही सरवाथी राजना लोभे पिताने पांजरामां घाली रोज पांचसो कोरडा मारे अने अंते ए वेहुने कमोते मरवानो वखत आव्यो, वळी परदेशी राजानी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सूरिकांता नामे स्त्री तेनो स्वार्थ नही सरवाथी झेर खव-
रावी पतिने मार्यो. वली ऋषन्नदेवस्वामीना बे पुत्रो न्नरत
अने बाहुबल तेमां वमा न्नरतनो स्वार्थ नहि सरवाथी,
बाहुबल ठोटान्नाइ उपर चक्र मेल्युं, एतो गोत्रमां न ला-
गवानी आमन्याए बाधा नहि करतां पाछुं आव्युं. नही
तो चक्रनो धर्म मस्तक ठेदवानो ठे, माटे एणे तो मारवा-
नोज उपाय कर्यो; वळी सोमिल ससरे पोतानो स्वार्थ नहि
सरवाथी गजसुकुमार जमाइना मस्तक उपर माटीनी पाळ
बांधी अग्नि न्नरीने बाल्यो, इत्यादि संसार सगपणनां अ-
नेक दृष्टांतो ठे, ते विचारतां बाहिर मेलावमानो, वळी तन,
धनादि ऋद्धिनो स्नेह राग तंतु बंधननो बंधपास तोमी,
ठोमीने पोते साहसिक थका अदीनपणे वर्ते, वळी दुःख
आपदा जे रोगादि व्याधि प्रगट थयां सनतकुमार महा
मुनिश्वरनो दृष्टांत विचारी अनुन्नवीने, वळी तन ममता
टाळीने पूर्वकृत कर्मनां फळ जाणीने न्नेद ज्ञान घटमां लावीने
कायाथी आत्माने अलगो करीने तन्मय परिणाम पामीने
तद्गत न्नावने गवेखीने, परमशमताना उपयोगे सेहेता
थका वर्ते, वळी मनुष्यना तिर्यचना, देवना करेला उपसर्ग
उपजे तीहां दृढप्रहारीनो अथवा मेतारय मुनिनो दृष्टांत
गवेखीने न्नावे पोतपोताना ज्ञानध्यानमां वर्ते, वळी एम
चिंतवे के ठेदनन्नेदन तामन, वधबंधनादि करे ठे, ते पु-
द्गल पुद्गलने करे ठे तेमने लागे नही. वळी पुद्गल
क्षणन्नंगुर ठे, तेनो नाश थशे ते तारुं पोतानुं नथी, एतो

तारे भाडानुं घर छे, तुं ए पुद्गलनुं परिणमन वीर्य फोरवीने तजी दे एटले इंद्रियद्वारे आत्मानी चेतना परिणाम पामी छे, तेने पलटावीने स्वरूपे सहजभावे परिणमावे तो, कायाना सुख दुःखनो विभागी पण चेतन पोते न थाय अने ध्यानगत सिद्धना अव्याबाध सुखनो, अंशे भोगी थाय, वळी विशेषे वीर्य स्फुरणा पामे तो क्षपकश्रेणी मांडी, कर्मने हणी, अकर्मी थइने सिद्धि वरे. एवा साहसिक पुरुषोत्तमने आत्मानंदी कहीए. (७)

हवे आठमुं लक्षण गिरुउते घणा गुणवंतो एटले गंभिर पर उपकारनो कर्त्ता अपूर्व दर्शन छे जेनुं परमलाभनुं कारण एटले जे उपद्रव करतो आवे तेना तननो ताप दूर करे तो जे विनय पूर्वक दर्शन पामे. तेनो तो ताप रहेज शेनो, वली वचनने श्रवण करे तेना मननी व्याधि जे कलुषता ते नाश पामे वली मनन चिंतवन करे, तेने संतोष सुख प्रगटे तद्गत भावे परिणाम पामे लय पामे, तेने चतुरगति संसार भ्रमणनो अंत छेडो आवे अने निर्वाणपद पामे एम अनंतो उपकार करता मनोवांछित पुरवाने भावकल्पवृक्ष समान याचकनी भूख भागे तेमने गिरुउ कहीए. एटले इष्ट फळदाता छे. ते इष्टना बे भेद. एक व्यवहारइष्ट अने बीजुं निश्चयइष्ट जे व्यवहार इष्ट मागे तेने वैराग्यनो उपदेश करी संसारनुं अनित्यपणुं वली असारपणुं देखाडी संसार त्याग करावी दिक्षा आपी पंच महाव्रत आदे चरणसित्तरि अने पडिलेहण आदि करण

सित्तरि मली एकसोने चालीश भेदे चरणकरणानुंयोगनुं जाणपणुं करावी समजावी विधिपूर्वक प्रवर्त्तावी स्वर्गे मोकले तेने व्यवहारे इष्ट फलदाता कहीए अने निश्चयइष्ट मागे तेने द्रव्यानुंयोगनुं जाणपणुं करावे एटले धर्मास्तिकाय अधर्मास्तिकाय आकाशास्तिकाय काळ पुद्गलास्तिकाय अने जीवास्तिकाय ए षट्द्रव्यनी वाख्या करी गुण-पर्याय, स्वभाव लक्षण उळखावी पांच अजीव अचेतन द्रव्यथी एक पोतीको चेतन द्रव्यभिन्न ( नोखो ) पामी, हेय, ज्ञेय, उपादेय ए त्रिभंगी समजावी, पांच अजीव, अचेतन द्रव्यनो हेय कहेतां त्याग करावी एक पोतीको आत्मा, सिद्धनो साधर्मि मोक्षमयी मोक्षमां रहेवावालो एज उपादेय कहेतां आदरवा योग्य छे. एम दृढता करावे, श्रद्धा प्रतित करावे तीहां गुणने उळखतो गुणनो राग प्रगटे ते रागनो प्रेर्यो थको अंतःकरणे उंमो उतरी खोज करे. अंतर्गत स्मरण चिंतवन करे रमण करे अनुभव करे. पोतीका सहज भावे वीर्य फोरवे. श्रेणी मांमी घनघातिकर्मनो नाश करी अनंत चतुष्टयी पामी योग रोध करी अघातिकर्म हणी सिद्धि वरे तेने निश्चयथी इष्ट फलदाता कहीए. ए महा उपगारी, करुणासागर, स्पृहा रहित, तत्वचिंतक, तत्वगवेषि, तत्वरमणी पोते तरे अने गिरुउ बीजाने तारे तेमने आत्मानंदी कहीए. (८)

हवे नवमुं लक्षण निर्भय एटले परवस्तुने विषे पोतापणो एकांते मानवानी बुद्धि, सम्यक्ज्ञान सम्यक



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

दर्शननी प्राप्ति थतां टळी छे. तीहांथी निर्न्नय, वली तत्व-दृष्टिए विचारीए तो जीहां, अप्रतिपाति. क्षय उपसम-भाव थाय. एटले हानि न पामे. त्यारे निर्न्नय दशा मानीए एटले अप्रतिपाति उपशम आत्मा क्यारे पामे? तो कोइक जीवो छासठ सागरोपम झाझेरी संसार काळ-स्थिति बाकी रहे त्यारे पामे अने कोइक जीवो, तेत्रीस सागरोपम झाझेरी संसारस्थिति काळ बाकी रहे त्यारे पण पामे. वली कोइक जीवो छेल्ले भवे तो पामेज पण आठ भवथी अधिक संसारस्थिर्ति छे जेने, तेतो अप्रतिपाति क्षय उपशम न पामे अने अप्रतिपाति क्षय उपशम भाव न आवे तीहां समकितनी साबीती न रहे अने मि-थ्यात्व प्राप्त थाय तीहां हानि कहीए. माटे अप्रतिपाति क्षय उपशमने पामेला चोथा गुणठाणाना भावने अचळ थयेला उपरना गुणठाणे चढे अने पडे पण चोथा गुणठा-णाने न छोडे. ते निर्न्नयवंत पुरुषोत्तमने मुख्यताए आत्मा-नंदी कहीए. (९)

हवे दसमुं लक्षण निष्कपटी एटले कपट करवानुं कारण शुं छे तो एक मान अने बीजो लोभ ए बे छे. ए बे प्रकृतिनी उछास करीए, तीहां कपटनो संभव न आवे. ए मानना बे भेद. एक अप्रशस्तमान, बीजुं प्रशस्तमान? लोभना बे भेद. एक अप्रशस्त लोभ, बीजो प्रशस्त लोभ एम बे प्रकृतिना चार भेद थया तेमां अप्रशस्त, मान अने लोभ छे, ते संसारमां कपट करवानो हेतु छे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अने प्रशस्तमान अने लोन्न छे. ते धर्म करणीमां कपट करवानो हेतु छे, माटे प्रशस्त अने अप्रशस्त ए मोहनी कर्मनी प्रकृतिउं छे. ते सर्वे आत्माने अहितकारी छे. वली प्रशस्त छे तेज अप्रशस्त प्रकृति बांधवानो हेतु थाय माटे तजवा योग्य छे. धर्म अर्थी पुरुषने वक्रतानो त्याग करी सरळ न्नावे वर्त्तवुं एज श्रेय छे, कल्याणकारी छे. एम सरळवृत्तिए थया तेहने आत्मानंदी कहीए (१०)

हवे अगीआरमुं लक्षण अनुन्नवज्ञान एटले मतिश्रुतज्ञाननुं कार्य एज अनुन्नवज्ञान छे अने केवळज्ञाननुं कारण एटले हेतु एज अवनुन्न ज्ञान छे. वली मतिश्रुतज्ञाननो उत्तर न्नावी अने केवळज्ञाननो पूर्व न्नावी एज अनुन्नवज्ञान छे. द्रष्टांत जेम सूर्य छे तेम केवळज्ञान छे अने सूर्योदय थता पहेलां सूर्यमंम्ळथी रक्ततारूप प्रकाशनी सदृश्य निकट वृत्तिए जेम अरुण देखाय छे ते द्रष्टांते अनुन्नव छे एटले साक्षात् वस्तु स्वरुपनुं जाणवुं उपयोग द्रष्टिए प्रत्यक्ष करतळवत करवुं. प्रत्यक्ष प्रमाणे निरधार करवो ते अनुन्नव ज्ञानथी थाय पण जीनागम एटले सूत्रसिद्धांत अने सिद्धांतनी निश्राए ग्रंथो वली अन्य दर्शनीनां सर्वे शास्त्र तेनो व्यापार एटले उद्यम करतां न्नणतां, वांचतां, जोतां धारतां, निर्णय न थाय कारण के जे शास्त्र छे ते कार्यसिद्धिनी दिशाने बतावे छे. वली वस्तुस्वरूपने अनुकुळ जे बोध तेनी प्रवृत्तिनो विधि तेनुं निमित्तमात्र कथन करे छे. जेमके पूर्व दिशानी सामी पश्चिम दिशा छे. एम सूचवे छे.

वळी श्रोता जनोने, जागृत करे छे. परंतु चतुर्गतिसंसार भ्रमण टाळी निर्वाण पद जे निज स्वरुप शुद्ध चेतननुं पामवुं ते, अनुभवगम्य छे एटले इंद्रियज्ञानथी अतिंद्री आत्मस्वरुप स्पर्शीत बोध न थाय अनुभवज्ञाने थाय. माटे १०० सो शास्त्रनी युक्तिओथी पण अतिंद्रिपरब्रमनुं ज्ञान थतुं नथी. एम महोपाध्याय यशोविजयजी ज्ञानसार ग्रंथे छवीसमा अनुभवाष्टके कहे छे. माटे हे भवभीरु भाइओ तमारे जो मोक्षना सुखनी चाहना होय तो, अनुभव ज्ञाननो खप करो अने इंद्रीओ संगे पोताना आत्मानी चेतना एक्यतापणे खीरनीरना द्रष्टांते पुद्गळ मिश्रित अनादि संबंधे छे. तेहने अनुभवरूप चांच एटले ज्ञान योगनी स्फुरणाए करीने पलटावी घटंतर वृत्तिए स्वरूपे सहज भावे परिणमावो अने मनयोगने अंतःभुवने ज्ञान खीले अने समाधि दोरडे बांधो एटले अनुभवज्ञान ज्योति, अति प्रकाशकर्त्ता, अनुभव भुवने उदय पामशे तीहां पोतानो आत्मा शिवरूप छे. वळी मग्न छे. एटले ज्ञानामृते परिपूर्ण भरेलो सागर छे. वळी सागरने विषे थळभूमी द्रष्टिगोचर न आवे अने जळ आवे तेम अनुभव सागरने विषे, वर्णादि पुद्गळ द्रष्टिगोचर न आवे. वस्तुना तत्वनी गवेषणा उद्योतमय परपाटी ज्ञान आवे एम छे एटले खुल्लो आकाश प्रथुल सपाट उद्योतमय छे, ते ज्ञानामृत सागरमां स्थिर थयेला ते मग्न कहेवाय एटले आत्माना अनंता गुण छे अने गुणगुणनो स्वभाव भिन्न एटले जुदो जुदो छे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ज्ञाननो जाणवापणे, दर्शननो देखवापणे, चारित्रनो स्थिरतापणे, वीर्यनो स्फुरणाशक्तिए एम अनंतागुण पोतपोताना स्वन्नाव धर्मे वर्ते पण एक बीजामां प्रवर्ते नही. तेने सिद्धांती स्थिर कहेछे. मग्न कहेछे वली ए पुरुषोने अव्याबाध सुखनो अंश प्रगट थयो छे ! ध्यानगत परमानंदनी लहेरमां मग्न छे ए सुखनुं वर्णन सर्वज्ञ प्रत्यक्ष हजारो जीव्हाथी कहेवाने पोताना आयुष्यनी पूर्णताए पण अशक्त छे एम महोपाध्याय यशोविजयजी ज्ञानसार ग्रंथे बीजा मग्नाष्टके कहे छे. माटे चतुर्गति न्रमण टाली जन्म, जरा अने मरणना दुःखथी रहित थइ अजरामर मोक्षपदे अव्याबाध सुख पामवाने एक अद्वितीय अनुन्नवज्ञान एज कारण छे. तेने पाम्यां आत्मानंदी कहीए. (११) कह्युं छे अनुन्नवाष्टके.

श्लोक.

संध्येव दिनरात्रीभ्यां केवलश्रुतयोः पृथक्<br>
बुधैरनुन्नवो दृष्टः केवलार्कारुणोदयः ॥ १ ॥<br>
व्यापारः सर्वशास्त्राणाम् दिक् प्रदर्शनमेव हि<br>
पारं तु प्रापयत्ये कोऽनुन्नवो न्नव वारिधेः ॥ २॥<br>
अतींद्रियं परब्रह्म विशुद्धानुन्नवं विना ॥<br>
शास्त्रयुक्ति शतेनापि न गम्यं यद्बुधाजगुः ॥ ३॥

मग्नताष्टके.

प्रत्याहृत्ये न्द्रियव्यूहं समाधाय मनोनिजम् ॥

दधच्चिन्मात्र विश्रांति मग्न इत्यभिधीयते ॥ १ ॥
यस्य ज्ञान सुधासिंधौ परब्रह्मणि मग्नता ॥
विषयांतर संचारस्तस्य हाला हलोपमः ॥ २ ॥
स्वभाव सुख मग्नस्य जगत्तत्वावलोकिनः
कर्तृत्वं नान्यभावानां साक्षित्व मवशिष्यते ॥ ३ ॥
ज्ञान मग्नस्य यच्छर्म तद्वक्तुं नैवशक्यते ॥
नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चंदनद्रवैः ॥ ६ ॥
शमशैत्य पुषोयस्य विप्रुषोऽपि महाकथा ॥
किंस्तु मोज्ञान पीयूषे तत्र सर्वांग मग्नता ॥ ७ ॥
यस्यदृष्टिः कृपावृष्टिर्गिरः शमसुधाकिरः ॥
तस्मैनमः शुभ्र ज्ञान ध्यान मग्नाय योगिने ॥ ८ ॥

इहां आत्मानंदीनो अधिकार समाप्त.

हवे वली निश्चयनयनी मुख्यताए धर्मप्रवर्तन कहे छे,

श्लोक.

अविरोध मनुद्वेगं ॥ शमभावं चलाचलं॥
अहंममत्व परित्यक्तं ॥ अकर्मकर्म उच्यते ॥ १ ॥

अर्थः—निश्चयनयमां दृष्टि करवावाला पुरुषोत्तमनी क्रिया केवी होय ते प्रत्ये गवेषे छे अविरोध कहेतां कोइ जीव साथे विरोध चिंतवे नही वली करे नही. एटले विरोध करवानुं मुख्य कारण जोइए तो एक मान अने बीजुं लोभ ए बे छे. एटले जीहां पोतानुं मान खंडित

थाय, वा लोज्नमां उंबाश थाय, तीहां विरोधनो संन्नव आवे; ए बे प्रकृतिने जेणे पूंठ दीधी ठे. एटले पूंठ दीधी एम क्यारे जाणीए के जे पुरुषो पोताना तद्गत आत्मस्वरुपना चिंतक ठे. सत्ताए रहेली ज्ञानादि अनंता गुण अने अव्याबाधादि अनंता पर्याय तद्रूप ऋद्धिना जाण ठे. परंतु क्षायक न्नावे ए ऋद्धिनी प्रगटताना अन्नावे पोताना आत्मानी लघुता न्नावे हानि चिंतवे तीहां माननो असंन्नवठे. वली देवेंद्र नरेंद्रादि पदनी इंद्रि नोइंद्रिजनित जे विषय सुखनी हेतुन्नूत एवी तेमना ऐश्वर्यपणानी पुद्गलीक विनाशिक ऋद्धिनी ठकुराइ तेने जे पुरुषो अलच्छी माने तीहां लोज्ननो असंन्नव ठे. वली सर्व जीवराशीने सत्ताए सरखा सिद्धना बरोबरीआ स्वजाति जाणीने स्वामीत्व संबंधे मैत्री न्नावना न्नावे ठे. तेमनुं न्नलुं चिंतवे ठे ते पुरुषोत्तम विरोधि न्नावथी विमुख ठे. तेमने अविरोधी कहीए वली ए पुरुषोत्तम केवा ठे तो मनुद्वेग कहेतां उद्वेग पामे नही. एटले उद्वेग पामवानुं कारण ए ठे के जेणे पोतानी कायाने पोतापणे जीव मान्यो ठे. वळी सज्जन कुटुंबादिने पोतानुं मान्युं ठे, वळी धन, दोलत, राजमहेल, राजऋद्धिने मारी मानीठे ते जीवने ए ऋद्धिनी हानि थाय, विनाश थाय, तेथी उद्वेगता आवे, संताप करे, हुं निर्धन थइ गयो दारिद्र अवस्थाने पाम्यो, न्निक्षुकवत कंगाल थइ गयो, आशुं थइ गयुं, एम आर्त्तध्याननो ध्याता थाय, तेने उद्वेग कहीए; परंतु जेणे एक पोतानो आत्मा,



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ज्ञान, दर्शनादि गुणे युक्त शाश्वतो, एज मारो एम जाएयुं बे, सद्दह्युं बे, वळी ए शिवाय जे बीजुं अन्य प्राप्त थयुं ते पूर्वकृत कर्मयोगे अने उदय संयोगे मल्युं, ते बाह्यन्नाव बे, मारी ने एनी वस्तुगते जुदाइ बे, ए संयोग संबंधने पोतानो मानीने में आ संसार चतुर्गतिभ्रमणचक्रमां न्नमतां थकां, अनंतां पुद्गल परावर्त्त पूर्वे कीधां, नर्कनिगोदनां अनंतां छुःख, असंख्यातो, अनंतो काळ पर्यंत सह्यां, वळी फरी फरी दुःखनी परंपरा पाम्यो, तेनुं मुळ कारण ए बे के में परने पोतानुं अज्ञानपणे, वळी अणान्नोग मिथ्यात्वे अनादि संबंधे मान्युं, बीजुं नथी, वळी शुं जाणीए के हे चेतन मिथ्यात्ववशे तुं तारा ज्ञानदर्शन तद्रूप बोधने गमावीश, अने फरीथी पाछुं परने पोतानुं मानीश, तो चतुर्गति न्नवचक्रमां भ्रमण करतां थकां अनंतां दुःखनी परंपरा पुनरपी नर्क नीगोदआदि गतिने विषे पामीश अने नर्कना दुःखनो विपाक तो अति कटुक, ते इहां वर्णववा बेसीये तो ग्रंथ गौरव थइ जाय, माटे हे न्नवन्नीरु न्नाइयो तमे सिद्धांतथी वा, सद्गुरुना उपदेशथी जाणी लेजो अने निगोदनुं दुःख तो सातमी नरके एक पाथमो बे अने तेमां पांच नर्कावासा बे. तेमां वचलो, अपेठाण नामा नर्कावासमां सर्वोपरी अनंतगुणी अधिक वेदना बे ते दुःखना वर्ग करीए, तेने वळी अनंतगुणो करीए, एम अनंती रासीए निगोदीयो जीव अव्यक्तव्यपणे, अनादि संबंधे छुःख न्नोगवे ते दुःखनो विरहकाळ एक समय मात्र पण निगोदमां



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नर्थी अने नर्कमां तो, तीर्थंकर भगवाननां कल्याणक अवसरे जीवअंतरमुहूर्त्त सातावेदे एटलो दुःखना विरहकाळनोसंभव नर्कमां छे, वळी नर्कमां.तो कोइक जीव समकित पण पामे माटे निगोदनी अपेक्षाए तो नर्क सारी छे; पण बेहु गतियो दुःखमयी छे. तेनुं मूळ कारण ए छे के पोतानो तत्व न जाण्यो अने परने पोतानुं मान्युं, माटे हे चेतन! हवे समज अने तुं तारा तत्व उपर दृष्टि कर, ने पर उपरथी पोतापणानी दृष्टि टाळ अने हवे पोताना तत्वने भुलीश नहि. ने परने विषे पोतापणानी बुद्धि करीश नहि, एम अनुभव युक्त परिपक्व ज्ञानयोगने घटंतर वृत्तिए क्षय उपशम भावनी सहाय मलवाथी योतिरूप प्रकाश (उद्योत) कर्त्ता, सहजभावे थयो छे जेने, ते पुरुषोत्तम उद्वेग केम पामे. अर्थात् नहि पामे; समभावं कहेतां एक पोताना स्वभावे थया, एटले स्वभावे थया एम क्यारे जाणीए के, शुभाशुभ बंन्ने वस्तुने विषे समदृष्टिए जोनारा एटले शुभाशुभमां दृष्टि नहीं करवावाळा तेनो रहस्य एम छे के जे पुरुषो मोहित छे ते मनोज्ञ रुपा पूद्गल तेनी अभिलाषा करे छे तेनुं नाम विभाव छे ए विभावनो नाश थयो छे इच्छानो रोध थयो छे जेने एटले निर्मोह वृत्ति थइ छे, उपयोग दृष्टि पोताना सहज भावमां स्थापी छे. तेने समभाव कहीए.

चळाचळं कहेतां जे मननी चपळता ते नाश पामी छे जे पुरुषोत्तमनी, एटले मन जोग ने अंतरगत, मनन भुवन छे, तीहां ज्ञानरूप खीले अने समाधीरूप दोरडे

बांध्यो छे तेथी निश्चल थया छे; अहं ममत्व कहेतां जे हुंने मारुं, आ संसारमां लागी रह्युं छे, ए मोहनी छाक छे, एटले हुं शब्दे पोतानी काया अने कायाथी बीजो जेटलो संबंध, कंचन कामनी आदे राजरिद्धि, जे प्राप्त थइ ते मारी वळी ते वस्तुने विषे, पोतापणानो ममत्व छे; परित्यक्तं कहेतां ते अहंपणाना ममत्वनो त्याग कर्यो छे जेणे, एटले त्याग तो कर्यो पण केवी रीते कर्यो के, अज्ञान द्रष्टिए नहि ज्ञानद्रष्टिए कर्यो छे अज्ञानद्रष्टिए तो सिद्धांतमां कहे छे के, मेरु पर्वत जेटला, उंघा मुहपत्ति, कंचन कामिनीनो त्याग करीने ग्रहण कर्या पण समकितनी स्पर्शना थइ नही अने संसार खुटयो नही. तेनुं कारण ए छे के, त्याग करी छोडी तो खरी, निर्ग्रंथ थया, पण परवस्तुथी मारापणो अनादि संबंधे संज्ञाए चाल्यो आवे छे. तेहने छेद्यो नथी, एटले तद्गत आत्माने उपयोगगोचर द्रष्टि प्रत्यक्ष कर्यो नथी तीहां सुधी, परवस्तु मारी नथी. परवस्तुनो हुं स्वामी नथी. एम निर्णय न थयो अने छोडे ते कांतो दुःखगर्भित त्याग छे. अने कांतो मोहगर्भित त्याग छे. पण ज्ञान गर्भित त्याग नथी, ज्ञानगर्भित त्याग तो एम छे के, स्वपर विभाग व्हेंची परवस्तु परपणे जाणी पोताना आत्माना विषे नास्तिभावे रही छे तेनो हुं स्वामी नथी. जे मारुं छे ते मारी पासे छे. मारा स्वरुपमां तो कोइ वस्तु त्यागवा योग्य नथी. तेम मारा आत्माथी जे अन्य वस्तु छे. तेमांथी मारे कोइ वस्तु ग्रहवा योग्य पण नथी. कह्युं छे समाधिशतकेः–

दुहा.

ग्रहण अयोग्य ग्रहै नही ॥ ग्रह्यो न गेमै जेह ॥
जानै सर्व स्वभावने ॥ स्वपर प्रकाशक तेह ॥१७॥
त्याग ग्रहण बाहिर करै ॥ मूढ कुशळ अंतरंग ॥
बाहिर अंतर सिद्धकू ॥ नहीं त्याग औरसंग ॥४६॥

एम जाणीने पोतानी वस्तुए संतोषी थया तेमने निश्चयथी त्याग कहीए. वली तेमनेज निर्ग्रंथ कहीए. अ-कर्म कहेतां कर्मशब्दनो अर्थ क्रिया छे. ते अकार शब्दे बाह्य भावे नहीं करवी तेने अकर्म कहीए. एटले विरोध नही करवो. उद्वेग नही करवो इच्छा वांछा मोहवशे थाय ते नही करवी मननी चपळ वृत्तिए दूर्ध्याननो ध्याता थाय ते नही करवुं अहं ममत्व नही करवो एम नही करवानुं कह्युं तेज कर्म उच्यते कहेतां तेने निर्ग्रंथ पदनी वली संवरभावनी अने मोक्ष पंथनी अनुकुळ हेतु शुद्ध प्रवृत्तिरूप क्रिया कहीए एटले निर्ग्रंथ पदनी बाह्य भावमां अकरवापणे करणी छे. एम उच्यते कहेतां आ-त्मज्ञानी महात्मा पुरुषो कहे छे (१) वली कह्युं छे

बाह्यवृत्तिये गुणठाणे चढवुं, तेतो जम्ना भामा ॥
संयम श्रेणि शिखर चढावे, अंतरंग परिणामारे ॥
लोगा भोळविया मत भुलो०

वळी परमानंद पच्चीसीए,--



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्लोक.

उत्तम आत्म चिंता च, मोह चिंता च मध्यमा ॥
अधम काम चिंताय; पराचिंताऽधमाधमा ॥ १ ॥

अर्थ—उत्तम आत्म चिंताच. कहेतां जे आत्मस्वरुपनी चिंता एटले चिंतवणा करवी. गवेषणा करवी, ते चिंतवणा बाह्यवृत्तिमां नथी त्यारे क्यां छे. तो अंतरवृत्तिए छे तिहां पण मनयोगस्थिरता पामे त्यारे चिंतवणा शक्ति आवे, एम करतां करतां अभ्यासे करीने, मन स्थिर थाय अने क्षय उपशम भावनी सहाय मले तो तद्गत स्वरुपे ज्ञानज्योति उद्योत प्रकाश अनुभव भुवने करे ए अनुभव भुवन केवुं छे. तो, सामो भित प्रमुख आडो पडदो नथी घणो मोटो सपाट बगीचो एवो खुल्लो आकाश, जेम सूर्यना तेजे करी प्रकाशित होय ए द्रष्टांते अंतरगत अनुभव भुवनमां ज्ञानज्योतिए प्रकाशित, अति उद्योत कर्त्ता एवुं अनुभव भूवन छे तिहां चिंतवणा अनुभव बळे अपूर्व प्रगटे एटले ध्यानगत भेदज्ञाने, एक पछी बीजो एम विचाररूप अनुभव धारा तत्वनो निर्णय करवारुप, परिपाटि चाले तेमां पृच्छा करवानी तर्क पण करवी रहे नहीं. एम अशंकित निरधार वस्तुने विषे वस्तुपणानो करवानुं एज एक अनुभव भुवन छे वळी अनुभवनी धोड केवी छे के जेम रेलवेनी धोड छे तेम अनुभवनी एटले तत्वनी गवेषणानी धोड छे; अरुपि आत्माने द्दष्टिगोचर करवानुं एक एही अपूर्व स्थान छे. ए अनुभवना भावने जाण-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वाना अर्थे इहां त्रण सवैया लखीए छीए तेथी हे तत्वबो-
धना अर्थि नाइओ तमे अनुनवनो खप करजो.

सवैया एकतीसा

मनसो अचळ रहे ज्ञान ध्यान तहे तहे.
रहे स्थिर थइने अनुनव सो रंग है
पांचु इंद्रीथी चळे चेतना इहां न मळे
मळे अनुनव स्थळे सही सहज नाव है
अनुनवे अति घणुं धारणा सो एक अणुं
अनुनव गये गणुं अंतह करण है
लाठ्यो पाछो आवे नही आवे मनस्थिर तही
रहे न उपाधि मही शिव खुल्लो खेत है (१)
अनंत गुणोमां आगु ज्ञानने दर्शन जागु
अनुनव थाय लागु स्वरूप रमण है
तिक्षण धारा न टूटे मोहनो खजानो खुटे
शुनाशुन बंध छूटे सो अशुद्दवान है
शुद्धको स्थापन सही देखे परत्यक्ष अहीं
मन जोग स्थिर तही खुल्लो खेल तान है
असंकित वात एही गति रेखवेल तेही.
थोभाव्यो सो थोने सही अंतः सो स्थिर है(२)
सहज स्वनावे आवे जडतासें खसी जावे
अनेक चतु मिलावे एसो घटंतर है



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आतम ग्यान ध्यान सो आतम धर्मवान सो
परम पद सांन सो देख्यो अनुभव है
सित गया आणे छे अमृत भक्त भाणे छे
अनुभवी सो जाणे छे एन आवे वचन है
वंदना हमारी सदा रीझसु आवसो जदा
ज्ञान शीतळ तदा मित्र प्रमोदित है (३)

एम आत्म चिंता एटले आत्मस्वरुपनी चिंतवणा करवी, वस्तुगते वस्तुपणानो निरधार करवो ते अनुभवगम्य छे अने अनुभवनी जेने प्राप्ती थइ ते उत्तम कहेतां पुरुषोत्तम छे; मोहचिंताच, कहेतां जे पुरुषे, सप्रविभाग वहेंची आत्मस्वरूप चिंतवी, अनुभवीने ग्रंथिभेदपूर्वक समकित प्रगट कर्युं छे, यथार्थ श्रद्धा करी छे, वस्तुने विषे वस्तुपणानो निरधार थयो छे, वळी संसारने असार जाणी, छोडीने, अणगार थया छे ते छतां पोतानुं वीर्य तद्गत सहज भावमां वृद्धिए स्फूर्णा न पामे; अने परभवे देवलोकादि ऋद्धिनुं पामवुं इत्यादि मनोज्ञ भोगनी इच्छा मोहीत थका करे, तेवा पुरुषने मध्यम कहीए; अधम काम चिंताच, कहेतां उपर कह्युं ए प्रमाणे समकित मूळ सर्व विरति थया छे, ते छतां कर्मनी विचित्र गति छे, अने उदय महा बळवान छे, तेथी करीने, कंदर्पने एटले काम चिन्हने उपशम करवानी बुद्धिए, आकरी तपस्या करतां छतां पण न शम्यो अने व्याकुळतानो पराभव क्षीण न थयो



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

एम करतां कारण पण उदय पूर्वक तेवुंज मली आव्युं तेथी करीने लिंगथी भ्रष्ट थया अने स्त्री संगे विषयभोग करे, पण समकितनी, ज्ञाननी, यथार्थ साबिती छे, गुमाव्युं नथी ते पुरुषने अधम कहीए, कारण के जो ए वेद अग्नि, कर्म क्षीण होवाथी; शांत थाय तो पाछुं पुनरपि एज भवे संयम ग्रहण करीने, निरतिचार चारित्र पाळी, तद्गतभावे, वीर्यनी स्फूरणा पामे तो यावत् सिद्धि पण वरे; नहि तो जे गतिनुं आयुष्य बांधे ते गतिमां जाय, पण ए अंते मोक्ष-गामी छे, माटे अधमाधम न कह्यो. परचिंता कहेतां पर जे तन, धनादि तेना बे भेद, एक अशुभ अने बीजी शुभ एटले वस्तुगते आत्मा जुदो छे अने तन, धनादि जुदुं छे, तेने जुदुं न जाणे अने कायाने जीव समजे, वळी सज्जन कुंटुंबादि राजऋद्धिने पोतानी समजे, तेना वास्ते पापस्थान सेवे अने परिग्रहने निधान माने. आर्त्त, रौद्रध्याननो ध्याता, वस्तुना स्वरूपनो अजाण, तत्वथी विमुख, रात्रीभो-जननो कर्त्ता इत्यादि अशुभ चिंतानो कर्त्ता, ए पहेलो भेद कह्यो.

हवे बीजो शुभ चिंता, तेना बे भेद, आरोप शुभ, अने अणारोप शुभ, अणारोप शुभ तो, सम्यक्ज्ञानीना घेर संभवे, ते इहां न लाधे हवे आरोप शुभना बे भेद एक सामान्य, बीजो विशेष सामान्य आरोपित शुभ तो ए छे के गुरुमहाराजने वांदे वळी सामान्य प्रकारे विनय साचवे, जीनबिंबनां दर्शन करे, तीर्थयात्रा करे दिन दुःखी-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

यांनी अनुकंपा करे इत्यादि ए सामान्य आरोपीत शुभनो प्रथम भेद कह्यो. हवे विशेष आरोपित शुभ तो ए छे के दुःखगर्भित मोहगर्भित वैराग्य पामीने, संसार त्याग करी, निर्ग्रंथथाय, पंचमहाव्रत आदे, चरणसित्तरीअने पडिलेहण आदे करणसित्तरीनो ग्राहक थाय, शक्ति पूर्वक तप करे, पोताना क्षय उपशम पूर्वक भणे, गुरुवादिक वगेरानो विनय वैयावच्च करे, पुन्यने भलुं जाणे, परंतु जीहां सुधी पोताना आत्माने कायाथी जुदो जाण्यो, (अनुभव्यो) नथी तिहां सुधी ए शुभाशुभ चिंतानो कर्त्ता जड जीव छे. तेने परचिंता कहिए. धमाधमा कहेतां एम परचिंतानो कर्त्ता ते जीवने अधममां अधम कहीए. कारण के भगवतीजीना पहेला शतकना बीजा उद्देशे, नवमा ग्रैवेयकना ग्राहक सर्व विरति साधुने वीर परमात्माए, वळी गणधर महाराजे असंयति कहीने बोलाव्या छे, वळी तीहां सुधी जवानी योग्यता तो मिथ्यात्वी भवी अने अभवी बेहुमां पण कही छे, वळी परने पोतानुं मानवुं एज अज्ञान, अने एज मिथ्यात्व छे, वळी संथारा पोरसिमां पण कह्युं छेः—

संयोग मूला जीवेण, पत्ता दूःख परंपरा,
तम्हा संयोग संबंधं, सव्वं तिविहेण वोसिरियं ॥१३॥

अर्थः—संयोग कहेतां पूर्वकृत कर्मयोगे अने उदय संजोगे जे वस्तु प्राप्त थइ ते वस्तु जीवने पर छे, तेने विषे एकांते पोतापणानी बुद्धि एज दुःखनी परंपरा पामवानुं मूळ कारण



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. હા! હા! ઇતિ ખેદે ચેતન થઇને અચેતનની બુદ્ધિ રાખે છે, માટે આ શ્લોકમાં પરચિંતાના કર્ત્તાને અધમમાં અધમ કહ્યા, તે યથાસ્થિત છે.

અધ્યાત્મ સાર ગ્રંથે,—

શ્લોક

या निश्चे कलीनानां, क्रियानाति प्रयोजना ॥
व्यवहार दशा स्थानानां, ता एवाति गुणावहा ॥१९॥

અર્થઃ—જે મુનીશ્વરનું મન નિશ્ચય પોતાના સ્વરૂપમાં લિન થયું અને સ્વરૂપ ઓળખાણ કરી તેમાંજ રમેછે તેવા મુનીશ્વરને બાહ્ય વ્યવહાર પ્રમુખ ક્રિયા કરવાનું કંઇ પ્રયોજન નથી. જેને મોક્ષની અભિલાષા છે તેને ક્રિયાની કાંઇ જરુર નથી અને જે જ્ઞાનદશા પામ્યા નથી તેને વ્યવહાર ક્રિયાનો ખપ છે. કેમકે તે થકી શુભ કર્મ ઉપાર્જે. પણ મુક્તિ હેતુ ન થાય. ( ૧૯ )

आवश्यकादि रागेण, वात्सल्याज्जगत्रजिरा ॥
प्राप्नोति स्वर्ग सौख्यानि न याति परमं पदं ॥४॥

અર્થઃ—આવશ્યકાદિ રાગેણ કહેતાં પ્રતિક્રમણ પ્રમુખ ક્રિયાને વિષે અથવા ઉપવાસાદિ તપને વિષે રાગ છે. વલી જિનવાણી સાંભલવાનો રાગ છે એટલે પરમાત્મા ભાષિત અથવા પરમાત્માના માર્ગ અનુસારી એટલે સૂત્રસિદ્ધાંત ગ્રંથ પ્રકરણાદિ સાંભળવાનો રાગ છે તે સર્વને શુભરાગ કહીએ તે થકી સ્વર્ગનાં સુખ પામે પણ તેથી પરમં પદં

कहेतां परमनाम उत्कृष्ट पद जे आत्माने कर्मथी मुकाववुं तेने मुक्ति पद कहीए. ते न याति कहेतां न पामे. इहां कहेवानो सार एटलो छे जे बाह्य क्रिया जोगे संसार अने अंतर क्रिया जोग मोक्ष ए वात निःसंदेह छे, हवे जेथी मोक्ष सुख मले ते कहे छे. (४)

ज्ञान योगस्तपः शुद्धमात्मरत्येक लक्षणं
इंद्रियार्थोन्मनीभावात्स मोक्ष सुख साधकः ॥५॥

अर्थः—ज्ञान आत्मा ज्ञान योग धारण करे छे, ते ज्ञान योगना बे भेद एक भेदज्ञानयोग अने बीजो अभेद ज्ञानयोग तेमां पहेलो भेद ज्ञानयोग छे. तेना बे भेद एक कृत्रिम अने बीजो अकृत्रिम. तेमां कृत्रिम भेदज्ञान छे ते चोथा गुणठाणाथी सातमा गुणठाणा सुधी अंतरमां अनुभव छे. ते कृत्रिम जाणवो परंतु क्षयोपशम भावनो छे. ते उछाळा खातो रहे छे. एटले परसंगथी छुटी शकतो नथी. परंतु तत्वातत्वनो विचार करे, वळी द्रव्य गुण पर्यायनो विचार करे, आत्माना त्रण भेद चिंतवे, बहिरात्मा, अंतर आत्मा अने परमात्मा अथवा नयनिक्षेपपक्ष प्रमाण विचारे. इत्यादि स्वरूपे कृत्रिम अनुभव ए पहेलो भेद, ते कह्यो. हवे बीजो भेद अकृत्रिम भेदज्ञानतो ते आठमा गुणठाणाथी श्रेणिगते आवे. इहां उछाळानो संभव नथी वळी प्रसंग वृत्ति नथी, ज्ञान तो क्षयउपशम भावनुं छे, परंतु अतिविशुद्धि भावने पामेलुं घणुं निर्मळ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

छे, उपयोग तिक्ष्ण छे, इहां एक पोताना द्रव्यनो विचार भेद अपेक्षाए छे, परपक्षनो ग्राहक नथी, पोतानुं मुल-स्वरूप प्रत्यक्ष रीते, स्याद्वादपक्षनी ऐक्यतापणे स्वभाव-वृत्तिए अनुभवे छे, ते अकृत्रिम भेद ज्ञान योग साधननो बीजो भेद ते कह्यो, इहां समजुनो तर्क थशे जे, केवळ ज्ञाननो अनुभव ते अकृत्रिम छे, बाकीनो अनुभव ते कृतिम कहेवाय. कारण के अनुक्रमे अनुभव थाय तेनो उत्तर. जे केवळज्ञान छे ते क्षायक भावनुं निरावरण, आव रण रहित छे.ते सर्वथी अकृत्रिम अनुभव करे, अने श्रेणिगते भेदज्ञान छे ते कृत्रिम कह्युं, परंतु देशथी अकृत्रिम छे, कारण के चेतन पोताना स्वभावे थयो त्यां ज्ञाननो अरूपी विषय छे, वळी सहजभावे पर्याय धर्मनी शुद्ध प्रवृत्ति छे, ते पुरूषने अशुभोदय जोगे कदाच कोइ घाणीमां घालीने पीले, अ-थवा खाल उतारे, अथवा माथे अग्नि सींचे, इत्यादि घणुं कष्ट करे, यावत् प्राण रहित करे तोपण पोताना स्व-रूपथी चूके नहि. अने जे दुःख वेदे नहि तेनो अनुभव ते अकृत्रिम जाणवो. ए भेदज्ञान साधनयोगनो बीजो भेद ते कह्यो. हवे अभेद ज्ञानयोग ते दशमा गुणठाणाना अंते एटले छेल्ले बारमा गुणठाणे आवे, तेमां अभदे पक्ष चिंतवे, ते गुणपर्यायमय आत्मा, एटले ज्ञानादि गुण आत्मा थकी जुदा नथी, एकत्व छे, इहां भेदनो छेद थयो, असत्य कल्पना टळी ज्ञान, दर्शन, चारित्र तेहीज आत्मा, एटले कंचननु भारेपणुं,पिळाशपणुं,चिकाशपणुं ते कांइ कंच-

नथी जुदुं नथी जुदुं कहीए ते कल्पना कहेवाय, तेम आत्मा अने आत्माना गुणपर्याय ते कंइ जुदा नथी, एटले भिन्न नथी, अभिन्न छे; इहां मोहनुं तथा अशुद्ध परिणति, जे रागद्वेष तेनुं उन्मूलन दशमा गुणठाणा अंते थयुं, अने वितरागभावे बारमा गुणस्थाने यथाख्यात चारित्र, शुद्ध परिणति प्रगटयुं, वली ज्ञानावर्णि, दर्शनावर्णि, अने अंतराय ए त्रण कर्मनो वीतरागभावे बारमा गुणठाणा अंते क्षय थयो. त्यां केवळज्ञान, केवळदर्शन प्रगटयुं, ए अभेदज्ञान योग साधन ते कह्यो, ए रीते भेदज्ञान, तथा अभेदज्ञानयोगे आत्दाने स्वरूप रमण करवुं, गुणवृतिए कर्त्ता भोक्ता पोतानो आत्मा छे अने परभावनुं त्यागपणुंछे. तेने आत्मयोग कहीए. एटले इहां बाह्यथी लोचवुं, मुंडवुं, वेष धारण करवुं इत्यादिकने योग कहेवाय नहि, ए तो बाह्ययोगछे. पण मुक्तिमार्ग साधवानो तो आ एक अंतर्गत ज्ञानयोग छे, ते ज्ञानयोगने शुद्ध तप कहिए, एटले सर्व कर्मनो नाशकर्त्ता एक ज्ञान छे. कह्युं छे योगशास्त्रे,–

श्लोक

प्रणिहंति क्षणार्धेन, साम्यमालंब्य कर्मतत् ॥
यन्नहन्यान्नरस्तीव्र, तपसा जन्मकोटिभिः ॥५१॥

तथा ज्ञानार्णवेः–

यज्जन्म कोटिभिः पापं जयत्यज्ञस्तपोबलात् ।
तद्विज्ञानी क्षणार्द्धेन दहत्यतुल विक्रमः ॥ १८ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वळी श्रीपाळना रासमां चोथा खंडः-

॥ देशनानी ढ.ले. ॥

क्षण अर्धे जे अघ टले, ते न टळे भवनी कोडीरे॥
तपस्या करतां अति घणी, नहीं ज्ञानतणीछे जोडीरे॥
नहीं ज्ञानतणीछे जोडी संवेग गुण पालियें पुण्य-
वंतरे ॥ ३८ ॥

अर्थः-क्षण अर्धे जे अघ टले, कहेतां आत्मज्ञानयोगे अर्धी क्षणमां एटले आंख मीचीने उघाडीए तेने क्षण कहीए, तेना अर्धा भागमां अघ टले एटले पाप कर्म टले, तेटलां पाप कोडि भवो सुधी अति घणी एटले उत्कृष्टि तपस्या करतां पण न टले, ते उत्कृष्टि तपस्या कोने कहीए, के प्रथम तीर्थंकरना वारे बार मासि तप ते उत्कृष्टो कहेवाय ने बाविस जिनना वारे आठमासि तप ते उत्कृष्टो कहेवाय अने वीर स्वामीना छेल्ला तीर्थे छ मासि तप ते उत्कृष्टो कहेवाय, ए प्रमाणे तपस्या करतां भव पुरो करे. एटले जे काळे जेटलुं आयुष्य होय, तेटलुं उपर कह्युं ते प्रमाणे, बाल वय टाळीने तपस्या जोगे पुरुं करे. एम क्रोड भवो सुधी भवोभव तप करे, तोपण ज्ञानी पुरुषने ज्ञानयोगे अर्धी क्षणमां पाप कर्म टले, तेटलां पाप क्रोड भवो सुधी उत्कृष्टि तपस्या करतां पण न टळे ते पापना बे भेद, एक घाती पाप अने बीजुं अघाति पाप, तेमां घाती चउकर्मनी (४५) प्रकृति छे अने अघाती चउक-

मनी अशुन्न (३७) प्रकृति ठे. ए घाती कर्म अघाती बेहुनी मलीने (७२) पाप प्रकृति थइ तेमां जे घाती कर्मनी(४५)प्रकृति कही ते तो एक आत्मज्ञान अने बीजुं आत्मध्यानयोगे निश्चय खपे ए कर्म प्रकृति आत्मप्रदेशथी आत्म ज्ञाने ठेदाय. वळी अघाती कर्मनी(३७)प्रकृति कही ते आत्मज्ञान अने आत्मध्यानयोगे खपती नथी कारण के अघाती कर्मप्रकृति उत्कृष्ट रस जे बांधेली होय ते बहुधा न्नोगववी पके ठे तेमां जे व्यापकपणे न्नोगवे तेने पाठी पुनरपि बंधाय अने ज्ञानध्यानगत व्यापक थइ उदय अव्यापकपणे न्नोगवे तेने निर्जरा थाय पण बंधाय नहि. माटे कर्मनो नाश करवो अने मुक्तिनां सुख लेवां ते तो एक ज्ञानयोगे मळे ते माटे कह्युं के, नहि ज्ञानतणी ठे जोमीरे, एटले ज्ञान गुणनो बरोबरीयो, तप प्रमुख कोइ गुण निर्जरा हेतु नथी, एम सर्व पंमितोनी बोली ठे, माटे ज्ञानयोगने शुद्ध तप जाणवो.

वळी मात्मरत्येक लक्षणं, कहेतां आत्माने रति एटले परमानंद पामवानुं एक ज्ञान एहिज लक्षण ठे. एटले आत्माने ज्ञानयोगे आनंद प्रवर्ते ठे. इंड्रियार्थोन्मनीन्नावा, कहेतां ए ज्ञानयोगी मुनीश्वर ठे ते केवा ठे तो, आ न्नव आश्री, वळी परन्नव आश्री कोइ प्रकारे इंड्रियजनित विषय सुखना तो अर्थी नथी, वळी आ न्नवमां यशकीर्त्तिना वळी बहु मान पामवाना, पुजावाना, मनावाना, तो अर्थी नथी. वळी बहुश्रुतपणानो, तपनो, व्रतनो मद नथी, पांच



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

इंद्रिना ज्ञोग सुखमां रमे नहि, एटले पांच इंद्रिना तेवीस विषयथी अणइच्छाए प्रवर्ते छे, कपट रहित सरळ वृत्ति छे. वळी परन्नव देवगति पामुं, इंद्र थाउं, अथवा इंद्रनो सामानिक थाउं, अथवा चक्रवर्ति, वासुदेव, बलदेव थाउं, राजा थाउं, शेठ शाहुकारनी पदवी पामुं, अथवा पुत्र, कलत्र धनादि पामुं, एवो न्नाव मनमां, ज्ञानयोगी सर्वथा न राखे. वळी आठमा गुणठाणेथी जीननाम कर्म बांधुं, एम पण ज्ञानयोगी चिंतवे नहि; ए पद चोथा ठाणाथी सातमा गुणस्थानक सुधी बंधाय छे अने आठमे गुणठाणे तो जीन नाम कर्मनो बंधविच्छे छे. वळी स्वार्थ सिद्ध विमानना देवनुं सुख पण ज्ञानयोगी इच्छे नहि अने पुन्यने न्नलुं जाणे नहि, ते मोक्ष सुखसाधक कहेतां ते ज्ञानयोगीश्वर मोक्षनां अव्याबाध सुखनो साधक थाय. (५)

ज्ञानसार ग्रंथे, ज्ञानाष्टकेः—

श्लोक.

निर्वाण पदमप्येकं न्नाव्यते यन्मुहुर्मुहुः
तदेवज्ञान मुत्कृष्टं निर्बंधो नास्ति न्नूयसा ॥२॥

अर्थः—निर्वाण पद कहेतां जे पदने विषे जन्म मरण नथी, वळी आधि व्याधि नथी, क्लेश, संताप, आपदा नथी एवुं एक मोक्षपद एटले कर्मनो नाश करवाथी, संपादन करेलुं निज स्वरूप अवस्थान रूप जे पदने निर्वाण पद कहीए. मप्येकं कहेतां ए निज स्वरूपने विषे

उपयोग दृष्टि स्थापी ले जेणे वळी यन्मुहुर्मुहु कहेतां वारंवार " नाव्यते कहेतां " निज स्वरूपने विषे, तन्मय एकत्वपणे, अनेद स्वरूपे परिणाम पामवा पूर्वक उपयोगे अनुनवे ले. तदेव ज्ञान कहेतां तेहीज ज्ञान, मुत्कृष्टं कहेतां उत्कृष्टामां उत्कृष्टुं निज स्वरूप अवस्थान रूप निर्वाण पद पामवाने कारण जाणवुं. पण बीजो निर्बंधो कहेतां इहां आवश्यकादि क्रियानो वा उपवासादि तपनो, वा लोचादि कष्टनो, वा पूजा प्रनावनानो, वा तीर्थ यात्रानो इत्यादि कारणनो आग्रह एटले करवापणानो, निज स्वरूप प्रगट एटले व्यक्ति नावे करवाने अर्थे, नूयसा कहेतां घणुंज, नास्ति कहेतां ए कारणोनुं इहां ज्ञानयोगीश्वर महा मुनिने कंइ प्रयोजन नथी, एक ज्ञानयोगे क्षायक नावनी लब्धि पामीने निर्वाण पद पामे ले. इहां कोइ कहेशे के तमे पण आगळ दश प्रकारनो कल्प व्यवहार प्ररूप्यो ले तेमां आवश्यकादि क्रिया ते महा मुनीनी करणी निर्वाण पद अर्थे कही ले. अने तमे इहां केम ना पाडो लो, तेनो उत्तर त्रीजा श्लोकथी करीए लीए.

**स्वनाव लान संस्कार कारणं ज्ञान मिष्यते ॥**
**ध्यांध्य मात्र मतस्त्वन्यत्तथा चोक्तं महात्मना ॥३॥**

अर्थः—स्वनाव लान कहेतां आत्माना स्वनावमां ज्ञान, दर्शन, चारित्र, वीर्यादि अनंता गुण ले अने एक एक गुणना अनंता पर्याय ले, वळी गुण गुण प्रत्ये निन्न एटले जुदो जुदो स्वनाव आत्मामां रह्यो ले. ते ज्ञाननो जाणवा

रूप, दर्शननो देखवा रूप, चारित्रनो स्थिरता रूप, वीर्यनो स्फुरणा शक्तिए एम अनंता गुण भिन्न व्यक्तिरूप पिंडपणे आत्माने विषे अनादि संबंधे, शक्ति भावे अव्यक्तिरूप निर्लेप रह्या छे. एटले शक्ति भावने आवरण लागे नहि. तेम शक्ति भावथी आत्मानुं कार्य पण सरे नहि, यथा दृष्टांते, जेम काष्टमां शक्ति भावे अग्नि रही छे, ते अग्नि केवी छे के जाज्वल्यमान, दाहक स्वभावमां छे, परंतु ते काष्टने आपणे बाथ भीडीए तेथी ते काष्टमां रहेली अग्नि आपणी टाढने टाळवा शक्तिमान थाय ? अर्थात् न थाय, तेम आत्माने विषे शक्तिभावे धर्म रहेलो चतुर्गति भ्रमण टालवा अर्थे न थाय, परंतु काष्टमां रहेली अग्नि प्रगट व्यक्तिभावे करीए तो टाढनो उपद्रव तरतज टळे, तेम शक्तिभावे आत्माने विषे ज्ञानादि गुण अव्याबाधादि पर्याय रहेला ते ज्ञाने जाणी वीर्य फोरवीने, प्रगट करीए तो चतुर्गतिनुं भ्रमण, जन्म, जरा मरणनां दुःख ते सर्वे टळी जाय, एम जाणवुं. ते आत्माना गुण पर्यायनी व्यक्तिनुं थवुं तेने स्वभाव लाभ कहीए अने संस्कार एटले निज स्वभावे धर्म रहेलो तेने साध्यमां, एटले स्मरण चिंतवन करवामां अनुभववामां, लय पामवामां जे कारण एटले हेतु तेज, द्रव्य ते कहेतां ज्ञान कहेवाय छे, यतः कहेतां ए ज्ञान सिवाय बीजुं जाणवु, जणावबुं, करवुं, करावबुं, ते सर्वे निमित्त कारणमां छे, उपादान कारणनी प्राप्तिवाळाने एटले



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जे पुरुषे यथा प्रवृत्ति आदे त्रण करण करी, कर्म स्थिति घटाडी, ग्रंथि भेद करी समकित प्रगट कर्युं छे, वळी वम्युं नथी, एटले चोथा समकित गुणठाणानी साबिती छे, तेने उपादान कारणनी योग्यता होय ए उपादान कारणने कार्य-पणे प्रवर्त्तावतां एटले उपयोगे जाणवुं, अथवा आवश्यकादि क्रिया आदे करवुं ते सर्वे व्यवहारना न्याये, देश विरति पांचमा अने सर्व विरति छट्टा ए बे गुणठाणे आवस्यकादि क्रिया, साध्य, साधन सापेक्षपणे परंपर कारणमां छे. माटे अमे तीहांज कल्पने निमित्त कारणमां गवेष्यो छे. ते उपा-दान कारणवालाने व्यवहारना न्याये, साध्य सापेक्ष यो-ग्यताए परंपर कारणमां समजवो अने उपादान कारणनी प्रातिना अभावे करवुं, करावबुं सर्वे अकारणमां मात्र बु-द्धिने अंध करनारुं छे. एम केवळ शब्द रणकार मात्र नि-ष्फळ छे. अने जाणवुं, जणाववुं करवुं, करावबुं तेनी सीमा सातमा गुणठाणेथी अटकी उपरांत नथी एटले सातमा गुणठाणा सुधी सालंबन वृत्ति छे. तेमां पण ग्रंथि भेद अ-वसरे तो निरालंबन छे अने सातमा गुणठाणा उपर तो आठमा गुणठाणाथी केवळ निरालंबनपणुं छे तीहांथी दसमा गुणठाणा सुधी भेदज्ञान अने भेदाभेद ज्ञान ध्यानगत् छे. उपरांत अभेदज्ञाननुं साधन छे अने तेरमे गुणठाणे अभे-दज्ञान जे केवळज्ञान, केवळदर्शन आदे क्षायक लब्धिनी पूर्ण प्राप्ति छे. एम महात्मा पुरुषो कहे छे. (३)



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सवैया एकतीसा.

ज्ञान अनुभव भर्यो, सहज स्वरूप वर्यो
चिदानंद गूणागरो राग रस तज्यो है
निरालंबसाऊ नांही. मरणादि भय नांही
देहातित रूपातित यथाख्यात ग्रह्यो है
एही शुद्ध धर्मधारी मोहादि विनाशकारी
महामुनी वीतराग तेरमामां गयो है
अनंत चतुष्टिमां क्षायक दान लाभने
भोगोपभोग वीरीअ, अनंत स्फुरि रह्यो है (१)

अर्थः—ज्ञान कहेतां साकार उपयोगे जीव अजीवादि वस्तुनुं विभाग व्हेंचण करवारूप जाणपणुं तेने ज्ञान कहीए. अनुभव भर्यो कहेतां विभाग व्हेंचणतो ज्ञानथी प्रथम थइ गइ छे कही. एटले पोतानो आत्मा मन वचन अने काया ए त्रण योगथी जुदो छे एम सद्दहणा करवा पूर्वक ज्ञानयोगे श्रद्धा करी छे. वली केवो छे सिद्धनो साधर्मि, सिद्धनो बरोबरीउं छे एम गुणने उळखी चेतनने विषे चेतनपणानी बुद्धि थइ छे. अने अचेतनने विषे चेतनपणानी बुद्धि हती ते टळी छे. तीहां गुणरागीपणे प्रशस्त राग कहीए. ते रागनो प्रेर्यो थको, अंतःकरणे उंडो उतरे तिहां मनन भुवने पोताना आत्माने विषे परमात्मपदनुं आरोपण करीने स्मरण चिंतवन करे. एम करतां करतां अभ्यासे करीने मनयोगे चेतन गुणमां रमण करे. त्यारे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

बाह्यरमण मनयोगने अवलंबन लागे अने निजस्वरूप रमण वल्लभ लागे. तिहां मनयोग स्थंभी जाय त्यारे स्वरूप अनुभव ज्ञान प्रगटे हवे मनयोग ज्ञानरूप खीले बंधाणो एटले अनुभव वृद्धि पामतां, पोतीकुं मूळ स्वरूप उपयोग-गोचर प्रत्यक्ष प्रमाणे करतळवत करे. त्यां सहज स्वरूप कहेतां. पोतानुं सहजभावे स्वरूप छे. तेने वर्यो कहेतां पोते पाम्यो. ए सहज स्वरूप कवुं छे तो चिद् कहेतां ज्ञान ते आनंद कहेतां आनंदोपत छे. तेम आत्माना अनंता गुण छे ते सर्वे गुणो आनंदोपेत छे. एटले गुण गुण प्रत्ये भिन्न व्यक्ति छे अने व्यक्तिने विषे गुण गुणनो आनंद जुदो जुदो छे. एम जाणवुं एटले पोतीका आत्माने विषे अनंत-भेदे आनंदनी प्रगटतानुं एटले क्षय उपशम भावनी लब्धिनुं सुख अनुभव अवसरे आत्मा अनुभवे एटले श्रेणिगते आस्वादे छे. एवुं पोताना आत्मानुं सहज स्वरूप तेने पोते पाम्यो. गुणागरो कहेतां पाम्यो ते आत्मानुं सहज स्वरूप ज्ञानादि अनंता गुणनी खाण छे राग कहेतां राग अने तेनो प्रतिपक्षी जे द्वेष. तेने अशुद्ध परिणति कहीए ते आत्माने विषे अनादि संबंधे छे. रस कहेतां ते रागद्वेषरूप रस आत्माने विषे परिणतिए परिणमी जाय. ते अशुद्ध परिणतिने तज्यो हे कहेतां अनुभव बळे पोतीकुं सहज स्वरूप पामतां ज्ञाननी, वीर्यनी ऐक्यताये भेद छेद रूपे तज्यो. वळी तेनी साथे मोहप-क्षीनुं उन्मूलन कर्युं ए संसारमां उत्पन्न थवानुं एटले



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जन्म मरण करवानुं बीज बळ्युं, तद्भवे मुक्ति पामवी एम निर्भय थयुं. निरालंब कहेतां इहां श्रेणि गते मन वचन अने काया आदे कोइ अचेतन पक्षनुं अवलंबन आतमा गुण ठाणाथी नथी. साऊ नांही कहेतां श्रेणि गते कदाच मरणांत उपसर्ग उदयिकता योगे आवे तोपण अव्यापकपणे दुःख विपाक नही वेदतां कायायोगे सहन करवा सामर्थ्य छे. वली कायाना दुःख सुखनो विभागी श्रेणि गते चेतन नथी. मरणादि भय नांही कहेतां मरण आदे संसारमां भव भमतां सदा सर्वदा अनेक भयनी जीवने भिती एटले बीक छे ते कायामां चेतना इंद्रिय-द्वारे परिणाम पामी छे. तीहां सुधी जाणवी परंतु श्रेणि गते चेतन अनंत वीर्यनो धणी छे. ते वीर्यनी स्फुरणायोगे पोतीकी चेतनाने कायाथी पलटावी पोतीका स्वरूपे अंतःकरणे अनुभव भूवने परिणमावी छे. तीहां भयनो असंभव जाणवो. देहातित रूपातित कहेतां देह एटले काया अने रूप एटले वर्ण अथवा मूर्त्तिपणुं इत्यादि जरू जाति तेने अचेतन कहीए. तेथी अतित एटले रहित एवुं आत्म जनित यथाख्यात कहेतां क्षायक भावनुं पांचमुं चारित्र अरूपी,अमूर्त्ति,अचळ, अविनाशी एवुं सादि,अनंत भांगो लागे छे जेने ते, चारित्र वली बीजुं नाम वीतराग संयम छे जेनुं, ते ग्रह्यो है कहेतां दशमा गुणठाणाना अंते एटले बारमे गुणठाणे ग्रह्युं छे जेणे, सोही कहेतां तेही पुरुष शुद्ध कहेतां शुद्ध परिणतिए एटले वीतराग परिण-

तिए, धर्मधारी कहेतां क्षायक नावे गुणने धारण करवावाला जाणवा. मोहादि विनाशकारी कहेतां मोहनो तो दशमा गुणठाणाना अंते पूर्वे ध्वंस कर्यो कह्यो ठे अने आदि शब्दथी इहां क्षिण मोह बारमा गुणठाणाना अंते ज्ञानावरणी दर्शनावरणी अने अंतराय ए त्रण कर्मने संलग्न एके काळे विनाश एटले क्षय कर्यो. तीहां गुण घाति चारे कर्मनी सत्ता आत्मप्रदेशथी खुटी, ए चार कर्मनी अपेक्षाए आत्मप्रदेश नीरावरण थया महामुनि कहेतां उत्कृष्टामां उत्कृष्टा वीतराग कहेतां रागद्वेष रहित थका तेरमामां कहेतां तेरमा सयोगी केवळी गुणठाणामां गया है कहेतां अरिहंत पदमां प्रयाण कर्युं, अनंत चतुष्टयी कहेतां. केवळज्ञान, केवळदर्शन अने अनंतु वीर्य वली पुर्वे यथाख्यात चारित्र गवेष्युं ते मली अनंत चतुष्टय व्यक्तिनावे प्रगट थइ ते.मां कहेतां ते अनंत चतुष्टयीमां प्राप्तिरूप तेरमुं गुणठाणुं पाम्या. तेज समये अनंता गुणनुं दान देवारूप दान लब्धि अंतराय कर्मनो क्षय होवाथी अन्नेद स्वरूपे प्रगट थइ एटले देता लेता पोते जाणवा तेनो खुलासो एम ठे के आत्माने विषे शक्तिनावे तीरोनावीपणे निर्लेप अनंती क्षायकलब्धि अनादि संबंधे रही हती. ते लब्धि वीर्य फोरवीने आविर्नावे प्रगट करी एटले प्रगटनावे न हती. ते ठतापणे थइ अने शक्तिनावे सामान्य स्वन्नावे गुणरूप लब्धि हती. ते विशेष स्वन्नावे परिणमावी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

व्यक्तिन्नावे करी ते प्रगट होवारूप दानलब्धि कहीए. तेनो दाता आत्मा पोते छे अने ए लान्न पूर्वे न हतो ते लान्न आत्माने संपादन थयो. तेने लान्नलब्धि कहीए.वळी ते लब्धि प्रगट थइ तेज समय अनंतागुणनो न्नोग,आस्वादन आत्मा करेछे. तेने न्नोगलब्धि कहीए. वली उपन्नोग ते बीजा समयथी पुनरपि पुनरपि न्नोगववुं एम चीरंकाललगे सादि अनंतन्नांगे अनंती क्षायक लब्धिने पोते न्नोगवे छे अने वली न्नोगवशे, आस्वादन करशे तेमां एक समय मात्र पण निज लब्धिनो अन्नोगववो एम नथी, व्याघात विघ्ननो असन्नंव छे. तेने उपन्नोग लब्धि कहीए. वीर्य कहेतां वीर्य शक्ति, अनंत स्फूरी रह्यो छे- कहेतां अनंत न्नेदे गुण गुण प्रत्ये गुण गुणगत स्वन्नावे दान देवापणे लान्न होवापणे न्नोग करवापणे उपन्नोग ते पुनरपि पुनरपि न्नोगववापणे, वीर्य स्फूर्णापणे, एम कही ते प्रमाणे, क्षायकन्नावनी पांच लब्धी प्रगट थइ. वली केवळज्ञान, केवळदर्शन ए बे गुणो न्नेळतां क्षायक न्नावनी सात लब्धि तेरमुं गुणठाणुं पामतां प्रथम समये प्राप्त थइ अने बारमा गुणठाणाना प्रथम समये यथाख्यात चारित्र प्रगट कर्युं ते मेळवतां आठ अने पूर्वे चोथे वा सातमे गुणठाणे क्षायक समकित पाम्या. ते गणतां नव न्नेदे क्षायकलब्धि कहीए ते इहां अरिहंत पदे तेरमा गुणठाणे पूर्ण गवेषीने कही. इहां तेरमा गुणठाणानी जघन्य स्थिति अंतर मुहूर्तनी छे अने उत्कृष्टि देशे उणी एटले आठ वरसे उणी पूर्व कोडनी

जाणवी ए गुणठाणुं आयुषना छेहे छोडी योगरोध करी सैलेसिकरणभावे अयोगी चउदमा गुणठाणे आवे तीहां उच्छिन्न क्रियानि वृत्ति चोथो पायो शुक्लध्याननो ध्याता थका ए गुणठाणाना अंते मनुष्य भव गतिने छोडी कार्मण वर्गणा रहित थइ पोतानी काया प्रमाण अवगाहनामांथी त्रीजो भाग पोलारनो घटाडी बे भाग प्रमाण आत्मप्रदेशनो निबिडघन करी एक समय काळ माने सम श्रेणीए बीजा आकाशप्रदेसने अणफरसते लोकाग्रभागे सादि अनंतभागे शिद्ध थया. (१)

हवे सिद्ध भगवाननी स्तुति करे छेः—

सवैया एकतीसा.

अरुपी अविनाशी निरंजन, ज्युंआकाशी
अनंत गुणनी राशी; अकेक परदेशे है
असंख्य प्रदेसें एम उपयोगे व्यक्ति तेम
स्वभाव भोगीखेम सदा परमानंद है
अचळ अलख सिद्ध अगम विमळ बुद्ध
निराकार नविकार गुण गुणमां रहै
परगुणे नही कदा निज गुणे रहे सदा
पर्याय ते फीरे तदा द्रव्ये स्थिर सिद्धि है ॥१॥

अर्थः—अरुपी कहेतां जीहां वर्ण, रस, गंध फरस अने संस्थान नथी. ए वस्तु पुद्गळमां लाधे तेथी सिद्ध भगवान रहित, आत्मस्वरूपी छे, माटे अरूपी कहीए;

अविनासी कहेतां जेनो विनास त्रण काळमां न थाय शास्वतपणा माटे अविनाशी छे. वली सिद्ध भगवान केवा छे तो निरंजन कहेतां. कर्मरूप लेपे करीने रहित. ज्यूं आकाशी कहेतां यथा दृष्टांते जेम आकाश निर्लेप छे तद्वत, अनंत गुणनी राशी कहेतां सिद्धभगवानने विषे ज्ञान दर्शणादि गुणराशी अनंती अनंती रही छे. अकेक प्रदेशे है कहेतां. एक एक प्रदेसने विषे, असंख्य प्रदेशे एम कहेतां जेम. एक प्रदेशे अनंती गुणरासी कही, एम पोतीका आत्माना असंख्याता प्रदेशे पृथक् प्रदेश प्रदेश प्रत्ये अनंती अनंती गुणराशी रही छे. उपयोगे व्यक्ति तेम कहेतां सिद्धात्माना आत्म प्रदेशे गुणरासीनो अनंतो समुदाय कह्यो. ते समुदायमां भिन्न भिन्न पोते पोतीका गुणगत स्वभाव उपयोगे कहेतां. प्रगट भावे तेम कहेतां. तेमज छे. पण कोइ गुण अप्रगटपणे एम नथी स्वभाव कहेतां ए स्वभाव सिद्धात्मानो कह्यो, तेना भोगी कहेतां अनंती गुणरासी गवेषी तेना भोगी सिद्धभगवान सदा सर्वदा चीरंकाल लगे. सादी अनंत भांगे छे. समय समय भोग करे उपभोग करे पण एक समय मात्र अभोगववापणे एम नथी. वली खेम कहेतां पोतानी ऋद्धि पोते भोगवे एज कल्याणकारी छे. उत्तमनुंतो एज लक्षण छे. सदापरमानंदहै कहेतां निरंतर अनंती गुणराशीनी अनंती व्यक्तिनो. भोग करता छतां. सिद्ध भगवान कह्या. ते अनंती व्यक्ति आनंदोपेत सुखदाइ छे अने व्यक्ति व्यक्ति प्रत्ये



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आनंद भिन्न एटले नोखो नोखो छे, तेथी अनंतो आनंद प्राप्त थाय. तेने परमनाम उत्कृष्टो आनंद कहीए एम अनंती गुण राशीनो अनंतो आनंद गवेख्यो ते शिवाय सिद्धात्माने विषे अव्याबाध सुख प्राप्त थाय ते जुदुं छे. एम आगममां व्याख्या छे. एवुं देवचंद्रजी कृत चोवीसीना बाळाबोधने विषे सातमा सुपार्श्वजिनना स्तवनमां प्रथम गाथाना उपरना अधिकारे कह्युं छे एम अनंती गुण रासीथी परमानंद प्रगटयो. तेनुं सुख वली अनंतु अव्याबाध सुख तेनी लेहेरमै कहेतां सदा मग्नतामां चेतनत्व धर्मे सिद्ध सिल्वा उपर एक जोजनना तेवीस भाग निचे मेलीने चोवीसमा भाग उपर अलोकने अफीने सिद्ध परमात्मा स्थिर रह्या छे, अचळ कहेतां जिहां रह्या छे तीहांथी एक आकाश प्रदेश पण आघा पाछा चळायमान थाय नहीं माटे अचळ, अलख कहेतां सिद्ध परमात्मानुं स्वरूप छद्मस्थथी जाणयुं न जाय. केवलज्ञानी पूर्ण जाणे वळी अनुभवी पुरुषो देशथी जाणे, बीजा न जाणे. अगम कहेतां सिद्ध परमात्मानुं स्वरूप निहाळवाने छद्मस्थनी दृष्टि थाके छे, गम न पहोंचे. विमळ कहेतां सिद्ध परमात्मा आवरणना अभावे सदा निर्मळ छे, बुद्ध कहेतां ज्ञायक भावे ज्ञानी छे निराकार कहेतां परिमंफळ प्रमुख संस्थान छे नहि, ते सिद्ध भगवानने आकार कहीए, निराकार छे. नविकार कहेतां विकार तो जिहां पांच इंद्रि होय तीहां विषयनो संभव आवे अने छट्ठो नोइंद्रि जे मन होय,



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तीहां विकल्पनो संजव थाय, तेने विकार कहीए. तेथी रहित सिद्ध जगवान बे, माटे नविकार गुण गुणमां रहे कहेतां सिद्ध परमात्माना ज्ञानादि अनंता गुण बे, ते गुणोमांज पोते रहे, पण बीजा जीव अजीवादि ड्रव्यना गुणोमां न रहे, न रमे, परगुणे नहि कदा कहेतां, पोतानो गुण बोमीने बीजा परड्रव्यना गुणे कोइ काळे न प्रवर्त्ते एवो वस्तु स्वजावनो धर्म बे, ते कारणे निज गुणमांज रहे अने वली रमे. सदा कहेतां आंतरा रहित पोताना गुणमांज रमण करे, एटले सिद्ध जगवानने विषे गुण गुण गत, गुण गुण स्वजावे, जिन्न जिन्न रमणनी एक समयमां अनंती प्रवृत्ति थाय, ए गुण चारित्र धर्मनो बे एटले चारित्र धर्म ते पोताना गुणमांज पोते रमे; परमां न रमे, ए चारित्रना पर्याय बे, वली स्वजाव रमण परजावनी वृत्तिए चारित्रनी परिणति बे, पर्याय फीरे तदा, कहेतां सिद्ध जगवानना स्वजाव रमणने विषे, समये समये उत्पाद, व्यय, प्रवर्ते बे, तेथी गुण गुण गत गुण गुण स्वजावमां पर्यायनुं परावर्त्तन धर्म बे तेथी पूर्व पर्यायनो नाश अने अजिनव पर्यायनी उत्पत्ति, एम समय समय अजिनवपणे गुण गुण गत प्रवर्त्ते बे, ए ड्रव्यनुं मूळ लक्षण बे, तेथी सदा उत्पाद व्यय परिपाटी प्रवर्त्ते; जो एम न होय तो जिनेंड्रनी देशना असत्य थाय माटे नहि असत्य यथार्थ सत्य बे. वळी अजिनवपणे पर्यायनुं प्रवर्तनपणुं न मानीए तो पुनरपि पुनरपि जोग उपजोग परमानंदपणे, सदाय सिद्ध



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जगवानने विषे उपर गवेख्यो, ए वचन असत्य थाय पण नही नही यथार्थ सत्य छे. द्रव्येस्थिर सिद्धहै कहेतां जे समये उत्पाद व्यय छे, तेज समये ध्रुवता एटले स्थिरता द्रव्यने विषे जाणवी. इहां कोइ कहेशे के तमे उत्पाद व्यय पर्यायमां बोलोछो अने गुणमां गवेखोछो, तेनुं शुं कारण छे तेनो उत्तर हे जाइ सिद्धांतमां द्रव्यपर्यायनी व्याख्या छे, गुण कोइ वस्तु नथी, अमेतो अनंता पर्यायनो समुदाय मळीने जे कार्य करे तेने गुण कहीने बोलावीए छीए. परंतु पर्याय जे छे ते गुणथी मूळधर्मे जिन्न नथी, वस्तुमां पर्याय परिपाटी छे, तेथी पर्यायनीज प्रवृत्ति छे अने द्रव्य ते आधार छे, तेनी साक्षी जोवी होय तो देव-चंद्रजी कृत चोवीसीमां दशमा शीतळ जीनपतिना स्तवननी त्रीजी गाथानो अर्थ जरेलो छे त्यांथी जोइ लेजो ( २ )

सवैया एकतीसा.

उतकृष्ट पद सिद्ध, महा मंगळीक बुद्ध;
ज्ञानभानु विसुद्ध, परम घोतीवंत है.
परम पवित्र प्यारो, ज्ञानानंद जोगी न्यारो;
अव्या बाध सुख सारो, अनादि अनंत है:
व्यापे निज द्रव्य मांही, गुणने पर्याय मांही;
असंख्य प्रदेश त्यांही, सही निज खेत है.
एहि अवगाहनाउ, एकमां अनेकताउ;
जोगी मळी जिन्न सदा, मानजो प्रणाम है. ॥३॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अर्थः--उत्कृष्ट पद कहेतां, पदना बे भेद उपाधिजनितपद, निरुपाधिजनितपद तेमां उपाधिजनितपदना बे भेद. प्रशस्त, अप्रशस्त. प्रशस्तना बे भेद, देवेंद्र, नरेंद्र, हवे निरुपाधिजनित पदना बे भेद कहेछे, एक व्यवहार, बीजुं निश्चय. व्यवहार निरुपाधी पदना त्रण भेद समकित मूळ योग्यताए कहे छे, आचार्यपद, उपाध्यायपद अने साधुपद तेमां प्रथम आचार्यपद कह्युं छे ते पदमां गणधर पद कहीए, वा गीतार्थ कहीए, वळी बहु श्रत कहीए, ते सर्व पदनो समावेश आचार्य पदे थाय छे, एम जाणवुं. हवे निश्चय निरुपाधि पदना त्रण भेद कहे छे, एक जघन्य, बीजो मध्यम अने त्रीजो उत्कृष्ट, जघन्य निश्चय निरुपाधिपदतो क्षीणमोह बारमा गुणठाणे वीतराग भावे, रागद्वेष अशुद्ध परिणतिनो वळी मोहनो उपाधि जाणी ध्वंस करीने यथा ख्यात चारित्र पाम्या ते पहेलो भेद कह्यो, हवे बीजो भेद मध्यम निश्चय निरुपाधिपदतो तेरमा चौदमा गुणठाणे वर्त्तता, एवा परम पूज्यने अरिहंत पद कहीए. इहां चौघाति कर्मनी उपाधि आत्म प्रदेशथी टळी छे अने अघाति कर्मनी रही छे माटे मध्यम कह्या, हवे त्रीजो भेद निश्चय निरुपाधि उत्कृष्टपद, तो अयोगी चौदमा गुणठाणाना अंते एटले छेल्ला समये चौअघाति कर्मोनी उपाधि आत्मप्रदेशे हती ते टळी; कार्मण वर्गणा रहित आत्मप्रदेश थया, इहां उपाधिनो अभाव थयो, माटे उत्कृष्टा निश्चय निरुपाधिक पदने सिद्ध भगवान कहीए.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मह्ा मंगलिक, कहेतां सर्व मंगलीकमां मंगलीक, जीहां अपमंगलीकनो संजव त्रण काळमां आवे नहि, माटे, महामंगलिक कहेतां कल्याणकारी, उत्कृष्टमंगलिक ते निजात्म शुद्ध स्वरूप, निश्चळ अवस्थानरूप सिद्धनेज कहीए, बुद्ध कहेतां सिद्धजगवान ठे ते अविनाशी पंमित ठे. एटले पंमित ठे ते ज्ञानी ठे, पण जाणीने जुले तेने विनाशी पंमित कहीए अने सिद्धजगवान तो केवळ ज्ञानरूप बोध पाम्या ठे, ते बोध त्रण काळमां जाय नही, तेम न्यूनता पण पामे नहि, माटे अविनाशी पंमित कह्या ज्ञान जानुवि शुद्ध कहेतां केवळ ज्ञानरूप सूर्य ठे ते विशुद्ध कहेतां घणो उद्योत प्रकाश कर्त्ता ठे, कारण के जे सूर्यनी ज्योति ठे, ते जम ज्योति ठे एटले रूपीपदार्थने देखामवा वाली ठे अने जे केवळ ज्ञाननी ज्योति ठे. ते आत्मजनित अरूपी ज्ञान ज्योति ठे, वळी सूर्यनी जमज्योति ठे ते तेनी मर्यादा पूर्वक प्रकाश करे अधिक न करे अने केवळ ज्ञाननी ज्योति ठे ते लोकमांने अलोकमां; वळी लोकमां रहेला जीव अजीवादि रूपी अरूपी सर्व द्रव्यने विषे, वळी अतित अनागतने वर्त्तमान ए त्रणे काळनी वर्त्तनाने विषे, उत्पाद व्यय अने ध्रुव संयुक्त एक समये जाणे, कोइ जग्योए ज्ञान ज्योति खळाय नहि वळी सूर्य प्रकाश करे ते पोतानां कीरण वीस्तारीने करे ठे अने सिद्धात्माने तो केवळ ज्ञानरूप अरीसो चारे तरफ आवरणना अजावे, निर्मळ थयो ठे. तेमां उपर कही ते प्रमाणे त्रणे काळनी, पंचास्ति



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कायनी वर्त्तना प्रतिबिंबीत थाय अने तेमां पोते लेपाय पण नहि, एवी केवळ ज्ञाननी अद्भूत ज्योति तेने परम ज्योतिवंत हे कहेतां उत्कृष्टी ज्योतिवंत कहीए, परम पवित्र कहेतां सिद्धात्माना आत्म प्रदेशे अन्य पदार्थनो एक परमाणु मात्र पण उपाधि संयोग संबंध रह्यो नथी; पोते पोताना शुद्ध स्वभावे तद्रूप छे, माटे उत्कृष्टा पवित्र सिद्धभगवानने कहीए. वली प्यारो कहेतां समकिती, देशविरति अने सर्व विरति जीवोने गुणरागीपणे, गुणने जाणी उलखीने गुण प्रगट करवानी बुद्धिए सिद्धभगवाननी स्तुति करतां, गुण गातां भावना भावतां वळी ध्यानगत समरण चिंतवन करतां थकां जे सुलभ बोधी जीवो छे ते प्रमोद पामे आनंदीत थाय माटे सिद्धात्माने प्यारोज कहीए; ज्ञानानंद भोगी न्यारो कहेतां उपर सुलभ बोधी जीवोने सिद्धभगवान प्यारा कह्या, पण सिद्धात्मा तो ज्ञानानंद परमानंद, भोगी सबसें न्यारा छे. अव्याबाध सुखसारो कहेतां सम्यक् ज्ञानीने अनुमोदवा योग्य, रुचि करवा योग्य, अभिलाषा करवा योग्य, एवुं जे अव्याबाध सुख, सिद्धभगवानने प्रगट थयुं छे, तेमां एक अंशे पण उछाश रही नथी, तेम सुखनी पाछळ बाधा पीडा अचानक आवशे तेवो भय पण रह्यो नथी, माटे निर्भय थका अबाधितपणे अनंतु सुख स्वाधिनपणानुं भोगवे छे, तेथी ज्ञानीए अव्याबाध सुखने सारो कह्यो छे अने सर्वार्थ सिद्ध विमानवासी देवना इंद्रीजनित पुद्गलीक सुखनी

अभिलाषा करवी, ज्ञानीए निवारी छे: अव्याबाध सुख सारो, एटले आनंदोपेत अतिंद्रियजनित अव्याबाध सुख छे, माटे सारो कह्यो, ज्ञानीपुरुषोने भोग करवाने, अनुमोदवाने योग्य छे. अनादि अनंत है कहेतां मोक्षगतिने विषे सिद्धभगवान अव्याबाध सुख भोगवे छे, ते सुख अनादि संबंधे छे अने अनंत है कहेतां अंत एटले कोइकाळे नाश थावानो नथी, इहां कोइ कहेशे के सिद्ध थाय तेनी तो आदि छे अने तमे तो अनादि संबंधे अव्याबाध सुख कहो छो, तेनो उत्तर—हे भाइ सिद्ध थाय तेनी तो आदि छे, पण काळनी आदि नथी, वळी सिद्धगतिनी पण आदि नथी के अमुककाळे अमुक पुरुष प्रथम सिद्ध थया ते आदि कहीए, माटे सिद्धगति आश्रीने अनादि अनंत भांगो लागे, ते कह्यो. व्यापे निज द्रव्यमांही कहेतां जीहां सिद्धभगवान रह्या छे तीहां धर्मास्तिकाय रह्यो छे, अधर्मास्तिकाय रह्यो छे, आकाशास्तिकाय रह्यो छे, पुद्गलास्तिकाय पण अनंता द्रव्य रह्या छे अने जीवास्तिकाय जे पोताथी अन्य बीजा जीवो ते पण सिद्धसंसारी अनंता रह्या छे. एम पंचास्तिकाय एक खेत्र अवगाहीने भेळा रह्या छे, तो पण सिध्धभगवान एक पोतीका द्रव्यमांही व्यापकपणुं करी परिणमी रह्या छे, अन्य द्रव्यमां व्यापक परिणमन कोइकाळे थाय नहि. गुणपर्याय मांही, कहेतां एक पोताना द्रव्यना अनंता गुण छे, अने एक एक गुणना अनंतापर्याय छे ते गुणपर्याय पोतपोतीका गुण गुणगत,

पर्याय पर्यायगत, एम व्यापकपणुं परिणमनपणुं सिध्ध ज्ञगवानने विषे वे, एटले एक गुण बीजा गुणमां न व्यापे, एक पर्याय बीजा पर्यायमां न व्यापे, ने परिणमे, वळी अन्य द्रव्यना गुणपर्यायमां पण न व्यापे न परिणमे त्यारे कीहां गुणपर्याय परिणमे ते कहे वे, असंख्य प्रदेश त्यांही कहेतां सिध्धात्माना असंख्याता प्रदेश वे त्यांही कहेतां ते प्रदेशोने विषे एक एक प्रदेश प्रदेश प्रत्ये, अनंता गुण अने अनंता पर्यायनुं व्यापकपणुं परिणमनपणुं वे, अन्य बीजा जीव अजीवादि द्रव्यना प्रदेशमां न व्यापे न परिणमे, सही कहेतां निश्चय निज कहेतां पोताना गुणपर्यायने रहेवानुं, वसवानुं, प्रदेशने विषे व्यापकपणुं परिणमनपणुं कह्युं, तेज खेत है के० सिद्ध ज्ञगवानने स्वक्षेत्र जाणवुं एही अवगाहनाउ कहेतां जे सिद्धात्माना असंख्याता प्रदेशनो निविमघन अयोगी चौदमा गुणठाणाना अंत समय बनेलो, एज सिद्धात्मानी अवगाहना कहीए, ए प्रमाणे एटले जेम एक सिद्धनुं कह्युं तेम अनंतासिद्धनुं स्वक्षेत्र तेहीज अनंती अवगाहनाउ कहीए एटले अवगाहना कहीए ते सिद्ध अने सिद्ध कहीए ते अवगाहना जाणवी, एकमां अनेकताउ कहेतां जीहां एक सिद्धनी अवगाहना वे तीहां अनेक सिद्धनी अवगाहनाउ रही वे. तेमां कोइनी उज्ञी वे कोइनी बेठी वे. कोइनी चित्ती वे. कोइनी पासाज्ञर वे. कोइनी पद्मासने वे. कोइनी विकटासने वे. वली कोइनी लघु वे. को-

झनी गुरु छे. लघु छे ते बत्रीस आंगलनी छे अने गुरु छे ते त्रणसोनेतेत्रीस धनुष्यने बत्रीस आंगळनी छे अने मध्यस्थ अवगाहनाउं असंख्यात भेदे. न्यूनाधिकपणे सिध्धमां रही छे. एटले चौदमा अयोगी गुणठाणे सैलेसीकरण अवसरे जेवी रीते पोतानी कायानी स्थिति हती तेवी रीते सिध्धमां अवगाहनाउं उपर अलोकने अडीने रही छे. जे पांचसो धनुष्यनी कायावाला सिध्ध थया अने उभा थका मोक्षे गया. तेमनी गुरु अवगाहना जाणवी अने बे हाथनी कायावाला उभा थका मोक्षे गया, तेमनी बत्रीस आंगळनी सिध्धमां छे. ते लघु जाणवी अने पांचसो धनुषथी मोटी काया अने बे हाथथी नानी कायावालानी सिध्धी प्राये थती नथी, भेगी मली कहेतां. जेम उपर कही तेम सिद्ध भगवाननी अवगाहनाओ भेगी एटले एकमां अनेक भेगी मळेली कही. भिन्न सदा कहेतां, तोपण सदा सर्वदा भिन्न छे यथा द्रष्टांते जेम दीवानी मांहेली कोरे अनेक दीवेटनी वाटो करीने भेगी मुकीये तेनी ज्योति सर्व वाटनी एक देखाय, पण वाट वाटनी ज्योति भिन्न छे. जे ज्योति छे ते पोत पोतानी वाटना सबंधे छे. अन्य वाटना सबंधे नथी. एक वाट उपाडीए ते वखते ते वाटनी ज्योति नोखी भिन्न पडे. परंतु भेगी हती तोपण भिन्न हती ए द्दष्टांते सिध्ध भगवाननी अनेक अवगाहनाओ भेगी मली छे, तोपण सदा नीज द्रव्यना सबंधी पणे भिन्न छे. ए सिध्ध भगवाननी अवगाहनाओनी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

संख्या जिन वचने सिध्धांत साक्षीये पांचमा अनंते कही छे ते सर्व अवगाहना मय अनंता सिध्ध जगवान प्रत्ये आ ग्रंथनी पूर्णता अवसरे ग्रंथकर्त्ता कहे छे के मानजो प्रणाम हैं, कहेतां पंच अंग एटले बे हाथ बे पग अने मस्तक. ए पंच अंगने नम्रता पूर्वक विनयपूर्वक बहुमान पूर्वक, जक्तिपूर्वक, प्रमोदपूर्वक, उत्साहपूर्वक, गुणरागी-पणे पर आकंक्षा दूषणे वर्जित थइने अंतरदृष्टि योगे, त्रि-करण जोगे प्रणाम है कहेतां मारो नमस्कार छे. ते हे सिध्ध परमात्मा मानजो. कहेतां स्वीकारजो, मारी विनति अवधारजो.( ३ )

ग्रंथनी पूर्णताना दुहा.

जेद ज्ञानविण जविकने, नहीं वस्तु उंळखाण ॥
वीपरित श्रद्धा त्यां लगे, समजो चतुरसुजाण ॥ १ ॥
जेदज्ञानथी जावीए. जरु चेतन दुफार ॥
समकित शुद्ध समाचरे, निज वस्तु निरधार. ॥ २ ॥
तेहीज सिद्ध स्वरुप छे, तेहीज शीव सुख कंद ॥
ध्यावो गावो जविजना, एथी टळेजवफंद ॥ ३ ॥
निज सवळे सुख संपत्ति, अवळे दुःख अनंत ॥
रागद्वेष अवळी दशा, तजतां सिद्ध महंत. ॥ ४ ॥
शिवपद सोही ज्ञानमां, ध्यान ज्ञाननी मांही; ॥
ध्याता ध्येयनी एक्यता, पूरण साधन त्यांही ॥ ५ ॥
धर्म प्रवर्त्तन सार ए, ग्रंथ रच्यो गुणखाण; ॥
ज्ञानी वचना लंबने, पूरण कीयो परमाण ॥ ६ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

व्यवहार विशेषे कह्यो, शुद्धाशुद्ध विचार ॥
समकित शुद्ध व्यवहार छे, मिथ्या अशुद्ध आचार ॥७॥
निश्चय नय वस्तु रूपे, सूक्ष्मज्ञान स्वन्नाव ॥
अनुन्नव जोगे वर्णव्यो, दाख्यो निज सद्‌न्नाव ॥ ८ ॥
गुरु गुणगातां ज्ञाननी न्नावी न्नावना शुद्ध ॥
टाळी अज्ञान न्नावना, कृत्रिम अनुन्नवी बुद्ध ॥ ए ॥
ग्रंथज्ञान गंगाजळे, टाळो मळ मिथ्यात ॥
लहो समकित मूल धर्मनुं, शीव साधन सुखशात ॥१०॥
बाधक न्नाव विछेदीने, ग्रहो ए रुप अबाध ॥
ते साधन शीव पदतणुं, साधे सोही साध्य ॥ ११ ॥
ग्रंथ सुगुण मणि हार छे, अमुलख वस्तु अनुप ॥
संयम श्री शणगार छे, तस कंत मुनिवर न्नूप ॥ १२ ॥
ग्रंथ ज्ञान अमृत रसे, जलन्नर सागर जेम ॥
गंन्नीर उंमो अर्थ छे, निज गत उपयोगे खेम ॥ १३ ॥
टाळो परगत चेतना, स्वगत अनुन्नव नाव ॥
तारे न्नव दुःख सागरूं, सिध्ध निरंजन राव ॥ १४ ॥
ग्रंथ सुगुण सुरतरू, वंछीत दाता सार ॥
आपे शाश्वत सुखने, तजो नहि क्षण वार ॥ १५ ॥
ग्रंथ सोही निमित्त छे, सापेक्ष सिध्धि लहंत ॥
न्नावग्रंथ सो आतमा, शोधो चतुर महंत ॥ १६ ॥
न्नावग्रंथ ए ज्ञान निधि, मेरु अचग समकित ॥
चरण रमण थीर सैलज्युं, तप रवि तमहर नीत ॥ १७ ॥
सोही ग्रंथ शीव रूप हे, ध्रू ज्यु अविचळ रूप ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

प्यारो पंमित लोकने, न पमे सो न्नव कूप ॥ १७ ॥
स्वपर विन्नागे संपजे, खेले अनुन्नव योग ॥
ते धर्म वर्त्तना सद्दही, पामे शीववधु न्नोग ॥ १ए ॥
सिध्ध वधु एम पामीए, सादि अनंतो काळ ॥
नीरविघ्न सुख शाश्वतां, सो मुज काज अचाल ॥ २० ॥
आज मनोरथ सवी फळया, न्नाव अध्यातम पाप ॥
ज्ञान शीतल करी सो रच्यो, ग्रंथ गुरु आझाय ॥ २१ ॥

संपूर्ण.

श्री गुरुभ्यो नमः

## अथ क्षायक न्नावतत्व विलास ग्रंथ लीख्यते

॥ दुहा. ॥

॥ ढाळ ॥ द्वेष न धरीये लालन द्वेष न धरीए ए देशी ॥

क्षायक समकित न्नाव वखाणु ॥ एहथी पामीयें मुक्तिनुं टाणुं न्नविका ॥ मुक्तिनुं ॥ सात प्रकृति क्षय इहां थावे ॥ ते फरी कदीय न सन्मुख आवे न्नविका ॥सन्मुख०॥ ॥ १ ॥ प्राप्ति चोथे वा सातमे ठाणे ॥ वेदक क्षायक वचन प्रमाणे न्नविका ॥ वचन० ॥ क्षायक समकित दू न्नेदे न्नाख्युं ॥ सदगुरु वचन में घटमां राख्युं न्नविका ॥ घटमां० ॥ २ ॥ आवता न्नवनुं पहेलुं आयुष्य बांध्युं ॥ लहे समकित पछे श्रेणि न साध्युं न्नविका ॥ श्रेणीन० ॥ खंम श्रेणी क्षायक न्नेद ए पहेलो ॥ उत्कृष्ट चार न्नवे सीव लहे वहेलो न्नविका ॥सीव०॥३॥ संसार स्थिति काळ शास्त्रे न्ना-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ख्यो ॥ तेत्रीस सागर फ्फेरो दाख्यो नविका ॥फ्फेरो०॥ उत्कृष्टो संसार एटलो रहेवे ॥ जघन्य त्रीजे नवे शीवसुख लेवे नविका ॥ शीव० ॥ ४ ॥ अखंड श्रेणी क्षायक नेद हवे बीजे ॥ क्षपक श्रेणी मांफी तदनवे सीजे नविका ॥ तदनवे० ॥ एम समकित दुनेद क्षायक ॥ नरनारी जे लहे ते शीवलायक नविका ॥ ते सीव० ॥ ५ ॥ क्षय उपसमनावे ध्रुवता पामे ॥ ज्ञान दर्शणने लब्धि दानादि नामे नविका ॥ दानादि० ॥ आत्म असंख्य प्रदेश समाधि ॥ सात प्रकृति टळी मोहनी उपाधि नविका ॥ मोहनी० ॥ ६ ॥ अखंड श्रेणी क्षायक चारित्र पामे ॥ ते बीजी ढाळे यथाख्यात सोनामे नविका ॥ ख्यातसो० ते नाव शुद्ध उपयोग नावुं ॥ ज्ञान शीतल करी मोह खपावुं नविका ॥ मोह० ॥ ७ ॥ इति प्रथम ढाळ कही.

॥ ढाळ बीजी ॥

राज पधारो मेरे मंदिर ॥ ए देशी ॥

क्षायक चारित्रपद वरवाने ॥ उपयोगी अप्रमत्तेजी ॥ अखंड श्रेणी क्षायक समकिती ॥ आवे नही प्रमत्ते ॥ क्षपक श्रेणी मांफे जी ॥ अंतर अपूरव ठांण ॥ उपाधि मळ ठांमेजी ॥ १ ॥ ए आंकणी ॥ अपूर्व ठाणे अपुर्वज्ञानी ॥ अपुरव खेल खेलेजी ॥ अपुर्व अद्भुत मूलरूपे ॥ अक्रत अनुनवरेले ॥ क्षपक० ॥ २ ॥ प्रथकृत्व प्रथकृत्व दूनेदे ॥ व्हेंची स्वपर निन्नजी ॥ जीवने पुद्गल बेहु अलगा ॥ तिहां चेतन निज गुण लिन्न ॥ क्षपक० ॥ ३ ॥ अनंतगुण



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

निज द्रव्ये गवेषे ॥ गवेषे पज्जव अनंताजी ॥ भेदज्ञाने प्रथक् स्वरूपे ॥ क्षय उपशम शुभसंता ॥ क्षपक० ॥ ४ ॥ शुक्लध्यान तप पहेलो पायो ॥ ध्यातां अग्नि अति ज्वाळाजी ॥ मोहपल्ली इहां भस्मी थावे ॥ भेद छेद अभेदी लाला ॥ क्षपक० ॥ ५ ॥ क्षय उपशम छेद इहां मोहनीनो ॥ अशुद्ध परिणति छेदीजी ॥ रागद्वेष ए विभाव चेतना ॥ हुइ शुद्ध चेतना समवेदी ॥ क्षपक श्रेणी० ॥ ६ ॥ मिश्र भाव इहां नही लाधे ॥ लाधे शुध्ध परिणतिजि ॥ गुण पर्याय अभिन्न निज द्रव्ये ॥ ऐक्यता उपयोग वृत्ति ॥ क्षपक० ॥ ७ ॥ यथाख्यात इहां चारित्र पामे ॥ दशमा गणना अंतेजी ॥ शुक्ल ध्यान बीजो पायो ध्याता ॥ वितराग बारमे एकंते ॥ क्षपक० ॥ ८ ॥ पर अनुभव इहां नही लाधे ॥ समभीरुढ नय साधेजी ॥ घाती कर्म त्रण क्षय इहां पामे ॥ केवळ नाण दर्शण लाधे ॥ क्षपक० ॥ ए ॥ क्षपक श्रेणी उत्तरोत्तर वृद्धि ॥ ज्ञान अनुभवयोगजी ॥ कृत्रीम पक्ष इहां नही लाधे ॥ ज्ञान शीतल समाधि संयोग ॥ क्षपक० ॥ १० ॥ ढाल बीजी संपुर्ण ॥

॥ दुहा ॥

ढाळ त्रीजी ॥ राग सारंग हो धन्ना ए देशी ॥ केवळ लहो गण तेरमेरे मीता ॥ ज्ञान दर्शण अनंत ॥ घाती कर्म अभावथीरे मिता ॥ निर्मळ उपयोगवंतरे रंगीला मिता ॥ ए गुणो सेवोने ॥ ए गुणो प्रगटे घटमांरे मिता ॥ उपयोग विशेष सामान्यरे रंगीला मिता ॥ ए

गुणो० ॥ ए आंकणी ॥ १ ॥ विशेष उपयोग ज्ञाननोरे मिता ॥ पहेले समय लहंत ॥ बीजे समय दर्शणनोरे मिता ॥ उपयोग सामान्य कहंत रे रंगीला मिता ॥ ए गुणो० ॥ २ ॥ विशेष ते साकार भेदतारे मिता ॥ सामान्य सो निराकार ॥ अभेद ग्राहक भाषीयोरे मिता ॥ ए सिद्धांतीक पक्ष साररे रंगीला मिता ॥ ए गुणो० ॥ ३ ॥ नय वादे भिन्न न मानीयोर मिता॥ एक विशेषोपयोग ॥ सामान्य विशेषमां भदयोरे मिता ॥ न समय अंतर जोगरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ४ ॥ एम भिन्न मत ए बेहुनोरे मिता ॥ जिन भद्र गणी सिद्धसेन ॥केवळी गम्य सो तत्व एरे मिता ॥ सिद्धसेन विसारद नय ज्ञानरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ५ ॥ हवे ज्ञान अनंतु दाखवुंरे मिता ॥ सवे एक समय प्रत्यक्ष ॥ आच्छादन नही एहने रे मिता ॥ जाणे जिव अजिव समक्षरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ६ ॥ तेमां रूपी अरूपी जाणतारे मिता ॥ जाणे गति हेतु द्रव्य॥ स्थिति हेतु द्रव्य जाणतारे मिता॥ जाणे अवकाश हेतु द्रव्यरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ७ ॥ नवी वस्तुने जुनी कररे मिता॥ तेहना हेतुनो जाण॥ एम खट द्रव्यने जाणतारे मिता ॥ उपजे विणसे ध्रुव जाणरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ८ ॥ नीज नीज वृत्ति सवे कररे मिता ॥ ए अगुरू लघु पर्याय ॥ समे समे हांणी वृद्धि लहेरे मिता ॥ षट् षट् वार कहायरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ९ ॥ अतित काळ अनंतो गयोर

मिता ॥ अनागत काळ अनंत ॥ एक समय वर्त्तमाननोरे मिता ॥ हुइ होसे सवि जाणंतरे रंगीला मिता ॥ ए गुणो० ॥ १० ॥ मति यादि ज्ञान तणी प्रन्नारे मिता ॥ एहमां सर्व समाय ॥ रवि प्रन्नार्थी अधिक नहीरे मिता ॥ तारा नक्षत्र समुदायरे रंगीला मिता ॥ ए गुणो० ॥ ११ ॥ केवळज्ञान गुण मोटकोर मिता ॥ केवळ दर्शण साथ ॥ जाणे देखे एम कीजियेरे मिता ॥ ए गुण लाधे तो हुं न अनाथरे रंगीला मिता ॥ ए गुणो० ॥ १२ ॥ क्षायक लब्धि न्नेद चउ कह्यारे मिता ॥ आ ढाळमां कह्या दोय ॥ पण लब्धि बाकी रहीरे मिता ॥ ते आगे वर्णवीशुं सोयरे रंगीला मिता ॥ ए गुणो सेवो० ॥ १३ ॥ अरूपी वस्तुने जाणवीरे मिता ॥ ते न लहे द्रव्य अजाण ॥ तिणे द्रव्य षट् दाखशुंरे मिता ॥ गुण पर्याय युक्त वखाणरे रंगीला मिता॥ ए गुणो० ॥ १४ ॥ धर्म अधर्म आकाशनेरे मिता ॥ कालने पुद्गल जिव ॥ अनुक्रमे विस्तारशुंरे मिता ॥ ज्ञान शीतल लही थाओ सीवरे रंगीला मिता ॥ ए गुणो० ॥ १५ ॥ ढाल त्रीजी संपुर्ण ॥

॥ ढाळ चोथी ॥

॥ न्नवी तुमे वंदोरे सुरीश्वर गच्छराया ए देशी ॥

न्नवी तुमे करजोरे द्रव्याणुं योगज्ञान मोटुं ॥ निजात्म जाणयावीण चरण आराधे ॥ ते सवी जाणो खोटुं ॥ न्नवी० ॥ १ ॥ ए आंकणी॥ द्रव्यस्वरूप तेहने कहीए ॥

अखंड अविनाशी त्रण काळ ॥ वस्तुता जेहमां रहीरे ॥ ते द्रव्य नित्य निहाळ ॥ नवी तुमे० ॥ २ ॥ गुण पर्याय नाजन ते द्रव्य ॥ गुण स्वनावे धर्म ॥ निन्न अनिन्न त्रिविध सदाए ॥ एक पदारथ मर्म ॥ नवी० ॥ ३ ॥ उपजे विणसे थिर रहे ए ॥ एसो वस्तु वखाण ॥ उपजे विणसे पर्याय धर्मे ॥ थिर द्रव्य प्रमाण ॥ नवी० ॥ ४ ॥ अवगाहना सवे द्रव्यनी ए ॥ गुणपर्याय प्रदेश ॥ तेहीज सत्ता द्रव्यनी दाखी ॥ अविनासी रुपी वेस ॥ नवी० ॥ ५ ॥ द्रव्येद्रव्य ते न मीले कहीये ॥ अनादि असहाइ ॥ निज सत्तामय द्रव्य रहेवे ॥ पर सत्ताये नही कदाइ ॥ नवी० ॥ ६ ॥ द्रव्यरूप छती कार्यनी ए ॥ तिरोनाव शक्ति सदाय ॥ आविरनावे प्रगट लहीये ॥ व्यक्ति गुणपर्याय ॥ नवी० ॥ ७ ॥ कार्यकारण निज द्रव्य एही ॥ पर अकारण अकार्य ॥ परनेकारण एकान्ते माने ॥ ते जीव सो अनार्य ॥ नवी० ॥ ८ ॥ छतीपणे स्व द्रव्य कहीये ॥ अछतीपणे पर द्रव्य ॥ एम अस्ति सो निजपर बेहुनी ॥ रही छे सर्वे द्रव्य ॥ नवी० ॥ ९ ॥ द्रव्यत्रिकाळे नित्य कहीये ॥ पर्याये अनित्य ॥ नित्य अनित्य एक वस्तुमां ॥ नाषे ज्ञानी त्रिनित ॥ नवी० ॥ १० ॥ स्व द्रव्य स्व खेत्र स्व काळ ॥ स्वनाव सहित चउ सत्य ॥ परद्रव्य परखेत्र परकाल ॥ पर नाव चउ ए असत्य ॥ नवी० ॥ ११ ॥ द्रव्य पदारथ एक कहीये ॥ गुणपर्याय अनेक ॥ अनेक गुणपर्यायमां एक द्रव्य ॥ समजो ज्ञान विवेक ॥ नवी० ॥१२ ॥ शक्तिनावने



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कारण मानो ॥ व्यक्ति ते कार्य जाणो ॥ शक्तिनी व्यक्ति जेहथी लहीये ॥ ते साधन परमाणो ॥ नवी० ॥ १३ ॥ पर्यायास्तिक नयभेद स्वभावे ॥ द्रव्यास्तिक अभेद ॥ उभयधर्मी द्रव्य दाख्यो ॥ अविरोधी अच्छेद ॥ नवी० ॥ १४ ॥ एम स्याद्वाद लक्षणमयी ए द्रव्यसत्ता गुणखाण ॥ इत्यादि भेद घणा विस्तारे ॥ वस्तु सत्ता ऊलखाण ॥ नवी० ॥ १५ ॥ द्रव्य षट्भेदे जाणी लहीए ॥ हेय उपादेय बुद्धि ॥ हेय जाणी पंच अजीवने छंडी ॥ ग्रहीए एक निज जीव शुद्धि ॥ नवी० ॥ १६ ॥ हेय उपादेय बुद्धि घटमां ॥ तेही ज आतमज्ञानी ॥ ज्ञानशीतल उपयोगे प्रकाशे ॥ द्रव्य-स्वरूप थिर ध्यानी ॥ नवी० ॥ १७ ॥ ढाल चोथी संपुर्ण ॥

॥ ઢાળ પાંચમી. ॥

नदी जुमना के तीर उडे दोय पंखीयां—ए देशी,

भाखुं धर्मास्तिकाय भवी तुमे सांभलो ॥ समजो द्रव्य वखाण मिथ्या टले आंबळो ॥ चेतन बुद्धि कायामां राखीने व्रत धरो ॥ न लहो सो समकित कर्म बांधो खरो ॥ १ ॥ ते कारण द्रव्य जाणी नीज जीव जाणजो ॥ पामशो सम्यक् ज्ञान शीव लही माणजो ॥ धर्मास्तिकाय ग्रंथे गीतार्थे वर्णव्यो ॥ चउगुण वीस्तारमां जोइ अनुभव्यो ॥ २ ॥ अरूपी गुण पहेलो वर्ण अभावथी ॥ रसगंधने फरसे संस्थान को नथी ॥ संस्थानने अभावे अमुर्त्तो लीजीए ॥ वर्ण विना नही रूप अरूपी कीजीए ॥३॥ प्रथम



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गुण थयो सिद्ध बीजो अचेतनए ॥ जाण गुण अन्नावे नही ते चेतनए अक्रिय गुण त्रीजो करणी करे नही ॥ इहां कोइ करे तर्क साज जीवादि तही ॥ ४ ॥ तेहने उत्तर दाखुं ए स्वन्नाव करणी ॥ जलतारे बुम्फे तेले वेहेवारे नवरणी ॥ स्वन्नाव करणी एक चउ द्रव्ये जाणीए ॥ सिद्ध परमातममांही स्वन्नावे वखाणीए ॥ ५ ॥ पुद्गल संसारी जीव बे द्रव्यमां दाखवुं ॥ स्वन्नावने विन्नाव बे करणी न्नाखवुं ॥ विन्नाव करणी एक मीथ्यात्वी जीवमां ॥ मन तन वचन प्रवृत्ति न्नव्यने अन्नव्यमां ॥ ६ ॥ चोथा ठाणथी उपयोगी चौदमा अंत ज्युं ॥ स्वन्नावने विन्नाव बे करणी संत ज्युं ॥ स्वन्नावे शुद्धातम अनुन्नव करणी ॥ विन्नावे उदयिक न्नाव सवे नीरजरणी ॥ ७ ॥ पुद्गलमां दोय न्नेद करणीना दाखसुं ॥ एक परमाणुं मांही स्वन्नावे न्नाखसुं ॥ खंध मीले ने विखरे ए विन्नाव करणी ॥ योग्यतावंत ए द्रव्य ग्रंथे एम वरणी ॥ ७ ॥ स्वन्नावे जे करणी ते निश्चय जाणीये ॥ विन्नाव करणी बाह्य व्यवहारे पीछाणीये ॥ व्यवहारे नहि करणी धर्मास्तिकायमां ॥ तेथी अक्रिय कह्युं हेतु त्रीजा गुणमां ॥ ए ॥ गुण त्रीजो थयो सिद्ध चोथाने पीछाणीए ॥ जीव तथा पुद्गल बेहुने गति हेतु जाणीए ॥ मीन चाले जळ मांही चाले नही अन्य कां ॥ जीवने पुद्गल चाले धर्मास्ति थकां ॥ १० ॥ धर्मास्तिने अन्नावे गति नहि संन्नवे ॥ जीवने पुद्गल नाहि जइ अलोके ठवे ॥ गति करवा शक्ति छे जीव पुद्गले ॥ आकास आपे मार्ग



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वीण हेतु न चले ॥ ११ ॥ कारणने अन्नावे सो कार्य न संन्नवे ॥ चक्षु उते काळी राते देखे अनुन्नवे ॥ एम समजी तुमे न्नवी कारणने मानजो ॥ निमित्तने उपादान संन्नवे सो जाणजो ॥ १२ ॥ गुण चोथो थयो सिद्ध धर्मास्तिकायनो ॥ हवे करुं विस्तार चार पर्यायनो ॥ खंध एक द्रव्य पर्याय रह्यो लोकाकासमां ॥ उर्ध्व अधो तिर्छादी ते कल्पी ए देशमां ॥ १३ ॥ ए बीजो त्रीजो प्रदेश कहीया असंख्यए ॥ लोकाकास प्रमाणे प्ररुप्या जीनंदए ॥ अगुरु लघु पर्याय चोथो परिणतिए ॥ हानी वृद्धि बार गुण नीवृत्तिए ॥१४॥ ए चार पर्याय गुण चार दाखीया ॥ उपगारी गुरु मुखे सुणया एम न्नाषीया ॥ ज्ञान शीतल करी न्नविजन द्रव्यने जाणजो ॥ थीर मने करजो विचार हठ नहि ताणजो ॥ १५ ॥ ढाल पांचमी संपूर्ण ॥

॥ ढाळ छठ्ठी ॥

देखो गति दैवनीरे—ए देशी.

अजीव अरूपी हवे वर्णवुंरे ॥ त्रण द्रव्य व्याख्या आ ढाळ॥ अधर्मास्ति आकाशास्तिरे॥ कहुं वली त्रीजो काल ॥ सोन्नागीजन सांन्नलोरे ॥ द्रव्याणुं जोग निश्चय ज्ञान अनुन्नवसुं मील्योरे ॥ ए आंकणी ॥ १ ॥ प्रत्येके त्रण द्रव्यनारे ॥ गुणपर्याय चार चार ॥ त्रण गुण पूरवपरेरे ॥ धर्मास्ति ए विचार ॥ सोन्नागी० ॥ २ ॥ अरूपी अचेतन बीजोरे ॥ अक्रीय त्रीजो एम ॥ विस्तारे वर्णव कर्योरे ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तेम जावो करी प्रेम ॥ सोभागी० ॥ ३ ॥ एक गुणे भिन्न भाखशुंरे ॥ अनुक्रमे त्रण द्रव्य ॥ अधर्म स्थिती हेतु छेरे॥ ते जाणीये टाली गर्व ॥ सोभागी० ॥ ४ ॥ जीव पुद्गलने ते दीयेरे ॥ वीसामो मनोहार ॥ वाटे पंथी चालतारे ॥ ग्रीष्मकाळे विचार ॥ सोभागी० ॥ ५ ॥ देखी वृक्ष वीसामो लीयेरे ॥ तेम जीव पुद्गलने तेह ॥ कह्यो स्थिति हेतु अधर्मास्तिरे ॥ एम समजो गुणगेह ॥ सोभागी० ॥ ६ ॥ आकाश ते अवकाशनोरे ॥ हेतु सवे द्रव्ये थाय ॥ जीवअजीव रूपी अरूपीरे ॥ आकाश खेत्र समाय ॥ सोभागी० ॥७॥ काळ हेतु अस्ति द्रव्यनोरे ॥ पर्याय धर्मनी मांही ॥ पूर्व पर्याय छेदीनेरे ॥ अभिनव उपजे त्यांही ॥ सोभागी० ॥८॥ चोथो गुण त्रणे द्रव्यनोरे ॥ कह्यो कहुं छुं पर्याय ॥ अधर्म चौदराजमांरे ॥ एक खंध द्रव्यपर्याय ॥ सोभागी० ॥ ए ॥ उर्ध्व अधो तिर्छादिकेरे ॥ कल्पी कहीए देश ॥ प्रदेश असंख्याता कह्यारे ॥ लोकाकाश प्रदेशे प्रदेश ॥ सोभागी० ॥१०॥ अगुरु लघु परिणतियेरे ॥ गुण वृत्तिनी मांही ॥ हानि वृद्धि ग्रंथे कहीरे ॥ षट् षट् भेदे त्यांही ॥ सोभागी ॥११॥ ए पर्याय चार दाखीयारे ॥ अधर्म द्रव्यना सार ॥ हवे कहीशुं आकाशनारे ॥ पर्याय भेद ए चार ॥ सोभागी० ॥ १२ ॥ एक खंध द्रव्य पज्जवारे ॥ लोकालोक प्रमाण ॥ लोका काश देश कीजीयेरे ॥ प्रदेश अनंता वखाण ॥ सोभागी० ॥ १३ ॥ प्रदेश लोकाकाशे कह्यारे ॥ असंख्याता ग्रंथे साख ॥ अगुरू लघु परिणतीयेरे ॥ गुण वृत्तिए राख ॥

सोभागी० ॥ १४ ॥ हवे कहुं काळ द्रव्यनारे ॥ चार भेद पर्याय ॥ अतित जे अनंतो गयोरे ॥ तेनो नेम न बंधाय ॥ सोभागी० ॥ १५ ॥ अनागत अनंतो रह्योरे ॥ एक समय वर्त्तमान ॥ वर्त्तमान अतितमांरे ॥ अनागत वर्त्तमान ॥ सोभागी० ॥ १६ ॥ चोथो अगुरू लघु कह्योरे ॥ एम भेद पर्याय ॥ काळ द्रव्य अछतो कह्योरे ॥ आरोप नैगम थाय ॥ सोभागी० ॥ १७ ॥ अजिव अरूपी दाखीयारे ॥ आ ढाळ-मां त्रण द्रव्य ॥ धर्मास्ति पूर्वे कह्योरे ॥ अजिव अरूपी ए सर्व ॥ सोभागी० ॥ १८ ॥ हवे रूपी पूद्गलनेरे ॥ भाखुं वचन रसाळ ॥ ज्ञान शीतल तेने जाणतां रे ॥ बोध पामे केइ बाल ॥ सोभागी० ॥ १९ ॥ ढाल छट्ठी संपुर्ण ॥

॥ ढाळ सातमी ॥

॥ देशी चंद्रावळानी ॥ पुद्गल द्रव्यने वर्णवुंरे ॥ जेह रूपी कहेवाय ॥ भेद घणा तस दाखीयारे ॥ उपयोगे ग्रहाय ॥त्रुटक ॥ उपयोगे ग्रहायते दाखुं॥ परमाणु बीजो खंध ते भाखुं ॥ खंध दोय भेद ते कहीये ॥ जीव सहित रहित जिव लहीये ॥ सुणो भवी जन एह ॥ ए आंकणी ॥१॥ जिव रहित जे खंधछेर ॥ तेहना भेद अनेक ॥ द्विप्रदेशीथी मांडीनेरे ॥ अनंत प्रदेशी छेक ॥ त्रुटक ॥ अ-नंत प्रदेशी छेक अनंता ॥ मीले वीखरे भंग सादी संता विभाव पर्याय ते कहीए ॥ परमाणु स्वभावे लहीए ॥ सुणो० ॥ २ ॥ जीव सहित जे खंधछेरे ॥ तेहना कह्या भेद दोय ॥ सुक्ष्म बादर जाणीएरे ॥ वर्गणा चौ चौ सोय

त्रुटक ॥ वर्गणा चौ चौ सोय ते आठ ॥ उदारीक पहेली सो गाठ ॥ बीजी वैक्रीय ते कहीये ॥ त्रीजी अहारक ते लहीए ॥ सुणो० ॥ ३ ॥ काय जोग बंध एहथीरे ॥ जिवकरे सही दाखुं ॥ मनुष्य तिर्यंच गति प्रतेरे ॥ काया उदारीक न्राखुं ॥ त्रु० ॥ काया उदारीक न्राषुं एह ॥ देव नर्के वैक्रीय तेह ॥ चौद पूर्वी आहारक करे ॥ तिहां प्रमाद गुणठाणुं ठरे ॥ सुणो० ॥ ४ ॥ तेजस वर्गणा चोथी कही रे ॥ पाचन अग्नि ते एह ॥ न्राषा वर्गणा पांचमीरे ॥ वचन जोग सो तेह ॥ त्रु० ॥ वचन जोगसो तेहज कहीए ॥ स्वासौ सास ते छठ्ठी लहीए ॥ मनोवर्गणा सातमी दाखी ॥ ते मन जोग घटमां राखी ॥ सुणो० ॥ ५ ॥ वर्गणा कार्मण आठमीरे ॥ कर्म आठ मुल एह ॥ ज्ञानावर्णादी बंध एरे ॥ सत्ता उदीयादी तेह ॥ त्रु० ॥ सत्ता उदी यादी तेह उत्तरमां ॥ एक सत ने वीस छे बंधमां ॥ उदय उदीरणामां एक सत बावी ॥ सत्ता अठ्ठावन एक सत न्रावी ॥ सुणो० ॥ ६ ॥ प्रथमनी चउ वर्गणारे ॥ बादर कही जिनराय ॥ बादरमां गुण वीस छे रे ॥ वर्ण पंच रस पंच गाय ॥ त्रु० ॥ वर्ण पंच रस पंच गाय ग्रंथे ॥ दोय गंध कह्या ग्रंथ पंथे ॥ फर्स आठ सुएया गुरु मुखे ॥ ए वीस गुण जाएया सुखे सुखे ॥ सुणो० ॥ ७ ॥ पाछळनी चउ वर्गणारे ॥ सुक्ष्म तेह कहाय ॥ सोळ गुण छे एहमां रे ॥ हीण फर्स चउ थाय ॥ त्रु० ॥ हीण फर्स चउ थाय यथारथ ॥ वर्गणा संबंध कह्यो गीतारथ ॥ छ वर्गणानो

सादी संत भंगे ॥ तेजस कार्मण कहुं हवे रंगे ॥ सुणो०
॥ ८ ॥ अनादी अनंत अभवीनेरे ॥ भवीने अनादी संत ॥
शुभाशुभ ते जाणीयेरे ॥ पुन्य पापसो कहंत ॥ भु० ॥
पुन्य पापसो कहंत ते आश्रव ॥ जीव गुण बाळे सही ए
दव ॥ ज्ञान शीतल पुद्गलने जाणो ॥ कह्यो कहुंबुं आगे
चित आणो ॥ सुणो० ॥ ९ ॥ ढाल सातमी संपुर्ण ॥

॥ ढाल आठमी ॥

॥ श्री अरीहंत पद ध्याइए–ए देशी ॥

समजो भवीजन एहने ॥ कहुं वर्गणानो विचाररे ॥ जीव ग्रहे सही दाखवुं ॥ करो श्रद्धा निरधाररे ॥ समजो० ॥ ए आंकणी ॥ १ ॥ जीव अभवी जगतमां ॥ तेथी अनंत गुणा करीयेरे ॥ सिद्धना भाग अनंतमां ॥ एटला परमाणु दळ कहीयेरे ॥ समजो ॥ २ ॥ ते वर्गणा बादर भावमां ॥ ग्रही बांधे उदारीक कायारे ॥ तेथी उंछी ते ग्रहे नहि ॥ एम बोले गीतारथ रायारे ॥ समजो० ॥ ३ ॥ तेथी अनंत गुणा दळ भरी ॥ वर्गणा बीजी वैक्रीयरे ॥ जीव ग्रहे सही एहने ॥ गुरु वचने एम कहीयेरे ॥ समजो० ॥ ४ ॥ तेथी आहारक अनंत गुणी ॥ जीवना ग्रासमां आवेरे ॥ एम कीजे प्रत्येके अनंत गुणी ॥ अधिक सवे चऋती कहावेरे ॥ समजो० ॥५॥ तेजस भाषा स्वासो सासजे ॥ तेथी अनंत गुणी मन थायरे ॥ मनथी कार्मण अनंत गुणी ॥ नीज जाती परमाणुं कहायरे ॥ समजो० ॥ ६ ॥ तेथी उंछी अ ग्रहण कही ॥ आगम सार ग्रंथ साखीरे ॥ नय व्यवहार



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गवेखतां ॥ देवचंद्रजीए न्नार्षीरे ॥ समजो० ॥ ७ ॥ एकथी बीजी अनंत गुणी कही ॥ तेहनुं कारण कहीएरे ॥ सुक्ष्म बे पहेलीथी बीजी॥ बीजीथी सुक्ष्म त्रीजीएरे ॥समजो०॥ण॥ एम सुक्ष्म चमती सवे ॥ वर्गणा खंध जाती आठरे ॥ सर्वे सरखी कीजीए ॥ पुद्गलपणे एक ठाठरे ॥ समजो० ॥ ए ॥ जीव ग्रहण वर्गणा कही ॥ हवे कहुं गुण पर्यायरे ॥ आगळ नवमी ढाळमां ॥ ज्ञान शीतल वर्णव थायरे ॥ समजो० ॥ १० ॥ ढाल आठमी संपूर्ण.

॥ ढाल नवमी ॥

॥ राग बंगाली ॥

पुद्गल द्रव्यना गुणपर्याय ॥ न्नाष्या अनंता जीनेंद्रराय ॥ न्नवी सांन्नलो ॥ तेमां चौ चौ मुख्य कहाय ॥ ग्रंथे वर्णव्या गीतारथराय ॥ न्नवी सांन्नलो ॥ १ ॥ पहेलो कह्यो गुणरूपी जेह ॥ दृष्टीगोचर आवे तेह ॥ न्नवी सांन्नलो ॥ बीजो अचेतन जमता जेह ॥ जाणं गुणनो अन्नाव तेह ॥ न्नवी० ॥२॥ त्रीजो क्रिया गुण कहेवाय ॥ शुन्नाशुन्न क्रिया जेह थाय ॥ न्नवी० ॥ चोथो मिलण वीखरण जेह ॥ समण पमण वीध्वंसण तेह ॥ न्नवी० ॥३॥ ए गुण चउ कह्या कहुं पर्याय ॥ वर्ण पंच ए पहेलो कहाय ॥ न्नवी० ॥ रातो धोळो लीलो पीळो स्याम ॥ बीजो रस पंच न्नेदे नाम ॥ न्नवी० ॥ ४ ॥ तीखो कमवो कषायलो जेह ॥ खाटो मधुरो ए पंचे तेह० ॥ न्नवी० ॥ त्रीजो गंध दोय न्नेद पर्याय ॥ सुरन्नी दूरन्नी वास लहाय ॥ न्नवी० ॥ ५ ॥ चोथो फर्स

आठ नेद नाम॥ सीत उष्ण नारे हलवो ताम ॥ नवी० ॥ स्निग्ध रुक्ष कोमळ बरसट ॥ फरस सवेए कह्या अष्ट ॥ ॥ नवी० ॥ ६ ॥ ए चौ पर्याय नाष्या सार ॥ वळी गुण गावानो ठे विचार ॥ नवी० ॥ इंद्री नोइंद्री मन वचकाय ॥ पर्याप्ति प्राण पुद्गल ताय ॥ नवी० ॥ ७ ॥ संघयणने वळी संस्थान ॥ लेस्या संज्ञा ए पुद्गल स्थान॥ नवी० ॥ ज्योनी वेद जनमने मरण ॥ जरा जठरा दोय पुद्गलरण ॥ नवी० ॥ ८ ॥ आहार नीहार गता गती जेह ॥ अवगाहना ए पुद्गल तेह ॥ नवी० ॥ पुद्गल सुक्षमने बादर ॥ आधि व्याधि ए पुद्गल सर ॥ नवी० ॥ ए ॥ आठे कर्म कह्यां पुद्गल ॥ बंध उदय ए पुद्गल दल ॥ नवी०॥ सत्ता उदीरणा कर्म कहाय ॥ पून्य पाप ए पुद्गल ताय ॥ नवी० ॥ १० ॥ इत्यादि पुद्गल गुण अनंत ॥ ते जोगे संसार नाषे संत ॥ नवी० ॥ ज्ञान शीतल कहे टालो तेह ॥ नीज वृत्तिए लहो शीवगेह ॥ नवी० ११ ढाल नवमी ॥

॥ ढाळ दशमी ॥

धन्य धन्य ते जग प्राणीया मन मोहन मेरे—ए देशी ॥

आश्रव हेतु नाषीए सही चेतनमेंरे ॥ तेमां पहेलो हेतु मिथ्यात ॥ सही० ॥ अव्रत बीजो कषाय त्रीजो ॥ सही० ॥ जोग चोथानी कहुं वात ॥ सही० ॥ १ ॥ मुळ हेतु चउए कह्या ॥ सही० ॥ उत्तर सत्तावन नेद ॥ सही० ॥ तेमां मिथ्यात्व पंच नेदे कह्या ॥ सही० ॥ अव्रतना कह्या बार नेद ॥ सही० ॥ २ ॥ कषाय नोकषाय



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पचवीस कह्या ॥ सही० ॥ जोग न्नेद पंच दश सार ॥ सही० ॥ सर्वे सत्तावन थया ॥ सही० ॥ अनुक्रमे करुं विस्तार ॥ सही० ॥ ३ ॥ मीथ्यात्व पहेलुं अन्निग्रही ॥ सही० ॥ ग्रह्युं न बोमे खर पूंबवत ॥ सही० ॥ हठ मत ग्रह्यो कुबुद्धिथी ॥ सही० ॥ तीहां लोह वाणीयानुं दृष्टांत ॥ सही० ॥ ४ ॥ अण अन्निग्रही बीजुं मिथ्या ॥ सही० ॥ नहि परीक्षा पीतळ के हीम ॥ सही० ॥ दूध बास न्नेद जाणे नहि ॥ सही० ॥ इहां सत्य असत्य एकतीम ॥ सही० ॥ ५ ॥ अन्नीनीवेसी मिथ्या त्रीजुं ॥ सही० ॥ खोटुं जाणी खरुं करवानो हठ ॥ सही० ॥ युक्ति कुयुक्ति घणी करे ॥ सही० ॥ माया न्नाषाथी न मरे ए शठ ॥ सही० ॥ ६ ॥ मिथ्यात्व संशय ते चोथुं ॥ सही० ॥ जीन वचनमां संका दोष ॥ सही० ॥ अपेक्षा नय समजे नहि ॥ सही० ॥ तीहां बोले बोले संकानो जोष ॥ सही० ॥ ७ ॥ मिथ्यात्व अणा न्नोग पांचमुं ॥ सही० ॥ नहि जाणे ए धर्म के कर्म ॥ सही० ॥ अजाण नबळो सर्वथी ॥ सही० ॥ रच्यो पच्यो संसारमां पर्म ॥ सही० ॥ ८ ॥ मिथ्यात्व वसे संसारे कर्यां ॥ सही० ॥ पुद्गल परावर्त अनंत ॥ सही० ॥ हवे मिथ्यात्व न बोमशो ॥ सही० ॥ तो करसो पुनरपी अनंत ॥ सही० ॥ ए ॥ अनंत पुद्गल परावर्तनो ॥ सही० ॥ अनादि मिथ्यात्व मालीक ॥ सही० ॥ समकित पामीने पमे ॥ सही० ॥ तोपण अर्ध पुद्गल ठीक ॥ सही० ॥ १० ॥ अनादि मिथ्यात्व समको नहि ॥ सही० निर्दय शत्रुए दुष्ट



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ सही० ॥ अनंत दुःख दातार ए ॥ सही० ॥ करे कर्मथी जीवने ए पुष्ट ॥ सही० ॥ ११ ॥ कर्म पुष्ट शुभाशुभ ए ॥ सही० ॥ शुभाशुभ आश्रव पुन्य पाप ॥ सही० ॥ मिथ्यात्व पांच भेद कह्युं ॥ सही० ॥ अव्रतनो आगे कहुं ताप ॥ सही० ॥ १२ ॥ ताप कहेतां शीतळ वळे ॥ सही० ॥ ए अद्भूत अचरीज वात ॥ सही० ॥ ज्ञान शीतलज्ञान भावमां ॥ सही० ॥ उपयोगी तीहां सुख ॥ सही० ॥ १३ ॥ ढाळ दशमी संपूर्ण ॥

॥ ढाल अगीयारमी ॥

॥ तोरण आइ क्युं चलेरे–ए देशी ॥

मिथ्यात्व दुष्ट इस्युं कह्युंरे ॥ वळी कहुं गुणठाण सगुणा ॥ प्रश्न कर्युं रुडुं भलुंरे ॥ उत्तर करुं परमाण सगुणा ॥ शंका पडे तो फरी पुछीनेरं ॥ निःसंक थाउं गुणगेह सगुणा ॥ ए आंकणी ॥ १ ॥ प्रथम मिथ्यात्व दुष्टनोरे ॥ अर्थ कहुं थिर चित्त ॥ स० ॥ त्यार पछी गुणठाणनोरे ॥ कहेशुं उपयोग रीत ॥ स० ॥ संका ॥ २ ॥ मिथ्यात्व छतां नव पूरवीरे ॥ कह्या अज्ञानी ग्रंथे साख ॥ स० ॥ व्यवहारे यथारथ संयतीरे ॥ कह्या असंयती भगवैए दाख ॥ स० ॥ संका० ॥ ३ ॥ नर्क तिर्यंच गति आउखुंरे मिथ्यात्व विण न बंधाय ॥ स० ॥ स्त्री नपुसक दोय वेदनोरे ॥ मिथ्यात्वठाणे बंध थाय ॥ स० ॥ संका० ॥ ४ ॥ अनंतुं दुःख नरके कह्युंरे ॥ खेत्रवेदना परमाधामी आपे ॥ स० ॥ वली लढी मरवानुं तीहांरे ॥ पूर्वभव वेरनीए छापे ॥ स० ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

संका० ॥५॥ नर्कथी अनंतु निगोदमांरे ॥ दुःख त्राषे जीनें-द्रदेव ॥ स० ॥ पुद्गल परावर्त तीहां कर्यांरे ॥ अनंतां ए मिथ्यात्व टेव ॥ स० ॥ संका० ॥ ६ ॥ धर्म करयां धर्म होवे नहिरे ॥ धर्म करयां बंधाय कर्म ॥ स० ॥ संसार वृद्धि हेतु एरे ॥ मिथ्यात्व अज्ञान त्रर्म ॥ स० ॥ संका० ॥ ७ ॥ मिथ्यात्वी जीव अजीव समोरे ॥ न जाणे वस्तु धर्म इम ॥ स० ॥ अती पाप मीथ्यात्व एरे ॥ बळीयामां बळीयो ए सीम ॥ स० ॥ संका० ॥ ८ ॥ ब्यासी प्रकृति पापनीरे ॥ तेमां एक पल्ले धरीए मिथ्यात ॥ स० ॥ बीजा पल्ले एकासी सवेरे ॥ तोल्यां मिथ्यात त्रारे नमी जात ॥ स० ॥ संका० ॥ ए ॥ अनंत पुद्गल परावर्तनोरे ॥ मालीक एक मिथ्यात्व दुष्ट स० ॥ अव्रत कषाय जोग त्रण एरे ॥ मालीक त्रव सात के अष्ट ॥ स० ॥ संका० ॥ १० ॥ वहुल संसारी मिथ्यात्व एरे ॥ सर्व धर्म घाती एह ॥ स० ॥ अप मंगलीकमां मूख्य एरे ॥ शत्रु चारित्र रायनो तेह ॥ स० ॥ संका० ॥ ११ सागर सीत्तेर कोमा कोमीनीरे ॥ स्थिती मोटी ए शत्रु कठोर ॥ स० जगवासी सवे जीवनेरे ॥ राखे आंणमां सेवक ज्युं नठोर ॥ स० संका० ॥ १२ ॥ आपे स-हाय सवे कर्मनेरे ॥ मोह पल्लीनो पुत्र ए मोटो ॥ स० ॥ एने जोइ अघातीने बळ वधेरे ॥ फेरी सबसें ए मिथ्यात्व खोटो ॥ स० ॥ संका० ॥ १३ ॥ उदय साता असाता वेदनी रे कही गुण रोधक ते देखो ॥ स० ॥ वाला वोध चौवीसीये रे ॥ वोले देवचंद्रजी ए पेखो ॥ स० ॥ संका० ॥ १४ ॥ इ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

त्यादि घणुं शुं कहीयेरे ॥ थोरुं कह्ये घणुं जाणो चतुर ॥ स० ॥ ज्ञान शीतलनुं कहेण मानजोरे ॥ मिथ्यात्व भ्रमिक ज्युं धंतुर ॥ स० ॥ संका० १५ ॥ ढाल अगीयारमी सपूर्ण ॥

॥ ढाल बारमी ॥

॥ चतुर नर सामायक नय धारो ॥ ए देशी ॥

चतुर नर अव्रत झीणां टाळो ॥ षट काय षट इंद्रीनो इंद्री ए बार अव्रत भाळो ॥ चतुर० ॥ अव्रत० ॥ ए आंकणी ॥ १ ॥ आतम घर मेलातहे घटमां ॥ असंख्य प्रदेशनी रचना ॥ अनंत गुणपर्याये भरपुर ॥ सरखा बराबर सिद्धना ॥च०॥ अव्रत० ॥ २ ॥ ए बार झीणांमां थइने आवे॥ नीरंतर चोर रागद्वेष ॥ आतम गुण रीद्धि लै जावे ॥ तिहां चेतन करे कर्म क्लेष ॥ च० ॥ अव्रत० ॥ ३ ॥ पांच इंद्रिने मन नोइंद्रि ॥ तेनो विषय शुभाशुभ कहीए ॥ राग द्वेषए अशुद्ध परिणति ॥ पुद्गल संगे लहीए ॥ च० ॥ अव्रत० ॥ ४ ॥ पृथवि पाणी अग्निने वायु ॥ वनस्पतिने त्रस ॥ ए सर्वे अव्रत सेवनथी ॥ कर्मबंध रागद्वेषवस ॥च०॥ अव्रत०॥५॥ ए बार अव्रतथी अलगा थइने॥ अंतर गत घटमांही ॥ चिदानंद घन नजरे नीरखो ॥ करो शुद्ध उपयोग त्यांही ॥ च० ॥ अव्रत० ॥ ६ ॥ एम भाव विरतीये स्वरूप रमणगत ॥ अंतर मुहूर्त्तमांही ॥ रागद्वेष मोहादी हणीने ॥ लहीये केवळ अरिहंत त्यांही ॥ च० ॥ अव्रत० ॥ ७ ॥ एम अव्रतने टाळो भवीजन ॥ आश्रव अलगो होवे ॥ ज्ञान शीतल गुणगत परिणामे ॥ कर्म मेल सब धोवे ॥ च० ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अव्रत० ॥ ७ ॥ ढाल बारमी संपूर्ण ॥

॥ ढाल तेरमी ॥ देशी चंद्रावळानी ॥

कषायनी पहेली चोकमीरे ॥ अनंतानुबंधी ए दुष्ट ॥ जाव जिव लगे रहेरे ॥ क्रोध पथ्थर फाट पुष्ट ॥ त्रुटक० ॥ क्रोध पथ्थर फाट पुष्ट अमी लावो ॥ मान पथ्थर थंत्र नमे न नमाव्यो ॥ वांस मूळ वांकां तेसी माया ॥ कीरमज रंग ज्युं लोज्ञ कहाया ॥ समकित घाति ए मोह ॥ १ ॥ कषायनी बीजी चोकमीरे ॥ अप्रत्याख्यानीए ढळे ॥ बार मास लगे रहेरे ॥ क्रोध जमी फाट मले ॥ त्रु० ॥ क्रोध जमी फाट मले मेघ वरसे ॥ मान अस्थि थंत्र उट नही नमसे ॥ शींग घेटानां वांकां तेसी माया ॥ करदम रंग ज्युं लोज्ञ कहाया ॥ देश विरति घाति ए मोह ॥ २ ॥ कषाय प्रत्याख्यानी चोकमी रे ॥ त्रीजी ग्रंथे कहाय ॥ चार मास लगे रहेरे ॥ क्रोध वेळु लीक पूराय ॥ त्रु० ॥ क्रोध वेळु लीक पुराय वायु आपे ॥ मान काष्ट थंत्र वळे तेल तापे ॥ गौमुत्रीका वांकी तेसी माया ॥ लोज्ञ गाम्री उजण मली माग थाया ॥ सर्व विरती घातीए मोह ॥ ३ ॥ कषायनी चोथी चोकमीरे ॥ संज्वलनी ते कहाय ॥ पंच दश दीन ए रहेरे ॥ क्रोध जळ लीक ज्युं थाय ॥त्रु०॥ क्रोध जळ लीक ज्युं थाय अळप ॥नेत्र थंत्र नमे ज्युं मान ढोम्रे टप॥ वांस ढोती वाकी तेसी माया॥ हलदी रंग ज्युं लोज्ञ कहाया ॥ यथाख्यात घातिए मोह ॥ ४ ॥ कषायनी चउ चोकमीरे ॥ सोळ ज्ञेद विस्तार॥ दृष्टांत साथे वर्णवीरे ॥ स्थिती कही प्राइकघार ॥ २ ॥

त्रु० ॥ थीती कही प्राइकधार अंतरमें ॥ हठमत नांही अनेकांत धर्में ॥ हवे नोकषाय नव दाखुं ॥ अनुक्रमे उपयोगे ञाखुं ॥ आतम गुणघातीए मोह ॥ ५ ॥ हास्य मोहनी नोकषाय पहेलोरे ॥ वीनोद कारण विषवाद ॥ रति मोहनी नोकषाय बीजोरे ॥ शाता द्वेष कारण नाद ॥त्रु०॥ शाता द्वेष कारण नाद पापस्थान ॥ अरति मोह त्रीजो अशातावान ॥ ञय मोहनी नोकषायनी ञीती॥ मरणादी सप्त ञय वर्ते अनीती ॥ आत्म गुण घातीए मोह ॥ ६ ॥ शोक मोह नोकषाय पांचमोरे ॥ राग कारण करे क्लेश ॥ दुगंछा ते मोह नोकषाय छठोरे ॥ अशुची कारण द्वेष ॥ त्रु० ॥ अशुची कारण द्वेष अणगमतुं ॥ पुरुषवेद ञोग विषय मन ञमतुं ॥ स्त्रीवेद कह्यो अग्नि ऊाऊो ॥ नपुसकवेदे सदा रहे दाऊयो ॥ आतम गुण घातीए मोह ॥ ७ ॥ नोकषाय नव ञेदे दाखीयोरे ॥ दाख्यासवे पंचवीस ॥ आश्रव हेतु एछे त्रीजोरे ॥ अनादी संबंध आधीस ॥ त्रु० ॥ अनादी संबंध आधीसपणे ञूखीयो ॥ सिद्धसम चेतन प्रसंगे दुःखीयो ॥ ज्ञान शीतल प्रसंग जब तूटे ॥ कर्म आठ सत्ताथी छूटे ॥ धन्य दीन धन्य घमी तेह ॥ ढाल तेरमी ॥

॥ ढाळ चौदमी ॥

॥ चेतन चेतोरे चेतना—ए देशी ॥

योग त्रणने सही वर्णवुं ॥ मन वचनने कायरे ॥ ञेद पंचदश तेहना, कहेशुं उपयोग लायरे ॥ योग० ॥ ए आंकणी ॥ १ ॥ चउञेद मनना कह्या ॥ सत्य सत्या सत्य

दूजोरे ॥ असत्य असत्या सत्यए ॥ अर्थ सूणी नवी बुजोरे ॥ योग० ॥ २ ॥ शुद्ध वेहेवारे मन रमे ॥ घटमां नेद ज्ञान आवेरे ॥ नीरावर्ण गुण आत्मा ॥ केवळ ज्ञानादि ध्यावेरे ॥ योग० ॥ ३ ॥ नय ऋजु सूत्र सत्य मन्न ए ॥ हवे सत्या सत्य दाखुंरे ॥ मतीज्ञानादी गुण आत्मा ॥ उपयोग व्यवहारे राखुंरे॥ योग० ॥४॥ असुद्ध वेहेवारे असत्य मन॥ समजे काया तेह जीवरे ॥ असत्या सत्य शुन्न व्यवहारे ॥ कर्म जनित काया गेहरे ॥ योग० ॥ ५ ॥ ए चउनेद मनना कह्या ॥ तेम वचन चउजाणोरे॥ चिंतवे बोले पटं-तरो ॥ ए आठ नेद परमाणोरे ॥ योग० ॥ ६ ॥ हवे का-याना सात कीजीए ॥ पहेलो योग उदारीकरे ॥ बीजो उदारीक मिश्र ए ॥ त्रीजो वैक्रिय ठीकरे ॥ योग० ॥ ७ ॥ चोथो वैक्रिय मिश्रए ॥ पांचमो आहारक जाणरे ॥ छठो आहारक मिश्रए ॥ सातमो तेजस कार्मणरे ॥ योग० ॥८॥ ए सात नेदे काया कही हवे कहुं तस अर्थरे ॥ मनुष्य तिर्यंच दोयगती प्रत्ये॥ उदरीक काया गर्थरे॥ योग० ॥ए॥ देवनर्क दोयगती प्रत्ये ॥ काया वैक्रिय जाणोरे ॥ आहा-रक प्रमाद ठाणे करे॥ चौद पूरवी राणोरे ॥ योग० ॥ ॥ १० ॥ आयुष बांधी मरी देह ठोमीने ॥ जीव नवांतर जायरे ॥ तेजस कार्मण लेइने ॥ उपजे तीहां आहार था-यरे ॥ योग० ॥ ११ ॥ मरी कायाथी जीव बूटीयो ॥ जइने आहार न लीधोरे ॥ अंतरालवृत्ति तेटला समे ॥ तेजस कार्मण कीधोरे ॥ योग० ॥ १२ ॥ ए चउ नेद प्रत्येके



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कह्या ॥ हवे कहुं मिश्र त्रण कायारे ॥ उदारीक वैक्रिय बीजी ॥ त्रीजी आहारक कहायरे ॥ योग० ॥ १३ ॥ ए त्रण नाम ते मुख्यता ॥ गुणता मिश्र ते दाखुंरे ॥ तेजस कार्मण मिश्र ए ॥ ए सर्व सात ज्ञेद ज्ञाषुंरे ॥ योग० ॥१४॥ ए मुळयोग ज्ञेद त्रण कह्या ॥ उत्तर कह्या पंच दशरे ॥ चउद ज्ञेद सादि सांत बे ॥ एक ज्ञेद आगे कहीसरे ॥ योग० ॥ १५ ॥ तेजस कार्मण काय योगनो॥ ज्ञान शीतल कहे संबंधरे ॥ अनादी अनंत अज्ञवीने ॥ ज्ञवीने अनादी संत ज्ञगरे ॥ योग० ॥ १६ ॥ ढाल चौदमी संपूर्ण ॥

॥ ढाळ पंदरमी ॥

॥ ए बनी कीहां राखी–ए देशी ॥

कर्म बंध निरंतर करीये ॥ ए विज्ञाव क्रीया कहीये ॥ जीवने पुद्गल दोय मीव्यां होवे ॥ एक जीवपणे न लहीयेरे ज्ञवीका ॥ ए क्रीया अनादीतारी॥ ए आंकणी ॥१॥ ए बंध चउज्ञेदे दाखुं ॥ प्रदेश प्रकृति बंध ॥ रसबंध स्थिती मर्यादा ॥ द्रष्टांत लाडु संबंधरे ज्ञवीका ॥ ए क्रीया० ॥२॥ प्रदेश तेही आटो कहीए ॥ खांड गोळ प्रकृति॥ रस ते घी ज्ञेली लाडु वाळो ॥ थीती मर्यादा ठरतीरे ॥ ज्ञविका ए क्रीया० ॥ ३ ॥ ए कह्यो नय हवे उपनय दाखुं ॥ शुज्ञाशुज्ञ जेवी क्रीया ॥ तेवो आश्रव करम दळ खेंचे ॥ खंध परमाणुं अनंता ज्ञरीयारे॥ ज्ञवीका ॥ ए क्रीया० ॥४॥ प्रकृति चउकषाय कहीए ॥ अनंतानादी ज्ञेद चउ ॥ नोकषाय मिथ्यात्व ए बवीस॥ जेसी होवे तेसी बांधे बहुरे॥ ज्ञवीका

॥ ए क्रीया० ॥ ५ ॥ रस ते राग द्वेष अशुद्ध रस ॥ अज्ञान रस अशुद्ध ॥ जेटलो पोतामां होय ते रसथी ॥ बांधे आत्म प्रदेश अबुद्धरे ॥भवीका॥ ए क्रीया० ॥ ६ ॥ प्रदेश कर्मदळ मोह प्रकृति ॥ रस अज्ञान राग द्वेष ॥ निजातम असंख्य प्रदेशे ॥ बांधे एकत्व परिणमन बेसरे॥ भवीका॥ ए क्रीया० ॥ ७ ॥ ए कर्मबंध जीहां तक रेहेवे ॥ आत्म प्रदेशथी न विखरे ॥ तेना काळनुं मान ते स्थिती ॥ उत्कृष्टी कहुं सिखरेरे ॥ भवीका ॥ ए क्रीया० ॥८॥ ज्ञानावर्णीने दर्शनावर्णी वेदनिकर्म अंतराय ॥ त्रीस कोडाकोडी सागरोपमनी ॥ स्थिती ग्रंथे कहायरे ॥ भवीका ॥ ए क्रीया० ॥९॥ मोहनी कर्मनी स्थिती दू भेदे ॥ मिथ्यात्व बीजो कषाय ॥ सीतेर कोडाकोडी सागरोपमनी ॥ मिथ्यात्व मोहनी कहायरे ॥ भवीका ॥ ए क्रीया० ॥ १० ॥ चाळीस कोडाकोडी सागरोपमनी स्थिति कषायनी दाखे ॥ समकीत घातीए मिथ्यात्व कहीए॥ घाती कषाय भाखेरे ॥भवीका॥ ए क्रीया० ॥ ११ ॥ नामने गोत्र बे कर्मनी स्थिती ॥ सागरवीस कोडाकोडी ॥ तेत्रीस सागर आयुष्य केरी॥ दाखी ग्रंथे दृष्टी जोडीरे॥ भवीका॥ ए क्रीया० ॥ १२ अज्ञान राग द्वेष अशुद्धरस॥ मतीश्रुत विभंग अज्ञान ॥ राग द्वेष परिणति अशुद्ध ॥ ए कर्मबंध हेतु स्थानरे ॥ भवीका ॥ ए क्रीया० ॥१३॥ समकित वीण ज्ञानी नही होवे ॥ वितराग विण रागी द्वेषी ॥ समकिती संभावे अबंधक ॥ सकाम निर्जरा लेसीरे ॥ भवीका ॥ ए क्रीया० ॥ १४ ॥ ए विभाव क्रीयामां भांगा कहीए ॥

भवीने अभवीमां॥ अनादी अनंत अभवीने लागे॥ अनादी संत भाष्यो भवीमांरे॥ भवीका॥ ए क्रीया०॥१५॥ अनादी क्रीया जब त्याग होवे॥ तब होवे आत्म अबंध ॥ ज्ञान शीतल उज्वल घटमांही॥ ते लहे शीवसुख संबंधरे॥भवीका॥ ए क्रीया अभीनवप्यारी॥ १६॥ ढाल पंदरमी संपूर्ण॥

॥ ढाल सोळमी॥

॥ कपुर होवे अती उजळोरे–ए देशी॥

चौकर्म अघाती पूर्व बंधनीरे ॥ शुभ प्रकृति होय जेह॥ तेनो उदय पुन्य कीजीएरे ॥ दाखुं बायाली भेद तेहरे॥ प्राणीए पुन्य तणो अधिकार॥ ते संसारे सुखनुं गेहरे॥ प्राणीए० ए आंकणी ॥१॥ साता वेदनी उदय थकीरे॥ करे सुखनो अनुभव॥ मधु लेप खरूग धारज्युंरे॥ चाटयां जीभ कापे दुःख थाय तवरे॥ प्राणीए०॥२॥ उंच गोत्र उदय थकीरे॥ उंच कुळे जन्मे जीव॥ मान पूजा प्रतिष्टतारे॥ लहे आदर सत्कार दीव्यरे॥ प्राणीए०॥३॥ सुख आयुष कर्म उदय थकीरे॥ पामे त्रण गति पर्याय॥ काया देव मनुष्य तिर्यंचनीरे॥ हेरू बंधन ए सर्व कहायरे॥ प्राणीए०॥४॥ ए त्रण कर्मना कह्यारे॥ पांच भेद ते उदार॥ हवे सततीस नामनारे॥ ए भेद विचित्र चितारे रे॥ प्राणीए०॥५॥ मनुष्यद्विक नाम उदय थकीरे॥ पामे मनुष्य गति पर्याय॥ मनुष्यनी आनुपुरवीरे॥ वक्रगती उत्पत्तिये लायरे॥ प्राणीए० ॥६॥ सुरद्विक नाम उदय थकीरे॥ पामे देवगति पर्याय॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

देवनी आनुपुरवीरे ॥ मनुष्यद्विके कहीज्युं कहायरे ॥ प्राणीए० ॥ ७ ॥ पंचेंद्री जाति उदय थकीरे ॥ पामे सही इंद्रीयो पांच ॥ देव मनुष्यादी गती प्रत्येरे ॥ उदय छते न लागे खांचरे ॥ प्राणीए० ॥ ८ ॥ उदारीक शरीरनोरे ॥ उदय होय जब सार ॥ उदारीक आहार लेइनेरे ॥ बांधे शरीर पींड नही वाररे ॥ प्राणीए० ॥ ९ ॥ उदारीक अंगो पांग उदय थकीरे ॥ बांधे आठ अंग उपांग ॥ अंगुली रे खानख केस एरे ॥ इत्यादि कह्यां अंगोपांगरे ॥ प्राणीए० ॥ १० ॥ वैक्रीय शरीरनोरे ॥ अंगोपांग उदय थाय ॥ ते बांधे उदारीकज्युंरे, एम भावो ए सरखो न्यायरे ॥ प्राणीए० ॥ ११ ॥ वैक्रीयना दोय भेदछेरे ॥ औपपाति लब्धि एम ॥ औपपाती देव नर्कमांरे ॥ लब्धि मनुष्य तिर्यंच तेमरे ॥ प्राणीए० ॥१२॥ वैक्रियादि लब्धि एरे ॥ करे मनुष्यादी रुप अनेक ॥ प्रत्येक रूपे नीजात्मनांरे ॥ प्रदेश असंख्यनी टेकरे ॥ प्राणीए० ॥ १३ ॥ ए प्रदेश लब्धिवंतनारे ॥ काढे ते मुळ कायाथी सार ॥ अनेक रूपे एक आतमारे ॥ न त्रुटे प्रदेश श्रेणी फाररे ॥ प्राणीए० १४॥ ए रूपथी लढतां अन्य सुरे ॥ लागे एकने शस्त्र प्रहार ॥ तेनुं दुःख जे प्रगटेरे ॥ ते अनुभव सर्वने धाररे ॥ प्राणीए० ॥ १५ ॥ असंख्याता प्रदेश विनारे ॥ कायजोग न बंधाय ॥ रुप विखरे आवी मिलेरे ॥ मुळ कायाये श्रेणी समायरे ॥ प्राणीए० ॥ १६ ॥ आहारक शरीर उदय थकीरे ॥ आहारक दळ ग्रहाय ॥ शरीरपणे परिणमावीनेरे ॥ मुंढा हाथनी बांधे ए कायरे ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ प्राणीए० ॥ १७ ॥ आहारक अंगोपांग उदयथकिरे ॥ बांधे अंग ऊपांग ॥ पूर्वे कह्युं ज्युं उदारीकेरे ॥ एम भावो ए जोग अती चंगरे ॥ प्राणीए० ॥ १८ ॥ तेजस शरीर उदय थकीरे ॥ आहारनुं पाचन थाय ॥ जठरा अग्नि एहथेरे ॥ उदय अभावे काळ कहायरे ॥ प्राणीए० ॥ १९ ॥ कार्मण शरीर उदय थकीरे ॥ कार्मण दळ बंधाय ॥ असंख्य प्रदेशे ऐक्यतारे ॥ एखीर नीर द्रष्टांत न्यायरे ॥ प्राणीए० ॥ २० ॥ प्रथम संघयण उदय थकीरे ॥ हाड संधि द्रढ बंधाय ॥ मर्कट बंध दोय पासथीरे ॥ उपर पाटाए खीली जडायरे ॥ प्राणीए० ॥ २१ ॥ पहेला संस्थान उदय थकीरे ॥ समचउरस पलांठी भराय॥ भाभो जानु जमणे खभेरे ॥ जमणो जानु डाबे सम थायरे ॥ प्राणीए० ॥ २२ ॥ वर्ण चतुष्क उदय थकीरे ॥ रस शुभ वर्णो काय ॥ सुवास कमल ज्युं महमहेरे ॥ शुभफर्स मनोज्ञ कहायरे ॥ प्राणीए० ॥ २३ ॥ अगुरु लघु नाम उदय थकीरे ॥ शरीर मध्यस्थता पाय ॥ नहि पुष्टता नहि कसतारे ॥ ते अगुरु लघु नाम कहायरे ॥ प्राणीए० ॥ २४ ॥ पराघात नाम उदय थकीरे ॥ अनंत बळ वीर्यता पाय ॥ एकपणे जीते अनेकशुरे ॥ भूजा बळे समुद्र तरी जायरे ॥ प्राणीए० ॥ २५ ॥ श्वासोश्वास उदय थकीरे॥सुखे श्वासोश्वास लेवाय ॥ विघ्न संभव होवे नहिरे॥ लब्धि छतां सजीवन कहायरे ॥ प्राणीए० २६ ॥ आतप नाम कर्म उदय थकीरे ॥ तीखी तेजे तसी काय ॥ परने



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

परीताप उपजेरे ॥ उदय बादर पृथ्वीए कहायरे ॥ प्राणी-
ए० ॥ २७ ॥ उद्योत नाम कर्म उदय थकीरे ॥ शांत मुद्रा
शीतळ थाय ॥ परने प्रमोद हेतुएरे ॥ चंद्रोदय अमी
वरसायरे ॥ प्राणीए० ॥ २८ ॥ शुन्न विहायो गती उदय
थकीरे ॥ पामे हंस सरखी ए चाल ॥ शीख्यां अणशीख्यां
संपजेरे ॥ उदय अन्नावे न लहे ते ख्यालरे ॥ प्राणीए०
॥ २९ ॥ निर्माण नाम कर्म उदय थकीरे ॥ अंगना अव-
यव सर्व ॥ योग्य स्थापे सूत्रधार ज्युंरे ॥ सांधा मेळ पुद्-
गल द्रव्यरे ॥ प्राणीए० ॥ ३० ॥ जिननाम कर्म उदय
थकीरे ॥ समोसरणादी पामे ऋद्ध ॥ सेवे असंख्य कोमी
देवनीरे ॥ अनंत पुन्योदय तीहां कीधरे ॥ प्राणीए० ॥
३१ ॥ आहार निहार अन्य देखे नहीरे ॥ प्रस्वेद मळ
रहित शरीर ॥ श्वास सुगंध महके कमळज्युंरे ॥ मांस
लोही उज्वल जेसी खीररे ॥ प्राणीए० ॥ ३२ ए चार अ-
तिशय जन्मथीरे ॥ घाती कर्म खपे एकादश ॥ ओगणीस
देव कृत्य संपजेरे ॥ ए चौतीस अतीशयव्रत तसरे ॥
प्राणीए० ३३ ॥ पण तीस गुण न्नर वाणीयेरे ॥ न्नवी जीवने
करे उपदेश ॥ बोध बीज पामे घणारे ॥ होवे विरति प-
रिणामी रुमा वेशरे ॥ प्राणीए० ३४ ॥ कोइ होवे साधु
साधवीरे ॥ कोइ श्रावक श्रावीका थाय ॥ क्षय उपशम
अप्रतिहतनेरे ॥ दीये गणधर पद जिनरायरे ॥ प्राणीए०
३५ ॥ त्यां द्वादशांगी रचना करेरे ॥ ज्ञान लब्धिए गण-
धरराय ॥ ए तीर्थ स्थापना कहीरे ॥ देशना निष्फल नही



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जायरे ॥ प्राणीए० ३६ ॥ त्रस नाम कर्म उदय थकीरे ॥ न लहे स्थावर काय पांच ॥ बाकी सवे गति त्रसभेरे ॥ तीहां उपजे तेमां नही खांचरे ॥ प्राणीए० ॥ ३७ ॥ बादर नाम कर्म उदय थकीरे ॥ न लहे सूक्ष्म थावर पांच ॥ द्रष्टीगोचर काया कहीरे ते बादर नाम नही खांचरे ॥ प्राणीए० ३८ ॥ पर्याप्ति नाम उदय थकीरे ॥ करे पुरी पोतानी जे होय॥ करण लब्धि दोय भेदथीरे ॥ न मरे अपजत्तो कोयरे ॥ प्राणीए० ३९॥ प्रत्येक नाम कर्म उदय थकीरे ॥ बे निगोद गति होय बंध ॥ जीव जीवनी काया जुदीरे ॥ ते प्रत्येक नाम संबंधरे ॥ प्राणीए० ४० ॥ स्थिर नाम कर्म उदय थकीरे ॥ दाढ दंत हाड बांधो द्रढ ॥ नखसें हाड दंत एहनारे ॥ सर्व अवयव निश्चल गढरे ॥ प्राणीए० ४१ ॥ शुभ नाम कर्म उदय थकीरे शुभ कहीए उर्ध्व अंग ॥ अप्रिय न होवे कोइनेरे ॥ फर्स लाग्यां माने अती चंगरे॥ प्राणीए० ४२॥ सौभाग्य नाम कर्म उदय थकीरे ॥ उपकार विण वल्लभ होय ॥ सगपण प्रिती संबंध विना रे ॥ जग वल्लभ इष्ट लागे सोयरे ॥ प्राणीए० ४३ ॥ सुस्वर नाम कर्म उदय थकीरे ॥ कंठ शब्द मधुर ध्वनी होय ॥ सर्व लोक ग्रह एहनेरे ॥ श्रवण रस सुखदाइ सोयरे ॥ ॥ प्राणीए० ॥ ४४ ॥ आदेयनामकर्म उदयथकीरे ॥ प्रमाणीक पुरुष गणाय ॥ खंडीत वचन होवे नहीरे ॥ यथार्थ वचन पकडायरे ॥ प्राणीए० ॥ ४५ ॥ यशकीर्ति नाम उदयथकीरे ॥ गाय गुण समुदाय जगजस ॥ ऋद्धि आडंबर

अतीघणोरे ॥ फेलाय जसकीर्ति तसरे ॥ प्राणीए० ॥ ४६ ॥ ए बायालीस न्नेद पुन्यनारे ॥ अघाती कर्म. जनित कहाय॥ उदयिक न्नावे ते पामीयेरे ॥ पुद्गलीक न्नाव ग्रंथे गवायरे॥ प्राणीए० ॥ ४७ ॥ ए न्नेद अर्थ रचना करीरे ॥ पहेला कर्म ग्रंथ अनुसार ॥ ज्ञानशितल कहे गुणवतंनेरे ॥ हित जाणी अशुद्ध होय तो नीवाररे ॥ प्राणीए० ॥ ४८ ॥ ढाल सोलमी संपूर्ण ॥

॥ ढाल सत्तरमी ॥

॥ तीरथनी आशातना नवि करीए–एदेशी ॥

घाती करम पूर्व बंधनी प्रकृति ॥ उदय आव्यां वि-घन करती ॥ आतम गुण पर्याय हणती ॥ अती मोटुं पाप ॥ घाती० ॥ ए आंकणी ॥ १ ॥ मतीज्ञानावर्णी पापो-दयमां आवे ॥ इंद्री उपयोग हीण थावे ॥ तीहां चेतन जमता पावे ॥ अचेतन सम एह ॥ घाती० ॥ २ ॥ श्रुत-ज्ञानावर्णी पापोदयमां आवे ॥ सीद्धांत बोध तीहां जावे॥ श्रोत इंद्री बे'रासपावे ॥ मोटुं अज्ञान एह ॥ घाती० ॥ ३ ॥ अवधि ज्ञानावर्णी पापोदयमां आवे ॥ रूपी प्रत्यक्ष ग्यान हीण थावे ॥ उदय होय तिहां नहि पावे ॥ पाम्यो होय तेनुं जाय ॥ घाती० ॥ ४ ॥ मनपर्यव ज्ञानावरणी उदय मांही ॥ मनोगत न्नाव ग्यान क्षय त्यांही॥ उदय छतां न प्रगटे क्यांही ॥ अढीद्विपनी मांही ॥ घाती० ॥ ५ ॥ केवळ ज्ञानावरणी पापनो उदे ज्यांही ॥ तीहां अरिहंत पदवी नांही ॥ छदमस्थ ए कहेवाय त्यांही ॥ न सनातक

एह ॥ घाती० ॥ ६ ॥ ए ज्ञानावरणी उदय कह्युं बीजुं कहीए ॥ दर्शना वरणी उदय लहीए ॥ ज्ञान दर्शन हाणी तहीए ॥ कही कहुं विचार ॥ घाती० ॥ ७ ॥ चक्षु दर्शनावरणी पाप उदयमां आवे ॥ चक्षु इंद्री दर्शन हाणी थावे ॥ चौरंद्रीपणुं नही पावे ॥ तेरंद्रीए थाय ॥ घाती० ॥ ८ ॥ अचक्षु दर्शनावरणी पाप उदयमां आवे ॥ श्रोत गंध रसफर्स हाणी थावे ॥ मन हणतां असन्नी कहावे ॥ भेद आगे कहेवाय ॥ घाती० ॥ ए ॥ श्रोत उपयोग हणतां चौरंद्री भाखुं ॥ गंध हणतां बेरंद्री दाखुं ॥ रस हणतां एकेंद्री राखुं ॥ फर्स हणतां सूक्ष्म ॥ घाती० ॥ १० ॥ अवधि दर्शना वरणी पाप उदयमां आवे ॥ प्रत्यक्ष रूपी दर्शन हणावे ॥ दर्शन मर्यादा कहावे ॥ लाध्युं होय तेनुं जाय ॥ घाती० ॥ ११ ॥ केवळ दर्शनावरणी पाप उदयमांही ॥ तीहां केवळ दर्शन नांही ॥ अपुर्ण कार्य कह्युं त्यांही ॥ एही मोटुं दुःख ॥ घाती० ॥ १२ ॥ निंद्रा पंचक पाप उदे प्रत्येके आवे॥ इंद्रिगत उपयोग रुंधावे ॥ दर्शन गुण घात कहावे ॥ अचेतन सम एह ॥ घाती० ॥ १३ ॥ निंद्रा पंचक भेद प्रत्येके दाखुं ॥ सुखे जागे ते निद्रा भाखुं ॥ बीजा घांटानो खप न राखुं ॥ पहेली निंद्रा एह ॥घाती०॥ १४ ॥ बीजो भेद निद्रा निद्रा भवी जाणो ॥ दूःखे जागे ऊफे घांटे साणो ॥ बेठां उभां उंघे त्रीजो राणो ॥ तेनुं प्रचला नाम ॥ घाती० ॥ १५ ॥ चोथो भेद प्रचला प्रचलाए दाखुं ॥ चालतां चालतां उंघ राखुं ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

खातां खातां पीतां उंघ आखुं ॥ जागे कांकरो त्यांही ॥ घाती० ॥ १६ निद्रा थीणद्धी पंचमि मांही फरीए ॥ रात्रे दीन चिंतीत काम करीए ॥ वासुदेव बळ नीमे वरीये ॥ मरि नरके ए जाय ॥ घाती० ॥ १७ ॥ ए दर्शनावर्णी उदये कह्युं त्रीजुं कहीए ॥ मोहनी कर्म उदय लहीए ॥ चारित्र गुण स्थिर हाणी तहींए ॥ श्रद्धा हीण थाय ॥ घाती० ॥ १८ ॥ पापबंध ब्यासीमां मिथ्यात्व एक गणीयो ॥ तेनी उदयमां त्रण वणीयो॥ सवे जीवने ए मोटी रणीयो ॥ हांणी आगे कहेवाय ॥ घाती० ॥ १९ ॥ प्रथम गुणठाणे उदे मिथ्यात्व आवे ॥ ते मिथ्यात्व मोहनी कहावे ॥ ए छे समकीत घाती स्वभावे ॥ भाव मदिरा एह ॥ घाती० ॥ २० ॥ त्रीजे गुणठाणे उदे मिथ्यात्व आवे ॥ ए तो मीश्र मोहनी कहावे ॥ समकीत गुण हणतां पावे ॥ पमतां रस्तो एह ॥ घाती० ॥ २१ चउथी सातमा लगे उदे मिथ्यात्व आवे ॥ ते समकीत मोहनी कहावे ॥ क्षायक समकीत नही पावे ॥ ए छतां कोइ जीव ॥ घाती० ॥ २२ ॥ अनंतानुं कषाय पाप चोकडी उदे आवे ॥ तीहां समकीत गुण हाणी थावे ॥ कर्मबंध अनंतो पावे ॥ अनंत संसारी एह ॥ घाती० ॥ २३ ॥ अप्रत्याख्यानी पाप चोकडी उदय आवे ॥ तीहां देशविरती दूर थावे ॥ तिर्यंच गतीये पोहोचावे ॥ अणुव्रत हीण एह ॥ घाती० ॥ २४ ॥ प्रत्याख्यानी पाप चोकडी उदय आवे ॥ तीहां सर्व विरती क्षय पावे ॥ नीज गुण स्थिरता सवे जावे ॥ चारीत्र हीण थाय ॥ घाती०

॥ २५ ॥ संज्वलन कषाय पाप चोकमी उदय आवे ॥ तीहां क्षायक चारित्र नावे॥ अशुद्ध परिणति न जावे ॥ वीतराग न कहाय ॥ घाती० ॥ २६ ॥ नव नोकषाय पाप उदे प्रत्येके आवे ॥ तीहां कषाय प्रगट थावे ॥ कषायनुं ए कारण कहावे ॥ सवे संसार मुळ ॥ घाती० ॥ २७ ॥ ए मोहनी कर्म उदय कह्युं चोथुं कहीए ॥ अंतराय कर्म उदय लहीए ॥ जीव गुण लब्धि हाणी तहीए ॥ दानादीकनी थाय ॥ घाती० ॥ २८ ॥ ज्ञान दर्शनोपयोग दान प्रवृत्ति न पावे ॥ तीहां श्रद्धा चरण लाभ नावे ॥ भोग उपभोगोपयोग अभावे ॥ वीर्य फुरणा न होय ॥ घाती० ॥ २९ ॥ घाती चौ कर्मबंध पापनो उदय भाष्यो ॥ गुण घात पुर्वक कही दाष्यो ॥ पहेलो कर्मग्रंथपुरे साख्यो ॥ भवी समजो एह ॥ घाती० ॥ ३० ॥ पुर्वबंध पाप भेद पंच चालीए दाख्या ॥ उदयमां तेना सप्त चाली भाख्या ॥ अघाति सप्त तीस बाकी राख्या ॥ आगे कहीशुं एह ॥ घाती० ॥ ३१ ॥ घाती कर्म वलीयो तीहां चेतन गलीयो ॥ भवोभव भमतां दूःख मलीयो ॥ ज्ञान शीतल गुण एणे हणीयो ॥ ए अनादी संबंध ॥ घाती० ॥ ३२ ॥ ढाल सत्तरमी संपूर्ण ॥

॥ ढाल अढारमी ॥

॥ उंळगमी आदीनाथनीरे ॥ ए देशी ॥

अघाती पूर्वबंधनीरे ॥ अशुभ प्रकृति जेहलाल ॥ तेनो उदय पाप कीजीएरे ॥ भेद सप्त त्रीस तेह लाल ॥ पापो दय भवी सांभलोरे ॥ ए आंकणी ॥ १ ॥ वेदनी अशाता

उदयथीरे ॥ करे दुःखनो अनुभव लाल ॥ नर्क निगोद गती विषेरे ॥ अनंत दूःख सुख न लव लाल ॥ पापोदय० ॥ २ ॥ गोत्र नीचना उदय थकीरे ॥ नीच कूळे जन्मे जीव लाल ॥ भीक्षुक निंदनीक हीनमांरे ॥ न पामे मान महत्व लाल ॥ पापोदय० ॥ ३ ॥ नर्क आयुष्य उदय थकीरे ॥ त्यां जइ भोगवे आयुष्य लाल ॥ आयु छतांए गति छूटे नहींरे ॥ आयु हेरु कहे जगदीश लाल ॥ पापोदय० ॥ ४ ॥ ए त्रण कर्मनी कहीरे ॥ एक एक त्रण प्रकृती लाल ॥ हवे चौतीस कहुं नामनीरे ॥ ए सवे सप्ततीस अघातीलाल ॥ पापोदय० ॥ ५ ॥ नर्क द्वीक नाम उदय थकीरे ॥ पामे नर्क गती पर्याय लाल ॥ नर्कनी आनुपूर्विरे ॥ वक्र गति उत्पत्तिये लाय लाल ॥ पापो० ॥॥ ६ ॥ तीर्यंच द्वीक नाम उदय थकीरे ॥ पामे तीर्यंच गती पर्याय लाल ॥ तीर्यंचनी आनुपुर्विरे ॥ नर्क द्वीके कही ज्यूं कहाय लाल ॥ पापोदय० ॥ ७ ॥ एकेंद्री जाती उदय थकीरे ॥ पामे फर्स इंद्री एक लाल ॥ ए उदय छतां दूजी नहीरे ॥ एम बोले ए ज्ञान विवेकलाल ॥ पापोदय० ॥ ८ ॥ बेरंद्री जाती उदय थकीरे ॥ पामे फर्स रसना दोय लाल ॥ ए उदय छतां त्रीजी नहीरे ॥ गंध न लहे प्राणी कोय लाल ॥ पापोदय० ॥ ए ॥ तेरेंद्रि जाती उदय थकीरे ॥ पामे फर्स रसने गंधलाल ॥ ए उदय छतां चोथी नहीरे ॥ न पामे ए चक्षु संबंधलाल ॥ पापो० ॥ ॥ १० ॥ चोरेंद्री जाती उदयथकीरे ॥ पामे सही इंद्री चार लाल ॥

पापोदय तीहां पंचमी नहिरे ॥ पंचमी कही पून्यमां विचार लाल ॥ पापोदय० ॥ ११ ॥ बीजुं संघयण ऊदयथकीरे ॥ हाड संघी द्रढ बंधाय लाल ॥ मर्कट बंध दोय पासथीरे ॥ हाड पाटो उपर विंटाय लाल ॥ पापोदय० ॥ १२ ॥ संघयण नाराच उदय त्रीजुंरे ॥ मर्कट बंध दोय पासे लाल ॥ अर्ध नाराच चोथुं कह्युंरे ॥ मर्कट एक एक खीली खासे लाल ॥ पापो० ॥ १३ ॥ संघयण किलीका उदयथकीरे ॥ हाड आंकडे आंकडु बंधी लाल ॥ छेवठुं उदय छठुं कह्युंरे ॥ अणिए अणी संबंधी लाल ॥ पापोदय० ॥ १४ ॥ बीजां संस्थान उदयथकीरे ॥ नाभि उपर लक्षणो पेत लाल॥ नीचुं हेठळ अंग हीनतारे ॥ ए न्यग्रोधमंडळ खेत लाल ॥ पापोदय० ॥ १५ ॥ सादी संस्थान उदय त्रीजुंरे ॥ नाभि नीचे लक्षणोपेत लाल ॥ नाभि उपर अंग हीनतारे ॥ युं पुर्वे कमाणि संकेतलाल ॥ पापोदय० ॥ १६ ॥ कुब्ज संस्थान उदय चोथुंरे ॥ उत्तम हाथपग मूख ग्रीवालाल ॥ अधम पेट हृदयने पुंठतारे ॥ सो न लहो फरी फरी वा लाल ॥ पापोदय० ॥ १७ ॥ वामन संस्थान ऊदय थकीरे ॥ बे हाथने पग बे हीन लाल ॥ बाकी उत्तम सवे अंगछे रे ॥ ते वामन कहे देव जीन लाल ॥ पापोदय० ॥ १८ ॥ हुंड संस्थान उदय छठुं रे ॥ सवे अंग अवयव हीन लाल ॥ उत्तम लक्षण एके नहीरे ॥ अंग आकार विशेषे खीन लाल ॥ पापोदय० ॥ १९ ॥ मनुष्य तीर्यंच गर्भज मांरे ॥ षट संस्थान ग्रंथे भाख्यां लाल ॥ समचौरस एक



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

देवमांरे ॥ बाकी हुंम सवे गतीए दाख्यां लाल ॥ पापोदय० ॥ २० ॥ वर्ण चतुष्क उदय थकीरे ॥ अशुन्न रस वर्णी काया लाल ॥ स्वास परसेवो दूर वासनारे ॥ अमनोज्ञ फर्स कहाया लाल ॥ पापोदय० ॥ २१ ॥ असुन्न विहायो गतिने उदेरे ॥ पामे उंट खर जेसी चाल लाल ॥ पग घसाय दोय पाठलारे ॥ टिचाय अन्यो अन्य एसो ख्याल लाल ॥ पापो० ॥ ॥ २२ ॥ उपघात नाम कर्म उदय थकीरे ॥ न्युनाधिक अंगथी पिमाय लाल ॥ चोर दंत पमजीन्नि रसो लीयेरे ॥ पथरिए पामे खलना काया लाल ॥ पापोदय० ॥ २३ ॥ थावर नाम कर्म उदय थकीरे ॥ एकेंडी बादर थाय लाल ॥ पृथ्वी, जळ, अग्निने, वायुमांरे ॥ प्रत्येक वनस्पतीकाय लाल ॥ पापोदय० ॥ २४ ॥ सूक्ष्म नाम कर्म उदय थकीरे ॥ सूक्ष्म स्थावर चौ होवे लाल ॥ दृष्टीगोचर काया नहीरे ॥ लोक व्यापी ते ज्ञानी जोवे लाल ॥ पापोदय० ॥ २५ ॥ अपर्याप्तो नाम उदय थकीरे ॥ पर्याप्ति पुरी न होवे लाल ॥ लब्धि अपज्जतो मरे तीहांरे ॥ आरंच्युं जीवक ए खोवे लाल ॥ पापोदय० ॥ २६ ॥ साधारण नाम उदय थकीरे ॥ उपजे निगोदनी मांही लाल ॥ सूक्ष्म बादर दोय न्नेद एरे ॥ काय स्थिती अनंत काळ त्यांही लाल ॥ पापोदय० ॥ २७ ॥ अस्थिर नाम कर्म उदय थकीरे ॥ कान, पांपण, जीन्न प्रमुख लाल ॥ अंगे अवयव जे चपळतारे ॥ स्थिर न होवे ध्रुव एसी रुख लाल ॥ पापो० ॥ २८ ॥ अशुन्न नाम कर्म उदय थकीरे ॥

अशुभ कहीए अधो अंग लाल ॥ पग फर्स लाग्यां अप्रीती हुवेरे ॥ थाय वाघ युद्ध जरी जंग लाल ॥ पापोदय० ॥ २९ ॥ दुर्भाग्य नाम कर्म उदय थकीरे ॥ अवल्लभ लागे बहु जणने लाल ॥ उपकार कर्यां वल्लभ नहीरे ॥ न वल्लभ माबाप सहुने लाल ॥ पापोदय० ॥ ३० ॥ दूस्वर नाम कर्म उदय थकीरे ॥ कंठ शब्द पामे अनीष्ट लाल ॥ खर, उंट, घुऋ, काग सरीखोरे ॥ वीरूप श्रवण नही इष्ट लाल ॥ पापोदय० ॥ ॥ ३१ ॥ अनादेय कर्म नाम उदय थकीरे ॥ सत्य वचन न रुचे केने लाल ॥ असत्य मानी उथापक करेरे ॥ नावे बोल्युं खप वृद्ध वय ठेने लाल ॥ पापोदय० ॥ ॥ ३२ ॥ अजस नाम कर्म उदय थकीरे ॥ जस न मीले जगत्रनी मांही लाल ॥ जस लेवा बळ धन वापरेरे ॥ अजस बोले जग त्यांही लाल ॥ पापोदय० ॥ ३३ ॥ ए चौतीस भेद नाम कर्मनारे ॥ एकेक वेदनी आयुष्य गोत्र लाल॥ ए सत्त त्रीस चउअघातीनारे ॥ सर्वे वर्णव्यासो पाप स्तोत्र लाल ॥ पापोदय० ॥ ३४ ॥ ए पाप तत्व पुरण थयोरे ॥ दोय ढाळे कह्या भेद ब्यासी लाल॥ ज्ञानशीतल हेय जाणी परीहरोरे ॥ तो सुख समाधी लहो खासी लाल ॥ पापोदय० ॥ ३५ ॥ ढाल अढारमी संपुर्ण ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# क्षायकभाव तत्वविलास ग्रंथमां छपतां दुहा रही गयेला छे ते.

## ग्रंथ मंगळाचरणना दुहा.

नमुं निरंजन सिद्धने, पुद्गल योगातित ॥ नमुं सयोगि जीनेंद्रने, अयोगी शैलेसि स्थित ॥ १ ॥ नमुं क्षिणमोह ठाणमां, चरण यथाख्यात-वंत ॥ ए संसार निरबीजता, सर्व सिद्ध वधुकंत ॥ २ ॥ क्षायक लब्धिवंतए महामंगलिक महंत ॥ शुद्ध परीणतिमां वसे, सहज भाव शीव संत. ॥ ३ ॥ ज्ञाने ए पद पाइये, तीणे रचुं ग्रंथ थीर भाव॥ क्षायक तत्व विलासए, संसार तारण नाव ॥ ४ ॥ क्षायकभेद अनंत छे मुखथुं कह्या न जाय ॥ क्षायक नव भेदे कह्युं, ज्युं कर्मग्रंथ चोथे कहाय ॥ ५ ॥ समकितने चारित्रए, केवळज्ञान दरशंन ॥ दान लाभने भोगए, उपभोग वीर्य धंन ॥ ६ ॥ ए नव लब्धि गाइए, नव तत्व संयुक्त ॥ अनुभव योगे ध्याइये, थिर उपयोगे युक्त ॥ ७ ॥

पेहेली ढाळनी पूर्णताये दुहा.—समकित मोहनि छेल्लो अणुं, खपतां वेदक कहाय ॥ एक समय स्थिति तेहनी, त्यां क्षायक समकित पाय ॥१॥ क्षायक चारित्र आतमा, परमातम वीतराग ॥ मोह ध्वंस करी हुआ, ठाण बारमे शिव माग ॥ २ ॥ रागद्वेष अवळी दशा, पुद्गल संग उपयोग ॥ छेदी सवला सनमुखे, शुद्ध परिणति संयोग ॥ ३ ॥

बीजी ढाळनी पूर्णताये दुहा.—क्षीणमोह ठाण अंतमें, त्रण कर्म करे नाश सात गुण लब्धि त्यां लहे, गुणठाण तेरमे वास ॥ १ ॥

त्रीजी ढाळनी पूर्णताये दुहा.—द्रव्य सक्ति ओळखावशुं, सामान्यज्ञान विचार ॥ सर्व द्रव्यमां संपजे, ते सामान्य एम धार ॥ १ ॥ द्रव्यनो भेद जीहां पडे, जीवथी भिन्न सो अजीव ॥ ते विशेष एम जाणीए, ज्ञानी वचने सदीव ॥ २ ॥ सामान्य द्रव्यार्थक ए, पर्यायार्थक विशेष ॥ एक द्रव्यनी वृत्तिए, लाधे सामान्य विशेष ॥ ३ ॥

चोथी ढाळनी पूर्णताये दुहा.—द्रव्य स्वरुपए दाखीयुं, दाख्यो स्याद्वाद धर्म ॥ द्रव्य पर्यायने जाणतां, टळे मिथ्या मति भ्रम ॥ १ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पांचमी ढाळनी पूर्णताये दुहा—धर्मास्तिकाय वर्णव्यो, वर्णव्या गुण पर्याय ॥ ज्ञानी वचन आलंबने, थिर मने रमणता पाय ॥ १ ॥

छठी ढाळनी पूर्णताये दुहा.—अजीव अरुपी चौ कह्या, गुणपर्याय संयुक्त ॥ हवे कहुं पुद्गलने, तजतां संसार मुक्त ॥ १ ॥

सातमी ढाळनी पूर्णताये दुहा—वर्गणा आठे वर्णवी, तन वचन मन एह ॥ आठमी कार्मग कर्मए, सत्ता उदियादि तेह ॥ १ ॥ पुद्गलने जाण्या विना, जीव जाण्यो नहीं जाय॥ अरुपी गोचर नहीं, गोचर पुद्गल काय॥२॥

आठमी ढाळनी पूर्णताये दुहा—वस्तुनो जे स्वभाव छे, ते कह्या गुण पर्याय त्रिकाळे गुण फीटे नहीं, ध्रुवता लक्षण सदाय ॥ १. ॥

नवमी ढाळनी पूर्णताये दुहा.—पुद्गल द्रव्यने दाखीयो, दाख्या पांच द्रव्य अजीव ॥ हवे कहुं आश्रवने, वचन सुधारस दिव्य ॥ १ ॥ कर्म दल आवे ए सही, आश्रव नाम कहाय ॥ मूळ हेतु चौ दाखीया, कहुं अधिकार बनाय ॥ २ ॥

दशमी ढाळनी पूर्णताये दुहा.—आश्रव हेतु पेहेलो कह्यो, दुष्ट ए मिथ्यात्व नाम ॥ बीजो अव्रत दाखीये, उपयोग राखी ठाम ॥ १ ॥ इहां केइ तरक करे, तुमे कहो दुष्ट मिथ्यात ॥ गुणठाणुं पेहलुं कह्युं, ए अण मलती वात ॥ २ ॥ तेहने उत्तर दाखवुं, रचुं ढाळ रसाळ ॥ सांभळजो श्रोता जनो, थिर मन करी धर्मलाल ॥ ३ ॥

अगीआरमी ढाळनी पूर्णताये दुहा.—मिथ्यात्व दुष्टता वर्णवी, समजो भवि चित्त लाय ॥ ए छुटे जब धन्य घडी, सम्यकगुण प्रगटाय ॥ १ ॥ मिथ्यात्व गुणठाणुं कह्युं, तस उत्तर हवे थाय ॥ थिर चित्ते भवी सांभळो, उपदेश गर्भित न्याय ॥ २ ॥ नैगम संग्रह नयथी, मिथ्यात गुणठाण मांही ॥ जीव वसे ते सिद्ध कह्यो, गुणमय सत्ता त्यांहि ॥ ३ ॥ गुणनुं पात्र जीव छे, तेथी कहुं गुणठाण ॥ जाणो भविजन एहने, होशे ज्ञान प्रमाण ॥ ४ ॥ जाणपणुं जग दोहिलुं, दुर्लभ सद्गुरु योग ॥ पुन्योदय तिहां पामीये, सद्गुरु वचन संयोग ॥ ५ ॥ गुरुवचन भाले करी, भविजन हणो मिथ्यात ॥ कुगुरु भ्रमने परिहरो, तीहां होशे सुखशात ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जीवगुण ग्रहण करो, भेदज्ञान घटमांहि ॥ सम्यविभाग त्यां संपजे, समकित लहो उछांहि ॥ ७ ॥ हवे अव्रतने वर्णवुं, सुणजो भविजन सार ॥ तजतां लाभ होशे घणो, विरतिपणुं निरधार ॥ ८ ॥

बारमी ढाळनी पूर्णताये दुहा.—आश्रव हेतु बीजो कह्यो, अव्रत बार भेद नाम ॥ हवे त्रीजो हेतु कहुं, कषाय पंचवीश श्याम ॥१॥ अनंतानादि चौ चोकडी, ए सोळ भेद कषाय ॥ नो कषाय नव भेद सहु, अनुक्रमे वर्णव थाय ॥ २ ॥

तेरमा ढाळनी पूर्णताये दुहा—आश्रव हेतु त्रीजो कह्यो, पंचवीश भेद कषाय ॥ मन तन वचन योगना, भेदनो वर्णव थाय ॥ १ ॥ मन वचन दो चउ चउ, सात भेद कही काय ॥ सर्व मळी पंच दस ए, योगना भेद सही थाय ॥ २ ॥

चौदमी ढाळनी पूर्णताये दुहा.—आश्रव हेतु चोथो कह्यो, योग भेद दश पांच ॥ कह्या सवे चउ हेतुना, भेद सत्तावन नहीं खांच ॥ १ ॥ ए हेतुये आश्रव खेंचीने, कर्म दळ मेळवे अनंत ॥ आत्म प्रदेश संबंध पणे, कार्मण वर्गणा तंत ॥ २ ॥ कार्मण ते आठ कर्मछे, अवर सात कर्म नांहि ॥ समे समे सात बांधतो, मिथ्यात वसे जीव मांहि ॥ ३ ॥ आयुष आवता भवनु, बांधे जीव एकवार॥बंध कहुं चउ भेदथी, आत्म प्रदेशे धार ॥ ४ ॥

पंदरमी ढाळनी पूर्णताये दुहा.—बंध कह्यो चउ भेदथी, रसाविण नहीं बंधाय ॥ रागद्वेष परिणातिये, निश्चय कर्म बंध थाय ॥ १ ॥ राग द्वेष जीहां नहीं, तीहां कर्म बंध न होय ॥ वीतराग भावे अबंध छे, निश्चय वचन ए सोय ॥ २ ॥ कर्म शुभाशुभ उदयथी, पुन्यने पाप कहाय ॥ पुन्य बायालिस भेदनो, कहु अधिकार बनाय ॥ ३ ॥

सोळमी ढाळनी पूर्णताये दुहा.—पुन्य भोग ए दाखीयो, पूरव बंध अनुसार ॥ पुनरपी बांधो नहीं, खेरवी सिद्ध पद धार ॥ १ ॥ निश्चय नयनो पक्षए, उतसर्ग साधन एह ॥ उपयोगे भावाक्रिया, ध्याता ध्येय ध्यान तेह ॥ २ ॥ एकता अभेद भावमां, तीहां आत्म अबंध॥ उदायकता खुटे तिहां, लहे सिद्ध वधु संबंध ॥ ३ ॥ ए विण मुक्ति मळे नहीं, समजो

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

चतुर सुजाण ॥ स्वभाव विण धर्म छे नहीं, उत्तराध्ययन वखाण ॥ ४ ॥ मुक्ति पंथ ए भाखीयो, भाख्यो निज परहित ॥ पुन्य बंध हेतु हवे, कहीशुं उपयोग रीत ॥ ५ ॥ शुभ व्यवहार नये करी, बांधे प्रकृति शुभ ॥ ओगण चालीश जाणीये, गुरु वचने भली बुध ॥ ६ ॥ निश्चय नयनी दृष्टिये, सरागता परिणामि जाय ॥ तेह अणारोप शुभ छे. तिहां श्रणनो बंध थाय ॥ ७ ॥ चोथाथी सातमा लगे, जीन नाम कर्म बंधाय ॥ आठमे बंध विच्छेदता, कर्मग्रंथ बीजे कहाय ॥ ८ ॥ अप्रमत्त ठाण सातमुं, तीहां आहारक शरीर आहारक अंगोपांग दोय, बांधे शुद्ध संयमीवीर ॥ ॥ ९ ॥ ए पुन्य बंध हेतु कह्या, कहुं हवे पाप दुख ॥ घाति अघाती वर्णवुं, ते छुटे लहे जीव सुख ॥ १० ॥

सत्तरमी ढाळनी पुर्णताये दुहा.—गुण घाती पाप वर्णव्युं, पूरव बंध संबंध ॥ अघाती हवे सांभळो, दाखुं ए पाप प्रबंध ॥ १ ॥

अढारमी ढाळनी पूर्णताये दुहा—पाप दुख भोग दाखीयो, घाती अघाती विचार ॥ पूर्व बंध अनुसार ए, सहीये समताये सार ॥ १ ॥ समताविण सेहेतां थकां, होवे न दुखनो अंत ॥ पुनरपि बांधे तिहां, ईम भाषे सवि संत ॥ २ ॥ अघाती पाप एम टळे, हवे घातीनो विचार ॥ ज्ञान विना छुटे नहीं, ज्ञान छे सर्वमां सार ॥ ३ ॥ ते कारण भणो ज्ञानने, सेवो ज्ञानी गुरुनेह ॥ विनय करो प्रमोदशुं, लहशो ज्ञानगुण गेह ॥ ४ ॥ ज्ञान धर घटंतरे, अनुभव भुवनमांहि ॥ ज्ञान भानु उदय हुवे, घाति पाप भागे त्यांहि ॥ ५ ॥ ए विण घाती टळे नहीं, समजो भविजन सार ॥ पापस्थान सेवो नहीं, पापए दुःखदातार ॥ ६ ॥ पाप बंध हेतु एह छे, अष्टादश भेद नाम ॥ पंच अव्रत कषाय चौ, रागद्वेष परिणति श्याम ॥ ७ ॥ कलह कलंकने चाडीयो, रति अरति परनिंदा ॥ कपट फंद वचनए, मिथ्यात भारे मोटा जंदा ॥ ८ ॥ ए हेतु पाप बंधना, एही पापतत्व जाण ॥ पूरण पंच अजीवना, कर्या करुं जीव वखाण ॥९॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्री गुरुभ्योनमः

## ॥ अथ श्रद्धा प्रकरण लीख्यते ॥

दुहा.

प्रणमुं मल्ली जीणंदने, नम्र भोयणी सार.
यात्रा कारण आविया, जीन मंदिर दरबार ॥१॥
दर्शन दुर्लभ देवनुं, समकित हेतु मर्म.
त्रण तत्वसही भाषियां, देव गुरुने धर्म ॥२॥
श्रद्धा स्थिर शंका नही, ते समकित व्यवहार;
रचना कारणे ते करुं, श्रद्धा प्रकरण सार ॥३॥
सर्व धर्मनुं मूळ ए, फळदायक आचार;
श्रद्धा विण फळ नवी लहे, समजो चतुर विचार ॥४॥
देव गुरुने धर्मनुं, अनुक्रम वर्णन थाय;
ते जाणी भवि सद्दहो, जन्म सफलता पाय ॥५॥

॥ ढाल पेहेली ॥

॥ अहो सर्व गुणी मुनिसुव्रत जीनराय काज
मुज सारो—ए देशी ॥

अहो सर्व गुणी वितराग अरिहंत सिद्ध विण देव नहि दूजो, घट ज्ञान लावी आत्म सत्ता गत धर्म जाणी भवि बूजो॥ ए आंकणी. निज निज सत्ता घट घट भासे, त्रिकाळ वृत्तिए नहि क्षय थाशे, अखंड अविनाशी तेहि द्रव्य दाख्यो,, संग्रह नय पक्षे सर्वज्ञ भाख्यो ॥ अहो०॥१॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मुनिसुव्रत भवि भावमांरे, समजो चतुर सुजाण ॥ ज्ञानादिक शुद्ध चेतनारे, ए जीवना छे भाव प्राण ॥ सुव्रतमुनि ॥ भावो निज स्वरूप ॥ ए आंकणी ॥ अनुभव मंदिरमांही, सुव्रतमुनि, भावो निज स्वरूप ॥ गाथा ॥ १ ॥ ए भाव प्राण रक्षण जाणीरे, हणे मिथ्यात्व अज्ञान ॥ रागद्वेष मोहादि हणेरे, तीहां प्रगटे केवळज्ञान ॥ सुव्रतमुनि० ॥ २ ॥ मृषावादने टाळवारे, जाणो वस्तु स्वभाव ॥ गुणपर्यायने जाणवारे, भेद ज्ञान घट लाव ॥ सुव्रतमुनि० ॥ ३ ॥ अदत्तादान तजवा भणीरे, भावे संवर भाव ॥ आश्रव शुभाशुभ ग्रहे नहींरे, ए उपयोगी मुनिराव ॥ ॥ सुव्रत० ॥ ४ ॥ मैथुन तजशुं भावथीरे, करी निज परिणति शुद्ध ॥ पर परिणतिने छेदवारे ॥ तत्पर छे ए बुद्ध ॥ ॥ सुव्रतमुनि० ॥ ५ ॥ परिग्रह ग्रहे नहींरे, ग्रहे मूळ स्वरूप ॥ कर्मबंध तोडे तीहांरे, अनुभवे वस्तु अरूप ॥ सुव्रतमुनि० ॥ ६ ॥ पुद्गल गुण भोगी नहींरे, निज गुण भोगी सदाय ॥ ज्ञानानंदी आतमारे, क्लेश न व्यापे कदाय ॥ सुव्रतमुनि० ॥ ७ ॥ ए भाव विरति मुक्ति दियेरे॥ जगगुरु भाखे एम ॥ ज्ञान शीतळ भूले नहींरे, कीधी श्रद्धा प्रतित वळी प्रेम ॥ सुव्रत० ॥ ८ ॥

इति मुनिसुव्रत स्वामीनुं स्तवन.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ स्तवन १२ मुं श्री नमिनाथजीनुं ॥

॥ अभिनव ज्ञान भणो मुदारे लाल ॥ ए देशी ॥

नमि जिनपति गुण गाइएरे लाल, पाइए जीव गुण ज्ञानरे ॥ हुं वारी लाल ॥ निज शुद्ध रूप निहाळीएरे लाल, कीजीये उपयोगे ध्यानरे ॥ हुं वारी लाल ॥ नमि जिनपति गुण गाइएरे लाल ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ पर्यायमय द्रव्य एकतारे लाल, उपजे वीणसे अने ध्रुवरे ॥ हुं वारी० ॥ पर्यायें उपजेने वीणसेरे लाल, द्रव्यें ध्रुव सदीवरे ॥ हुं वारी० ॥ नमि० ॥ २ ॥ ए त्रण लक्षण षट जाणीयेरे लाल, एक जीव पांच अजीवरे ॥ हुंवारी० ॥ स्वभाव पर्याये चउ शुद्धतारे लाल, बे विभावे पुद्गल जीवरे ॥ हुंवारी० ॥ नमि० ॥ ३ ॥ पुद्गल शुद्ध परमाणुउरे लाल, मीले विखरे खंध अशुद्धरे ॥ हुं० ॥ जीव संसारी कर्मबंधथीरे लाल, गति पर्यायें अशुद्धरे ॥ हुं० ॥ नमि० ॥४॥ गति पर्याय ते काया सहीरे लाल, जोग इंद्रिए पर भावरे ॥हुं०॥ तेना संगे उपयोगी चेतनारे लाल, रागद्वेष परिणमे विभावरे ॥ हुं० ॥ नमि० ॥ ५ ॥ ए संसार स्थिर कारण सहीरे लाल, परभाव तेह निमित्तरे ॥ हुंवारी० ॥ उपादान रागद्वेष चेतनारे लाल, तेथी कर्म बंध सदीव अहितरे ॥ हुं ॥ नमि० ॥ ६ ॥ ए परसंगे संसार दाखीयोरे लाल, हवे निज संगे शिवपुर जायरे ॥ हुं० अनुभव योगे वर्णवुंरे लाल, स्थिरता मनवच कायरे ॥ हुं० ॥ नमि० ॥ ७ ॥ जोग इंद्रि द्वारे हुइ चेतनारे लाल, ए उपयोग अशुद्ध अनादरे ॥ हुं०



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ते पलटावी स्वरूपे जोमीये रे लाल, त्यां घटंतर अनुन्नव आल्हादरे ॥हुं.॥नमि.॥ण॥ थाय वृद्धि क्षय उपशम ज्ञाननीरे लाल, वीर्य वृद्धि अनंतरे ॥ हुं० ॥ अनुन्नवे शुद्ध स्वरूपनेरे लाल, लहे परम समाधि महंतरे ॥ हुं० ॥ नमि० ॥ ए ॥ उपाधि जोग सर्व बुटीयो रे लाल, हुवा निर्मळ गुण पर्यायरे ॥ हुं० ॥ उपयोगे प्रवृत्ति थइरे लाल, त्यां परमानंद वरसायरे ॥ हुं० ॥ नमि० ॥ १० ॥ ए न्नेद ज्ञानयोग वर्णव्यो रे लाल, क्षयउपशम न्नाव ज्ञानरे ॥ हुं० ॥ पर्यायार्थक नय साधनारे लाल, द्रव्यार्थके एक तानरे ॥ हुं० ॥ नमि० ॥ ॥ ११ ॥ इहां अन्निन्न द्रव्य गुण पज्जवारे लाल, ज्ञान अन्नेद स्वरूपरे ॥ हुं० ॥ क्षय उपशम मोहनो त्यां बेदीयो रे लाल, उन्मूलन थाय मोहन्नूपरे ॥ हुं० ॥ नमि० ॥ १२ ॥ अशुद्ध परिणति बेदी शुद्धमां रे लाल, चरण यथाख्यात वासरे ॥ हुं० ॥ वीतराग क्षीण मोह बारमेरं लाल, त्यां त्रण कर्म बुटे पासरे ॥ हुं० ॥ नमि० ॥ १३ ॥ केवलनाण दर्शण प्रगटेरे लाल, अरिहंत तेरमे वासरे ॥ हुं० ॥ दान लान्न न्नोग उपन्नोगनोरे लाल, स्वरूपे वीर्य स्फुरणा तासरे ॥ हुं० ॥ नमि० ॥ १४ ॥ ए परमानंद पद मोटकोरे लाल, आयुष अंते योग रोधरे ॥ हुं० ॥ सैलेशि करणे अकंपतारे लाल, अयोगी अकर्मी हुआ सिद्धरे ॥ हुं० नमि० ॥ १५ ॥ ज्योति स्वरूपी ए अरूपतारे लाल, अनंत गुण मणि खाणरे ॥ हुं० ॥ अव्याबाध सुख अविनाशतारे लाल, ज्ञान शीतळ ए सिद्धनां वखाणरे ॥ हुं० ॥ नमि० ॥ १६ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्तवन ॥ १३ ॥ मुं ॥ श्री नेमिनाथ जीननुं ॥

॥ साधुजी समता आदरो ॥ ए देशी ॥

नेमिनाथजीनी जान नवी सांभळो, आवे परणवा करी बहु ठाठ मेरे लाल हय गय रथ शणगारीया, पगपाळा हलमल नाठ मेरे लाल ॥ नेमिनाथजीनी जान० ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ जादववंश सरवे सज थया, दीपे वस्त्र आभुषण युक्त ॥ मे० ॥ बाळ तरुण वृद्ध आविया, लइ राजऋद्धि भली युक्त ॥ मेरे० ॥ नेमि० ॥ २ ॥ कृष्ण नरेंद्र गज उपरे, शोभे जेम तारामां चंद्र ॥ मेरे० ॥ तेथी अधिक शोभे नेमिजी, रथ बेठा अधिक आणंद ॥ मेरे० ॥ ॥नेमि०॥३॥मणी आदि जडित आभूषणो,राजे कोट केहेर कांडुं कान ॥ मेरे० ॥ वस्त्र अमुलख अंगमां, शेलां मंडिल जामो जरियान ॥ मेरे० ॥ नेमि० ॥ ४ ॥ दीनकर मुख जोइ आवीयो, हुआ नेमि अधिक तेजवान ॥ मेरे० ॥ मोती अमुलख घणां डगले, चावे बीडुं नागरवेल पान ॥ मेरे० ॥ नेमि॥ ॥ ५ ॥ स्त्री वृंद उलटभरे, गावे मंगलिक गीत विनित ॥ मेरे० ॥ मोहित शब्द तीहां वापरे, सुस्वर विकल रंगीत ॥ मेरे० ॥ नेमि० ॥ ६ ॥ वाजिंत्र वाजे अति घणां, झाझा बंडुकी करे अवाज ॥ मेरे० ॥ उंट घोडे नगारां गडगडे, दारुखानुं उडे रीझ काज ॥ मेरे० ॥ नेमि० ॥ ७ ॥ अश्व अनेक खेलावता, गज चडीआ महा ऋद्धिवंत ॥ मेरे० ॥ केइक रथमां बेशीया, पगपाळा अनेक न गणंत ॥ मेरे० ॥ ,नेमि० ॥ ८ ॥ पालखी मेना अति घणा, तेमां बेठा केइ

पुन्य स्थंन्न ॥ मेरे० ॥ समुद्र विजयराय शिवादेवी, नेमि मात तात निरदंन्न ॥ मेरे० ॥ नेमि० ॥ ए ॥ ए जान जोइने दील रीझीयां, नरन्नव सफळ समजंत ॥ मेरेलाल ॥ इत्यादिक ठाठ अति घणो, एक जीन्ने न जाय कहंत ॥ मेरे० ॥ नेमि० ॥ १० ॥ आव्या उग्रसेन घर आंगणे, जान स्थंन्नी हरख अपार ॥ मेरे० ॥ ज्ञान शीतळ घट नेमीने, राग रंग पतंग संसार ॥ मेरे० ॥ नेमि० ॥ ११ ॥

॥ ढाळ २ जी ॥

॥ एक दिवस विषे नेमिकुमर निज मित्र संघाथे आवे ए देशी ॥

आज हरख वशे राजुल सखीयो वृंदे गोखे आवे ॥ नेमि मुख जुए बोले वचन सुणे सखीउ हरख न मावे ॥ ए आंकणी ॥ अंतरंग अमीरस वर साथे, ए परणे मुने एवी तृषा छे ॥ एथी अधिक नहीं जगमां सरज्या छे ॥ आज० ॥ नेमि० ॥ १ ॥ सखीउ कहे ए वरणे काळो, तेने रुपाळो तुमे शुं न्नाळो ॥ तुमने कीम ए लागे वहालो ॥ आज० ॥ नेमि० ॥ २ ॥ तीहां राजुल सखीयोने कहेवे, काळी कस्तुरी कीकी रेहेवे ॥ एम गुणवंत वस्तु ते काळी हुवे॥आज० ॥ नेमि० ॥ ३ ॥ए रत्न चिंतामणी सरखो छे, करे पूर्ण मनोरथ परख्यो छे ॥ गुण उज्वळ जोइ मन हरख्यो छे ॥ आज० नेमि० ॥ ४ ॥ एणे अवसर पशुआं पोकार करे, ते सुणी नेमिजी विचार करे ॥ तस दुःख टाळी मन व्रत धरे ॥ आज ज्ञान रसे नेम निरागी ॥ अंतर

वैराग नावे ॥ मुळरूप जुए निज गुण स्थिर उपयोग अनुनव प्रगटावे ॥ ए आंकणी ॥ ५ ॥ इहां वैराग रंग वृद्धि घटमां, रथ वाल्यो तोरणथी ऊटपटमां ॥ धिक्कार हो संसार कारजमां, ॥ आज ज्ञान० ॥ मूळ० ॥६॥ तव राजुल दुःख ज्वाळा लागी, विलाप करे हुं निरनागी ॥ समजाव्या नहीं समजे रागी ॥ आज० ॥ मूळ० ॥ ७ ॥ घेर आवी वरसी दान दीये, नित्य एक क्रोड आठ लाख नव्य लीये ॥ हाथ धरतां न धरे लाज हीये ॥ आज० ॥मूळ०॥ ८ ॥ तीहां कीर्त्ति जश जग गाजीउं, करुणा सागर जीन राजीउं ॥ दान नव्यने देइ दुःख नाजीउं ॥आज ज्ञान०॥ मूळ० ॥ ए ॥ हवे दिक्षा उच्छवने दाखशुं, ज्ञान शीतळ घटमां राखशुं ॥ जीन नक्ति करुं गुण रागशुं ॥आजज्ञान० ॥ मूळ० ॥ १० ॥

॥ ढाळ ॥ ३ ॥ जी ॥ राग बिलावर ॥

॥ जगत प्रनु आगळ नवी वर अक्षत धरीये ॥ ए देशी॥

नेमि निरागी संयम लीये, रंग अंतर मांहि नेद ज्ञान चित्त वासीयो, अनुनव स्थिर ज्यांहि हांहां रे ॥ अनुनव स्थिर ज्यांही, हांहां रे समकित शुद्ध त्यांही ॥ हांहां रे तीहां मिथ्यात्व नांही, हांहां रे नोग चिदघन मांही॥ हांहां रे॥ उदवेग नहीं क्यांही,हांहां रे एतो उत्सर्ग सांही॥ नेमी नीरागी संयम लीये,रंग अंतर मांही॥ए आंकणी गाथा१॥ ॥उच्छव महोच्छव अति घणो, देव नर करे नावे ॥ समुद्र विजय सर्व जादवा, इंद्र चोसठ आवे ॥ हांहां रे इंद्र चो-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सठ आवे, हांहां रे देव असंख्य बोलावे ॥ हांहां रे सूर्य पूरमां तेडावे, हांहां रे सर्व मंगलिक गावे ॥ हांहां रे घणां वाजां वजावे, हांहां रे तीहां थाक न आवे ॥ नेमि निरागी संयम लीये रंग अंतर मांही ॥ २ ॥ तीर्थोदक वर ओषधि, लावे नीज नीज रंगे ॥ आठ जाति कळश आठने, एक सहस मन चंगे ॥ हांहां रे एक सहस मन चंगे ॥ हांहां रे जळ भरे सौ संगे ॥ हांहां रे लावी उलट अंगे ॥ हांहां रे स्थिर वृत्ति एकंगे ॥ हांहां रे घणी रीझ उमंगे, हांहां रे छे प्रमोद ए भंगे ॥ नेमि निरागी० ॥ ३ ॥ समुद्रविजय पेहेलो करे, पछी सूर अभिषेक ॥ समकित शुद्ध होवे तीहां आवे श्रद्धा विवेक ॥ हांहां रे आवे श्री श्रद्धा विवेक, हांहां रे शुद्ध निज गुण टेक ॥ हांहां रे नहीं परगुण भेक, हांहां रे ध्यान भक्तिनुं एक ॥ हांहां रे तीहां धर्म अनेक, हांहां रे भवि समजो दरेक ॥ नेमि० ॥ ४ ॥ उत्तरकुरु शिबिका बेसे नेमि निरागी, एकसत आठ उपाडता देवनर वडभागी हांहां रे देवनर वडभागी, हांहां रे राजी थइ लीये मागी॥ हांहां रे भक्तिमां लय लागी, हांहां रे घणा गुण नीरागी ॥ हांहां रे चाले पंथे सोभागी, हांहां रे माने पुन्याइ जागी॥ नेमि ॥ ५ ॥ देव देवी नरनारीनी, दृष्टि छे प्रभु सामी ॥ तारतार तुंही साहिबा, वश्ये अंतरजामि ॥ हांहां रे वश्ये अंतरजामि, हांहां रे तुंही छे शीवगामी, हांहां रे अरुपी गुणधामी ॥ हांहां रे उपयोग गुण रामी, हांहां रे उपाधि सर्व वामी ॥ हांहां रे तुंही जगगुरु स्वामी ॥ नेमि निरागी



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ६ ॥ वरघोमेथी उतर्या, सहसावन मोझार॥ श्रावण शुदी छठ्ठने दिने, ग्रहे महाव्रत चार ॥ हांहां रे ग्रहे महाव्रत चार ॥ हांहां रे साथे पुरुष हजार ॥ हांहां रे लीये व्रत मनोहार, हांहां रे करे तत्व विचार ॥ हांहां रे वहे शीव पंथ सार ॥ हांहां रे लहे धर्म अपार ॥ नेमि० ॥ ७ ॥ मन पर्यवज्ञान उपन्युं, अप्रमत गुणठाणे ॥ विपुलमति चढती कळा तेनो उपयोग नाणे, हांहां रे तेनो उपयोग नाणे, हांहां रे उपयोग श्रुत न्नाणे ॥ हांहां रे अनुन्नव घट आणे, हांहां रे निज पर न्नेद जाणे ॥ हांहां रे हएयो मोहज्ञान बाणे, हांहां रे त्रुटयो राग ते टाणे ॥ नेमि निरागी संयम लीये रंग अंतर मांही ॥ ७ ॥ छद्मस्थ चोपन दिन वितीया सनातक तीहां थावे ॥ अनंत चतुष्टय पामतां, अरिहंत कहावे ॥ हांहां रे अरिहंत कहावे, हांहां रे तीहां राजुल आवे हांहां रे, वळी शीश नमावे, हांहां रे प्रन्नुना गुण गावे॥ हांहां रे मेली क्यां शीव जावे, हांहां रे छोमयां नहीं मुने फावे ॥ नेमि० ॥ ए ॥ दीक्षा दीये तीहां साहेबो, लीये राजुल रंगे ॥ अप्रमत्त ठाण सेवतां हएयो मोह एकंगे हांहां रे हएयो मोह एकंगे, हांहां रे तीहां वीर्य अन्नंगे ॥ हांहां रे छेदे सर्व कर्म चंगे, हांहां रे नव खायक अंगे ॥ हांहां रे वसे शिवपुर संगे, हांहां रे पेहेलां सिद्ध उमंगे ॥ नेमि० १० ॥ सहस वरसनुं आवखुं, पाळी गढ गिरनार ॥ परएया अपूरव महोच्छवे, शीव सुंदरी प्यार ॥ हांहां रे शीव सुंदरी प्यार, हांहां रे समश्रेणी त्यां धार ॥ हांहां रे



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

एक समय त्यां वार, हांहां रे लोकंते रहे गार ॥ हांहां रे अव्याबाध हितकार, हांहां रे ज्ञान शीतळ सार ॥ ॥ नेमि० ॥ ११ ॥

॥ कळश. ॥

पाया पायारे नेमि राजुल सिद्ध पद पाया ॥ वेद विषय राग दुर कराया, वीतराग भावमां आया ॥ अनुभव ज्ञान स्वरूपमां लावी, चिदानंद ध्यान ध्यायारे ॥ नेमि राजुल सिद्ध पद पाया ॥ पाया पायारे, मेंतो गायारे, नेमि राजुल सिद्ध पद पाया ॥ ए आंकणी ॥ १ ॥ गुण पर्याय एकत्व भावे, अभेद ज्ञानमां आया ॥ उपयोग स्थिर अकृत्यरमणमां, केवळनाण दर्शण पायारे ॥ नेमि० ॥ २ ॥ ए भावे अरिहंत पद लाध्युं, त्यांथी सिद्ध पद साध्युं ॥ संसार बीज निकंदन कीधुं, तीहां सुख अनंतु वाध्युंरे ॥ नेमि० ॥ ३ ॥ नेमि पेहेलां राजुल सिद्ध थावे, स्वामि आज्ञा शीश चढावे ॥ पति अभिप्राये पतिपणुं पामी, सिद्ध वधुकंत कहीने बोलावे रे ॥ नेमि० ॥ ४ ॥ सिद्ध निरंजन ज्योति स्वरूपी, अचळ अक्षय पद रामी ॥ अकळ अलख तुंही रूपी अरूपी, ज्ञान शीतळ अंतर जामी रे ॥ नेमि० ॥ ५ ॥ संपूर्ण सर्व गाथा ३७ ॥

स्तवन ॥ १४ ॥ मुं ॥ श्री पार्श्वनाथजीनुं ॥

॥ वीर कुंवरनी वातडी कोने कहीए ॥ ए देशी ॥

पार्श्व जीणंदने ध्याइयें, भवी भावे, भाव उपयोग तीहां कहावे॥ शीव साधन ए विण नावे, सत्य समजो एम॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पार्श्व जिणंदने ध्याइये नविन्नावे॥ए आंकणी ॥ गाथा॥१॥ पारस स्पर्शे लोह कंचन थावे ॥ फरी लोह पणुं नहीं पावे॥ समज्यां दृष्टांत विवेकआवे,आवे ज्ञानने ध्यान॥पा.२॥ शुद्ध स्वन्नाव पारस मणी ते फरसे, तीहां परसंगे उपयोग टळशे ॥ निज उपयोग शुद्धता करशे, एमां नहीं संदेह ॥ पार्श्व० ॥ ३ ॥ उपयोग शुद्ध स्वरूपनो न्नाव जाणो, गुणपर्याय मांही आणो॥ न्निन्न व्यक्ति अनंती टाणो, शीवरूप रसाल ॥ पार्श्व० ॥ ४ ॥ आतम ज्ञाननी मुख्यता इहां लाधे, शक्ति व्यक्ति करी शीव साधे ॥ ज्ञान शीतळ सिद्ध आराधे, पामे पद निरवाण ॥ पार्श्व० ॥ ५ ॥

स्तवन ॥ १५ ॥ मुं ॥ श्री वीरस्वामीनुं ॥

मारुं मन लोन्नाणुंजी, मारुं दील लोन्नाणुंजी देखी क्षायक ऋद्धि वीरनी मारुं मनलोन्नाणुंजी ॥ क्षायक ऋद्धि सदगुरू उळखावे, तेहनो राग करावे॥ रागनो प्रेर्यो न्नावे वीर्य फोरवे, त्यां ग्रंथि न्नेदि समकित पावे ॥ मारुं मन लोन्नाणुंजी॥ए आंकणी ॥ १ ॥ समकितादि ठाणे शीव पंथे जागे, शुद्धातम अनुन्नव घटमां ॥ क्षपक श्रेणिए लहे वीर्य अनंतुं, त्यां हणे रागद्वेष मोह ऊटमां ॥ मारुं० ॥ २ ॥ एक्षीण मोह ठाणे आवे वीतराग न्नावमां शुक्ल बीजो पायो ध्याता ॥ ज्ञानावरणादि त्रण कर्म त्यां हणीने, लहे केवळए लोकालोक ज्ञाता ॥ मारुं० ॥ ३ ॥ क्षायक ऋद्धि अनंती ए देखे, प्रत्यक्ष प्रमाणे घटंतरमां॥ ते ऋद्धिनुं वर्णनन थावे ,कह्या नव न्नेद चोथा कर्म ग्रंथमां ॥ मारुं० ॥ ४ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

क्षायक समकित वेदक करीने लहे चोथे वा सप्तम ठाणे ॥ क्षायक चरणठाण दसमा अंते, करे उनमूळ मोहनुं ते टाणे ॥ मारुं० ॥ ५ ॥ केवळज्ञानने केवळ दर्शन, दानादिक वळी पांच ॥ ए सप्त गुणठाण द्वादश अंते, सवे क्षायक नव नहीं खांच ॥ मारुं० ॥ ६ ॥ ज्ञानावरणीने दर्शनावरणी, अंतराय सत्ता खुटे॥ तेनो अंत ठाण द्वादश अंते, एम घाति कर्म सवि त्रुटे॥मा७॥ए क्षायक ऋद्धि आत्म सत्ताये,अनादि शक्तिये जाणो॥महावीर प्रभुए व्यक्ति भावे करीने, अयोगी अंते अघाति अंत आण्यो ॥ मारुं० ॥ ८ ॥ ए सिद्ध निरंजन समश्रेणीयें लोक शिखर करे वास ॥ त्यां भोगवे अव्याबाध सुख अनंतु, लागे सादि अनंत भंग खास ॥ मारुं० ॥ ९ ॥ ए सुखना रसीया मनोरथ करता, उपयोग भावे रमता ॥ ज्ञान शीतळ हणे मोहनी उपाधि, ते समाधि यें शीव पद वरता ॥ मारुं० ॥ १० ॥

॥ स्तवन १५ मुं श्री वीरप्रभुनुं ॥

॥थारां मेहलां उपर मेह झरुखे वीजळी हो लाल ए देशी॥

वीर जिनेश्वर देव शासन पति जगधणी हो लाल ॥ शासनपति जगधणी ॥ तुं उपगारी महासंत महंत अनंत गुणी हो लाल ॥ महंत० ॥ ज्ञान ध्यान उपयोग वीर्य बळ एकयता हो लाल ॥ वीर्य० ॥ अनुभवे द्रव्य पर्याय स्वभावनी टेकता हो लाल ॥ स्वभाव० ॥ १ ॥ उदिक भाव नहीं व्यापे व्यापक उपयोमां हो लाल ॥ व्यापक ० ॥ ज्ञान खड्ग चउ धार अपूरव खेलमां हो लाल ॥ अपूर्व०



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हणीउं महा मोहमल हण्या रागद्वेषने हो लाल ॥हण्या० ॥ टळी परिणति अशुद्ध त्यां शुद्ध प्रवेशने हो लाल ॥ त्यां शुद्ध० ॥ २ ॥ ज्ञान दर्शन अंतराय त्रिकर्म इहां टळे हो लाल ॥ त्रिकर्म० ॥ गुण घातिने अन्नावे अनंत चतुष्टी मळे हो लाल ॥ अनंत० ॥ इत्यादिक घणी रीते साधन पक्ष दाखीये हो लाल ॥ साधन० ॥ नय निक्षेपा प्रमाण संयुक्तादि न्नाषियो हो लाल ॥ संयुक्तादि० ॥ ३ ॥ एम उपगार अनंत सिद्धांते तुमे कर्यो हो लाल ॥सिद्धांते०॥ तुज शासन संयोगे हुं मार्गे चढयो खरो हो लाल ॥ हुं मार्गे० ॥ अन्य दर्शन कुपंथ कुधर्मेन संचरु हो लाल ॥ कुधर्मे० ॥ ज्ञान शितळ जैन न्नावे सिद्ध पदने वरुं हो लाल ॥ सिद्ध पदने० ॥ ४ ॥

स्तवन ॥ १६ मुं ॥

॥ उधवजी संदेशो कहेजो श्यामने ॥ ए देशी. ॥

अपूर्व अवसर एवो क्यारे आवशे, क्यारे थइशुं क्षायक लब्धिवंतजो॥ आत्म सत्ताये शक्तिन्नावे अनादिनी, रही व्रती पर्याये एम न्नाषे गुरुसंतजो॥ अपूर्व अवसर एवो क्यारे आवशे ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ क्षायक लब्धि पामवा बे कारण कहुं, चौ न्नेदे मीले जब क्षयोपशमनी सहायजो ॥ परिणामिक न्नाव शुद्ध स्वन्नावे परिणमे, तिहां क्षायक लब्धि पामे चेतनरायजो ॥ अपूर्व ॥ २ ॥ क्षायक लब्धि अनंत न्नेदे एम जाणीये, ते केवळीथी पण वचन अगोचर न कहेवायजो ॥ क्षायक लब्धि नव न्नेदे ग्रंथे

कह्‌ी, ते घाति कर्मना क्षयथकी प्रगटायजो॥ अपूर्व० ॥३॥ क्षायक समकित पामे ठाण चोथा वा सातमे, तेना बद्धायु क्षायकने अबद्धायु क्षायक दो भेदजो॥ बद्धायु क्षायक लहे शीव सुख त्रीजे चोथे भवे ॥ अबद्धायु क्षायक लहे तद भवे शीव पदजो ॥ अपूर्व० ॥ ४ ॥ क्षयोपशम समकिती वेदक करी क्षायक लहे ॥ ते वेदक समकितनी स्थिति एक समयनी होयजो ॥ सात प्रकृति होय छेद तीहां सत्ता थकी॥ ज्ञान दर्शण दोउ त्यां अप्रतिपाति जोयजो ॥ अपूर्व० ॥ ५ ॥ अबद्धायु क्षायक समकीति क्षपक श्रेणी मांडीने, ठाण दशमा अंते करे सत्ताथी मोहनो विनाशजो॥ राग द्वेष परिणति अशुद्ध टळे तीहां ॥ लहे चरण यथाख्यात करे क्षीण मोह ठाणमां वासजो ॥ अपूर्व० ॥ ६ ॥ ए क्षीण मोह अंते त्रण कर्म साथे हणे,ज्ञानावरणीने दर्शनावरणी अंतरायजो॥ केवळनाण दर्शण ने लब्धि पांच क्षायक भाववनी, ए गुण प्रगटे त्यां कहीए श्री अरिहंत रायजो॥अपूर्व०॥ ॥ ७ ॥ इहां सयोगी केवळी गुणठाणुं तेरमुं कीजीए ॥ तीहां क्षायक नव लब्धिनी पूरण प्राप्ति थायजो ॥ ए लब्धि जोगे सेइजे शीव सुख संपजे, अयोगी अंते अघाति हणी सम श्रेणीये सधायजो ॥ अपूर्व० ॥ ८ ॥ ए सिद्ध निरंजन लोकाग्र भागे रह्या ॥ अचळ अविनाशी तीहां सादि अनंत लागे भंगजो ॥ क्षायक ऋद्धि अनंत भेद इहां भोगवे ॥ परमानंद पामे अव्याबाध सुख संगजो ॥ अपूर्व० ॥ ९ ॥ जे समय पामुं शक्तिथी व्यक्तिपणुं ॥

ते समय होय अनुमोदवा योग्यजो ॥ क्षायक ऋद्धि आ-
विरन्नावे प्रगटे ॥ त्यां न्नागे वीरह थाय शुद्ध चेतना
संयोगजो ॥ अपूर्व० ॥ १० ॥ क्षायक लब्धि पामवा में
इच्छा करी ॥ तीहां पुद्गलिक न्नावनी इच्छा न्नागी जा-
यजो ॥ परवस्तुनी ममता मूर्छा परिहरी ॥ क्षायक गुण
रागे प्रशस्त राग कहायजो ॥ अपूर्व० ॥ ११ ॥ क्षायक
ऋद्धि न्नव स्थिति पाके संपजे ॥ ते उद्यम जोगे जलदी
पाके एमजो ॥ उद्यम करीये न्नाव निक्षेपे घटंतरे ॥ त्यां
अनुन्नव जोगे समाधि लहतां खेमजो ॥ अपूर्व० ॥ १२ ॥
विषय विकार वेदवामां आवे नही ॥ त्यां अंतर क्रिया
अंतर रमण कहायजो ॥ ज्ञान शीतळ निजात्म न्नावे
होय साधना ॥ तीहां शुद्ध उपयोगे क्षायक ऋद्धि ग्रहा-
यजो ॥ अपूर्व० ॥ १३ ॥

॥ स्तवन १७ मुं उपदेशीक ॥

चेतावुं चेती लेजोरे एक दिन जरुर उठी जावुं ॥ ए देशी
सुणजो न्नविजन न्नाइरे, साधन न्नाव निक्षेपे
साचुं ॥ न्नाव निक्षेपे ग्रंथि न्नेद करतां, समकित न्नावे राचुं॥
सुणजो न्नविजन न्नाइरे ॥ साधन० ॥ १ ॥ न्नावे ध्यान
तुरंगे नाचुं ॥ न्नावे शीवसुख लहीए जाचुं ॥ ए वीण साधन
सब काचुं ॥ सुणजो न्नविजन ॥ ए आंकणी ॥ द्रव्य निक्षेप
कह्यो अना उपयोगे, अनुयोग द्वार सिद्धांते॥ न्नाव निक्षेप
उपयोगे दाख्यो, ते लहो न्नविशांत दांते ॥ सुणजो० ॥२॥
द्रव्य प्राणने चेतन जाणी, द्रव्य निक्षेपे किरिया करतो ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जीवा जीव सत्ता भिन्न न जाणे, व्यवहार मार्गे ए बाळ रमतो ॥ सु० ॥ ३ ॥ किरियामां लिंगमां चरण आरोपे, भाव अपेक्षा न राखे ॥ निमित्त उपादान भेद न समजे ते शीव सुख कदीये न चाखे ॥ सु० ॥ ४ ॥ ए द्रव्य निक्षेपो कह्यो ते करतां, संसार वास न छुटे ॥ कर्म बंध करी चौ गति भटके, भाव निक्षेपे संसार खुटे ॥ सु० ॥ ५ ॥ हेय उपादेय बुद्धि लहीने, भाव निक्षेपो भावो ॥ हेय उपाधि पर वस्तु छंडी, उपादेय शुद्धात्म निज ध्यावो ॥ सु० ॥ ६ ॥ ए भाव निक्षेपो शिव हेतु दाख्यो, स्वरूप रमणमां राख्यो ॥ भाव उपशम क्षयोपशम क्षायक, लहो उपयोगे ज्ञानीए भाष्यो ॥ सु० ॥ ७ ॥ क्षायक भावने कार्य मानो, क्षय उपशम कारण जाणो ॥ शक्ति व्यक्ति लहीये ते साधन, ज्ञान शीतळ वचन प्रमाणो ॥ सु० ॥ ८ ॥

॥ इति स्तवन अधिकार संपूर्ण ॥

## अथ सज्झाय अधिकार.

॥ सज्झाय ॥ १ ली ॥ समकितनी ॥

॥ ऋषभनो वंशरयणायरो ॥ ए देशी ॥

चेतन समकित आदरो, लक्षण पांच विचारो रे ॥ सम संवेग निरवेदए, अनुकंपा आस्ता धारो रे ॥ चेतन समकित आदरो ॥ ए आंकणी० ॥ गाथा ॥ १ ॥ उपशम लक्षण पेहेलुं भावीए, क्षमायें क्रोधादि हणीये रे ॥ वेर विरोध समाविए, समभावे भवि भजीये रे ॥ चेतन० ॥२॥ बीजुं लक्षण संवेगीयो, सुरनर सुख दुःख सरखुं रे ॥ वेग



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मोक्ष अन्निलाषीयो, करम रहित चेतन परखुं रे ॥ चेतन० ॥ ३ ॥ त्रीजुं लक्षण निर्वेद लहे, चउगति बंधीखानुं न्नारी रे ॥ अनुत्तर सुख झेर सरीखुं, ग्रहुं अतिइंद्रि ठंडु इंड्रि रे ॥ चेतन० ॥ ४ ॥ अनुकंपा लक्षण चोथुं चिंतवे, निजपरमां इव्य न्नावरे ॥ परअनुकंपा दोय न्नेदथी, समजी करूणा लावरे ॥ चेतन० ॥ ५ ॥ परदुःख ठेदे निज शक्तियें, परप्राण रखोपुं रे ॥ त्रस थावर नही दुन्नवे, ते इव्य अनुकंपा रोपु रे ॥ चेतन० ॥ ६ ॥ न्नावथी उपदेश धर्म कथा, न्नेद ज्ञाने देखाम्रे रे ॥ जीव पुद्गलनी न्निन्नता, वस्तु सत्ता जूदी पाम्रे रे ॥ चेतन० ॥ ७ ॥ गुण पर्याय समजावीए, ज्ञानचेतना दीजे रे ॥ तेथी अनुन्नव पोते करे, निर्धार थयां दील रीझे रे ॥ चेतन० ॥ ८ ॥ श्रद्धा शुद्ध वस्तु न्निन्नता, अनुन्नवे निज उपयोगे रे ॥ समकित प्रगट करे प्राणीउं, ते न्नाव अनुकंपा पर जोगे रे ॥ चेतन० ॥ ॥ ए ॥ स्व जोगे हवे न्नाखशुं, देश विरति सर्व विरति लेवे रे ॥ विषय कषायने परहरे, ते इव्य अनुकंपा सेवे रे ॥ चेतन० ॥ १० ॥ रागद्वेष वळी मोहने, ठंमी स्वन्नावमां आवे रे ॥ शक्ति न्नाव व्यक्ति पणुं लहे, ते न्नाव अनुकंपा निज थावे रे ॥ चेतन० ॥ ११ ॥ आस्ता लक्षण ग्रहो पांचमुं, करो जिन वचन प्रमाणो रे ॥ जैन न्नाव समन्ना-वमां, देख चेतन राणो रे ॥ चेतन० ॥ १२ ॥ इम पांच लक्षण लाधे आपमां, ते जाणो समकित रे ॥ ज्ञान शीतळ कीधां संपजे, ते चेतन जन्म पवित रे ॥ चेतन० ॥ १३ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सज्झाय ॥ २ ॥ जी ॥ चेतनज्ञाननी ॥

॥ चेतनजी बारणे मत जावोरे ॥ ए देशी ॥

चेतनजी ज्ञान स्वरूपने धारोरे, तुमे पर उपयोग निवारो ॥ चेतनजी ज्ञान स्वरूपने धारोरे ॥ ए आंकणी ॥ पूर्व कर्म जनित दश प्राणरे ॥ ते परवस्तु प्रमाणरे ॥ तेना संगे उपयोग जाण ॥ चेतनजी० ॥ १ ॥ ए उपयोग चेतन वस्तुरे ॥ परसंगे जमता लहंतुरे ॥ रागद्वेष अज्ञान कहंतु ॥ चेतनजी० ॥ २ ॥ ए भूल अनादिनी तुजमांरे, तेथी कर्त्ता भोगता पुदगळमांरे ॥ बांधे कर्म वर्गणा चेतनमां ॥ चेतनजी० ॥ ३ ॥ तेथी चउगति भटकण लाग्यो रे, मूळरूप कीहां नहीं जाग्योरे ॥ सुकृत साधन सब ताग्यो ॥चेतनजी०॥४॥ तेथी दुखीयो अनादि संसारी रे॥ अहं ममत्व करी भूल भारीरे ॥ हवे गइ बाजी ल्यो सुधारी ॥ चेतनजी० ॥ ५ ॥ सदगुरूनी सेवा करीयेरे ॥ करी विनय श्रवण अनुसरीयेरे ॥ तेथी ज्ञान ऋद्धिने वरीये॥ चेतनजी० ॥ ६ ॥ जे अवसर चेतन ज्ञानीरे ॥ पूर्व रीत जुए स्थिर ध्यानीरे ॥ परसंगे अनंती हानी ॥ चेतनजी० ॥ ७ ॥ ज्ञान वीर्य एकता कीधीरे ॥ पुदगल परिणमन तजी दीधीरे ॥ उपयोग गुणस्वरूपमां लीधी ॥ चेतनजी० ॥ ८ ॥ शुद्ध अनुभवी आतम धर्मी रे, शक्ति भाव व्यक्ति परिणमी रे ॥ पूज्य अरिहंत थया शीवरंमी ॥ चेतनजी० ॥ ए ॥ गुण घाति चउनो विनाशरे ॥ तीहां अनंत धर्म अवकाशरे ॥ कीधो क्षायक भावमां वास ॥ चेतनजी० ॥ १० ॥ आयुष



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अंते योगरोध थावेरे, तीहां चेतन अयोगी ठाण पावेरे॥ अंते अघाति चउ थाय अन्नावे ॥ चेतन० ॥ ११ ॥ एही सिद्ध सनातक वंदुरे ॥ मूळरूप जोइ आनंदुरे ॥ ज्ञान शीतळ करी कर्म निकंदु ॥ चेतनजी० ॥ ॥ १२ ॥ संपूर्ण. ॥

॥ सज्जाय ३ जी मुनिपदनी ॥

॥ ऋषन्ननो वंश रयणायरु ॥ ए देशी ॥

रुडुं मुनिपद मुज मन वस्युं, समकित मूळ ज्ञान पाइरे ॥ उलट घणो मुज अंगमां, ए वीण सर्व दुःख दायीरे ॥ रुडुं मुनिपद मुज मन वस्युं ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ शब्दनये मुनिपद संपजे, परसंग त्याग विन्नागरे ॥ अलख निरंजन अनुन्नवे, स्थिर रमण उपयोगरे ॥ रुडुं मुनिपद० ॥ २ ॥ श्रुतज्ञान उपयोगवंत जे, ते जीव एम बोलीजेरे ॥ अना उपयोग तन मन्न ते, नहीं जीव ए अजीव कहीजेरे ॥ रुडुं० ॥ ३ ॥ शब्द अर्थनी पूर्णता, जे वस्तु गत धर्म रे ॥ शुद्ध सत्ता प्रगटे ते साधना, ए जीन वचननो मर्म रे ॥ रुडुं० ॥ ४ ॥ ए विण कार्य सरे नहीं, समजो चतुर विवेकरे ॥ अंतर दृष्टियें संपजे, ग्रह्यां निज स्वन्नाव टेकरे ॥ रुडुं० ॥ ५ ॥ स्वन्नाव धर्मे जे मुनि थया, नित्य प्रणमुं तस पायरे ॥ अनुमोदुं तस धर्मने, विनय करुं जो मीले रायरे ॥ रुडुं० ॥ ६ ॥ धन्य धन्य तस अवतारने, धन्य धन्य तस दरशनरे ॥ ज्ञान शीतळ कहे लीजीये, मुनिपद ते दीन धन्यरे ॥ रुडुं० ॥ ७ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सज्झाय ॥ ४ ॥ थी ॥ विजयशेठ अने विजया राणीनी ॥

देशी उपर प्रमाणे

वीर जिनेश्वर पाय नमी, नमी अप्रमत्त राय रे ॥ वि-जयशेठ राणी विजया, गुण गातां हरष न मायरे ॥ धन्य धन्य ए शियळ सोहामणां ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ भरतक्षेत्र दक्षिण दिशे,समुद्र तीरे वच्छ देशरे॥त्यां विजय शेठ वसे समकिती, निरविषय रंग बेशरे ॥ धन्य० ॥ २ ॥ कृष्ण पक्षे विरति हुवा, स्त्री भोग त्याग करशुंरे ॥ बाळपणे निश्चे एम कीयो, वेद विषय परिहरशुंरे ॥ धन्य० ॥ ३ ॥ तिहां नामे विजयारूपे भली, समकिती कन्या बाळरे॥ गुण रागे गुरु सनमुखे, गहुंली करी ठवे मणीलालरे ॥ धन्य० ॥ ४॥ गुरूने मोतीए वधावती, कहेती व्रत उचरावोरे ॥ शुकल पक्षे चोथुं सद्गुरु, व्रत दीये जग चावो रे ॥ धन्य० ॥ ५ ॥ पूर्व कर्म संबंधी, ए बेहुनो विवाह करी तातरे ॥ शुभ लग्ने परणावीयां, द्रव्य खरची जमाडी नातरे ॥ धन्य० ॥ ६ ॥ तव विजया शणगार सजी, अवसरे पेउ पासे आवेरे ॥ तेने देखी शेठ हरख धरी, बोले वचन मन भावेरे॥ धन्य० ॥ ७ ॥ शेठ कहे कृष्ण पक्षनो, त्याग विषय व्रत मुजरे ॥ त्रण दिवस रह्या तेहना, पछें करशुं भोग तुजरे ॥ धन्य० ॥ ८ ॥ तव विजया विलखी थइ, चिंतवे चित्त मोझार रे ॥ शेठ कहे तुं शी चिंता करे, दीन त्रण जतां शी वाररे॥ धन्य० ॥ ९ ॥ विजया कहे मीठे बोलडे, शुक्ल पक्षे व्रत मुज रे ॥ गुरु पासे बाळ वये लीयो, ते केम सेवुं हुं स्वामी तुज रे ॥

॥ धन्य० ॥ १० ॥ उभय पक्षे अमे पाळशुं, पेहेरी शियळ सन्नाह रे ॥ काम बाण लागे नहीं, ज्ञान योगे टाळुं वेद दाह रे ॥ धन्य० ॥ ११ ॥ तमे अवर नारी परणीने, सेवो शुक्ल पक्षे तेह रे ॥ कृष्ण पक्षे विरति रहो, त्याग विषय सेवा एह रे ॥ धन्य० ॥ १२ ॥ एम विजया मुख वचन ए, मधुर साकर जेम द्राख रे ॥ सांभळी शेठ आगळ कहे, ज्ञान शितळ सुणी शियळ राख रे ॥ धन्य० ॥ १३ ॥

॥ ढाळ ॥ २ ॥ जी ॥

॥ श्रुतशुं रंग लाग्यो ॥ ए देशी ॥

शेठ शियळ दृढ रंग अनोपम, निर्विष निर्मळ काया रे ॥ शुरवीर काम कंदर्प हणवा, श्रुत ज्ञानी मांहि ए सवायारे ॥ शियळशुं रंग लाग्यो० ॥ रंग लाग्यो रे चोळ मजीठ ॥ शियळशुं रंग लाग्यो ॥ ए आंकणी ॥ गाथा ॥ ॥ १ ॥ बीजी नारी न परणुं न भोगवुं, विषय काळकुट विष सरखुं रे ॥ एम समजी उभय पक्ष पाळी, निर्विष शिळ गुणे हरखुं रे ॥ शियळशुं रंग लाग्यो० ॥ २ ॥ सदा सर्वदा विषय न सेवुं, त्रिकरण योगे व्रत वहालुं रे ॥ मात पिताने ए वात न जणावुं, जाणे तब दिक्षा लइ पाळुं रे ॥ शियळ० ॥ ३ ॥ एम अभिग्रह बेहु एक वृत्तिये, लीये शुद्ध शिळ परिणामेरे ॥ त्यागी वैरागी ए जीव गुण रागी, चढी भाव चरण ठाण पामे रे ॥ शियळ० ॥ ४ ॥ क्षण क्षण वरते निज उपयोगे, अनुभवे निज पर भिन्नरे ॥ भाव शियळसो पुद्गल त्यागे, परशुं विभार्गी तद लीनरे॥

॥ शियळ० ॥ ५ ॥ तद्गत लीन्न बेहु एक सज्याए, सुवे मध्य खड्ग व्रत धारारे ॥ धैर्यवंत वीर्यवंत ज्ञानी, नरनारी संगी संग न्यारारे ॥ शियळ० ॥ ६ ॥ एक आसने वेद विषय हणीने, सुए बेसे बोले व्रत राखे रे ॥ ते कारणे केइ व्रत धर पढीया, न पढ्या ते अधिक ज्ञानी ज्ञाखे रे ॥ ॥ शियळ० ॥ ७ ॥ अचळ शियळ रत्न ए अमुलख, ढाम ढाम नहीं नहीं ढाजे रे ॥ विजय शेठ विजीया राणी बेहुने, अंगे शिळ रत्न विराजे रे ॥ शियळ० ॥ ॥ ८ ॥ एम शिळव्रते प्रमोद ऊाजो, ज्ञान शीतळ शुद्ध ज्ञावे रे ॥ विषय विकार न व्यापे अंगे, ते चेतनराम कहावे रे ॥ शियळ शुं रंग लाग्यो० ॥ ए ॥

॥ ढाळ ३ जी ॥

॥ देशी एकवीसानी ॥

विमळ केवळीरे, चंपायें आवी समोसर्या ॥ मुनि समुदायरे, सहस चोराशीयें परवर्या ॥ तीहां श्रावक रे, जीनदास वीरति सही ॥ करे वंदनारे, मुनिपति मुनिनो विनय तहीं ॥ त्रुटक ॥ दीये देशना विमळ केवळी, मुनि पद उळखावता ॥ एक ज्ञानी ते मुनि कहीए, बीजा ज्ञानी निश्रा पावता ॥ ए बे विण त्रीजो मुनि न कह्यो, जिनपतिए जिन शासने ॥ तेवा मुनिने विनयें वांदतां, ढोडे कर्मबंध पासने ॥ १ ॥ ए मुनिने रे, आहार पाणी आदें श्रावक दीये ॥ खप पूरतुं रे दोष वर्जीत शुद्ध ते लीये ॥ आग्रह करी रे, अधिक देवानी इच्छा करे ॥ तेना फळनी रे, वंढा

कदीए ते ना करे ॥ त्रुटक० ॥ ना करे वंछा शुन्न फळ केरी, शुन्न कर्मे शुद्ध न कोइरे ॥ शुन्न कर्म ए पुन्य प्रकृति दीये शातामें उदये जोइरे ॥ ते पापस्थान दश पंचमुं रति, पाप दाता ए सही ॥ पुन्य न्नोगवतां पाप आवे, ते कारण पुन्य न्नलुं नहीं ॥ २ ॥ एम सांन्नळीरे, अज्ञानी ते बोले इश्युं ॥ सुपात्रनेरे, दान देइ न इच्छे फळ कइयुं ॥ एम जोतां रे, सुपात्र निरथक हुउ ॥ फळ दातारे, सुपात्र तो सुत्रे कह्या जुउ ॥ त्रुटक० ॥ सुपात्र तो सुत्रे कह्या छे, बोधि बीज दाता सही ॥ दिक्षा दाता चरण प्रख्याता, आश्रव पंच त्यागी सही ॥ निर्जरा हेतु तप गुण दाता, शीवसुख हेतु ए न्नला ॥ इच्छा रहित विनय जोगे, दान देइ शुन्ना शुन्नथी टल्या ॥ ३ ॥ एम सांन्नळीरे, जीनदास विनति करे ॥ मुज घरे मुनिरे, सहस चोरासी पारणुं करे ॥ ए विनतिरे साहेब मारी मानजो ॥ मनोरथ फळेरे, गुण रागे न्नक्ति जाणजो ॥ त्रुटक० ॥ वळतुं केवळज्ञानी बोले, एम वातता नहीं बने ॥ सहस चोरासी सूझतुं लेवे, आहार पाणी कीहां क्यां कने ॥ एटलो आहारादिक एक गामे, सुझतो कदी निपजे नहीं ॥ तुज मनोरथ पूरवा दाखुं, फळ एटलुं होवे सही ॥ ४ ॥ वच्छ देशेरे, शेठ विजय राणी विजया ॥ न्नावयति शुद्धरे, ग्रहस्थी बे ज्ञाने न्निजीया ॥ शियळ शुद्धरे, अदृन्नूत अचळ डगे नहीं ॥ उत्कृष्टारे, ए सम अवर न जग मही ॥ त्रुटक० ॥ ए बेहुने उलट न्नर देवो, न्नोजन न्नलो रस स्वाद ए ॥ न्नक्ति करीने रंग



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

रीझें, गुणगावो करी नाद ए ॥ तेथी फळ लहो एटलुं कहे, केवळी जगवान ए ॥ ते सांजळी जीनदास जावे, ज्ञान शीतळ एक तान ए ॥ ५ ॥

॥ ढाळ ४ थी ॥

॥ धन्य लोक नगर धन्य वेळारे, मन मोहन सुंदिर मेळा ए देशी ॥

जीनदास श्रावक सधाव्या, जीन वचने वच्छ देश आव्या॥ विजय शेठने विजया राणी, देखी मळी कहे उलट आणी रे॥ स्वामी धन्य तुं शियळ सोजागी, धन्य मानी जनित गुणरागीरे स्वामी धन्य तुं शीयळ सोजागी० ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ नमी प्रणमे जक्ति जावे, प्रमोदित आनंद पावे ॥ गुण वृद्धि लहे गुण गावे, जाव यति ठाणे तुं सोहावे रे ॥ ॥ स्वामी० ॥ २ ॥ सहस चोराशी मुनिने देवे, आहार पाणी सूझतुं ए लेवे ॥ बहु माने देतां फळ थावे, एटलुं फळ तुजशुं पावे रे ॥ स्वामी० ॥ ३ ॥ एम विमळ केवळी जाख्युं, ते वचन में घटमां राख्युं ॥ मुज मनोरथ पूरो स्वामी, जमो बेहु कही शीरनामी रे ॥ स्वामी० ॥ ४ ॥ ए मनोरथ पूरवा हेते, जमे जोजन धर्म संकेते ॥ विजय शेठने विजया राणी, दीए एटलुं फळ हीत आणी रे ॥ ॥ स्वामी० ॥ ५ ॥ जीनदासे पूरुं फळ लीधुं, सतकार विनय घणुं कीधुं ॥ गुण गावे वचन विवेके, पूछे मात तात बे विशेके रे ॥ स्वामी० ॥ ६ ॥ जीनदास शियळ वखाणे, जाख्यो केवळीये ते प्रमाणे ॥ तेथी मात ताते वात जाणी,



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पुत्र वधु जोमी गुण खाणी रे ॥ स्वामी० ॥ ७ ॥ इहां अ-भिग्रह पुरो थावे, लीए चारित्र चढता भावे ॥ विजय शेठने विजया राणी, प्रतिबंधन करे गुण खाणी रे॥ स्वामी० ॥ ८ ॥ ठंमी ग्रहवास कंचन माया, तजी चोकमी त्रण कषाया ॥ मिथ्यात्व त्रण नेदने वामे, क्षायक समकित त्यां पामे रे ॥ स्वामी० ॥ ए ॥ भाव मति श्रुत ज्ञान शुद्धि जागे, टळे पर अनुभव विभागे ॥ तीहां उपयोग स्थिर थावे, शुद्धात्म अंतर ध्यावे रे ॥ स्वामी० ॥ १० ॥ विजय शेठने विजया राणी, त्यागी हुवां एसो भाव आणी ॥ ज्ञान शीतळ ए केवळी पासे, लेइ दीक्षा शीव गति जाशे रे ॥ स्वामी० ॥ ११ ॥

॥ ढाळ ५ मी ॥

केवळज्ञानी जगगुरु पासे, दिक्षा चारित्र लीधुं रे ॥ विजयशेठ विजयाराणीए, सावद्य पच्चख्खाण कीधुं रे ॥ चारित्र ए रुडुं ॥ रुडुं रमण निज गुण स्थिर ॥ चारित्र ए रुडुं ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ पंचमहाव्रत उचरीयां हिंसा मृषा अदत्तरे ॥ मैथुन परिग्रह त्यागी सर्वथी, ग्रही आत्म सत्ता ज्ञान गतरे ॥ चारित्र० ॥ २ ॥ अनात्म सत्ता उपाधि तजीने, द्रव्य भाव चारित्र लीधुं रे ॥ तेथी चउ-गति भ्रमणने टाळी, अपुनर्भव शीवसुख लीधुं रे ॥ चारित्र० ॥ ३ ॥ शुभा शुभ दोय निर्वद्य नांही, निर्वद्य एक सम-दृष्टिरे॥ रागद्वेष हणे तीहां थावे, समभाव शक्ति उत्कृष्टिरे ॥ चारित्र० ॥ ४ ॥ ते शक्तिये केवळ पामे, चउ गुण घाति

हणीने रे ॥ ए नावे अरिहंत सिद्ध थावे, अंते योग रोध करीने रे ॥ चारित्र० ॥ ५ ॥ अघाति चउनो क्षय इहां थावे, रूपातित सिद्ध नावेरे ॥ एक नाग पोलारनो ठंडी, बे नागे प्रदेश समावे रे ॥ चारित्र० ॥ ६ ॥ समश्रेणीए सिद्धि वरियां, विजयशेठ विजय राणी रे ॥ लोकंते अवगाहना बीराजे, अनंत धर्मनी ए खाणी रे ॥ चारित्र० ॥ ७ ॥ ए सिध्यां सादि अनंतमे नांगे, अकृत्य अनुनव वृत्तिरे ॥ निज गुण पर्याय ऐक्यता, न तजे लक्षण आकृतिरे ॥ चारित्र० ॥ ८ ॥ निज द्रव्यें ध्रुवता स्थिर सिद्धमां, ज्ञान शीतळ कृत ज्ञानरे ॥ सिद्ध राय ज्ञान अकृत आपो, तो रूपातित करुं ध्यानरे ॥ चारित्र० ॥ ए ॥

॥ कळश. ॥

॥ त्रिजगन्नासन ॥ ए देशी ॥

एम शियळ सुध्धुं, त्रिकरण योगे, उन्नय पक्षे पाळिये ॥ जाव जीव निश्चळ वृत्तिये, देवगति निहाळीये ॥ १ ॥ शियळे देव सानिध्य करे, शियळे शितळ आगरे॥ शियळे संकट नय हरे, फूलमाळ होय विषधर नागरे ॥ २ ॥ द्रव्य शियळ ए पुन्य कारण, शिव कारण शिळ नावथी ॥ पुद्गल त्याग अनुनव योगे, नावो शिळ आत्मार्थी ॥ ३ ॥ नाव शीयळ एक अनुनव ज्ञाने, निज पर निन्न होवे सही ॥ शुद्ध पर्याये रमण अनुनव, जोगें सिद्धगति ग्रही ॥४॥ विजय शेठने विजया राणी, शियळ अरूग पाळता ॥ सावद्य त्याग समदृष्टि ज्ञाने, सिद्धगति



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पंथ चालता ॥ ५ ॥ ए दंपतिना गुण गाया, अनुभव उपयोग भावथी ॥ तेह तणी पांच ढाळो कीधी, गुण रागे प्रमोदथी ॥ ६ ॥ मुज मनोरथ सफळ कीधो, अनुमोदना फळ में लह्यो ॥ ज्ञान शीतळ एम गुण रागे, रमण करतां मन स्थिर रह्यो ॥ ७ ॥ आ सज्झाय जे भणशे गणशे, सुणशे निश्चळ चित्तथी ॥ ज्ञान शितळ आतम ज्ञान जोगे, गुण वृद्धि विनितथी ॥ ८ ॥

संपूर्ण ॥ सर्व गाथा ॥ ५५ ॥

॥ सज्झाय ५ मी अनाथ सनाथ विचारनी ॥

॥ ऋषभनो वंश रयणायरो ॥ ए देशी ॥

चतुर सनेही सांभळो, अनाथ सनाथ विचार रे ॥ द्रव्य खेत्र काळ भावथी, कहुं ते करो निरधार रे ॥ चतुर सनेही सांभळो ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ द्रव्य अनाथ जगता तीहां, जीव अज्ञानी मिथ्यात्वी रे ॥ अशुद्ध उद्यमी ए बहिरातमा, अनादि भविने अभवी रे ॥ चतुर० ॥ २ ॥ खेत्र अनाथ बाह्य खेतमां, क्षुधा तृषादि काया गत दुःखरे ॥ मन ममताये नही तृपति, आशा अधुरि त्यां आवे नहीं सुखरे ॥ चतुर० ॥ ३ ॥ काळ अनाथ जरा मरण ए, चवन जन्म अति दुःखरे ॥ लाग्यां चउगति संसारमां, केम आवे एनी भागी नहीं भुखरे ॥ चतुर० ॥ ४ ॥ भाव अनाथ विभाव ए, रागद्वेष दोय त्रीजो मोह रे ॥ विषय कषाय मिथ्यात्व छे, ए संसार मूळ बीज तेहरे ॥ चतुर० ॥५॥ संसार चउगति अनाथ छे, तेनो दाता मिथ्या

मोह अनाथरे ॥ एने ग्रहे ते जीव अनाथ बे, तेनो बेली नहीं सनाथरे ॥ चतुर० ॥ ६ ॥ द्रव्य अनाथ दाता अज्ञानए, खेत्र अनाथ क्षय उपशम हानी रे ॥ काळ अनाथ दाता मिथ्यात्व बे, भाव अनाथ परिणति अशुद्ध प्राणीरे ॥ चतुर० ॥ ७ ॥ तेने हणयां सनाथ त्रण लोकनो, जेहणे ते सही थाय रे ॥ एम जाणी भविजन क्षय करो, गुरु ज्ञान खड्ग हाथ लाय रे ॥ चतुर० ॥ ८ ॥ ए विण अवरे क्षय नही, क्षय होय जो आतम ज्ञान रे ॥ तो घटंतर प्रकाश करे, ए चोरो तीहां भागे एम मान्य रे ॥ चतुर० ॥ ए ॥ ज्ञान योगे सनाथ आतमा, धर्म कार्य वंत थाय रे ॥ तेह चउभेदे दाखवुं, उतकृष्टे परमातमरायरे ॥ चतुर० ॥ १० ॥ द्रव्य सनाथ दो भेदे कहुं, सम्यक दर्शन ज्ञानरे ॥ धर्म उद्यमी अंतर आतमा, लहे भवि केइ एम मान्य रे ॥ चतुर० ॥ ११ ॥ खेत्र सनाथ अंतर खेत्रमां, अनुभव भुवने वास रे ॥ दृष्टि स्वभाव पर्यायमां, तीहां नहीं आश्रव अवकाशरे ॥ चतुर० ॥ १२ ॥ काळ सनाथ अप्रमत्त वृद्धिये, क्षपकश्रेणी मंडायरे ॥ ते नर अमर शीवपद वरे, अयोगी अंते छुटे कायरे ॥ चतुर० ॥ १३ ॥ भाव सनाथ शुद्ध परिणतियें, चरण यथाख्यात वीतरागरे ॥ रागद्वेष मोह सवि टळे, संसार निरबीज शीवमागरे ॥ ॥ चतुर० ॥ १४ ॥ त्रण भेदो जो भावपणुं लहे, तो होय तद्भव सिद्ध राय रे ॥ नहीं तो संसार स्थिति रहे, उत्कृष्टी जघन्य कहायरे ॥ चतुर० ॥ १५ ॥ पढतां अरथ

पुद्गल वर्त्तना, नहि तो सात आठ नव थाय रे ॥ जघन्य त्रीजे नवे शीव लहे, त्यां अव्याबाध सुख सदाय रे ॥ ॥ चतुर० ॥ १६ ॥ द्रव्य सनाथ दाता ग्रंथि नेद ए, क्षेत्र सनाथ क्षय उपशम वृद्धि रे ॥ काळ सनाथ दाता उपयोग नाव छे, नाव सनाथ अनुनव शुद्धि रे ॥ चतुर० ॥ १७ ॥ एम अनाथ सनाथ विचारीने, अनाथ नावने हणीया रे ॥ अनाथी मुनितस नाम छे, सनाथ ए ज्ञान गुणे दरिया रे ॥ ॥ चतुर० ॥ १८ ॥ त्रण सनाथ कारणरूप छे, नावसनाथ कार्य अनुप रे ॥ अनाथ पद दुःखनुं मूळ छे, सुख मूळ सनाथ नूपरे ॥ चतुर० ॥ १९ ॥ सनाथ पद धारीने करुं वंदना, प्रणमुं तेहना पायरे ॥ गुण गाउं अंतरंगशुं, अनुमोद वारंवार थाय रे, ॥ चतुर० ॥ २० ॥ त्रण सनाथ दोय गति पामता, देवनी एक बीजी सिद्ध रे ॥ नावमां ए आवे तो संपजे, नहीं तो लहे देवनी ए ऋद्ध रे ॥ चतुर० ॥ २१ ॥ नही नाव सनाथ त्यां संसार छे, त्रण सनाथ संसार अल्प रे ॥ बहुल संसार अनाथमां, द्रव्य अनाथ मिथ्यात्व जल्प रे ॥ चतुर० ॥ २२ ॥ अनंत पुद्गल परावर्त्तनो, मालिक अनादि मिथ्यात्व रे ॥ एथी छुटयां संसार अल्प छे, पामे समकित लहे गुण सत्वरे ॥ चतुर० ॥ २३ ॥ अनाथ उपादान मोह छे, छे वळी रागने द्वेष रे ॥ सनाथ उपादान जीव गुण छे, छे जीव पर्याय प्रदेश रे ॥ चतुर० ॥ ॥ २४ ॥ बाह्य दृष्टियें धर्म अनाथ छे, अंतरदृष्टियें धर्म सनाथ रे ॥ बाह्य दृष्टि संसार साथ छे, अंतरदृष्टि शीव

साथ रे ॥ चतुर० ॥ २५ ॥ व्यवहार वर्त्तना ते बाह्य छे, शुन्नाशुन्न जोग त्रण वृत्तिरे ॥ आश्रव करणी छे ए सही, धर्म कहे ए अनाथ आकृति रे ॥ चतुर० ॥ २६ ॥ शब्द वर्त्तना अंतरंगमां, अनुन्नवे उपयोग स्थिर रे ॥ स्वरूप रमण शुद्ध न्नावथी, गुण वृद्धि होय लहे स्फूरणा वीर रे ॥ ॥ चतुर० ॥ २७ ॥ सोही सनाथ पद न्नावीयें, न्नेद ज्ञान लावी घट मांही रे ॥ सप्रविन्नाग तीहां संपजे, हेय जाणी छंके पर त्यांही रे ॥ चतुर० ॥ २८ ॥ आदर एक शुद्ध स्वरूपनो, ध्याता ध्येय ध्यान एकत्व रे ॥ ध्येय शुद्ध द्रव्यार्थक ए, ध्याता पर्याय धर्म महत्व रे ॥ चतुर० ॥२९॥ ध्यान शुक्क एकता अन्नेदता, पर्याय धर्म द्रव्य मांहि रे ॥ न्निन्न गवेषण इहां टळे, मिळे परिणति शुद्ध अशुद्ध नांही रे ॥ चतुर० ॥ ३० ॥ इहां मोहनुं उन्मूलन थयुं, टल्या रागने द्वेष दोयरे ॥ क्षय उपशम न्नाव इहां टल्यो, लहे मुनि यथाख्यात सोही रे ॥ चतुर० ॥ ३१ ॥ न्नाव सनाथ तस कीजीये, संसार निरबीज वंत रे ॥ वीतराग गुणठाण बारमें, त्रण कर्म हणे महा संत रे ॥ चतुर० ॥ ३२ ॥ केवळनाण दर्शण प्रगटे, प्रगटे क्षायक लब्धि पांचरे ॥ दान लान्न न्नोग उपन्नोग ए, वीर्य स्फुरणा अनंत न खांचरे ॥ चतुर०॥३३॥ ए परमानंद पद मोटको, अरिहंत तेरमे वासरे॥ आयु अंते योग रोध करे, अयोगी ठाणे सिद्ध पास रे ॥चतुर० ॥३४॥ अघाति चउ कर्मथी टल्या, तुटी वर्गणा कारमणरे॥ तुटी वळी मनुष्यगति इहां, त्रुटयुं चउगति न्नमण रे ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

चतुर० ॥ ३५ ॥ आत्म असंख्य प्रदेशनो, निवड घन दोय जागे थाय रे ॥ एक जाग पोलाणनो घटे, बुटयुं शरीर तेहथी गणाय रे ॥ चतुर० ॥ ३६ ॥ ए घन सिद्धनी अवगाहना, लोक शिखर करे वास रे ॥ समश्रेणीये एक समयमां, ज्योतमां ज्योतनो समास रे ॥ चतुर० ॥ ३७ ॥ रुपातित सिद्ध महरायने, सादि अनंत जंग कहिये रे ॥ सिद्ध गति अनादि अनंत बे, एसी अक्षय पदवी लहीये रे ॥ चतुर० ॥ ३८ ॥ अकृत अनुजववंत बे, अनंत केवळ नाण दर्शन्न रे ॥ चारित्र वीर्य अनंत बे, ए प्रत्यक्ष प्रमाणे मानुं धन्न रे ॥ चतुर० ॥ ३९ ॥ सोहि सनाथ व्यक्ति धर्मना, अव्याबाध सुखवंत रे ॥ अलख निरंजन अचळ ए, परमानंद जोगी महंत रे ॥ चतुर० ॥ ४० ॥ एवंजूत नय पूर्णता, सनाथ विचारे गवेषी रे ॥ ज्ञान शीतळ कहे पामीये, शुद्धात्म अनुजव पेखी रे ॥ चतुर० ॥ ४१ ॥

॥ सज्जाय ॥ ६ ठी ॥ मधु बिंदवानी ॥

एक दिवस विषे नेमि कुंवर निज मित्र संघातें आवे ॥
॥ ए देशी ॥

संसार वने चउगति जव भ्रमण जीवने दुःख मोटुं॥ अनुजव विना, धर्म साधन करीए ते सर्वे बोटुं ॥ ए आंकणी ॥ मधु बिंदु दृष्टांत चित्त धरीये, अघोर वन चउगतिमां फरीये, तीहां वनगज मारे ते डरीये, संसार वने० ॥ १ ॥ जीव आगळ गज पाछळ दोडे, वडनीचे कूप दीठो दोडे ॥ तेमां लटके वडवाइ दो जोडे, ॥ संसार० ॥ २ ॥

दृष्टि नीची करे कुप खाड़े, अहि च्यार अजगर एक मुख फाड़े ॥ भय लाग्यो उरध मुख चीस पाड़े ॥संसार० ॥३॥ कापे मुषक दो वडवाइ जोवे, श्याम उज्जळ वर्ण जीवित खोवे, वड पाडण गज गर्जित होवे, ॥ संसार० ॥ ४ ॥ वड कंपे उभो स्थिर खडे, मधपूडे बेठेली त्यां मखीयां उडे ॥ अंगे वळगे ते दुःखथी रडे ॥ संसार वने० ॥ ५ ॥ ए मधपूडो तीहां फाटीयो, मध झरे पडे बिंदु नाके लीयो ॥ चाटी स्वाद लहंतां दुःखटळीयो ॥ संसार वने० ॥ ६ ॥ एणे समे गगन विमानमां, विद्याधर पत्नी आणंदमां ॥ बेसी जावे इच्छीत स्थानमां, संसारवने० ॥ ७ ॥ एणे दीठो कूपे जीव दुखीयो, कहे विद्याधरी काढी करो सुखीयो, एने लावो इहां ए न रहे भूखियो, संसारवने० ॥ ८ ॥ कहे विद्याधर तुं सुण प्यारी, ए वचन न माने हितकारी ॥ दुर जातां काळक्षेप नहीं सारी, संसार वने० ॥ ए ॥ पुनरपि बोले तिहां कने, विद्याधर उतरे स्थिर मने ॥ कहे आवी बेसो भाइ विमाने, ॥ संसारवने० ॥ १० ॥ ए वचन न माने विकळ भारी, कहे बिंदु लइ आवुं मन ठारी, उंचुं जुए ए मधपुडे मुख धारी, संसार वन० ॥ ११ ॥ एम पुनरपि बिंदु आवे, लइ चाटे स्वादें मन भावे ॥ नीकळे नहीं दुख भुली जावे ॥ संसारवने० ॥ १२ ॥ एने मुकी विद्याधर जावे, कह्यो नय उपनय दाखुं भावे ॥ तीहां ज्ञान शीतळ आनंद पावे ॥ संसारवने० ॥ १३ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ढाळ २ जी ॥

॥ साधुजी समता आदरो ॥ ए देशी ॥

चेतनजी शुद्ध अनुभव करो, तीहां निज पर भिन्नता थाय मेरे लाल ॥ टळे परसंगीपणुं, उपयोग स्वरूपे प्रगटाय मेरे लाल ॥ चेतनजी शुद्ध अनुभव करो ॥ आंकणी ॥ गाथा ॥ १ ॥ ए साधन शीवपंथनुं कह्युं, एथी चउगति छुटे संसार ॥ मेरे लाल०॥ द्रव्य भाव नोकर्मने हणी, थाय सिद्धि वधु भरथार ॥ मेरे लाल ॥ चेतनजी० ॥ २ ॥ हवे उपनय अर्थ मूळ ढाळनो, कहुं समजो चतुर सुजाण ॥ मेरे० ॥ वन चउगति सोइ मोटकुं, पुनर्भव भ्रमण प्रमाण ॥ मे० ॥ चे० ॥ ३ ॥ दुःख अशाता कीजीये, गज ते काळ मारण हार ॥ मेरे० ॥ वड ते आयुष भाखीयुं, कूप काय जोग इंद्रि संसार ॥ मेरे० ॥ चे० ॥ ४ ॥ वडवाइ श्वासोश्वास छे, अहि चार कषाय कहाय ॥ मेरे० ॥ अजगर मोह ने किजीये, मूषक पक्ष शुक्ल कृष्णाय ॥ मेरे० ॥चे० ॥ ५ ॥ मखीयां कुटुंब परिवार ते, वळग्युं अनुकुळ प्रतिकूळ ॥ मेरे० ॥ खेद क्लेश करी काळ निरगमे, ए तो जाणीये पासानुं शुळ ॥ मेरे० ॥ चे० ॥ ६ ॥ मधु बिंदु विषय सुख जाणीये, पंचइंद्रि विषय अभंग ॥ मेरे० ॥ रागद्वेष एहथी वधे, तेने माने सुख बेठो रंग ॥ मेरे० ॥ चे० ॥ ७ ॥ विद्याधर सोही सद्गुरु, गगन निरालंब ध्यान तर ॥ मेरे० ॥ विमान ते धर्म जाणीये, पतनी ते सुबुद्धि हितकर ॥ मेरे० ॥ चे० ॥ ८ ॥ जावे इच्छित ते मुक्तिपुरी, दीठा सावद्य



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कूपे दुःखी जीव ॥ मेरे० ॥ सुबुद्धि कहे काढो दया करी, लावो निर्वद्य विमाने करो शीव ॥ मेरे० ॥ चे० ॥ ए ॥ आतम ज्ञानी विद्याधर कहे, ए नहीं माने मुज केहेण ॥ मेरे० ॥ ध्यान तुरंगे जावुं वेगशुं, फोगट कुण रेवे रेण ॥ मेरे० ॥ चे० ॥ १० ॥ पुनर पतनी प्रेर्यो थको, ध्यान घोडेथी उतरे ते स्थान ॥ मेरे० ॥ कहे संसार कूप थकी नीकळो, बेसो ज्ञान वैराग ते विमान ॥ मेरे० ॥ चे० ॥ ११ ॥ ए माने नहीं विकल घणो, परिग्रह भोग विषयनी मांही ॥ मेरे० ॥ सद्गुरु तीहां समजावता, दुर्गति संसार राग त्यांही ॥ मेरे० ॥ चे० ॥ १२ ॥ ते कारण तजीए प्रेमथी, जेम कांचळी उतारे सर्प ॥ मेरे० ॥ फरी मनमां नवी लावीए, एक ग्रहीये संयम महा तप ॥ मेरे० ॥ चे० ॥ १३ ॥ ए वचन सुणे इंद्रि गुणे, न चिंतवे हृदयनी मांही ॥ मेरे० ॥ हिताहित समजे नहीं, गुरु उपदेश गुण नहीं त्यांही ॥मेरे० ॥ चे० १४ ॥ फरी स्वर्गनां सुख गुरु दाखवे, कहे पामो तजीने संसार ॥ मेरे० ॥ देवांगना ऋद्धि लांबे आयुषे, करो भोग दिक्षा लेइ जीव तार ॥ मेरे० ॥ चे० ॥ १५ ॥ ए वचन सुणी मन चिंतवे, मीठुं लाग्युं मोहित थयुं मन ॥ मेरे० ॥ संसार राग कूप नवी टळे, मोह वळग्यो न छुटे जेम जन्न ॥ मेरे० ॥ चे० ॥ १६ ॥ कहे आगळ संसार छोडशुं, हाल भोगवुं अनुकूळ सुख ॥ मेरे० ॥ दुःख नजरे नथी आवतुं, मिथ्यात्वी माने सुख ए तो दुःख ॥ मेरे० ॥ चे० ॥ १७ ॥ एम समजी ध्यान घोडे चडी, गुरु गया भाव



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अध्यात्म त्यांही ॥ मेरे० ॥ अकृत्य अनुभव पामीया, हुइ व्यक्ति अनंत गुण मांही ॥ मेरे० ॥ चे० ॥ १८ ॥ तेमां मुख्यता केवळज्ञाननी, सद्भूत शुद्ध क्षायक तेह ॥ मेरे० ॥ परमातम पद ए मोटको, तीहां उभी गइ कर्म खेह ॥ मेरे० ॥ चे० ॥ १९ ॥ निरंजन सिद्ध निराकार ए, परमानंद ज्योति अनंत ॥ मेरे० ॥ अव्याबाध सुख अनुभवे, अविनाशी अचळ शीवकंत ॥ मेरे० ॥ चे० ॥ २ ॥ तुंही अलख अगोचर माहरे, कहे ज्ञान शीतल सुणो सिद्ध ॥ मेरे० ॥ ते दुःख साले छे अति घणुं, दुःख जाय जब देखुं तुज ऋद्ध ॥ मेरे० ॥ चे० ॥ २१ ॥

॥ कळश ॥

एम हरखे गायो, ज्ञान पायो, मधुबिंदु विचारए ॥ तेह तणी दो ढाळो कीधी, समजी लहो भव पार ए ॥ १॥ संसार दुखनुं मूळ छे, हानि सुखनी थाय ए ॥ ते कारण अंतर्दृष्टिये, तजीये संसार रागए ॥ २ ॥ आतमज्ञानी गुरु जोइने, दिक्षा लियो भवि हित ए॥ ज्ञान शितळ निजद्रव्य भावे, आणंद लहो सिद्ध खेत ए ॥ ३ ॥ संपूर्ण ॥ सर्व ॥ ३७ ॥

॥ सज्जाय ॥ ७ ॥ मी माळा आरोपणनी ॥

॥ तपशुं रंग लाग्यो ॥ ए देशी ॥

समकित मूळ गुण माळा आरोपण, गुरु निग्रंथ निश्रायें थाय रे ॥ उपधान वहीने पेहे रे, ते श्रावक श्राविका कहाय रे ॥ माळा आरोपण रे ॥ ए आंकणी ॥ १ ॥ माळा



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मूळ भेद पंच परमेष्टि, उत्तर गुण एक सत आठ रे ॥ अरिहंत सिद्ध सूरि पद त्रीजे, उपाध्याय साधु गुण करुं पाठ रे ॥ माळा० ॥ २ ॥ अरिहंत प्रथम परमेष्टि, गुण बार उज्वल वरणे रे ॥ तीहां घाति चउ कर्म हणीने, अनंत चतुष्टी प्रगट निरणे रे ॥ माळा० ॥ ३ ॥ सिद्ध पद परमेष्टि बीजा, आठगुणे रक्त वरणे रे ॥ कार्मण कर्म रहित पुद्गलथी, मूळ रुप प्रगट लीयो शरणे रे ॥ माळा० ॥ ४ ॥ आचार्य परमेष्टि त्रीजा, छत्रीस गुणे पीत वरणे रे ॥ षट् दर्शन शास्त्रने जाणे, सही संयम श्री तस परणे रे माळा० ॥ उपाध्याय परमेष्टि चोथा, पंचवीश गुणे नील वरणें रे ॥ द्वादशांगी सिद्धांतनी पेटी, भणे भणावे खपी जो रहे शरणे रे ॥मा०६॥ साधु ते पंचम परमेष्टि, सतवीस गुणे श्याम वरणे रे॥ निर्दोषी मूळ व्रत सदाये, दोष लागे तो उत्तर गुण हणेरे॥ माळा० ॥ ७ ॥ आचार्य उपाध्यायने साधु, अप्रमत्त ठाणे पद पावे रे ॥ प्रमाद ठाणे आवे नहीं तो, श्रेणी मांझी अरिहंत सिद्ध थावे रे ॥ माळा ॥ ८ ॥ पंच परमेष्टि गुण प्रमाणे, माळामां कीधा सही गुच्छारे ॥ द्वादश उज्वळ आठ रक्त ए, पीत छत्रीस खील्या रुडा अतुच्छारे॥ माळा० ॥ ए ॥ नीला पंचवीश श्याम सत्तावीस, एम पंचवरणी माळा रे ॥ एक सत्तने आठ गुच्छानी, शोभे अद्भूत पेहेरी धर्म लालारे॥ माळा० ॥ १० ॥ माळा गुण घट अंतर मांहि, अनुभव भुवने आवे रे ॥ समभाव वृत्तिये तद्गत खेले, गुणगत उपयोग परिणमावेरे ॥ माळा० ॥११॥ उच्छव महो-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

चढव अधिको घटमां, अनहद वाजां वाजेरे ॥ सहस सूर्योदय तेजे तपता, त्यां अनुभव ज्ञानी विराजेरे ॥माळा० ॥ १२ ॥ इत्यादि गुण घटंतरमां आवे, नय व्यवहार निश्चे बेहु भावेरे ॥ व्यवहारे उपाधि हणतां, निश्चय तद्गत गुण प्रगटावेरे ॥ माळा० ॥ १३ ॥ बाज्य कल्प करणी व्यवहारे, देखी मूढ रंजन थावे रे ॥ अंतर करणी रंजन चतुर नर, एम सिद्धांती सही गावे रे ॥ माळा० ॥ १४ ॥ अंतर गुण माळा जे पेहेरे, हुं तस प्रणमुं पायारे ॥ तेथी ज्ञान शीतळता लहीये, गुण गातां गुण वृद्धिये सवायारे ॥माळा०॥१५

॥ सज्झाय ८ मी लघुता विचारनो ॥

॥ चतुर नर सामायक नय धारो ॥ ए देशी ॥

चतुर नर लघुता वृत्ति पेखो, लघुताए सुखीयो गुरुताए दुःखीयो, जीव जगतमां देखो चतुरनर ॥ लघुतावृत्ति पेखो ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ लघुताए उपशम आवे, मोह प्रकृति दबावे ॥ तीहां समकित चारित्र लहीए, ए जीव सुख कारण थावे ॥ चतुर० ॥ २ ॥ गुरुतामां माननो वासो, मद मोटपमां भराणो ॥ वाल्यो न वळे पथ्थर थंभो, एम मान न छोडे जाणो ॥ चतुर० ॥ ३ ॥ मोटप करतां छोटप थावे, दुर्गति दीनता पावे ॥ एसो जाणी मोटप मेलो, एम सिद्धांती सही गावे ॥ चतुर० ॥ ४ ॥ लघुता करतां विनय आवे, बोधि बीज तीहां पावे ॥ विनय रहितने गुण न थावे, गुरुवाइ अनम्र कहावे ॥ चतुर० ॥ ५ ॥ लघुता चारित्रनुं अंग, चतुर ग्रहो तुमे भाइ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मोह अंग मोटपने टाळो, ए पाप प्रकृति दुःखदाइ ॥चतुर० ॥ ६ ॥ उपशम भावे परमां पेसे, परथी छुटे नांहि॥ ते कारण उपशम आदरीये, लहीए निज घर लघुता त्यांहि ॥ चतुर० ॥ ७ ॥ उपाधि रोकण अति बळीयो, उपशम भाव कहावे ॥ उपाधि एक ध्वंस करणकुं, ज्ञान वगो आगु थावे ॥ चतुर० ॥ ८ ॥ उपशम श्रेणीये उपशम आगु, ठाण एकादशमे अटके॥ अंतर महुरत एकज रहेवे, तीहांथि उदय आवीने पटके ॥ चतुर० ॥ ए ॥ क्षपक श्रेणीये ज्ञान आगु, उपशम पाछळ लागु ॥ उपशमे उदय उपाधि अव्यापक, उपाधि हणे ज्ञान जागु ॥ चतुर० ॥ १० ॥ घाति कर्म उपाधि खुटे, सत्ता उदय न लाधे ॥ अरिहंत सजोगी एही, आयु छेके योग रोध साधे ॥ चतुर० ॥ ११ ॥ अघाति चउ कर्म अभावे, सिद्ध सनातक थावे ॥ ज्ञान शीतळ ए निरंजन निर्मळ, समश्रेणीये सिद्ध सधावे ॥चतुर०॥१२॥

सज्झाय ॥ ९ ॥ मी ॥ आयु अथिरनी ॥

॥ ऋषभनो वंश रयणायरु ॥ ए देशी. ॥

आयुष्य तुटयाने सांधो को नहीं, चतुर चित्तमां चेतोरे॥ काळ क्षण क्षण आयु छेदतो, छेल्ली क्षणे मरण देतो रे ॥ आयुष्य त्रुटयाने सांधो को नही ॥ ए आंकणी ॥ गाथा ॥ १ ॥ ते कारण प्रमाद परहरो, ग्रहो स्वरूप उपयोगरे ॥ ज्ञान दर्शनादि तीहां संपजे, करे सकाम निर्जरा निरोगरे ॥ आयु० ॥ २ ॥ मिथ्यात्व कषाय जीहां टळे, टळे अज्ञान अंतरायरे ॥ रागद्वेष मोह सवि टळे, तीहां क्षीण



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मोह वीतराग थाय रे ॥ आयु० ॥ ३ ॥ ए निरोगी पुनरपि मरे नहीं, न जन्मे चउगति संसाररे ॥ केवळनाण दर्शण लहा, अमरपद सिद्ध निरधाररे ॥ आयु० ॥ ४ ॥ एम आयुष अथिर विचारतां, अप्रमत्त ठाण न छोडेरे ॥ क्षपक श्रेणि अपूर्वे मांडीने, शुक्लध्याने कर्म सवि तोडेरे ॥ आयु० ॥ ५ ॥ जन्म जरा मरण काळथी, कह्यो छुटवानो उपायरे ॥ ज्ञान शीतळ करी जे लहे, ते जीवन मुक्त कहायरे ॥ आयु० ॥ ६ ॥

॥ इति सज्झाय अधिकार संपूर्ण. ॥

## ॥ अथ श्री गुरु भक्तिनो रास लिख्यते ॥

॥ दुहा ॥

प्रणमुं श्री गुरु रायने, बोधि बीज दातार ॥ शिव सुख हेतु ए भला, मोह विदारण हार ॥ १ ॥ गुरु भक्ति गुण गाइशुं, रास रचुं मनोहार ॥ ढाळ बंध रचना करुं, त्यां प्रमोद भावना सार ॥ २ ॥ गुरुगुण रत्न चिंतामणी, गुरु वच हे रसकूप ॥ गुरु ज्ञान पंथ शीवनो, गुरु अनुभव शीव रूप ॥ ३ ॥ गुरु दर्शन पूरव दिशी, गुरु मुख पुनमचंद ॥ गुरु विनय मूळ धर्मनुं, गुरु शीव सुखकंद ॥४॥ गुरु आज्ञा पारस मणी, गुरु शिक्षा सुर कुंभ ॥ गुरु रागथी सिद्धि ऋद्धि, गुरु स्मरण चित्त शुभ ॥ ५ ॥

॥ ढाळ ॥ १ ॥ ली ॥

समुद्र विजय कुळ चंदलो जीन वंदिये ॥ ए देशी ॥

वस्तु सत्ताना जाण रे ॥ गुरु वंदीये ॥ हुकम मुनि

जसनाम सदगुरु वंदीए ॥ ओळखावे वस्तु प्रते ॥ गुरु० ॥ सत्ता सहित हित काम॥ सदगुरु० ॥१॥ गुण पर्याय भाजन सही॥ गुरु० ॥ एक रुप त्रण काळ ॥ सदगुरु० ॥ तेह द्रव्य निज जातिनो ॥ गुरु० जश नहि भेद विचार ॥ सदगुरु० ॥ २ ॥ धर्म कहीए गुण स्वभावे ॥गुरु०॥ कर्म भात्री पर्याय ॥ सदगुरु० ॥ भिन्न अभिन्न त्रिविध सदा ॥गुरु०॥ एक पदारथ पाय ॥ सदगुरु० ॥ ३ ॥ उपजे वीणसे स्थीर रहे ॥ गुरु० ॥ ए छे वस्तु वखाण ॥ सदगुरु० ॥ उपजवुं विणसवुं ते सही ॥ गुरुवंदीये ॥ पर्याय धर्म ते जाण ॥ सदगुरु० ॥ ४ ॥ स्थिरपणो तीहां द्रव्यनो ॥ गुरु० ॥ पलटे नहीं निरधार ॥ सदगुरु० ॥ अवगाहना सर्व द्रव्यनी ॥ गुरु० ॥ गुण पर्याय प्रदेश धार ॥ सदगुरु० ॥ ५ ॥ तेहीज सत्ता द्रव्यनी ॥ गुरु० ॥ वीणसे नहीं त्रण काळ ॥सदगुरु०॥ द्रव्यें द्रव्य मिले नहीं ॥गुरु०॥ असहाय अनादि निहाळ ॥ सदगुरु० ॥ ६ ॥ निज सत्तामय द्रव्य छे ॥ गुरु० ॥ परसत्ता ग्रहे न कदाय ॥ सदगुरु० ॥ द्रव्यरुप छति कार्यनी ॥ गुरु० ॥ तिरोभाव शक्ति सदाय ॥ सदगुरु० ॥ ७ ॥ आविरभावे निपजे ॥ गुरु० ॥ व्यक्ति गुण पर्याय ॥ सदगुरु० ॥ कार्य कारण निज द्रव्य छे ॥ ॥ गुरु० ॥ परद्रव्य अकारण अकार्य ॥ सद० ॥ ८ ॥ छति पणे स्व द्रव्य छे ॥ गुरु० ॥ अछति पणे परद्रव्य ॥ सद० ॥ एम अस्ति बे वस्तुनी ॥ गुरु० ॥ रही छे सर्व द्रव्य ॥ सदगुरु० ॥ ए ॥ द्रव्य स्वभावे नित्य छे ॥ गुरु० ॥ पर्याय



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्वन्नावे अनित्य ॥ सदगुरु० ॥ नित्य अनित्य एक वस्तुमां ॥ गुरु० ॥ न्नाषे ज्ञानी विनित ॥ सद० ॥ १० ॥ स्वद्रव्य स्वखेत्र स्वकाळथी ॥ गुरु० ॥ स्वन्नाव सहित चार सत्य ॥ सदगुरु० ॥ परद्रव्य परखेत्र परकाळथी ॥ गुरु०॥ परन्नाव ए चार असत्य ॥ सद० ॥ ११ ॥ द्रव्य पदारथ एक छे ॥ ॥ गुरु० ॥ तेमां गुण पर्याय अनेक ॥ सद० ॥ गुण पर्यायमां एक छे ॥ गुरु० ॥ द्रव्य पणुं ते छेक ॥ सदगुरु० ॥ १२ ॥ शक्ति न्नाव अव्यक्तव्य छे ॥गुरु०॥ वक्तव्य व्यक्ति न्नाव ॥ ॥ सदगुरु० ॥ अन्नव्य स्वन्नाव पलटे नहीं ॥ गुरु० ॥ पलटे न्नव्य स्वन्नाव ॥ सद० ॥ १३ ॥ पर्यायार्थक न्नेद वस्तु छे ॥ ॥ गुरु० ॥ द्रव्यार्थक अन्नेद ॥ सदगुरु० ॥ उन्नय धर्मी द्रव्य छे ॥ गुरु० अविरोधि अछेद ॥ सद० ॥ १४ ॥ एम स्याद्वाद लक्षण मयी ॥ गुरु० ॥ द्रव्य सत्ता गुणनी खाण ॥ सद० ॥ इत्यादिक बहु न्नेदथी गुरु० ॥ वस्तु सत्ता उ-ळखाण ॥ सद० ॥१५॥ ते वस्तु षट् न्नेद छे ॥ गुरु०॥ एक जीव अजीव पांच न्नेद ॥ सद० ॥ एक रुपी चार अरुपी ॥ गुरु० ॥ तेने वरणवतां अखेद ॥ सद० ॥१६॥ आ ढाळने पूरण करी ॥ गुरु० ॥ न्नेद कहेशुं बीजी ढाळ मांही ॥ सद० उलट अंगे अति घणो ॥ गुरु० ॥ ज्ञान शीतळ उछांही सद० ॥ १७ ॥

दुहा.

वस्तु सत्ता गुण दाखीयो, दाख्यो स्याद्वाद धर्म ॥
द्रव्य पर्यायने जाणतां, टळे मिथ्यामति न्नर्म ॥ १ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ढाळ ॥ २ ॥ जी

॥ देशी चंद्रावळानी ॥

हुकम मुनिसर वंदीये रे षट् द्रव्यना जाण ॥ सत्ता गुण पर्यायनेरे, जाणवा दिनकर जाण ॥ त्रुटक ॥ जाणवा दिनकर नाण स्वभावे, उपयोग जोडे न विभावे ॥ तेहीज आतमज्ञानी कहीए, ए विण अवर न ज्ञानी लहीए॥ वंदो भविजन एह ॥ ए आंकणी० ॥ १ ॥ धर्मास्तिकाय पहेलो कह्योरे, बीजो अधर्मास्तिकाय ॥ आकाशास्ति त्रीजो कह्योरे, चोथो काळ कहाय॥ त्रुटक ॥ चोथो काळ कह्यो उपचारे, छता पणो तेमां न विचारे॥ पांचमो द्रव्य पुद्गलास्ति कहीए, छठो द्रव्यजीवास्ति लहीये ॥ वंदो० ॥ २ ॥ षट् द्रव्य नाम दाखीयां रे, हवे कहुं तास विचार ॥ प्रथमना त्रण द्रव्यनो रे, साधर्मिकपणो धार ॥ त्रुटक ॥ साधर्मीकपणो धारते दाखुं, अरूपी अचेतन अक्रिय भाखुं ॥ ए त्रण गुण त्रण द्रव्यमां सरखा, एक गुणे भिन्न धरमे परख्या ॥ वंदो० ॥ ३ ॥ गति हेतु धरमास्ति छेरे, स्थिति अधर्मास्ति काय ॥ अवकाश धर्मी आकाश छे रे, एम भिन्न धर्मी कहाय ॥ त्रुटक० ॥ एम भिन्न धर्मी कहाय स्वभावी, एक गुणे ते चित्तमां लावी ॥ पर्याय चार हवें ते दाखुं, उपयोग स्थिर ठामे राखुं ॥ वंदो० ॥ ४ ॥ खंध देश प्रदेश छेरे, अगुरु लघु संयुक्त ॥ ए पर्याय चार दाखीयारे, ते समजवा जुक्त ॥त्रुटक० ते समजवा जुक्त ते सारो, धर्म अधर्म खंध लोकमां धारो॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आकाश खंध लोकालोक त्यांहि, अलोक अंत कह्यो नहीं क्यांही ॥ वंदो० ॥ ५ ॥ उर्ध्व अधो तिर्च्छादिके रे, कल्पित देश कहाय ॥ धर्म अधर्म बे द्रव्यमां रे, असंख्य प्रदेश समाय ॥ त्रुटक० ॥ असंख्य प्रदेश समाय लोकमां, आकाश द्रव्य रह्यो लोकालोकमां ॥ अनंत प्रदेशी ते खंध कहाय, अगुरु लघु चोथो पर्याय ॥ वंदो० ॥ ६ ॥ चोथो द्रव्य ते काळछेरे, अवस्तु रूप जेह ॥ ते मान्यो उपचारथीरे, दाखुं तस गुण गेह ॥ त्रुटक० ॥ दाखुं तस गुण गेह ते चार, अरूपी अचेतन अक्रिय धार ॥ नवा पुराण वर्त्तना लक्षण, काळ गुण ए कहे विचक्षण ॥ वंदो० ॥ ७ ॥ काळ पर्याय चार दाखवुं रे, पेहेलो अतित अनंत ॥ अनागत अनंत छे रे, वर्त्तमान समय लहंत ॥ त्रुटक० ॥ वर्त्तमान समय लहंत अळगो, बीजो समय तेने नहीं वळग्यो ॥ अगुरु लघु चोथो पर्याय, काळ द्रव्य मांहि ते समाय ॥ वंदो० ॥ ८ ॥ अजीव अरूपी वर्णव्यारे, चार द्रव्य संयोग॥ जीव पुद्गल बाकी रह्या रे, ते दाखुं उपयोग ॥ त्रुटक० ॥ ते दाखुं उपयोग लगावी, त्रीजी ढाळमां ते भाव लावी ॥ ढाळनी इहां थइ पूरणता, ज्ञान शीतळ उपयोगनी लीनता ॥ वंदो० ॥ ९ ॥

दुहा.

अजीव अरूपी दाखीया, चार द्रव्य संयुक्त ॥
जीव पुद्गल बाकी रह्या, ते दाखुं भली जुक्त ॥ १ ॥

ढाळ ॥ ३ ॥ जी.

॥ देखो गति दैवनी रे ॥ ए देशी ॥

